અલ નઈમ ટુર્સ એન્ડ ટ્રાવેલર્સ
અમદાવાદ થી અમદાવાદ
ઉમરાહ પેકેજીસ ઓગસ્ટ અને સપ્ટેમ્બરના
૧૫ દિવસ ૮૬૫૦૦
૧૮ દિવસ ૯૦૦૦૦
૨૬ દિવસ ૧,૦૩,૦૦૦
રમઝાન ઉમરાહ ૧,૩૫૦૦૦ બુકિંગ ચાલુ છે
મદીના હરમથી ૨૦૦ મીટર અને મક્કા હરમથી ૩૫૦-૪૦૦ મીટરના અંતરે હોટલ
નદીમ સૈયદ ૯૯૭૮૬૨૮૦૪૫
દુબઈ પેકેજ પણ ઉપલબ્ધ
૭૨૨ ઝકરીયા મસ્જિદ રિલીફ રોડ, અમદાવાદ

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

ગુજરાત ટુડે

GUJARAT TODAY (Daily)
તા.૨-૮-૨૦૨૨ મંગળવાર
AHMEDABAD SINCE-1991

હજ, ઉમરાહ, ઝિયારત ટુર્સના આયોજક
Al-Fazal TOURS OF INTERNATIONAL
ઈદે મિલાદ મદીના શરીફમાં (૫ દિ.)
રવાનગી - ૨૦-૦૯-૨૦૨૨ (અમદાવાદ થી અમદાવાદ) દિવસ-૨૮
અલ-ફઝલ ટુર્સ ઓફ ઇન્ટરનેશનલ
+91-78785 61261 +91-94260 69931

Regd. No.Guj.168/2020-2022 Valid up to Dt. 31-12-2022 ● તંત્રી : મુસ્તુફાખાન ● E-mail : gujarattodaydaily@gmail.com
For Advertisement:gtadvt@yahoo.co.in • RNI. No. 48870/91 ● વર્ષ-૩૨ અંક-૫ ● ૩ મોહર્રમ હિજરી ૧૪૪૪ ● 2 AUGUST - 2022 ● PAGES 12 ● ₹ ૬.૦૦

જબલપુરની હોસ્પિટલના ICUમાં આગ ફાટી નીકળતાં ૧૦નાં મોત

૮ લોકોની હાલત ગંભીર, વધુ એક હોસ્પિટલની આગ નિર્દોષોને ભરખી ગઈ : મ.પ્ર.ના મુખ્યમંત્રીની વળતરની ઘોષણા

(એજન્સી) તા.૧

મધ્યપ્રદેશના જબલપુરમાં સોમવારે એક હોસ્પિટલમાં ભીષણ આગ લાગી ગઈ. આગને કારણે ત્રણ માળની બિલ્ડિંગ સંપૂર્ણપણે નષ્ટ થઈ ગઈ. દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ૧૦ લોકોનાં મોત નિપજ્યા છે. જ્યારે ૮ની હાલત ગંભીર છે, જેમાંથી બે લોકોને ICUમાં દાખલ કરવામાં આવ્યા છે. દુર્ઘટના સમયે હોસ્પિટલમાં લગભગ ૩૫ લોકો હાજર હતા. મોતનો આંકડો હજુ વધી શકે છે.

પોલીસના જણાવ્યા મુજબ જબલપુરના શિવનગરમાં ન્યૂ લાઈફ મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલના પ્રવેશદ્વાર પર બપોરે લગભગ પોણા ત્રણ વાગ્યાની આસપાસ શોર્ટ સર્કિટના કારણે આગ લાગી ગઈ. આગ એટલી ઝડપથી ફેલાઈ કે જોતજોતામાં ત્રણ માળની બિલ્ડિંગ સંપૂર્ણપણે ખાક થઈ ગઈ. ઘટના સ્થળે ફાયર બ્રિગેડની ટીમ બચાવ કાર્ય કરી રહી છે. બીજા માળ પર સૌથી વધુ લોકોના મોત થયા. ઈજાગ્રસ્તોને અન્ય હોસ્પિટલમાં શિફ્ટ કરવામાં આવ્યા છે. મળતી માહિતી મુજબ આગ લાગી તે પછી દર્દીને બચાવવા અંદર ગયા જે પાછા બહાર ન આવી શક્યા. મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણે દુર્ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું છે. તેમને મૃતકોના પરિવારને ૫-૫ લાખ રૂપિયા અને ગંભીર ઘાયલોને ૫૦-૫૦ હજાર રૂપિયાની મદદની જાહેરાત કરી છે.

આગની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમ પહોંચી અને અંદાજિત એક કલાકની મહેનત પછી આગ પર કાબૂ મેળવી લીધો. ૪ લોકોના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા છે. હોસ્પિટલમાં લગભગ ૧૦૦ લોકોનો સ્ટાફ છે. હોસ્પિટલમાં દાખલ દર્દીઓને અન્ય જગ્યાએ ખસેડવામાં આવ્યા છે. આ હોસ્પિટલ ત્રણ માળની છે, જેમાં બેડની સંખ્યા ૩૦ છે. હોસ્પિટલના સંચાલકનું નામ ડોકટર સુદેશ પટેલ છે. આગ બપોરે લગભગ અઢીથી ત્રણ વાગ્યા વચ્ચે લાગી હતી. આગની ભયાનકતાનો ખ્યાલ તે વાત પરથી લગાવી શકાય છે કે દોઢ કલાકમાં જ ત્રણ માળની હોસ્પિટલ ખાક થઈ ગઈ. એસપી સિદ્ધાર્થ બહુગુણાએ જણાવ્યું કે બપોરના સમયે લાઈટ જતી રહી હતી, આ દરમિયાન જનરેટર ચાલુ થયું અને તેના કારણે શોર્ટ સર્કિટ થતા આગ ફેલાઈ ગઈ.

પ્રાથમિક જાણકારીમાં હોસ્પિટલમાં દાખલ કેટલાક દર્દીના મોત થયા હોવાનું જાણમાં આવ્યું છે. આગને કારણે હોસ્પિટલની અંદર ધુમાડો ભરાઈ જતાં હોસ્પિટલમાં દાખલ દર્દીઓને બહાર કાઢવામાં ભારે મુશ્કેલી પડી હતી.

CM શિવરાજસિંહ ચૌહાણે ટ્વીટ કરતા દુર્ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું અને મૃતકના પરિવાર માટે વળતરની જાહેરાત કરી. મુખ્યમંત્રીએ લખ્યું, 'દુઃખના આ સમયમાં શોકાગ્રસ્ત પરિવારો પોતાને એકલા ન સમજે, હું અને આખું મધ્યપ્રદેશ આ પરિવારોની સાથે છીએ. રાજ્ય સરકાર તરફથી મૃતકના પરિવારને ૫-૫ લાખ રૂપિયા અને ગંભીર રીતે ઘાયલોને ૫૦-૫૦ હજાર રૂપિયાની સહાયતા આપવામાં આવશે. ઘાયલોના સંપૂર્ણ ઈલાજનો ખર્ચ પણ સરકાર ઉઠાવશે.'

શિવસેનાએ સંજય રાઉતની ધરપકડને કોર્ટમાં રાજકીય બદલો ગણાવ્યો

(એજન્સી) તા.૧

મહત્ત્વના ૧૦ મુદ્દા

૧. હવે ૪ ઓગસ્ટ સુધી શિવસેના સાંસદ સંજય રાઉતને ઈડીની કસ્ટડીમાં રિમાન્ડ પર મોકલી દેવામાં આવ્યા છે. તેમને જમીન કૌભાંડ કેસમાં આ કસ્ટડીમાં મોકલાયા છે.

૨. રાઉતની મધ્યરાત્રિએ કરાયેલી ધરપકડને લીધે મુંબઈમાં અનેક સ્થળોએ ધરણાં-દેખાવોની સ્થિતિ જોવા મળી હતી. મુંબઈમાં ઈડીના કાર્યાલયની બહાર રાજ્ય સરકારે મોટી સંખ્યામાં સુરક્ષાદળ તૈનાત કરી દીધા છે.

૩. રાઉતને ચેકઅપ માટે હોસ્પિટલ પણ લઈ જવાયા હતા જ્યાં મોટી સંખ્યામાં સુરક્ષાદળોને તૈનાત કરાયા હતા. આ પરિસરમાં ૨૦૦ પોલીસકર્મી તૈનાત હતા.

૪. કોર્ટરૂમમાં લઈ જતી વખતે જ રાઉતે

મીડિયાને કહ્યું હતું કે અમારો વિનાશ કરવા માટે કાવતરું ઘડવામાં આવી રહ્યું છે.

૫. મુંબઈમાં રેસીડેન્શિયલ કોલોનીના રિડેવલપમેન્ટમાં ગેરરીતિ આચરવા સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં સંજય રાઉતની ૮ દિવસની ન્યાયિક કસ્ટડીની ઈડીએ માંગ કરી હતી.

૬. સંજય રાઉતના વકીલ એડવોકેટ અશોક મુંડાર્ગીએ કહ્યું હતું કે, રાઉતની ધરપકડ રાજકારણથી પ્રેરિત છે. રાઉત હૃદયરોગી છે અને તેમની હૃદયની સર્જરી પણ કરાઈ છે.

૭. શિવસેનાએ સંસદમાં સાંસદ પ્રિયંકા ચતુર્વેદીના માધ્યમથી કેન્દ્ર સરકાર દ્વારા રાજકીય એજન્ડા માટે તપાસ એજન્સીઓનો દુરૂપયોગ કરવાનો મામલો ઊઠાવ્યો હતો.

૮. સંજય રાઉત ઉદ્ધવ ઠાકરે જૂથના મહત્ત્વના સભ્ય છે અને તેઓ જ એકમાત્ર એવા નેતા છે જે એકનાથ શિંદે જૂથ સાથે બાથ ભીડી રહ્યા છે.

૯. રાઉતની ગત રાત્રિએ ધરપકડ કરવામાં આવી હતી. ઈડીએ તેમના ઘરે દરોડા પણ પાડ્યા હતા. તેમને કોર્ટમાં રજૂ કરીને તેમની કસ્ટડીની માંગ કરાઈ હતી.

૧૦. શિવસેનાએ આ મામલે કહ્યું કે રાઉતની ધરપકડ રાજકીય બદલાથી પ્રેરિત છે.

ED દ્વારા સંજય રાઉતની ધરપકડ અંગે ઉદ્ધવ ઠાકરેએ કહ્યું કે, જેઓ ભાજપ સામે આત્મસમર્પણ કરતા નથી તેઓને ફસાવવામાં આવી રહ્યા છે

(એજન્સી) તા.૧

મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેએ સોમવારે તેમની પાર્ટીના સાંસદ સંજય રાઉતને સંપૂર્ણ સમર્થન આપ્યું હતું, જેમની એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા ધરપકડ કરવામાં આવી છે. ઉદ્ધવ ઠાકરેએ કહ્યું કે, જે લોકો ભાજપ સામે આત્મસમર્પણ કરતા નથી તેઓને એક અથવા બીજા કેસમાં ફસાવામાં આવે છે. જેમ કે ગડકરીએ કહ્યું હતું કે રાજકારણ ઘૃણાસ્પદ બની રહ્યું છે. દેશ સરમુખત્યારશાહી તરફ જઈ રહ્યો છે. નડ્ડાએ જે કહ્યું તે પણ એવું જ સૂચવે છે. ઠાકરેએ પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે, ભાજપ કહે છે કે, જે કોઈ પણ અમારી વિરુદ્ધ બોલે છે તેનો નાશ કરવામાં આવશે, આવી માનસિકતા સાથે બદલાની રાજનીતિ ચાલી રહી છે. ઠાકરેની આ ટિપ્પણી ઝૂંપડપટ્ટી પુનઃવિકાસ કૌભાંડ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા તેમના નજીકના નેતા સંજય રાઉતની ધરપકડ પછી કરવામાં આવી છે. કેન્દ્રીય તપાસ એજન્સી દ્વારા ગત મધ્યરાત્રિએ તેમના નિવાસસ્થાને નવ કલાક લાંબી પૂછપરછ બાદ રાઉતની ધરપકડ કરવામાં આવી હતી. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરની તપાસ પાત્રા 'ચાલ'ના પુનઃવિકાસમાં કથિત નાણાકીય અનિયમિતતાઓ અને તેની પત્ની વર્ષા રાઉત અને અન્ય સહયોગીઓ સાથે સંકળાયેલા નાણાકીય વ્યવહારોથી સંબંધિત છે. આ વર્ષે એપ્રિલમાં, EDએ રાઉતની પત્ની અને અન્ય બે સહયોગીઓની રૂા.૧૧.૧૫ કરોડથી વધુની સંપત્તિ અસ્થાયી રૂપે જમ કરી હતી. EDએ જણાવ્યું હતું કે, આ સંલગ્ન મિલકતો પાલઘર, સફાલે (પાલઘરનું શહેર) અને પડઘા (થાણે જિલ્લામાં) ખાતે પ્રવિણ એમ રાઉત, સંજય રાઉતના સહાયક અને ગુરૂ આશિષ કન્સ્ટ્રક્શન પ્રાઇવેટ લિમિટેડના ભૂતપૂર્વ ડિરેક્ટરની જમીનના સ્વરૂપમાં છે. આ સંપત્તિઓમાં મુંબઈના ઉપનગર દાદરમાં વર્ષા રાઉતનો એક ફ્લેટ અને અલીબાગમાં કિહિમ બીચ પરના આઠ પ્લોટ વર્ષા રાઉત અને સંજય રાઉતના નજીકના સહયોગી સુજીત પાટકરની પત્ની સ્વપ્ના પાટકરના સંયુક્ત નામ સાથે છે.

સંજય રાઉતનો ગુનો માત્ર એ છે કે તેઓ ભાજપની ડરાવવાની રાજનીતિથી ભયભીત થયા નથી : શિવસેનાના નેતાને કોંગ્રેસનું સમર્થન

(એજન્સી) નવી દિલ્હી, તા.૧

શિવસેનાના સાંસદ સંજય રાઉત પર ચૌલ જમીન કૌભાંડમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા દરોડા પાડવામાં આવ્યાના એક દિવસ પછી, કોંગ્રેસના નેતાઓએ તેમની સામે તપાસ એજન્સીની કાર્યવાહીની નિંદા કરી હતી અને ભાજપ પર ધમકાવવાની રાજનીતિ કરવાનો આરોપ લગાવ્યો હતો. કોંગ્રેસના નેતા અધીર રંજન ચૌધરીએ સંજય રાઉતને સમર્થન આપતા તેમને "વિશ્વાસુ અને હિંમતવાન માણસ" ગણાવ્યા હતા. તેમણે ટ્વીટ કર્યું હતું કે, "સંજય રાઉતે એકમાત્ર ગુનો એ કર્યો છે કે તેઓ ભાજપ પક્ષની ડરાવવાની રાજનીતિથી ભયભીત થયા નથી. તેઓ વિશ્વાસુ અને હિંમતવાન માણસ છે. અમે સંજય રાઉતની સાથે છીએ. રાજ્યસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ જણાવ્યું હતું કે રાઉત વિરુદ્ધ કાર્યવાહી એટલા માટે કરવામાં આવી હતી કારણ કે ભાજપ વિપક્ષથી છૂટકારો મેળવવા માંગે છે. ભાજપ વિપક્ષ-મુક્ત સંસદ ઇચ્છે છે, તેથી જ સંજય રાઉત વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવી રહી છે. ખડગેએ કહ્યું કે, સંજય રાઉત એક પાર્ટી અને એક અખબાર ચલાવે છે અને જો તેમના ઘરેથી રૂા.૧૧ લાખ મળી આવ્યા હોય તો તેના આધારે EDએ તેની સામે કેસ કર્યો છે, અને તેઓને હેરાન કરવામાં આવી રહ્યા છે. રાઉતને બે વખત સમન્સ પાઠવવામાં આવ્યા હોવા છતાં પૂછપરછ માટે હાજર થવાનો ઇનકાર કર્યા પછી EDના અધિકારીઓએ રવિવારે રાઉતના ઘરની તપાસ કરી હતી. ત્યારબાદ તેમને દક્ષિણ મુંબઈના બેલાર્ડ એસ્ટેટમાં આવેલી EDની ઝોનલ ઓફિસમાં લઈ જવામાં આવ્યા હતા. પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA) હેઠળ અનેક કલાકોની પૂછપરછ પછી મધ્યરાત્રિએ રાજ્યસભાના સાંસદની ધરપકડ કરવામાં આવી હતી. ED ઓફિસમાં પ્રવેશતા પહેલા, મિસ્ટર રાઉતે દાવો કર્યો હતો કે સંઘીય એજન્સીની કાર્યવાહીનો હેતુ શિવસેનાને નબળો પાડવાનો પ્રયાસ છે અને તેમની વિરુદ્ધ "ખોટો" કેસ તૈયાર કરવામાં આવ્યો છે.

મહારાષ્ટ્રમાં વિશ્વાસઘાત સ્વીકાર્ય ન હોવાથી એકનાથ શિંદે સરકાર ભાંગી પડશે : આદિત્ય ઠાકરે

યુવા સેનાના વડા અને પૂર્વમંત્રી આદિત્ય ઠાકરેએ સોમવારે કહ્યું હતું કે શિંદેના નેતૃત્વવાળી સરકાર ચોક્કસ પડી જશે. કારણ કે મહારાષ્ટ્રએ કયારેય પણ વિશ્વાસઘાત સહન કર્યો નથી. કોંકણ પ્રદેશમાં શિવસૈનિકોને સંબોધતા આદિત્યએ કહ્યું હતું કે શિંદે સરકાર લોકોના કલ્યાણ પર ધ્યાન આપવાને બદલે ગંદા રાજકરણ પર ધ્યાન કેન્દ્રીત કરી રહી છે. તેમણે કહ્યું હતું કે આ સમગ્ર રાજકીય નાટક મહિના દોઢ મહિના માટે જ છે. આ સરકાર ચોક્કસ પણે પડી જશે. મહારાષ્ટ્રએ કયારેય વિશ્વાસઘાત સહન કર્યો નથી. ઉલ્લેખનીય છે કે, ગયા મહિને શિવસેનાના વરિષ્ઠ નેતા એકનાથ શિંદેના નેતૃત્વમાં ૪૦ ધારાસભ્યોએ બળવો કરતા ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વવાળી મહાવિકાસ અઘાડી (એમવીએ) સરકાર ભાંગી પડી હતી.

સંજય રાઉતને મેડિકલ ચેકઅપ માટે જેજે હોસ્પિટલમાં લાવવામાં આવ્યા; શિવસૈનિકોએ ઔરંગાબાદમાં તેમની ધરપકડનો વિરોધ કર્યો

ઈડી દ્વારા શિવસેના સાંસદ સંજય રાઉતની ધરપકડ કરવામાં આવતા પાર્ટીના કાર્યકરોએ ઔરંગાબાદમાં વિરોધ-પ્રદર્શન કર્યું હતું. તેમને વધુ પૂછપરછ માટે મુંબઈ ખાતે આવેલી ઈડીની ઓફિસે લાવવામાં આવ્યા હતા. અને ત્યાર બાદ મેડિકલ ચેકઅપ માટે જેજે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. ઈડીએ રવિવારે રાત્રે મની લોન્ડરીંગના એક કેસમાં સંજય રાઉતની ધરપકડ કરી હતી. રાઉત શિવસેના પ્રમુખ અને પૂર્વ મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેના ખૂબ જ નિકટના સહયોગી હોવા ઉપરાંત પાર્ટીના મુખ્ય પ્રવક્તા અને સામનાના એકિઝકયુટીવ એડીટર છે.

વિપક્ષના લોકોને અસાધારણ રીતે પસંદગીયુક્ત નિશાન બનાવાઈ રહ્યા છે : સંજય રાઉત વિરૂદ્ધ ઈડીની કાર્યવાહી મુદ્દે શશી થરૂરના કેન્દ્ર પર પ્રહાર

(એજન્સી)

નવી દિલ્હી, તા. ૧

કોંગ્રેસના વરિષ્ઠ નેતા શશી થરૂરે સોમવારે ઈડીના દુરૂપયોગ અંગે કેન્દ્ર સરકાર ઉપર જોરદાર પ્રહાર કર્યા હતા અને કહ્યું કે, વિપક્ષના લોકોને અસાધારણ રીતે પસંદગીયુક્ત નિશાન બનાવાઈ રહ્યા છે. શિવસેનાના નેતા સંજય રાઉતની ધરપકડ અંગે ટિપ્પણી કરતાં શશી થરૂરે કહ્યું કે, સરકારી એજન્સીઓ રાજકીય હેતુઓ પૂરા કરવા માટે નથી. સંસદના ચોમાસુ સત્રથી ઇતર થરૂરે એક સમાચાર એજન્સીને જણાવ્યું હતું કે, ઈડીનો દુરૂપયોગ કરાઈ રહ્યો છે, સરકારી એજન્સીઓ ત્યાં રાજકીય હેતુઓ પૂરા કરવા માટે નથી. તેમણે તેમની ચોક્કસ ફરજ બજાવવી જોઈએ. તમે વિપક્ષના લોકોની અસાધારણ રીતે પસંદગીયુક્ત નિશાન બનાવવાની કાર્યવાહી કરી રહ્યા છો અને મને આ અસ્વીકાર્ય લાગે છે કારણ કે, આપણે એક એવો દેશ છીએ જ્યાં લોકશાહી પોતાની રીતે એક મૂલ્ય છે અને તેને સંરક્ષિત કરવી જોઈએ. થિરૂવનંતપુરમના સાંસદ સંજય રાઉતની ધરપકડ વિરૂદ્ધ વિપક્ષના હંગામાં વધુ એક ઉમેરો છે. આ પહેલાં કોંગ્રેસના નેતા અને રાજ્યસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ આરોપ લગાવ્યો હતો કે, ભાજપ વિપક્ષ વિનાની સંસદ બનાવવા માગે છે. તેથી સંજય રાઉત વિરૂદ્ધ કાર્યવાહી કરાઇ છે. તેમણે કહ્યું કે, અમે મોંઘવારી, ગુજરાત લક્ષાકાંડ જેવા મુદ્દાઓ સંસદમાં ઉઠાવવા માગતા હતા ઉપરાંત ઝારખંડમાં ભાજપ દ્વારા ચલાવાયેલા ઓપેરશન કાદવ અંગે પણ ચર્ચા કરવાની હતી. શિવસેનાના સાંસદ અનિલ દેસાએ સંસદમાં જણાવ્યું હતું કે, સરકારી મશીનરીઓના ઉપયોગથી વિપક્ષના અવાજને કેવી રીતે દબાવાય છે.

વિપક્ષે પ્લેકાર્ડ નહીં લાવવાની ખાતરી આપ્યા બાદ લોકસભા અધ્યક્ષે સસ્પેન્શન પાછું ખેંચ્યું

લોકસભા અધ્યક્ષે સોમવારે કોંગ્રેસના ચાર સાંસદોનું સસ્પેન્શન પાછું ખેંચ્યું હતું જ્યારે વિપક્ષે ખાતરી આપી હતી કે તેઓ ગૃહમાં પ્લેકાર્ડ નહીં લાવે. સ્પીકર ઓમ બિરલાએ ચુકાદો આપ્યો અને સભ્યોને ગૃહની પવિત્રતાનું સન્માન કરવા કહ્યું. સસ્પેન્શન પાછું ખેંચવાની દરખાસ્ત સંસદીય બાબતોના પ્રધાન પ્રહલાદ જોશી દ્વારા કરવામાં આવી હતી. ગૃહની અંદર પ્લેકાર્ડ સાથે વિરોધ પ્રદર્શન કરવા બદલ કોંગ્રેસના ચાર સાંસદો મણિકમ ટાગોર, રામ્યા હરિદાસ, જોથિમણી અને ટી.એન. પ્રથાપનને ૧૨ ઓગસ્ટે પૂરા થતાં સમગ્ર ચોમાસુ સત્ર માટે ગયા સોમવારે સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. સ્પીકર ઓમ બિરલાએ અગાઉ તેમને ચેતવણી આપી હતી કે જો તેઓ વિરોધ કરવા માંગતા હોય તો ગૃહની અંદર પ્લેકાર્ડ લહેરાવે નહીં અને શોભનીય વર્તન ન કરે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના શપથ ગ્રહણ સમારોહ પછી ગયા સોમવારે લોકસભામાં કાર્યવાહી શરૂ થતાં જ વિપક્ષી સભ્યોએ મોંઘવારી અને જીએસટીના દરોમાં વધારાના મુદ્દે સૂત્રોચ્ચાર શરૂ કર્યા હતા. કેટલાક સાંસદો પ્લેકાર્ડ અને બેનરો લઈને જોવા મળ્યા હતા અને કેટલાક વિપક્ષી સાંસદો ગૃહના વેલમાં પહોંચ્યા હતા.

બિહારમાં શાળાઓમાં શુક્રવારે સાપ્તાહિક રજા અંગે બિનજરૂરી વિવાદ નીતિશ સરકારને અસ્થિર કરવાનો પ્રયાસ છે

(એજન્સી) પટના, તા.૧

કટ્ટરપંથી હિંદુ સંગઠનોએ બિહારમાં હિજાબના મુદ્દાને કર્ણાટકની જેમ ઉઠાવવાની તેમની યોજનામાં ખરાબ રીતે નિષ્ફળ ગયા હતા, તેમણે હવે શાળાઓમાં શુક્રવારે સાપ્તાહિક રજાઓનો મુદ્દો ઉઠાવ્યો છે. આ દેખીતી રીતે રાજકીય લાભ મેળવવા અને રાજ્યમાં નીતીશ કુમાર સરકારને અસ્થિર કરવા માટે ધાર્મિક ધોરણે સમાજનું ધ્રુવીકરણ કરવાનો હેતુ છે. જે શાળાઓમાં શુક્રવારે સાપ્તાહિક રજાઓ રાખવામાં આવે છે તે મોટાભાગે સીમાંચલ વિસ્તારમાં આવેલી છે જેમાં કિશનગંજ, અરરિયા, પૂર્ણિયા અને કટિહારના ચાર જિલ્લાઓનો સમાવેશ થાય છે જ્યાં મુસ્લિમ વસ્તી નોંધપાત્ર રીતે વધારે છે.

અને તે માત્ર બિહારમાં જ નહીં પરંતુ પડોશી ઝારખંડમાં પણ હિન્દુ એજન્ડા-સંચાલિત અખબારોએ સમાન મુદ્દાઓ પર ઉન્માદ ફેલાવવાનો પ્રયાસ કર્યો છે. આ વર્ષે ફેબ્રુઆરીમાં બિહારના મુખ્ય પ્રધાન નીતિશ કુમારને મીડિયા દ્વારા હિજાબ વિવાદ વિશે પૂછવામાં આવ્યું હતું અને તેમણે આ મુદ્દાને બિનજરૂરી ગણાવ્યો હતો અને પૂછ્યું હતું કે, જ્યારે કોઈ વ્યક્તિ શાળામાં ચહેરો ઢાંકીને આવે છે ત્યારે શું થાય છે. હિન્દુસ્તાન ટાઈમ્સ અને અન્ય મીડિયા આઉટલેટ્સના અહેવાલ મુજબ, તેમણે કહ્યું કે, અમે ફેસ માસ્કનો પણ આગ્રહ રાખીએ છીએ. તેથી, હિજાબનો મુદ્દો એ કોઈ અગત્યનો નથી.

હવે, કેટલીક ઉર્દૂ માધ્યમની શાળાઓમાં રજાઓ પાળવાની દાયકાઓ જૂની પ્રણાલીનો મુદ્દો બનાવવામાં આવી રહ્યો છે. નીતીશ કુમારની પાર્ટી જેડીયુના વરિષ્ઠ સભ્ય ઉપેન્દ્ર કુશવાહાએ ટ્વીટ કર્યું છે કે નેતાઓનો ઉદ્દેશ્ય આ મુદ્દાઓ માટે ઉર્દૂ શાળાની સાપ્તાહિક રજા એ વાસ્તવિક મુદ્દો છે કે પછી બિનજરૂરી વિવાદ ઊભો કરવાનો પ્રયાસ છે. શ્રી કુશવાહાએ કટ્ટરપંથી હિંદુ નેતાઓને એ પણ પૂછ્યું કે તેઓ સંસ્કૃત કોલેજો વિશે શું માને છે જ્યાં પ્રતિપદા અને અષ્ટમી (અનુક્રમે હિન્દુ મહિનાના પ્રથમ અને આઠમા દિવસે) રજાઓ મનાવવામાં આવે છે. તેમણે તે સંસ્કૃત કોલેજોના કેલેન્ડર પણ ટેગ કર્યું હતું. અગાઉ, બીજેપીના બિહારના ધારાસભ્ય નિરજ કુમાર બબલુએ પૂછ્યું હતું કે જો હિન્દુઓ મંગલ (મંગળવારને પવિત્ર દિવસ માનવામાં આવે છે) પર સાપ્તાહિક રજાઓની માંગ કરે તો શું થશે. તેમની સાથે આરએસએસના 'થિંક ટેંક'ના સભ્ય રાકેશ સિંહા પણ જોડાયા છે, જેમણે ટીવી ચેનલો પર ભાજપનો બચાવ કર્યો હતો અને રાજ્યસભાના સભ્ય બન્યા હતા. તે બિહારના બેગુસરાયના વતની છે. તેમણે દલીલ કરી છે કે મુસ્લિમ દેશ તુર્કીમાં પણ શુક્રવારે સાપ્તાહિક રજા નથી. બાબુલ અને સિંહાએ કહ્યું કે ધર્મના નામે સાપ્તાહિક રજા યોગ્ય નથી. બબલુએ આરોપ લગાવ્યો કે તે PFI (પીપલ્સ ફ્રન્ટ ઓફ ઈન્ડિયા, જેમના સભ્યો પર ફુલવારી

શરીફ, પટના ખાતે નોંધાયેલ તાજેતરની F.I.Rમાં રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિઓનો આરોપ છે) જેવી સંસ્થાઓ શુક્રવારે રજાનો આગ્રહ રાખે છે. ૨૩ જુલાઈના રોજ દૈનિક જાગરણમાં સૌપ્રથમ અહેવાલ આપવામાં આવ્યો હતો કે બિહારના એકમાત્ર મુસ્લિમ બહુમતી જિલ્લા કિશનગંજમાં ૧૯ શાળાઓ છે જ્યાં શુક્રવારના રોજ સાપ્તાહિક રજા રાખવામાં આવે છે અને રવિવારે શાળાઓ ચાલુ હોય છે. તેના જુલાઈ ૨૮ના અંકમાં આ શાળાની સંખ્યા વધારીને ૩૭ દર્શાવી હતી. આ અખબારે ખુદ જિલ્લા શિક્ષણ અધિકારી (DEO) સુભાષ કુમાર ગુપ્તાનું નિવેદન પ્રકાશિત કર્યું હતું કે તે આ શાળાઓમાં શુક્રવારનો દિવસ તેમની શરૂઆતથી જ સાપ્તાહિક રજા માટે નક્કી કરવામાં આવ્યો હતો. આહેવાલ અનુસાર, સીમાંચલમાં ૨૧૭ શાળાઓ એવી છે જ્યાં શુક્રવારે સાપ્તાહિક રજા રાખવામાં આવે છે. આ મુદ્દા પર ચર્ચા કરવા માટે સંબંધિત અધિકારીઓની બેઠક નક્કી કરવામાં આવી હતી કારણ કે અધિક મુખ્ય સચિવ (શિક્ષણ) દીપક કુમારે આ વિવાદ પર અહેવાલ માંગ્યો છે. જેડીયુના એમએલસી ખાલિદ અનવરનું કહેવું છે કે, આ એક બિનજરૂરી વિવાદ છે અને શાળાઓ શુક્રવારે સાપ્તાહિક રજાનું પાલન કરવાનું ચાલુ રાખશે. તેમણે કહ્યું કે, શાળા પ્રબંધન સમિતિ જ આવી બાબતો પર નિર્ણય લે છે. જો તેમને કોઈ સમસ્યા નથી તો આ વિવાદ શા માટે ઉભો કરવામાં આવી રહ્યો છે? ઝારખંડમાં પણ ઉર્દૂ શાળાઓમાં શુક્રવારની રજાને લઈને વિવાદ શરૂ થયો હતો. એક હિન્દી દૈનિકે ઝારખંડના ગઢવા જિલ્લામાંથી એક સમાચાર પ્રકાશિત કર્યા હતા, જેમાં આરોપ લગાવ્યો છે કે મુસ્લિમ સમુદાયે શાળા પ્રશાસનને સવારની પ્રાર્થના બદલવાની ફરજ પાડી હતી.

ઝારખંડમાં, મુખ્ય પ્રધાન હેમંત સોરેન ગેરકાયદેસર માઈનિંગ લીઝ કેસમાં તેમની કથિત સંડોવણી માટે ભારે દબાણ હેઠળ છે. તેથી, ભાજપ અને તેની ઈકોસિસ્ટમ સરકારને અસ્થિર કરવા અને તેના મુસ્લિમ વિરોધી એજન્ડાને લાગુ કરવા માટે સખત પ્રયાસ કરી રહી છે. બીજી તરફ બિહારમાં નીતિશ કુમારને પણ ભાજપ તરફથી પદ છોડવાનો પડકાર છે કારણ કે તેમની પાસે ધારાસભ્યોની સંખ્યા વધારે છે. ભાજપ પાસે ૭૭ ધારાસભ્યો છે જ્યારે જેડીયુ પાસે ૪૫ છે. ભાજપ ૨૦૨૪ અને ૨૦૨૫ની આગામી ચૂંટણીઓ માટે તૈયારી કરી રહ્યો છે, માટે તેના નેતાઓ વધુ ઉન્માદ અને ધાર્મિક ધ્રુવીકરણ ઊભું કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.

બિહાર : વડાપ્રધાન મોદી વિરૂદ્ધ કોર્ટમાં અરજી કરનાર RLJPના નેતાને બરતરફ કરવામાં આવ્યા

(એજન્સી) પટના, તા.૧

સ્વર્ગસ્થ રામ વિલાસ પાસવાનના બળવાખોર સંબંધીઓ દ્વારા બનાવવામાં આવેલ રાષ્ટ્રીય લોક જનશક્તિ પાર્ટીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિરૂદ્ધ બિહારની કોર્ટમાં અરજી દાખલ કરનાર તેના રાજ્ય મહાસચિવ સુધીરકુમાર ઓઝાને હાંકી કાઢ્યા હતા. પાર્ટીના એક નિવેદન અનુસાર, પ્રદેશ અધ્યક્ષ અને સાંસદ પ્રિન્સ રાજે ઓઝાને 'પાર્ટી વિરોધી પ્રવૃત્તિઓ'નો આરોપ લગાવીને તેમને હાંકી કાઢવાનો આદેશ આપ્યો હતો. જો કે, આ નિવેદનમાં ઓઝા દ્વારા થોડા દિવસો પહેલા મુઝફ્ફરપુર ખાતે દાખલ કરવામાં આવેલી અરજીનો કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો ન હતો, પણ પક્ષના સૂત્રોએ સ્વીકાર્યું હતું કે આ પગલું આરએલજેપીના વડા પશુપતિકુમાર પારસ, જેઓ કેન્દ્રીય મંત્રી છે તેઓ માટે ભારે શરમજનક ઘટના બની ગઈ હતી. ઓઝા એક સીરિયલ અરજદાર તરીકે ઓળખાય છે જેઓ રાજકારણીઓ, મૂવી સ્ટાર્સ અને વિદેશી રાષ્ટ્રાધ્યક્ષો સામે પણ અરજીઓ કરવાને કારણે સમાચારમાં રહે છે. શુક્રવારે દાખલ કરવામાં આવેલી પીઆઈએલમાં મુઝફ્ફરપુરના અન્ય એક નિવાસી વિનાયકકુમાર વતી, ઓઝાએ કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ, રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવ અને નાગરિક ઉડ્ડયન પ્રધાન જ્યોતિરાદિત્ય સિંધિયા ઉપરાંત, વિવિધ

ક્ષેત્રોમાં ખાનગીકરણ માટે બંધારણનું ઉલ્લંઘન કરવા બદલ મોદી પર કાર્યવાહી કરવા માટે વિનંતી પ્રાર્થના કરી હતી. ઓઝાની અરજીમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે, ખાનગીકરણ બંધારણ દ્વારા બાંહેધરી આપેલ સમાનતાના અધિકારની વિરૂદ્ધ છે, આ અરજી મુઝફ્ફરપુરના એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ (પૂર્વ)ની કોર્ટ દ્વારા ૬ ઓગસ્ટે સુનાવણી કરવામાં આવશે. પારસ સ્વર્ગસ્થ પાસવાનના નાના ભાઈ છે, ગયા વર્ષે આ નેતાના પુત્ર અને વારસદાર ચિરાગને બાદ કરતા તમામ સાંસદો સાથે એલજેપીમાં ભાગલા પડ્યા હતા. પારસ અને સ્વર્ગસ્થ પાસવાનના ભત્રીજા, પ્રિન્સ રાજને ચૂંટણી પંચે એલજેપી પ્રતીકને સ્થિર કર્યા પછી અને પારસ અને ચિરાગની આગેવાની હેઠળના વિભાજિત જૂથોને અલગ પક્ષ તરીકે માન્યતા આપ્યા પછી રાજ્ય પ્રમુખ તરીકે નિમણૂક કરવામાં આવી હતી, જેમના જૂથને લોક જનશક્તિ પાર્ટી (રામ વિલાસ) કહેવામાં આવે છે.

કાનપુરની શાળામાં સવારની પ્રાર્થના દરમિયાન 'કલમા'ના પાઠ પર વાલીઓમાં રોષ

આ પ્રથા છેલ્લા એક દાયકાથી શાળામાં ચાલી રહી છે, પરંતુ અચાનક જમણેરી કાર્યકરોએ આ પ્રથા સામે વાંધો ઊઠાવ્યો, તેઓએ આરોપ લગાવ્યો કે, શાળા વિદ્યાર્થીઓ પર ધર્મ લાદી રહી છે

(એજન્સી) કાનપુર, તા.૧

ઉત્તરપ્રદેશના કાનપુરની એક શાળામાં સવારની પ્રાર્થના દરમિયાન વિદ્યાર્થીઓને 'કલમા'નો પાઠ કરાવવાને કારણે ટીકાનો સામનો કરવો પડ્યોછે. વાલીઓના ઉગ્ર વિરોધ બાદ શાળાએ આ પ્રથા બંધ કરી દીધી છે.અહેવાલો અનુસાર, શાળામાં ગાયત્રી મંત્ર, ગુરૂબાની જે શીખ ધર્મનો ભાગ છે અને ઈસ્લામિક અને અન્ય ધાર્મિક શ્લોકોનું સવારની પ્રાર્થના સભામાં પાઠ કરવામાં આવે છે. આ પ્રથા છેલ્લા એક દાયકાથી ચાલી રહી છે, પરંતુ અચાનક જમણેરી કાર્યકરોએ આ પ્રથા સામે વાંધો ઊઠાવ્યો. તેમણે આરોપ લગાવ્યો હતો કે શાળા વિદ્યાર્થીઓ પર ધર્મ લાદી રહી છે. મીડિયા સાથે વાત કરતા શાળાના પ્રિન્સિપાલે કહ્યું કે, ચોક્કસપણે કોઈ એક ધર્મને પ્રોત્સાહન આપવાનો કોઈ ઈરાદો નથી. આ શાળામાં વર્ષોથી આ પ્રથા છે. શાળાની ડાયરીમાં હિન્દુ, શીખ, ખ્રિસ્તી, ઈસ્લામ સહિતના તમામ મુખ્ય ધર્મોના શ્લોકો ડાયરીમાં લખેલા છે. બધા ધર્મોને સમાન આદર આપવા માટે શ્લોકો પઠન કરવાની શરૂઆત કરવામાં આવી હતી. હવે અચાનક, હિન્દુ કટ્ટરપંથીઓના જૂથ અને કેટલાક વાલીઓએ વિરોધ કર્યો છે. વાંધો ઉઠાવનાર એક માતા-પિતાએ કહ્યું, 'મારી પત્નીએ મને બાળક ઈસ્લામિક નમાજ અસ્ખલિત રીતે વાંચવા વિશે જાણ કરી. પૂછપરછ પર તેણે કહ્યું કે તે શાળામાં શીખી છે. હું શાળામાં ગયો પણ સંચાલકે તેને અટકાવવા ઈન્કાર કર્યો, પછી મેં એક વ્હોટ્સએપ ગ્રુપ બનાવ્યું અને ભાજપ સહિત લોકોને જાણ કરી. આ બાબતે વાત કરતા કાનપુરના ACP નિશંક શર્માએ જણાવ્યું હતું કે, એક મામલો પ્રકાશમાં આવ્યો હતો કે, એક શાળામાં વિદ્યાર્થીઓને ઈસ્લામ ધર્મની કેટલીક પંક્તિઓ સંભળાવવામાં આવે છે. અમે શાળા સંચાલક સાથે વાત કરી, તેઓએ જણાવ્યું કે, તેઓ તમામ ધર્મોના પાઠ કરાવે છે. વાંધો ઉઠાવવામાં આવ્યો ત્યારથી તેઓએ પઠન કરવાનું બંધ કર્યું.

આંધ્રપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી NTRના દીકરીનો મૃતદેહ હૈદરાબાદના તેમના ઘરમાંથી મળ્યો

(એજન્સી) હૈદરાબાદ, તા. ૧

તેલુગુ દેશમ પાર્ટીના સ્થાપક અને આંધ્રપ્રદેશના ભૂતપૂર્વ મુખ્યમંત્રી એનટી રામારાવની દિકરી ઉમા મહેશ્વરીનો મૃતદેહ હૈદરાબાદના જ્યુબિલી હિલ્સ વિસ્તારના તેમના ઘરમાંથી મળી આવ્યો છે તેમ પોલીસે જણાવ્યું હતું. હૈદરાબાદના પોલીસ કમિશનર સીવી આનંદે કહ્યું હતું કે, એવું લાગે છે કે તેમણે આત્મહત્યા કરી છે પરંતુ ઘટનાસ્થળેથી કોઇ સ્યુસાઇડ નોટ મળી આવી નથી. પોલીસે કહ્યું કે, આ અંગે ફરિયાદ દાખલ કરાઇ છે અને વધુ તપાસ કરાઈ રહી છે. ઉમા મહેશ્વરી એનટી રામારાવના ૧૨ બાળકોમાંથી સૌથી નાની દિકરી હતા. પૂર્વ કેન્દ્રીય મંત્રી તથા ભાજપના નેતા દગ્ગુબાતી પુરનદેશ્વરી અને નારા ભૂવનેશ્વરી, ટીડીપીના પ્રમુખ અને પૂર્વ મુખ્યમંત્રી એન ચંદ્રબાબુના પત્ની

તેમની બહેનો છે. પોલીસે કહ્યું કે, ચંદ્રબાબુ નાયડુ, તેમનો પુત્ર નારા લોકેશ અને પરિવારન અન્ય સભ્યો ઉમા મહેશ્વરીના ઘરે હાજર થયા હતા. ઉમા મહેશ્વરી પોતાના પતિ સાથે રહેતા હતા જેઓ હાલ વિદેશમાં છે. તેમની નાની દિકરી હૈદરાબાદમાં રહે છે અને તે રવિવારે પોતાના પતિ સાથે તેમને મળવા આવતી હતી.

કોમર્શિયલ LPG સિલિન્ડરના ભાવમાં રૂા.૩૬નો ઘટાડો, જાણો હવે તમારે કેટલા રૂપિયા ચૂકવવા પડશે

હવે રાજધાની દિલ્હીમાં તેની કિંમત ઘટીને ૧૯૭૬ રૂપિયા થઈ ગઈ : ૧૪ કિલોના ઘરેલું ગેસ સિલિન્ડરની કિંમતમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧

મોંઘવારી વચ્ચે સરકારે રાહતના સમાચાર આપ્યા છે. ૧૯ કિલોના કોમર્શિયલ LPG ગેસ સિલિન્ડરની કિંમતમાં ઘટાડો કરવામાં આવ્યો છે. કોમર્શિયલ ગેસ સિલિન્ડર ૩૬ રૂપિયા સસ્તો થયો છે. હવે રાજધાની દિલ્હીમાં તેની કિંમત ઘટીને ૧૯૭૬ રૂપિયા થઈ ગઈ છે જે પહેલા ૨૦૧૨.૫૦ રૂપિયા હતી. ૧૪ કિલોના ઘરેલું ગેસ સિલિન્ડરની કિંમતમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. અત્યાર સુધી દિલ્હીમાં કોમર્શિયલ ગેસની કિંમત ૨૦૧૨.૫૦ રૂપિયા, કોલકાતામાં ૨૧૩૨ રૂપિયા, મુંબઈમાં ૧૯૭૨.૫૦ રૂપિયા અને ચેન્નાઈમાં ૨૧૭૭.૫૦ રૂપિયા હતી.

કોમર્શિયલ LPG ગેસ સિલિન્ડરની કિંમતમાં આજે ૩૬ રૂપિયાનો ઘટાડો કરવામાં આવતા રાહત મળી છે. આ ઘટાડા બાદ ૧૯ કિલોના કોમર્શિયલ LPG સિલિન્ડરની કિંમત પ્રતિ સિલિન્ડર ૨૦૦૦ રૂપિયા કરતા ઓછી થઈ ગઈ છે. હાલમાં ગેસ સિલિન્ડરની કિંમત ૨૦૧૨.૫૦ રૂપિયા છે. જો કે, હાલમાં ઘરેલું LPG સિલિન્ડરની કિંમતોમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. કિંમતોમાં આ ઘટાડો માત્ર કોમર્શિયલ સિલિન્ડર માટે જ લાગુ કરાયો છે. ઉલ્લેખનીય છે કે, ભાવમાં આ સતત ચોથી વખત ઘટાડો કરાયો છે. જુલાઈ મહિનામાં જ ગેસની કિંમતમાં બે વખત ઘટાડો કરવામાં આવ્યો હતો. ૧૯ મેના રોજ રાજધાની દિલ્હીમાં કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમત ૨૩૫૪ રૂપિયા હતી. ૧ જૂને તેની કિંમતમાં ૧૩૫ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો હતો, ત્યારબાદ તે ઘટીને ૨૨૧૯ રૂપિયા થઈ ગયો હતો. ૧ જુલાઈએ કિંમતમાં ફરીથી ૧૯૮ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો હતો અને તેની કિંમત ૨૦૨૧ રૂપિયા કરવામાં આવી હતી. ૬ જુલાઈના રોજ કિંમતમાં ૮.૫૦ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો હતો અને તે ઘટીને ૨૦૧૨.૫૦ રૂપિયા થયો હતો. કેન્દ્ર સરકારની ઉજ્જવલા યોજનાએ LPG સિલિન્ડર ઘરે-ઘરે પહોંચાડ્યા છે. તેમાં ભરાયેલો ગેસ અત્યંત જ્વલનશીલ હોવાને કારણે ઘણી વખત અકસ્માતનું કારણ બને છે. આવી સ્થિતિમાં તેનો ઉપયોગ કરતી વખતે ખૂબ કાળજી રાખવી જરૂરી છે. યોગ્ય માહિતીના અભાવ અને જાળવણીમાં ક્ષતિને કારણે લોકો સિલિન્ડર ફાટવાના બનાવો પણ સંભળાય છે. સાથે જ એ પણ જાણવું જોઈએ કે જો LPG સિલિન્ડર ફાટવાથી અથવા ગેસ લીક થવાને કારણે અકસ્માત થાય છે તો ગ્રાહક તરીકે તમને શું અધિકાર છે. મોટાભાગના લોકોને આ વિશે ખબર નહીં હોય કે પેટ્રોલિયમ કંપનીઓ આના પર ૫૦ લાખ રૂપિયાનો વીમો પણ આપે છે. આ માટે ગ્રાહકે કોઈ પ્રીમિયમ પણ ચૂકવવું પડતું નથી.

'મમતા દબાણ અને ધમકીઓનો સામનો કરી શકે છે... તેઓ ગભરાઈ જાય તેવાં નથી... અમે વાત કરી રહ્યા છીએ... હજુ પણ સમય છે' : વિપક્ષના ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર માર્ગારેટ આલ્વા

(એજન્સી) તા.૧

વિરોધ પક્ષોના ઉપરાષ્ટ્રપતિ માટે સ્વીકાર્ય ઉમેદવાર ૮૧ વર્ષીય ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન માર્ગારેટ આલ્વાએ આપેલા ઈન્ટરવ્યૂના અંશો.

પ્રશ્ન : તમે અર્ધ-નિવૃત્તિના તબક્કામાં હતા. તમારી સામે સંખ્યાઓ અસંભવિત છે તે જોતાં વિપક્ષની વિનંતીને સ્વીકારવા માટે તમે શા માટે પ્રોત્સાહિત થયા હતા?

ઉત્તર : જીત કે હારનો પ્રશ્ન નથી, તે વૈકલ્પિક દૃષ્ટિકોણ રજૂ કરવાનો પ્રશ્ન છે જેના માટે ૧૯ પક્ષો ભેગા થયા છે તેઓ બધા એક નામ પર સહમત છે. હું પ્રેસમાં ચર્ચા કરતી નથી. વિપક્ષના નેતાઓની NCP નેતા શરદ પવારના ઘરે બેઠક થઈ હતી. તમામ નેતાઓ ત્યાં હાજર હતા.

પ્રશ્ન : શું તમે તેના પર વિચાર કરવા માટે સમય લીધો હતો?

ઉત્તર : મેં મારા પરિવારના સભ્યોની સલાહ લીધી હતી.

પ્રશ્ન : ઉપરાષ્ટ્રપતિ રાજ્યસભાના અધ્યક્ષ પણ હોય છે. ખાસ કરીને જે રીતે હવે ગૃહનું સંચાલન કરવામાં આવે છે તે જોતાં તમે તે ભૂમિકાની કલ્પના કેવી રીતે કરો છો?

ઉત્તર : હું ૨૪ વર્ષ સુધી રાજ્યસભામાં હતી. મેં રાજ્યસભાની સાથે લોકસભાની પણ અધ્યક્ષતા કરી હતી. ગૃહમાં અમારી પાસે સાથે દિગ્ગજ હતા. વાજપેયીથી માંડીને ભૂપેશ ગુપ્તા, અન્નાદુરાઈ, ચંદ્ર શેખર, મોહન ધારિયા, ગુજરાલ જેવા નેતાઓ હતા. શ્રીમતી ઈન્દિરા ગાંધી સાથે મતભેદો હતા અમે દિગ્ગજ લોકોને બોલતા, ચર્ચા કરતા જોયા છે અને પછી સૌહાર્દપૂર્ણ અંત આવતો હતો. સંસદ આખરે બહુમતી અને લઘુમતી વિશે નથી. સંસદ ચર્ચા અને સર્વસંમતિ-નિર્માણ વિશે છે. દેશભરમાં સમસ્યાઓ છે. સાંસદો બોલવા માટે આવે છે. હવે ચર્ચા ક્યાં થઈ રહી છે? તમામ પક્ષોના નેતાઓને બોલાવવાનું, સરકાર અને વિપક્ષને કામ કરાવવાનું કામ અધ્યક્ષનું છે સમગ્ર બોર્ડમાં મેં સાંસદો સાથે વાત કરી છે તેઓ હતાશ છે એવા ઘણા મુદ્દા છે જેનાથી લોકો ચિંતિત છે તેથી જ આટલી નિરાશા છે.

પ્રશ્ન : સંસદમાં સરકારનું વલણ શું સમજાવે છે?

ઉત્તર : તેઓને સંખ્યાઓનો ઘમંડ છે. તેઓ વિચારે છે કે, તેઓ કંઈપણ કરી શકે છે કારણ કે, તેમની પાસે સંખ્યા છે. ઠીક છે, તમે મત આપો છો અને તમે બિલ પાસ કરો છો, પરંતુ ચર્ચા તો થવી જ જોઈએ.

પ્રશ્ન : તમારા ટ્વિટર ફીડ પર તમારા પુત્ર નિવેદિતનો તમારી અને મમતા બેનરજી સાથેનો ૩૪ વર્ષ જૂનો ફોટો મૂક્યો છે, જેઓ સાંસદો વચ્ચે ક્રિકેટ મેચ જોઈ રહ્યા છે. તમે અને મમતા બેનરજી એકબીજાને લાંબા સમયથી ઓળખો છો. જ્યારે ટીએમસીએ તમને સમર્થન ન આપવાનું નક્કી કર્યું ત્યારે તમને આશ્ચર્ય થયું? આ પહેલા કે પછી તમે તેની સાથે વાત કરી હતી?

ઉત્તર : અમે હજુ પણ ઘણા સારા મિત્રો છીએ. ચૂંટણી એ બધા એકબીજાને મનાવવા માટે છે. અહંકારની નાની સમસ્યાઓ હોઈ શકે છે, મેં કોઈની સલાહ લીધી નથી. મારો મુદ્દો એ છે કે, તેણી વિપક્ષી એકતા માટે જરૂરી છે. તેણીએ પશ્ચિમ બંગાળમાં રાજ્યપાલ જગદીપ ધનખર હેઠળ સૌથી વધુ સહન કર્યું છે. તેણીએ જ ભાજપને દરેક તબક્કે પડકાર ફેંક્યો છે અને આજે ધનખરને ઉપરાષ્ટ્રપતિ બનવામાં મદદ કરતા તેણીએ મને નિરાશ કર્યા છે. હું જાણું છું કે સરકાર દ્વારા દબાણો, ધમકીઓ, દરેક પ્રકારનો ડર ઊભો કરવામાં આવી રહ્યો છે પણ મમતા બહાદુર છે. તેણીએ આટલા વર્ષોમાં તેનો સામનો કર્યો છે મને નથી લાગતું કે તેણી ગભરાઈ શકે છે તમે આ ચૂંટણીમાં વ્હીપ જારી કરી શકતા નથી, તો તમે મને મત ન આપવા માટે વ્હીપ કેવી રીતે જારી કરશો?

પ્રશ્ન : શું તમે તેની સાથે વાત કરી હતી?

ઉત્તર : હા, અમે લોકો સાથે વાતચીત કરી રહ્યા છીએ, વાત કરી રહ્યા છીએ, જોઈએ શું થાય છે. હજુ આવતા શનિવાર સુધીનો સમય છે.

પ્રશ્ન : વિપક્ષી એકતા મોટાભાગે સંસદ સુધી સીમિત છે. બહાર, દરેક પોતાની લડાઈ લડે છે.

ઉત્તર : જુઓ, આ એક અલગ રાજકીય ચર્ચા છે, તેને આ ચૂંટણી સાથે કોઈ લેવાદેવા નથી. હા, દરેક રાજ્યમાં લડાઈઓ થઈ રહી છે. કોંગ્રેસ એક રાષ્ટ્રીય પક્ષ છે, રાજ્યોમાં પ્રાદેશિક પક્ષો સાથે સંઘર્ષ થશે. પરંતુ પદ્ધતિઓ સહકાર અને સાથે મળીને કામ કરવા માટે કામ કરવામાં આવે છે. હું કહીશ કે આ ૨૦૨૪નું સેમિફાઈનલ છે.

પ્રશ્ન : લગભગ તમામ વિપક્ષી પાર્ટીઓ માને છે કે કોંગ્રેસે જ તેની સાથે મળીને કામ કરવું પડશે. પક્ષને શું તકલીફ છે?

ઉત્તર : હું હવે કોંગ્રેસની સભ્ય નથી. હું અપક્ષ તરીકે લડી રહી છું. રાજસ્થાનમાં કોંગ્રેસની સરકાર છે. મધ્યપ્રદેશમાં કોંગ્રેસનો વિજય થયો હતો. ત્યાં ભાજપે શું કર્યું?

પ્રશ્ન : પરંતુ શું તમને લાગે છે કે કોંગ્રેસમાં સમસ્યા છે?

ઉત્તર : હા, આપણે ૧૯૭૭ પછી પણ આ પક્ષને જોયો છે, રાજકારણમાં કશું કાયમી હોતું નથી. ચઢાવ-ઉતાર આવતા રહે છે.

પ્રશ્ન : રાજ્યોમાં પાર્ટીઓ ભાજપને હરાવવામાં સફળ રહી છે તો શા માટે વિપક્ષનું નિવેદન રાષ્ટ્રીય સ્તરે કામ કરતું નથી? તમને શું લાગે છે કે, ૮ વર્ષ પછી નરેન્દ્ર મોદીની ચૂંટણીમાં સફળતા શું સમજાવે છે?

ઉત્તર : મને ખબર નથી, મારી પાસે આનો કોઈ જવાબ નથી.

પ્રશ્ન : તમારી ઉમેદવાર જાહેર થયા પછી ૨૦૧૬માં બહાર પડેલા તમારા પુસ્તક વિશે, તમે આપેલા ઈન્ટરવ્યૂ વિશે કોંગ્રેસ નેતૃત્વની ટીકા કરવામાં આવી હતી.

ઉત્તર : માફ કરશો, હું મારા પુસ્તક પર અત્યારે ચર્ચા કરીશ નહીં.

પ્રશ્ન : શું તે પછી સોનિયા ગાંધીએ તમારી સાથે વાત કરી હતી? તમે તમારા અને તેણી વચ્ચેના સમીકરણોને કેવી રીતે વ્યાખ્યાયિત કરશો?

ઉત્તર : અમારી વચ્ચે કંઈ બદલાયું નથી.

પ્રશ્ન : શું તમે સંમત થાઓ છો કે રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર તરીકે યશવંત સિન્હાની પસંદગીમાં વિપક્ષ પાસે કલ્પનાનો અભાવ હતો, ખાસ કરીને જ્યારે સરકારે દ્રૌપદી મુર્મુને પસંદ કર્યા હતા?

ઉત્તર : તે ખૂબ જ સારો નિર્ણય હતો, બધાએ તેનું સમર્થન કર્યું હતું. પ્રથમ આદિવાસી મહિલા રાષ્ટ્રપતિ બનવા માટે હું ખૂબ જ ખુશ છું.

પ્રશ્ન : પરંતુ વિપક્ષે સિંહાને પસંદ કર્યા અને હવે તમને. તમે નવા ચહેરા નથી, તમે વારસાગત નેતાઓ છો.

ઉત્તર : અમે દેશને પ્રથમ અનુસૂચિત જાતિ રાષ્ટ્રપતિ કે.આર. નારાયણન, પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ પ્રતિભા પાટિલ પણ આપ્યા છે. અમે લઘુમતી રાષ્ટ્રપતિ, એક શીખ જ્ઞાની ઝૈલસિંહ અને એક મુસ્લિમ ઝાકિર હુસૈન, ફખરૂદ્દીન અલી અહેમદ પણ આપ્યા છે. ભૂતકાળમાં દરેક સમુદાયને આ પોસ્ટ્સ પર મૂકવામાં આવ્યા છે અને હવે આદિવાસી સમુદાયમાંથી છે. અમે ખૂબ જ ખુશ છીએ. એવું નથી કે માત્ર તમે જ પછાતને તક આપી છે.

પ્રશ્ન : હું વર્તમાનની વાત કરૂં છું. વિપક્ષના ઉમેદવારોમાં તાજગી દેખાતી નથી.

ઉત્તર : ધનખર વિશે શું વિચારીએ? હું પણ રાજ્યપાલ રહી છું, તેઓ કોંગ્રેસમાં હતા, હું કોંગ્રેસમાં હતી, તે પછી તે વિવિધ પક્ષમાં ગયા તો ધનખર વિશે શું ખાસ છે? મુર્મુજી માટે અમે ખૂબ જ ખુશ છીએ. કોંગ્રેસના ઘણા લોકોએ પણ તેમને મત આપ્યા હતા.

પ્રશ્ન : તમે ઈન્દિરા ગાંધી, રાજીવ ગાંધી અને પીવી નરસિમ્હા રાવ સાથે વડાપ્રધાન તરીકે અને પછી સોનિયા અને રાહુલ ગાંધી સાથે કામ કર્યું છે. તેમની કાર્યશૈલીમાં શું તફાવત છે?

ઉત્તર : રાજકારણ બદલાય છે. રાજકીય પક્ષો જે સમસ્યાઓનો સામનો કરે છે તેના પરિસ્થિતિ અને સમસ્યાઓ અનુસાર જવાબો આપવાના હોય છે. પ્રાદેશિક પક્ષો, પ્રાદેશિક હિતોનો જબરદસ્ત વિકાસ થયો છે. તેથી માત્ર રાષ્ટ્રીય પક્ષોનું રાજકારણ હવે અસ્તિત્વમાં નથીપ તેથી હું ૧૯૬૦ના દાયકામાં કોઈની તુલના ૨૦૨૦માં કોઈની સાથે કરી શકતી નથી સમસ્યાઓ અને લોકોની માગણીઓ બદલાઈ ગઈ છે, શિક્ષણનો ફેલાવો થયો છે, જાગૃતિ આવી છે.

પ્રશ્ન : કોંગ્રેસમાં તમારા કેટલાક સમકાલીન, જેમ કે ગુલામ નબી આઝાદ, ૨૦૨૦માં એક પત્ર લખીને પક્ષ ચલાવવાની રીત પર વાંધો વ્યક્ત કર્યો હતો. તમારો મત શું છે?

ઉત્તર : એ જ કોંગ્રેસની સુંદરતા છે. તમે તમારા વિચારો લખી અને વ્યક્ત કરી શકો છો. શું તમે ભાજપમાં આવું કરી શકશો? શું તમે તે અન્ય પક્ષોમાં કરી શકો છો? કોંગ્રેસ હંમેશા ખુલ્લી કિતાબ રહી છે. લોકો જુદા મંતવ્યો આપે છે, લોકો ટીકા કરે છે, લોકો બહાર નીકળે છે અને લોકો પાછા ફરે છે. મારા ઘણા મિત્રો હવે અલગ-અલગ પાર્ટીઓમાં છે. પરંતુ જ્યારે હું તેમની સાથે વાત કરૂં છું, તો તેઓ હજુ પણ કોંગ્રેસ સાથે ભાવનાત્મક રીતે જોડાયેલા છે.

પ્રશ્ન : તેમ છતાં નેતાઓની ચિંતાઓ માન્ય છે? તમે એક મહિના પહેલા સુધી કોંગ્રેસમાં હતા.

ઉત્તર : તેઓ જે વિચારે છે તે તેમનો દૃષ્ટિકોણ છે. હું શા માટે તેમની વિચારસરણી પર ટિપ્પણી કરૂં?

પ્રશ્ન : ભાજપ મોદી બ્રાન્ડ સાથે ચૂંટણીમાં ઉતરે છે તે એક વ્યક્તિગત અને રાષ્ટ્રપતિ પ્રકારનું અભિયાન છે. તેના પર વિપક્ષનો શું જવાબ છે?

ઉત્તર : મારા ચૂંટણી પ્રચારને તેની સાથે કોઈ લેવાદેવા નથી. મેં સંસદ, સંસદનું સંચાલન, લોકશાહી કાર્યપ્રણાલી, વાણી સ્વાતંત્ર્ય, ચર્ચાની સ્વતંત્રતા સાથે સંબંધિત મુદ્દાઓ ઉઠાવ્યા છે.

પ્રશ્ન : પરંતુ બ્રાન્ડ મોદી સામે વિપક્ષનો શું જવાબ છે?

ઉત્તર : મારી પાસે કોઈ જવાબ નથી. અમે તેને અમારી રીતે લડી રહ્યા છીએ, તેઓ તેમની રીતે લડી રહ્યા છે. ધારણાઓ અલગ છે અને તે બદલાય છે.

પ્રશ્ન : શું તમે વિપક્ષ સિવાયના મત મેળવવાની આશા ધરાવો છો?

ઉત્તર : હા. મારા ઘણા વ્યક્તિગત સંબંધો છે. મેં ૧૯૭૫ પછી પૂર્વોત્તરમાં કામ કર્યું છે. મારા પક્ષો, લોકો સાથે અંગત સંબંધો છે. હું દરેકનો સંપર્ક કરી રહી છું, સમર્થનની વિનંતી કરૂં છું. હું કહું છું કે આ ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં અનેક મુદ્દાઓ છે. અમે કહીએ છીએ કે પરિવર્તનનો સમય હવે આવી ગયો છે.

પ્રશ્ન : વિપક્ષો વારંવાર કહે છે કે, વડાપ્રધાન ભાગ્યે જ સંસદમાં આવે છે. શું તે સંસદ પ્રત્યે ગંભીરતાનો અભાવ દર્શાવે છે?

ઉત્તર : હું એવું કહેતી નથી, હું કોઈનો ન્યાય કરીશ નહીં. તે કેવી રીતે સંચાલન કરે છે તે તેમની સરકારનો વિષય છે. હું એટલું જ કહી શકું છું કે સંસદની સરળ કામગીરી માટે સરકાર અને વિપક્ષને એકસાથે આવવાની જરૂર છે.

પ્રશ્ન : છેલ્લે, શું તમને લાગે છે કે, રાહુલે કોંગ્રેસ અધ્યક્ષનું પદ સંભાળવું જોઈએ?

ઉત્તર : તે પક્ષના સભ્યોએ નક્કી કરવાનું છે. અમે AICC સત્ર યોજવા જઈ રહ્યા છીએ. જો કોઈ અન્ય હશે, તો હરીફાઈ થશે. આ પહેલા રાજેશ પાયલટ પણ ઊભા હતા અને જીતેન્દ્ર પ્રસાદ ઊભા રહ્યા હતા.

વડાપ્રધાન મોદીની સરકાર વ્હોટ્સએપ, ટ્વિટરને નિશાન બનાવી રહી છે

(એજન્સી) તા.૧

ભારતીય ફિલ્મ નિર્માતા સંદીપ રવિન્દ્રનાથે તેમનું નવીનતમ કાર્ય મે મહિનામાં યુટ્યુબ પર પોસ્ટ કર્યું હતું. આ વીડિયો 'કાશ્મીર માટેનું રાષ્ટ્રગીત' શીર્ષક વિનાના સંવાદ વિનાનું નવ મિનિટનો કાલ્પનિક ડ્રામા હતો, ભારતીય દર્શકોએ તેના અસંખ્ય સંદર્ભોને લશ્કરીકૃત રાજ્યમાં કથિત ન્યાયિક હત્યાના સંદર્ભમાં પસંદ કર્યું હતું. જૂનના અંતમાં યુટ્યુબે શ્રી રવિન્દ્રનાથને એક નોંધ મોકલી હતી કે એક સરકારી સંસ્થાએ આ ફિલ્મ વિશે ફરિયાદ કરી છે. સરકારી નોટિસની વિગતો ગોપનીય હતી, પરંતુ ફિલ્મ નિર્માતા આશ્ચર્ય પામ્યા ન હતા. તેઓ કહે છે કે, લોકોને માત્ર ફેસબૂક પોસ્ટ માટે પણ જેલમાં ધકેલી દેવામાં આવ્યા છે.

કાશ્મીર લાંબા સમયથી ભારતમાં એક સંવેદનશીલ વિષય રહ્યો છે, પરંતુ અન્ય મુદ્દાઓ પણ તાજેતરમાં વિવાદ બની ગયા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સરકાર સાયબર ક્રાઈમને જડમૂળથી દૂર કરવા અને સોશિયલ મીડિયા પર જેને 'ફેક ન્યૂઝ' કહે છે તે અંગે વધુ આક્રમક બની છે. ૨૦૨૧માં જારી કરાયેલા નિયમો સહિત ભારતીય કાયદા હેઠળ, કન્ટેન્ટ દૂર કરવાની વિનંતીઓનું પાલન ન કરતી કંપનીઓના એક્ઝિક્યુટિવ્સને જેલ થઈ શકે છે.

આ વર્ષે બે વખત ભારતીય પત્રકારોની ઓનલાઈન ગતિવિધિઓ માટે આંતરરાષ્ટ્રીય ધ્યાન આકર્ષિત કરવાના કેસમાં ધરપકડ કરવામાં આવી છે. જાહેર સુરક્ષાની ચિંતાઓને ટાંકીને સરકારે મેટા પ્લેટફોર્મ્સ ઈન્કના વ્હોટ્સએપને અમુક એન્ક્રિપ્ટેડ ચેટ્સ વિશેની માહિતી સોંપવા માટે પણ કહ્યું છે. ભારતના વિશાળ અને વિકસતા ઈન્ટરનેટ આધારે ડિસઈન્ફોર્મેશન, અપ્રિય ભાષણ અને ઓનલાઈન અન્ય જોખમો અંગે સરકારની ચિંતાઓને વધારી દીધી છે. જો કે, વિવેચકો કહે છે કે તાજેતરના પગલાં ફક્ત સ્વતંત્ર વાણી અને અસંમતિને રોકવા માટે લેવામાં આવી રહ્યા છે. ઈન્ટરનેટને સંચાલિત કરતા ભારતના પ્રથમ નિયમો, મોટા આતંકવાદી હુમલા પછી અગાઉની સરકારના શાસનમાં એક દાયકા કરતાં પણ વધુ સમય પહેલાં પસાર થયા હતા, જેનો મુસદ્દો એક જટિલ પ્રક્રિયામાં તૈયાર કરવામાં આવ્યો હતો. તેમ છતાં તે લગભગ અન્ય મોટા લોકશાહી દેશો સાથે સુસંગત હતા. આ યુએસ સોશિયલ મીડિયા જાયન્ટ્સ માટે ગંભીર મુશ્કેલીઓ ઊભી કરે છે, જેના માટે ભારત એક મહત્ત્વપૂર્ણ બજાર છે અને તેઓ તેનો પ્રતિકાર કરી રહ્યા છે. વ્હોટ્સએપે માહિતીની જરૂરિયાતોના જવાબમાં દાવો કર્યો છે. Twitter Inc.એ મોદીની ભારતીય જનતા પાર્ટીના રાજકારણીઓની પોસ્ટ્સ અને અપ્રિય ભાષણના ઉલ્લંઘનને લઈને એકાઉન્ટ્સને હટાવ્યા છે. સરકારે ટ્વિટ અને એકાઉન્ટ્સ હટાવવાની વિનંતીઓ સાથે ટ્વિટરને અનેક વિનંતિઓ કરી છે અને નવી દિલ્હીમાં ટ્વિટરની ઓફિસ પર દરોડા પાડ્યા છે. જુલાઈની શરૂઆતમાં ટ્વિટરે ભારતીય કોર્ટમાં ટ્વિટ હટાવવાના આદેશોને પડકારવા માટે અરજી દાખલ કરી હતી. ગૂગલનું યુટ્યુબ ભારતમાં વિશાળ દર્શકો ધરાવે છે, જ્યાં વિશ્વભરમાં ટ્વિટર કરતાં સાઈટના માસિક વપરાશકર્તાઓ વધુ છે. (૨૦૨૦માં યુટ્યુબ દ્વારા દેશ માટે શેર કરવામાં આવેલ સૌથી તાજેતરનો આંકડો, ૩૨૫ મિલિયન માસિક દર્શકો હતા) આ વીડિયો સેવાએ તેની બહુવિધ ભાષાઓ અને જટિલ રાજકારણ સાથે, ભારતના વિશિષ્ટ સામગ્રી મધ્યસ્થી પડકારોને દૂર કરવા માટે સંઘર્ષ કર્યો છે. ગયા વર્ષે ભારત સરકારે યુટ્યુબને ૧૬૭૦ વીડિયો દૂર કરવા માટેની વિનંતીઓ મોકલી હતી, જે યુએસ કરતા આઠ ગણી વધારે હતી, યુટ્યુબ આવી વિનંતીઓનું કેટલી વાર પાલન કરે છે તેની જાણ ગૂગલ કરતું નથી.

યુટ્યુબના પ્રવક્તા જેક મેલોને 'કાશ્મીર માટે રાષ્ટ્રગીત' પર ટિપ્પણી કરવાનો ઈનકાર કર્યો હતો. તેમણે કહ્યું કે, અમારી પાસે વિશ્વભરની સરકારો તરફથી દૂર કરવાની વિનંતીઓ માટેની સ્પષ્ટ નીતિઓ છે, જ્યાં યોગ્ય હોય, ત્યાં અમે સ્થાનિક કાયદાઓ અને અમારી સેવાની શરતોને ધ્યાનમાં રાખીને સંપૂર્ણ સમીક્ષા કર્યા પછી સામગ્રીને પ્રતિબંધિત અથવા દૂર કરીએ છીએ.

ભારતના ટેક્નોલોજી મંત્રાલયે એક નિવેદનમાં જવાબ આપ્યો છે કે, તે યોગ્ય પ્રક્રિયાનું પાલન કરી રહ્યું છે અને ઉમેર્યું હતું કે શ્રી રવિન્દ્રનાથ આ બાબતે મીટિંગમાં હાજર થયા ન હતા. ટીકાકારોનું કહેવું છે કે, ઉશ્કેરણીજનક સામગ્રી જે મોદીની સરકારની રાજકીય પ્રાથમિકતાઓને મજબૂત બનાવે છે તે તપાસથી મુક્ત હોય તેવું લાગે છે ઉદાહરણ તરીકે ધ કાશ્મીર ફાઈલ્સ, આ વર્ષે રિલીઝ થયેલ ફિલ્મ જેની હિંદુ રાષ્ટ્રવાદી પ્રચાર કહીને ટીકા કરવામાં આવી છે. આ ફિલ્મની રિલીઝને રોકવાનો અસફળ પ્રયાસ કરતા જણાવ્યું હતું કે તેમાં અમુક દ્રશ્યો સાંપ્રદાયિક હિંસાનું કારણ બને છે. ધ કાશ્મીર ફાઈલ્સનું ટ્રેલર યુટ્યુબ પર ૫૦ મિલિયનથી વધુ વખત જોવામાં આવ્યું છે.

સ્ટેનફોર્ડના સાયબર પોલિસી સેન્ટરના પ્લેટફોર્મ ઓન પ્લેટફોર્મ રેગ્યુલેશનના ડાયરેક્ટર ડેફને કેલર કહે છે કે, ઘણી સરકારો ઈન્ટરનેટ રેગ્યુલેશન તરફ જે અભિગમ અપનાવી રહી છે તેના સંકેત જોતાં જાહેર સલામતી અને કાયદેસરતાની આડમાં એન્ક્રિપ્ટેડ મેસેજિંગ અને સોશિયલ મીડિયા પોસ્ટ્સને દૂર કરવાનો પ્રયાસ કરવાની મોદી સરકારની યુક્તિ અન્યત્ર ફેલાઈ શકે છે.

બંગાળમાં સાત નવા જિલ્લાઓની રચના થશે અને ટૂંક સમયમાં કેબિનેટમાં ફેરફાર કરવામાં આવશે : મમતા બેનરજી

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રીએ કેબિનેટના વિસર્જન અંગેના અહેવાલોનું ખંડન કર્યું

(એજન્સી) કોલકાતા,તા.૧

રાજયના કેબિનેટના સંભવિત વિસર્જન અંગેના અહેવાલોને ફગાવતા પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ સોમવારે કહ્યું હતું કે ટૂંક સમયમાં કેબિનેટમાં ફેરબદલ થશે, તેમજ ચારથી પાંચ નવા ચહેરાઓને મંત્રીમંડળમાં સામેલ કરવામાં આવશે. આ ઉપરાંત બંગાળમાં સાત નવા જિલ્લાઓ બેરહારમપોર, કાંડી, સુંદરબન, બશીરહાટ, ઈચ્છામતી, રાણાઘાટ અને બિષ્ણુપુરની પણ રચના કરવામાં આવશે. આ સાત નવા જિલ્લાઓની રચના સાથે રાજયમાં કુલ જિલ્લાઓની સંખ્યા ૩૦ થશે. વહીવટી સુગમતાને ધ્યાનમાં રાખી આ નિર્ણય લેવામાં આવ્યો છે. મમતા બેનરજીએ કહ્યું હતું કે હાલમાં કેટલાક વિભાગો કોઈપણ ચોક્કસ મંત્રી વગર કામ કરે છે અને તે એકલા આ વિભાગોની જવાબદારી સંભાવી શકે તેમ નથી. તેમણે કહ્યું હતું કે આપણે કેબિનેટમાં ફેરાબદલ

કરવો જ પડશે. કેબિનેટનું વિસર્જન કરવાની મારી કોઈ જ યોજના નથી. અમે ચાર પાંચ નવા ચહેરાઓ કેબિનેટમાં સામેલ કરીશું. બુધવાર સુધીમાં આ ફેરબદલ કરવામાં આવશે.

જાનથી મારી નાખવાની ધમકી મળ્યા બાદ સલમાનખાનને આત્મરક્ષણ માટે બંદૂકનું લાયસન્સ અપાયું

(એજન્સી) તા.૧

બોલિવૂડ એક્ટર સલમાનખાનને ધમકી મળ્યા બાદ મુંબઈ પોલીસે ભાઈજાનને ગન લાયસન્સ જારી કરી દીધું છે. અભિનેતાને આત્મરક્ષા માટે આ લાયસન્સ જારી થયું છે. ઉલ્લેખનીય છે કે, સલમાનખાન અને તેના પિતા સલીમખાનને થોડા દિવસ પહેલા ધમકીભર્યો પત્ર મળ્યો હતો. આ બધું ત્યારે થયું જ્યારે પંજાબ મૂસેવાલા હત્યાકાંડને અંજામ આપવામાં આવ્યો છે. આ હત્યાકાંડમાં લોરેન્સ બિશ્નોઈ ગેંગનું નામ આવ્યું હતું. લોરેન્સ બિશ્નોઈ અત્યારે જેલમાં બંધ છે, પરંતુ તેને હરણ શિકારનો મામલો સામે આવ્યા પછી સલમાનખાનને ધમકી આપી હતી. આ બધાની વચ્ચે ભાઈજાને થોડા દિવસ પહેલા ગન લાયસન્સ માટે અરજી કરી હતી, જેને હવે મુંબઈ પોલીસે સ્વીકારતા આગળ કાર્યવાહી કરી દીધી છે. જો કે, એક

સંસ્થાએ સલમાનનાં ગુનાહિત ભૂતકાળને જોતાં તેને લાયસન્સ આપવાનો વિરોધ કર્યો હતો. ભાઈજાન પોતાની સુરક્ષાને કારણે ઘણો જ ચિંતિત છે. સલમાનખાન મુંબઈ પોલીસ કમિશનર વિવેક ફનસાલકરને મળ્યો હતો. સલમાનખાનને ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈ ધમકી આપી હતી. ત્યારબાદ સલમાનખાને પોલીસમાં એક અરજી કરી હતી. આ અરજીમાં સલમાને હથિયારના લાયસન્સની ડિમાન્ડ કરી હતી. તેણે કહ્યું હતું કે, તે પોતાની સુરક્ષા માટે હથિયારનું લાયસન્સ લેવા માંગે છે. માનવામાં આવે છે કે, સલમાને આ અંગે મુંબઈ પોલીસ કમિશનર સાથે વાત કરી હશે. મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે, સલમાન હવે બુલેટપ્રૂફ લેન્ડ ક્રૂઝરમાં મુસાફરી કરશે. આ સાથે જ તેણે પોતાની કારના તમામ કાચ બુલેટપ્રૂફ કરાવ્યા છે. જો કે, લેન્ડ ક્રૂઝરનું આ નવું મોડલ નથી. મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે, સલમાનને જ્યારથી લોરેન્સ બિશ્નોઇ ગેંગે જાનથી મારી નાખવાની ધમકી આપી છે, ત્યારથી તે જાહેરમાં તથા પબ્લિકની વચ્ચે જવાનું ટાળે છે. રિપોર્ટ્સ પ્રમાણે, સલમાનના ગેલેક્સી એપાર્ટમેન્ટ આગળ ૧૦ સ્પેશિયલ ફોર્સના અધિકારી દિવસ-રાત સિક્યોરિટી કરે છે. આ ઉપરાંત તેના ઘરની આસપાસ ૧૫ સીસીટીવી લગાવવામાં આવ્યા છે. સ્પેશિયલ ફોર્સના કેટલાક ઓફિસર સલમાનખાન સાથે સેટ પર પણ હાજર હોય છે.

લતા મંગેશકરના નામે ચોકનું નામકરણ કરવા સામે અયોધ્યાના સાધુ-સંતોને વાંધો

(એજન્સી) તા.૧

અયોધ્યામાં સ્વર કોકિલા લતા મંગેશકરના નામે બની રહેલા ચોકને લઈને સાધુ-સંતોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. રવિવારે સંતોએ સીએમ યોગી આદિત્યનાથ સાથે મુલાકાત કરીને નવા ઘાટ ચોકનું નામ લતા મંગેશકર રાખવા સામે વાંધો ઉઠાવ્યો હતો. તેમણે આ દરમિયાન મંદિરના આંદોલન સાથે સંકળાયેલા મહાપુરૂષો અને નાયકોના નામે અયોધ્યામાં સ્થળનું નામકરણ કરવાનું સૂચન કર્યું હતું, તે પછી વિહિપએ પણ આ જ સૂચન આગળ કર્યું. જો કે, સંતોની માંગ પર સીએમનું કોઈ નિવેદન બહાર આવ્યું નથી, પરંતુ એક વાત ચોક્કસ છે કે, તેઓ અયોધ્યાના સાધુ-સંતોને ક્યારેય નારાજ જોઈ શકતા નથી. રવિવારે મહંત રામચંદ્ર દાસ પરમહંસ મહારાજની ૧૯મી પુણ્યતિથિ પર મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ દિગંબર અખાડામાં આયોજિત સ્મૃતિ કાર્યક્રમમાં પહોંચ્યા હતા. અહીં મુખ્યમંત્રીએ પોતાનું વક્તવ્ય પૂરૂં કરતાં જ સંતોએ તેમને પોતાના સૂચનો આપ્યા હતા. સંતોએ કહ્યું કે, અયોધ્યામાં જગદગુરુ રામાનંદાચાર્ય, મહારાજા હરિશ્ચંદ્ર, મહારાજા ભગીરથ, રામચંદ્ર દાસ પરમહંસ અને અશોક સિંઘલ જેવા મહાપુરૂષોથી સંબંધિત સ્થળનો વિકાસ થવો જોઈએ. તેમને મંદિર નિર્માણ અને અયોધ્યા પ્રત્યે ઊંડો લગાવ છે. જગતગુરૂ રાઘવાચાર્ય,

વિહિપના વરિષ્ઠ પદાધિકારી રાજેન્દ્રસિંહ પંકજ, રસિક પીઠાધીશ્વર જન્મેજયસિંહ, મહંત ધર્મદાસ, પૂર્વ સાંસદ ડો.રામવિલાસ દાસ વેદાંતી, બડે ભક્ત મહેલના મહંત અવધેશ દાસ, ઉદાસી આશ્રમના મહંત ભરત દાસ, મહંત વિવેકજી દાસ, વરૂણ દાસ મહારાજ, બલરામ દાસજી, રાજુ દાસ, જયરામ દાસ , મહેન્દ્ર દાસ અને અન્ય સંતો-મહંતો ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે દરેકની વાત ધ્યાનથી સાંભળી. વિહિપના મીડિયા પ્રભારી શરદ શર્માએ કહ્યું કે, માત્ર મારૂં જ નહીં, સમગ્ર વિશ્વ લતા મંગેશકરને નમન કરે છે, પરંતુ અયોધ્યા એક ધાર્મિક નગરી છે, જેને માત્ર ઉપરોક્ત મહાપુરૂષો દ્વારા જ ઓળખવામાં આવે છે. તેમણે કહ્યું કે, સામાજિક સમન્વય અને રાષ્ટ્રના સતર્ક ચોકીદાર જગદગુરૂ રામાનંદાચાર્યને પોતાનો આદર્શ માનનારા લોકોની સંખ્યા દેશમાં કરોડો છે. માતા ગંગાને ધરતી પર લાવનાર મહારાજ ભગીરથને ક્યારેય ભૂલી શકાય તેમ નથી. મહારાજ રઘુ, દશરથ, ભગવાન રામ સાથે સંબંધિત કુળના કેટલા નામો છે તે ખબર નથી. આ ઉપરાંત મંદિર ચળવળ દરમિયાન ધાર્મિક સ્વતંત્રતા માટે સંઘર્ષ કરી રહેલા પરમહંસ રામચંદ્ર દાસ, અશોક સિંઘલ, શહીદ કારસેવક ભાઈઓ, માતા સરયૂ ગઈકાલે વહેતી થઈ હતી તેવી જ રીતે, અયોધ્યાના વિકાસ સ્થળ પર ઘણા સંતો અને મહાપુરૂષો છે, જેમના નામનો ઉલ્લેખ કરી શકાય છે.

'જો કોઈ બંદૂકનો ઉપયોગ કરે તો આપણે પણ બંદૂકથી જવાબ આપવો જોઈએ' : હિંસા વિરૂદ્ધ ઝીરો ટોલરન્સની નીતિ અપનાવવા તમિલનાડુના રાજ્યપાલનું આહ્વાન; UPA સરકાર સામે પ્રહાર કર્યા

(એજન્સી) તા.૧

રવિવારે કેરળના કોચીમાં એક કાર્યક્રમને સંબોધતા તમિલનાડુના રાજ્યપાલ આર.એન. રવિએ પાકિસ્તાન દ્વારા પ્રાયોજિત આતંકવાદ સામે મોટો હુમલો કર્યો હતો. તેમણે હિંસા પ્રત્યે ઝીરો ટોલરન્સની વાત કરી હતી. આર.એન. રવિએ કહ્યું કે, જે કોઈ બંદૂકનો ઉપયોગ કરે છે તેની સાથે બંદૂકથી જ કાર્યવાહી થવી જોઈએ. જે કોઈ દેશની એકતા અને અખંડિતતા વિરૂદ્ધ વાત કરે છે તેની સાથે કોઈ વાત નહીં કરે. છેલ્લા ૮ વર્ષમાં કોઈપણ સશસ્ત્ર જૂથ સાથે વાતચીત થઈ નથી અને હોવી જોઈએ. રાજ્યપાલ આર.એન. રવિએ કહ્યું આ શું છે ? સ્પષ્ટ

થવું જોઈએ કે પાકિસ્તાન મિત્ર છે કે દુશ્મન? પુલવામા હુમલા બાદ અમે બાલાકોટમાં એર સ્ટ્રાઈક કરીને પાકિસ્તાનને પાઠ ભણાવ્યો હતો. જેનો સંદેશ એ હતો કે જો તમે આતંકવાદનું કૃત્ય કરો છો, તો તમારે કિંમત ચૂકવવી પડશે. રાજ્યપાલ આર.એન. રવિએ કહ્યું કે, જ્યારે ૨૬/૧૧ મુંબઈમાં આતંકવાદી હુમલો થયો ત્યારે આખો દેશ આઘાતમાં હતો. મુઠ્ઠીભર આતંકવાદીઓ દ્વારા દેશનું અપમાન થયું. હુમલાના ૯ મહિનાની અંદર, અમારા તત્કાલીન PM અને પાકિસ્તાન પીએમએ સંયુક્ત પત્ર પર હસ્તાક્ષર કર્યા હતા જેમાં કહેવામાં આવ્યું હતું કે બંને દેશો આતંકવાદનો શિકાર છે અને બંનેએ સાથે મળીને લડવું પડશે. પરંતુ પાકિસ્તાન તેના કરારને વળગી રહ્યું નથી અને હજુ પણ આતંકવાદને પ્રોત્સાહન આપી રહ્યું છે.

૨૭ વર્ષ બાદ પોતાની માતા પછી દીકરાએ પણ આર્મી ટ્રેનિંગ એકેડમીથી ગ્રેજ્યુએશન પૂર્ણ કર્યું

(એજન્સી) તા.૧

કેરેટ્સ તાજેતરમાં ચેન્નાઈમાં ભારતીય સેનામાં કમિશનિંગ થયા છે. કમિશનિંગ ચેન્નાઈમાં ઓફિસર્સ ટ્રેનિંગ એકેડમીમાં થયું હતું અને આ દરમિયાન માલદીવના ચીફ ઑફ ડિફેન્સ સ્ટાફ મેજર જનરલ અબ્દુલ્લા શમાલ પણ હાજર હતા. ભારતીય સેનામાં જોડાનારા સૈનિકોમાં એક પુત્ર પણ હતો, જે ૨૭ વર્ષ પહેલાં તેની માતાની જેમ જ ચેન્નઈ ઓફિસર ટ્રેનિંગ એકેડમીમાંથી કમિશન થયો હતો. હવે આ સ્ટોરીની સોશિયલ મીડિયા પર ચારેબાજુ ચર્ચા થઈ રહી છે અને લોકો દ્વારા તેના પર અલગ-અલગ પ્રકારના રિસ્પોન્સ મળી રહ્યા છે. વાસ્તવમાં, સંરક્ષણ મંત્રાલયના જનસંપર્ક નિર્દેશાલય હેઠળ ચેન્નાઈના પબ્લિક રિલેશન્સના સત્તાવાર એકાઉન્ટ દ્વારા એક ટ્વીટ શેર કરવામાં આવી હતી. આ ટ્વીટ ખાસ હતી. કારણ કે તે માતા-પુત્રની જોડીની પ્રેરણાદાયી વાત બતાવે છે. આ પોસ્ટમાં મેજર સ્મિતા ચતુર્વેદી તેમના પુત્ર સાથે જોવા મળી છે. તેમનો પુત્ર તાજેતરમાં ઓફિસર્સ ટ્રેનિંગ એકેડેમી, ચેન્નાઈમાંથી પાસ થયો છે. આ જ એકેડેમીમાંથી મેજર સ્મિતા ચતુર્વેદી પણ ૨૭ વર્ષ પહેલા પાસ થઈને ઈન્ડિયન આર્મીમાં જોડાઈ હતી. પોસ્ટમાં મેજર સ્મિતાના ચહેરા પર ખુશી સ્પષ્ટ જોઈ શકાય છે. સંરક્ષણ પીઆરઓ ચેન્નાઈએ ટ્વીટ કર્યું, 'એક મહિલા અધિકારી માટે એક સુંદર ક્ષણ: મેજર સ્મિતા ચતુર્વેદી (નિવૃત્ત) ૨૭ વર્ષ પહેલાં ૧૯૯૫માં ઓફિસર ટ્રેનિંગ એકેડેમિક, ચેન્નાઈમાંથી કમિશન્ડ થઈ હતી. આજે તેણે તેના પુત્રને આ જ રીતે એકેડેમીમાંથી કમિશન મેળવતા જોયો.' આ ટ્વીટ ગ્રેડ સાથે શેર કરવામાં આવી છે, જેમાં યુવાન મેજર સ્મિતા બીજી પોસ્ટમાં જોઈ શકાય છે. આ તસવીર તે સમયની છે જ્યારે મેજર સ્મિતા પોતે ચેન્નાઈની ઓફિસર ટ્રેનિંગ એકેડેમીમાં ટ્રેનિંગ લઈ રહી હતી. આ તસવીરમાં પાતળી-પાતળી મેજર સ્મિતા જોઈ શકાય છે. પીઆરઓ ચેન્નાઈએ વીડિયો પણ શેર કર્યો છે. આમાં તે કહી રહી છે કે તે તેના પુત્રના આ અચિવમેન્ટથી કેટલી ખુશ છે. વીડિયોમાં તેણે પોતાના જૂના ટ્રેનિંગના દિવસોને યાદ કર્યા. બદલાતા સમય સાથે એકેડેમીમાં કેવી રીતે પરિવર્તનો જોઈ શકાય છે તે પણ જણાવ્યું. પીઆરઓ ચેન્નાઈએ વીડિયોને ટ્વીટ કરીને કેપ્શન આપ્યું, 'મેજર સ્મિતા ચતુર્વેદી (નિવૃત્ત) આ અદભુત એકેડેમીમાં વિતાવેલા તેમના જૂના દિવસોને યાદ કરે છે અને તેમના પુત્રએ તેમની જેમ સેનામાં જોડાઈને એક અદભુત સ્ક્રિપ્ટ લખી છે.'

ટ્રિબ્યુનલનો નિર્ણય

સૈનિકોને યુદ્ધમાં ઘાયલ થવા પર જ મળશે યુદ્ધ ક્ષતિ પેન્શનનો લાભ

ટ્રિબ્યુનલે કહ્યું હતું કે, અકસ્માતમાં થયેલી ઈજાને યુદ્ધની ઈજા ગણીને યુદ્ધ ઈજા પેન્શન આપવામાં આવશે નહીં

નવી દિલ્હી, તા.૧

સૈન્ય અથવા સશસ્ત્ર દળોમાં તૈનાત સૈનિકો કોઈ અકસ્માતમાં ઘાયલ થવા પર હવે યુદ્ધ નુકસાન પેન્શનનો લાભ મેળવી શકશે નહીં. તેમને આ પેન્શનનો લાભ ત્યારે જ મળશે જ્યારે તેઓ કોઈપણ યુદ્ધમાં તૈનાતી દરમિયાન ઘાયલ થયા હોય. આર્મ્ડ ફોર્સીસ ટ્રિબ્યુનલે પોતાના એક આદેશમાં આ વાત કહી છે. તેમનું કહેવું છે કે અકસ્માતમાં થયેલી ઈજાને યુદ્ધની ઈજા ગણીને યુદ્ધ ઈજા પેન્શન આપવામાં આવશે નહીં. આર્મ્ડ ફોર્સીસ ટ્રિબ્યુનલે પણ આવા જ એક કેસમાં અરજી ફગાવી દીધી છે. આ અરજી પૂર્વ હવાલદાર અશોક કુમારે આર્મ્ડ ફોર્સીસ ટ્રિબ્યુનલમાં દાખલ કરી હતી. તેણે તેમાં કહ્યું હતું કે ૧૯૯૩માં સિયાચીનમાં તૈનાતી દરમિયાન જનરેટરનું કામ કરતી વખતે તેના હાથની નાની આંગળી કપાઈ ગઈ હતી. આવી સ્થિતિમાં તેમને યુદ્ધ નુકસાન પેન્શનનો લાભ મળે. જોકે, તેમને દિવ્યાંગતા પેન્શન મળી રહ્યું છે. ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના અહેવાલ મુજબ, આર્મ્ડ ફોર્સીસ ટ્રિબ્યુનલની લખનૌ બેંચે પોતાના આદેશમાં 'એક્શન' શબ્દની વ્યાખ્યા પણ કરી છે, જેના આધારે યુદ્ધ નુકસાન પેન્શનનો લાભ લઈ શકાય છે. તેમાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે યુદ્ધ નુકસાન પેન્શનનો લાભ મેળવવા માટે ઓપરેશનલ એરિયામાં ઈજાગ્રસ્ત થવા ઉપરાંત કાર્યવાહીમાં ઈજાગ્રસ્ત થવું જરૂરી છે. એક્શનનો અર્થ છે યુદ્ધમાં ભાગ લેતી વખતે ઘાયલ થવું. તે અનુસાર માત્ર ઓપરેશનલ એરિયામાં હાજર રહેવું એ કાર્યવાહીની શ્રેણીમાં આવશે નહીં. ન્યાયમૂર્તિ ઉમેશ ચંદ્ર શ્રીવાસ્તવ અને વાઈસ એડમિરલ અભય રઘુનાથ કાર્વેની ખંડપીઠે સ્પષ્ટ કર્યું કે અકસ્માત કે મૃત્યુના કારણ અને ફરજ વચ્ચે સીધો અને સામાયિક સંબંધ હોવો જોઈએ. આ અરજી દાખલ કરનાર અશોક કુમારનું જોઈનિંગ જૂન ૧૯૮૫માં થયું હતું. ઓક્ટોબર ૧૯૯૩માં સેનાએ ઓપરેશન રક્ષક-૨ શરૂ કર્યું ત્યારે પાકિસ્તાન સરહદ પર સિયાચીન ખાતે સિગ્નલ રેજિમેન્ટમાં તેઓ તૈનાત હતા. જ્યારે ઈલેક્ટ્રિક જનરેટર લગાવવામાં આવી રહ્યું હતું ત્યારે તે અને અન્ય કેટલાક લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. અકસ્માત બાદ તેના હાથની એક આંગળી કપાઈ ગઈ હતી. મેડિકલ બોર્ડ અને કોર્ટ ઓફ ઈક્વાયરીએ તેમની સેનામાં સેવાઓ ન લેવાનો નિર્ણય લીધો હતો. એપ્રિલ ૨૦૦૪ માં નિવૃત્ત થયા પછી, તેમને નિમ્ન તબીબી શ્રેણીમાં અપંગતા પેન્શન શરૂ કરવામાં આવ્યું હતું. પરંતુ તેણે કહ્યું હતું કે તે યુદ્ધ નુકસાન પેન્શન માટે હકદાર છે.

ઔરંગાબાદ અને ઉસ્માનાબાદનું નામ બદલવા વિરૂદ્ધ દાખલ અરજી પર બોમ્બે હાઈકોર્ટે તાત્કાલિક સુનાવણીનો ઈન્કાર કર્યો

(એજન્સી) તા.૧

બોમ્બે હાઈકોર્ટે સોમવારે ઔરંગાબાદ અને ઉસ્માનાબાદના નામ બદલવાના મહારાષ્ટ્ર સરકારના નિર્ણયને પડકારતી બે અરજીઓ પર તાત્કાલિક સુનાવણીની માંગ કરતી અરજી નકારી કાઢી હતી. કોર્ટે કહ્યું કે સરકાર કંઈપણ 'ખૂબ ઝડપથી' કરશે નહીં. જસ્ટિસ પ્રસન્ના વરાલે અને જસ્ટિસ કિશોર સંતની ડિવિઝન બેંચે કહ્યું કે, બંને પીઆઈએલ પર હાલ તાત્કાલિક સુનાવણીની જરૂર નથી. ખંડપીઠે આ મામલાની સુનાવણી ૨૩ ઓગસ્ટે સુનિશ્ચિત કરી હતી. જસ્ટિસ વરાલેએ કહ્યું, મેં કોઈ તાત્કાલિક સુનાવણીની જરૂર નથી. આ મહિનામાં ઘણી રજાઓ છે. તમે (અરજીકર્તા) સરકાર પાસે શું અપેક્ષા રાખો છો ? જ્યારે તેઓ (સરકાર) કામકાજના દિવસોમાં પણ કામ કરતા નથી. કોર્ટે કહ્યું કંઈપણ ખૂબ જ ઝડપથી (સરકાર દ્વારા) કરવામાં આવશે નહીં), જેની અરજદારો દ્વારા આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. ગયા અઠવાડિયે ઔરંગાબાદના રહેવાસીઓ મોહમ્મદ

મુશ્તાક અહેમદ, અન્નાસાહેબ ખંડારે અને રાજેશ મોરેએ ઔરંગાબાદનું નામ બદલીને છત્રપતિ સંભાજીનગર રાખવાને પડકારતી પીઆઈએલ દાખલ કરી હતી. દરમિયાન શહેરનું નામ ધારાશિવ રાખવાના રાજ્ય સરકારના નિર્ણય સામે ઉસ્માનાબાદના ૧૭ રહેવાસીઓ દ્વારા સોમવારે બીજી પીઆઈએલ દાખલ કરવામાં આવી હતી. મહારાષ્ટ્રની પૂર્વ ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની મહાવિકાસ અઘાડી સરકારે ૨૯ જૂને કેબિનેટની બેઠકમાં ઔરંગાબાદ અને ઉસ્માનાબાદનું નામ બદલવાનો નિર્ણય લીધો હતો. ઠાકરે કેબિનેટની આ છેલ્લી બેઠક હતી, તે પછી મુખ્યમંત્રી એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળની નવી સરકારે ૧૬ જુલાઈએ બંને શહેરોના નામ બદલવા માટે નવો ઠરાવ પસાર કર્યો હતો. સરકારના નિર્ણયને રાજકીય રીતે પ્રેરિત ગણાવતા બંને અરજીઓમાં ચેતવણી આપવામાં આવી હતી કે નામ બદલવાથી ધાર્મિક અને સાંપ્રદાયિક તિરસ્કારને પ્રોત્સાહન મળશે.

ગીરગઢડાના નગડિયા ગામે એકપણ વ્યક્તિ દારૂનું સેવન કરતી નથી

દારૂની ભઠ્ઠી પણ નથી, એક પણ પોલીસ કેસ નહીં : અનેક લોકોએ પાન, માવા, તમાકુ અને બીડીને પણ તિલાંજલિ આપી છે

ઉના, તા.૧

બોટાદમાં થયેલા લઠ્ઠાકાંડથી રાજ્યમાં હાહાકાર મચી ગયો છે અને અનેક લોકો મોતને ભેટ્યા છે ત્યારે સરકાર પણ એક્શનમાં આવી ગઈ છે વાત કરીએ ગીરગઢડાના નગડિયા ગામની અહિયા કોઈ દારૂનું સેવન નથી કરતું તેમજ દારૂની ભઠ્ઠી પણ ન ધમધમતી હોવાનું મહિલા સરપંચના પતિ હરેશભાઈ બલદાણિયાએ કહ્યું હતું. ગીરગઢડાના નગડિયા ગામે ૨૫૦૦થી વધુની વસતી ધરાવતું ગામ છે અને ૧૨૦૦નું મતદાન છે ૪૦ ટકા વસ્તી પટેલ સમાજ, ૪૦ ટકા આહિર સમાજ, તેમજ ૨૦ ટકા અન્ય સમાજની વસ્તી છે. આ ગામના મોટાભાગના લોકો ખેતી પશુપાલન, ખેત મજૂરીના વ્યવસાય સાથે સંકળાયેલા છે. જ્યારે વાત આવે લઠ્ઠાકંડની તો આ ગામમાં ઘણા લોકોને એ પણ ખબર નથી કે લઠ્ઠાકાંડ શું હોય કારણ કે આ ગામમાં એક પણ દારૂની ભઠ્ઠી નથી તેમજ કોઈ વ્યક્તિ દારૂનું સેવન પણ કરતું નથી. જો કે, બહારથી કોઈ શ્રમિક કામ માટે આવે તો એકાદ બે વ્યક્તિ છાને ખૂણે દારૂનું સેવન કરતા હોય છે. પરંતુ ગામ લોકો આમનાથી દૂર રહે છે. તેમજ આ ગામમાં દારૂ સેવનનો કે દારૂ વેચવાનો એક પણ પોલીસ કેસ નોંધાયો નથી. જેનું મુખ્ય કારણ છે ગ્રામજનોની જાગૃતતા જ્યારે દારૂ સેવનના કારણે ઘરેલું હિંસાની વાત કરીએ તો એ એકપણ કેસ નોંધાયો નથી. જ્યારે સરપંચ પતિ હરેશભાઈ બલદાણિયાએ વધુમાં કહ્યું હતું કે, અમારા સુધી દારૂની એકપણ ફરિયાદ આવી નથી. આ ગામમાં સરપંચના પ્રતિનિધિ દ્વારા વ્યસન મુક્તિના અનેક કાર્યક્રમો યોજવામાં આવે છે જેમાં અનેક લોકોએ પાન, માવા, તમાકુ અને બીડીને પણ તિલાંજલિ આપી હતી.

ઉના શહેરમાં રસ્તા પર પહેલા ખાડા અને હવે ધૂળની ડમરીઓથી લોકો ત્રસ્ત

ઉના, તા.૧

ઉના શહેરમાં ચોમાસા ઋતુ દરમ્યાન સામાન્ય વરસાદ પડતા ડામર રસ્તા પર મસમોટા ખાડા પડી જતા લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા. ત્યારે તંત્ર દ્વારા રસ્તા પર કાકરી માટી નાખી ખાડાને બુરી સંતોષ માની લીધો હોય પરંતુ લોકોએ ખાડા સહન કર્યા તો હવે ધૂળની ડમરીઓથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. રસ્તા પર એટલી બધી ધૂળની ડમરીઓ ઉડતી હોવાથી સામેથી કયું વાહન આવે છે તે પણ દેખાતા ન હોય તેમજ ટ્રક જેવા મોટા વાહન પસાર થતાં હોય ત્યારે પાછળ આવતા વાહનચાલકોને થોડીવાર સુધી થંભી જવું પડતું હોય તેવી સ્થિતિનું નિર્માણ સર્જાયેલ છે. જ્યારે આ ધૂળની ડમરીઓના કારણે લોકોના સ્વાસ્થ્ય પર ગંભીર અસર પડતી હોય શહેરનો મુખ્ય રસ્તા પર તમામ તંત્રના અધિકારીઓ તેમજ પદાધિકારોઓ પોતાની કારમાં બંધ કાચ કરીને પસાર થઈ જતાં હોય પરંતુ ખુલ્લા વાહનચાલકો રાહદારીઓ અને વેપારી દુકાનદારોને ભારે હાલાકી ભોગવી પડે છે. તંત્ર દ્વારા આ રસ્તાને મરામત કરવામાં આવે તેવી લોકોની માગણી ઉઠવા પામેલ છે.

નડિયાદ-મહુધા રોડ પર મંગલપુરા પાટિયા પાસે સર્જાયેલ અકસ્માતમાં એકનું મોત

નડિયાદ, તા.૧

નડિયાદ મહુધા રોડ પર મંગળપુરા પાટિયા પાસે ટ્રકે ઈકો ગાડીને અડફેટે લેતા સર્જાયેલા અકસ્માતમાં નડિયાદના ઈસમનું મોત થયું છે આ બનાવ અંગે મહુધા પોલીસે ટ્રકચાલક વિરૂદ્ધ કાર્યવાહી હાથ ધરી છે.

આ બનાવ અંગે મળતી માહિતી મુજબ નડિયાદ મનજીપુરા રોડ પર રહેતા પેમકિશન ઘનશ્યામદાસની મહુધામાં કરિયાણાની દુકાન આવેલી છે તેઓ પોતાની ઈકો ગાડી નં.જીજે-૭-ડીસી-૩૮૮૬ લઈને દુકાને જવા માટે ઉપયોગ કરે છે ગઈકાલે તેઓ પોતાની ઈકો કાર લઈને મહુધાથી નડિયાદ આવી રહ્યા હતા, તે વખતે નડિયાદ મંગલપુરા પાટિયા પાસે ટ્રક નં. પીબી-૧૩-બીજી-૫૨૬૩ના ચાલકે ઈકો કારને અડફેટે લીધી હતી.

આ સર્જાયેલા અકસ્માતમાં પેમકિશન ઘનશ્યામદાસને ગંભીર ઈજા થતાં તેમનું મોત થયું હતું આ બનાવ અંગે મહુધા પોલીસમાં પેમકિશનના ભાઈ મોહનકુમાર ઘનશ્યામદાસે ફરિયાદ આપતા પોલીસે ટ્રકચાલક વિરૂદ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

બોરસદની આણંદ ચોકડી પર સીઝરોની દાદાગીરી

બાઈકના તમામ હપ્તા ભરી દીધા હોવાનું કહેવા છતાં લુખ્ખા તત્ત્વોએ યુવકની ફેંટ પકડીને માર માર્યો

સીઝરોની દાદાગીરીથી વાહનમાલિકોમાં રોષની લાગણી : કહેવાતા પત્રકાર સામે કાયદેસરની કાર્યવાહીની માંગ

(સંવાદદાતા દ્વારા)

આણંદ, તા.૧

બોરસદની આણંદ ચોકડી પાસે સાંજના સુમારે બાઈક લઈ પસાર થઈ રહેલા કુરિયર બોયને અટકાવીને તેની બાઈક કબ્જે લઈ સિજરોએ દાદાગીરી કરી હતી યુવકે બાઈકના હપ્તા ભરી દીધા હોવાનું જણાવ્યા બાદ પણ કેટલાક લુખ્ખા તત્વોએ યુવકની ફેંટ પકડીને તેને મારમાર્યો હતો જો કે નજીકમાંથી પોલીસ દોડી આવી હતી અને બન્ને પક્ષોને પોલીસ મથકે મોકલ્યા હતા.

બોરસદની આણંદ ચોકડીથી સૂર્યમંદિર તરફ જવાના માર્ગ ઉપર સિંગલાવ નાળે દરરોજ વાહનના સિજરો દ્વારા વાહનચાલકોને રસ્તા વચ્ચે અટકાવી દાદાગીરી કરવામાં આવતી હોય છે. છેલ્લા લાંબા સમયથી અહીંયા સિજરોની દાદાગીરી વધી ગઈ હોવા છતાં સ્થાનિક તંત્ર આંખ બંધ કરી તમાશો જોઈ રહ્યું હોય તેવું લાગી રહ્યું છે ત્યારે રવિવારે સાંજે દહેમી ગામનો એક યુવક પોતાની બાઈક લઈ કુરિયર આપવા નીકળ્યો હતો જેને આણંદ ચોકડી નજીક બે યુવકોએ અટકાવ્યો હતો અને કઈ પણ કહ્યા સિવાય પહેલા બાઈક કબ્જે કરી લીધી હતી અને બાદમાં હપ્તા ભર્યા નથી તેમ જણાવ્યું હતું જેને લઈ યુવકે આઈ કાર્ડ માંગ્યું હતું અને પોતે બાઈકના તમામ હપ્તા ભરી દીધા છે તેમ જણાવી પોતાના મોબાઈલમાં રહેલ સ્લીપ પણ બતાવી હતી અને બાઈકને છોડી દેવા અપીલ કરી હતી ત્યારે બની બેઠેલા કહેવાતા પત્રકારે આવી પોતે પ્રેસમાં છે તેમ જણાવીને યુવકની ફેંટ પકડી ગાળાગાળી કરી તેને માર માર્યો હતો જેને લઈ નજીકના પોલીસ પોઈન્ટ પર ઉભી રહેલ પોલીસ દોડી આવી હતી અને યુવકને માર મારતા બચાવ્યો હતો અને બન્ને પક્ષોને પોલીસ મથકે મોકલી દીધા હતા ત્યારે હપ્તો ભરેલ હોવા છતાં બાઈક કબ્જે લઈ યુવકને માર મારનાર સામે કાયદેસરની કાર્યવાહીની તજવીજ હાથ ધરવામાં આવી છે ત્યારે આણંદ ચોકડી વિસ્તારમાં સિજરોની વધેલી દાદાગીરીને લઈ ભારે રોષ જોવા મળી રહ્યો છે તંત્ર દ્વારા આવા સિજરો અને કહેવાતા પત્રકારો વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

પાવીજેતપુરમાં રખડતા ઢોરના ત્રાસથી જનતા ત્રાહિમામ

પાવીજેતપુર,તા.૧

પાવીજેતપુરમાં છેલ્લા ઘણા સમયથી રખડતા ભટકતા બીનવારસી ઢોરનો ત્રાસ દિવસે દિવસે વધતો રહ્યો છે. આ સમસ્યાને નિયંત્રણમાં લેવા કે હળવી કરવા માટે સ્થાનિક સત્તાધીશો દ્વારા કોઈ પગલાં લેવામાં ન આવતા જનતા ત્રાહિમામ પોકારી રહી છે.

(તસવીર : આશીફ ખત્રી, પાવીજેતપુર)

પાવીજેતપુર નગરમાં રખડતા પશુઓનો ત્રાસ વધી રહ્યો છે. દિવસ દરમિયાન રાહદારીઓ અને વાહનચાલકોની અવરજવરથી સતત ધમધમતી નગરની તમામ મુખ્ય બજારો, શાકમાર્કેટ, હાઈવે તેમજ તીનબત્તી સહિતના સ્થળોએ આ રખડતા ભટકતા પશુઓ કલાકો સુધી અડીંગા જમાવીને પડ્યા પાથર્યા રહેતા હોય છે. રખડતા ઢોરો અડ્ડો જમાવી દેતાં ટ્રાફિકની સમસ્યા વારંવાર સર્જાય છે અને તેમાં પણ બે આખલા સામસામે આવી જાય તો કલાકો સુધી રસ્તો બંધ કરી દેવાની ફરજ પડે છે. બે આખલા જ્યારે લડે છે ત્યારે એક પ્રકારનો નગરમાં આંતક ચાલુ થઈ જાય છે. બે આખલા લડતા હોય ત્યારે તેઓને છૂટા કરવા માટે કોઈ જોખમ લેવા તૈયાર હોતું નથી દૂરથી પાણીનો મારો કરી આ બંને આખલાઓને છૂટા કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે પરંતુ આ બંને આખલા છૂટા પડે ત્યાં સુધી ઘણું મોટું નુકસાન થઈ ગયું હોય છે. ત્યારે તંત્ર આ અંગે ઘટતું કરી રખડતા ઢોર કોના છે ? તેની ઊંડાણ પૂર્વકની તપાસ કરી કસૂરવારને દંડ કરવામાં આવે તેમજ બિનવારસી રખડતા ઢોરોનું આગવું આયોજન કરે તેમ જનતા ઈચ્છી રહી છે.

અમદાવાદ પાસપોર્ટ હેલ્પલાઈન નંબરો ન ઉઠાવતા છોટાઉદેપુરની જનતા પરેશાન

(સંવાદદાતા દ્વારા)

પાવીજેતપુર, તા.૧

પાસપોર્ટ અંગે પૂછપરછ માટે અમદાવાદના હેલ્પ લાઈન નંબરો ન ઉચકતા છોટાઉદેપુર જિલ્લાની પ્રજા પરેશાન થઈ જવા પામી છે.

છોટાઉદેપુર જિલ્લાના પાવીજેતપુરમાં પતિ પત્નીના રીન્યુ પાસપોર્ટ માટેની કામગીરી કરવામાં આવી હોય, પત્નીનો પાસપોર્ટ આવી ગયો જ્યારે પતિનો પાસપોર્ટ એક માસનો સમય વીતી ગયો હોવા છતાં આવ્યો નથી. પાસપોર્ટકેમ હજુ આવ્યો નથી તે અંગે ઓનલાઈન ફોન કરી તપાસ કરતા તમારો પાસપોર્ટ અમદાવાદ ઓફિસમાં છે અમદાવાદ હેલ્પલાઈન નંબર આપે છે જે બે નંબર ૦૭૯૨૬૩૦૯૧૦૩, ૦૭૯૨૬૩૦૯૦૩ જેની ઉપર સવારે ૧૦થી બપોરના ૩ વાગ્યા સુધી સોમથી શુક્ર વાત કરી શકાશે તેમ જણાવવામાં આવેછે. પરંતુ કોઈપણ સમયમાં આ ફોનો ઉઠાવવામાં આવતા જ નથી. જેનાથી જનતા પરેશાન થઈ જવા પામી છે. વર્તમાન સરકારે પોતાની દરેક વસ્તુનું અપડેટ ઓનલાઈન જનતાને મળી જાય અને જનતાને કોઈ તકલીફ ન પડે તે માટે વિવિધ આયોજનો કર્યા છે. ત્યારે પાસપોર્ટ જેવી મહત્ત્વની વસ્તુનું અપડેટ મળતું જ નથી.

અમદાવાદ પાસપોર્ટ હેલ્પલાઈન નંબરનો કોન્ટેક જ થતો નથી. જેથી કોઈ અપડેટ મળતી નથી. તો શું પાસપોર્ટની અપડેટ જાણવા માટે પાવીજેતપુરથી જે તે વ્યક્તિને અમદાવાદ જવું પડશે ? તંત્ર આ અંગે યુદ્ધના ધોરણે ઘટતું કરે તેમ જ અમદાવાદ પાસપોર્ટ હેલ્પલાઈન નંબર ઉચકાતો થાય અને લોકોને પાસપોર્ટ અંગેની અપડેટ મળે તેમ છોટાઉદેપુર જિલ્લાની જનતા ઈચ્છી રહી છે.

જૂનાગઢની સિવિલ હોસ્પિટલમાં નર્સિંગ સ્ટાફ પર હુમલાની ફરિયાદ

જૂનાગઢ, તા.૧

જૂનાગઢની સિવિલ હોસ્પિટલમાં એક દર્દી અને તેની માતાએ ફરજ ઉપરના નર્સિંગ સ્ટાફ ઉપર હુમલો કરી અને મારામારીનો બનાવ પોલીસ દફ્તરે નોંધાયો છે.

આ બનાવ અંગે એ ડિવિઝન પોલીસે આપેલી વિગત અનુસાર, જૂનાગઢનાં અમન પાર્ક-૨માં રહેતા અને સિવિલ હોસ્પિટલમાં નર્સિંગ સ્ટાફમાં બ્રધર તરીકે નોકરી કરતા રાહિલ રીઝવાનભાઈ નાગોરી (ઉ.વ.૨૨) પોતાની ફરજ ઉપર હતા ત્યારે આઈસીયુ વોર્ડ નં.૩૦૧માં દાખલ થયેલ અફઝલ કારાભાઈ સીડા સાથે ચાદર પ્રશ્ને બોલાચાલીમાં નર્સિંગ સ્ટાફને માર મારવામાં આવ્યો હતો. રાહિલભાઈ રીઝવાનભાઈએ પોલીસમાં અફઝલ કારાભાઈ સીડા તથા અફઝલની માતા વિરૂદ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, ચાદર આપવા બાબતે ફરિયાદી તથા સાહેદ સાથે ઝઘડો કરી અને ફરિયાદીને ઢીકાપાટુનો માર મારી, કાતર વડે જમણા હાથની આંગળીમાં તથા નાક ઉપર મારી અને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઈ છે. જોકે, સિવિલ હોસ્પિટલમાં બનેલા આ બનાવને પગલે સ્ટાફની સુરક્ષાને લઈને નર્સિંગ સ્ટાફે વીજળીક હડતાળ કરી હતી. દરમિયાન આ બનાવનાં અનુસંધાને ડીવાયએસપી પ્રદીપસિંહ જાડેજા બનાવનાં સ્થળે દોડી ગયા હતી તેમજ સિવિલ સુપ્રિન્ટેન્ડેન્ટ નૈનાબેન લુકુમે આવી સમજાવટથી મામલો થાળે પડ્યો હતો. પરિણામે નર્સિંગ સ્ટાફ ફરજ ઉપર લાગી ગયેલ હતો.

જંબુસરના ઉમરા ગામ નજીક ફોર્ચ્યુનરની અડફેટે બાઈકચાલકનું મોત

જંબુસર, તા.૧

જંબુસર તાલુકાના ઉમરા ગામ પાસે રાત્રિના સમયે એક ફોર્ચ્યુનર ગાડીચાલકે મોટરસાયકલ સવારને અડફેટમાં લેતા ગંભીર ઈજાઓના કારણે મોટરસાયકલ સવારનું કરૂણ મોત નિપજ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, જંબુસર તાલુકાના નોબાર ગામના કમલેશ રમેશ વસાવા અને રોનક મહેશ સિંધા પોતાની મોટરસાયકલ લઈને જઈ રહ્યા હતા ત્યારે સામેથી આવતી ફોર્ચ્યુનર ગાડીના ડ્રાઈવરે ઉમરા ગામ નજીક ગફલતભરી રીતે અને બેફિકરાઈથી હંકારી લાવી મોટર સાયકલ સાથે અથાડતાં મોટરસાયકલ સવાર કમલેશભાઈ રમેશભાઈ વસાવા (ઉ.વ.૩૦)ને માથાના તેમજ મોઢાના ભાગે ગંભીર ઈજાઓના કારણે તેનું કરૂણ મોત થયું હતું. જયારે રોનક મહેશ સિંધાને ઈજાઓ થતાં તેને સારવાર અર્થે દવાખાનામાં લઈ જવામાં આવ્યો હતો. જંબુસર પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

સુરેન્દ્રનગર શહેરના વોર્ડ નં.૩માં આવેલ

સોસાયટીમાં ભૂગર્ભ ગટરના પાણી ભરાતાં લોકોને પારાવાર મુશ્કેલી : મતદાન બહિષ્કારની ચીમકી

પાલિકા પ્રમુખ તથા ચીફ ઓફિસરને રજૂઆત કરવા છતાં સમસ્યાનું કોઈ નિરાકરણ આવતું નથી : સ્થાનિકોમાં રોષ

વઢવાણ, તા.૧

સુરેન્દ્રનગર દુધરેજ વઢવાણ સંયુક્ત નગરપાલિકા દ્વારા એક તરફ શહેરી વિસ્તારમાં કરોડો રૂપિયાના વિકાસના કામો કરવામાં આવી રહ્યા છે પરંતુ આ કામોથી લોકો અસંતુષ્ટ હોય તેવું સ્પષ્ટપણે લાગી રહ્યું છે સુરેન્દ્રનગર શહેરના વોર્ડ નંબર ત્રણ વિસ્તારમાં આવેલી નૂરે મોહમ્મદી સોસાયટી સહિતની જે સોસાયટીઓ છે ત્યાં ભૂગર્ભ ગટરોના પાણી ઘરમાં ભરાતા હોય અને કોમન પ્લોટમાં ભરાતા હોવાના કારણે સ્થાનિક લોકો દ્વારા વારંવાર પાલિકાના પ્રમુખ અને ચીફ ઓફિસરને રજૂઆત કરવામાં આવી છે તે છતાં પણ પરિસ્થિતિ ખરાબ બનતી જઈ રહી હોય અને લોકોના ઘરમાં ભૂગર્ભ ગટરોના પાણી ભરાયા

હોવાના કારણે આ સોસાયટીમાં રોગચાળો પણ ફાટી નીકળ્યો છે. લોકોને જાહેર રોડ રસ્તાઓ ઉપરથી પણ પસાર થવું મુશ્કેલ બની રહ્યું છે ઉલ્લેખનીય છે કે પદ કરોડ રૂપિયાના ખર્ચે પાલિકા દ્વારા શહેરી વિસ્તારમાં ભૂગર્ભ ગટરના કામ કરવામાં આવ્યા છે પરંતુ સ્થાનિક લોકોને ભૂગર્ભ ગટરના મામલે સમસ્યા નડી રહી છે તેવા સંજોગોમાં શહેરની વોર્ડ નંબર-૩માં આવેલી સોસાયટીઓના સ્થાનિક રહીશો દ્વારા જો પાલિકા તંત્ર વિધાનસભાની ચૂંટણી સુધીમાં આ સોસાયટીમાં સુવિધા ઉપલબ્ધ નહીં કરે તો મતદાન બહિષ્કાર અંગેની ચિમકી ઉચ્ચારવામાં આવી છે અને સુવિધા આપ્યા બાદ જ વોટ માંગવા સોસાયટીમાં આવું તેવું સ્થાનિક મહિલાઓ દ્વારા જણાવવામાં આવ્યું છે.

આંકલાવ પોલીસે નકલી વિદેશી દારૂ બનાવતી મીની ફેક્ટરી ઝડપી પાડી

ભેટાસીમાંથી નકલી વિદેશી દારૂ બનાવતી ફેક્ટરી ઝડપાઈ : વિવિધ બ્રાન્ડનો નકલી દારૂ બનતો હતો

દારૂ બનાવવા માટેનું કાચું મટિરિયલ્સ રાજસ્થાનના ડુંગરપુરનો મુખ્ય સુત્રધાર અમૃતલાલ જૈન મોકલતો હતો : રોજનો ૪૦ પેટી બનાવટી દારૂ તૈયાર થતો હતો

(સંવાદદાતા દ્વારા)

આણંદ, તા.૧

બરવાળામાં લઠ્ઠાકાંડના કારણે ૩૯ લોકોએ જીવ ગુમાવ્યાની ઘટના બાદ આણંદ જિલ્લાનાં આંકલાવ પોલીસે નકલી વિદેશી દારૂ બનાવતી મીની ફેકટરી ઝડપી પાડી છે, આ મીની ફેકટરીમાં, વિવિધ બ્રાન્ડનો ડુપ્લિકેટ દારૂ બનાવી પહોંચાડવામાં આવતો હતો. શરાબના શોખીનો સુધી આંકલાવ પોલીસે એક આરોપી સહિત બનાવટી દારૂ બનાવવાનો મુદ્દામાલ ઝપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.આણંદના આંકલાવ પોલીસ મથકનાં પીએસઆઈ એચ.એમ રાણાએ સ્ટાફ સાથે મળેલી બાતમીનાં આધારે ભેટાસી ગામમાં દરોડો પાડી વિદેશી દારૂ બનાવવાની મીની ફેકટરી ઝડપી પાડી છે.

(તસવીર :- બુરહાન પઠાણ, આણંદ)

પોલીસે બાતમી આધારે ભેટાસીમાં આવેલ માંડવા પુરા સીમના એક ખેતરમાં આવેલ કુવાની ઓરડીમાં જ્યારે રેડ કરી ત્યારે પોલીસ પણ ચોંકી ઊઠી હતી કારણ કે અહીં દેશી નહીં પરંતુ બનાવટી વિદેશી દારૂ બનાવવામાં આવી રહ્યો હતો. પોલીસે સ્થળ ઉપરથી ભેટાસીના સુરેશ ઉર્ફે ચકો ભાઈલભાઈ માળીને ઝડપી લીધો હતો. સ્થળ ઉપરથી પોલીસે વિદેશી દારૂ બનાવવાના સાધનો કેમિકલ અને વિવિધ બ્રાન્ડના લેબલો વાળી બોટલો પણ કબજે લીધી છે. પોલીસે નકલી દારૂ બનાવવાની મીની ફેક્ટરીમાંથી ૩૫ લીટરનાં એક એવા કેમિકલ ભરેલા ૧૨ કારબા જેની કિંમત ૨.૧૦ લાખ, પ્લાસ્ટિકના કારબામાંથી ૩૫ લીટર દારૂ જેવું પ્રવાહી, ખાલી પીપ, ૨૫ નંગ દારૂની બોટલો, એલ્યુમિનિયમની ચીમની, બોટલ સીલ કરવાનું મશીન, આલ્કોહોલ માપવાનું મશીન, ૩૭૦ રૂપિયા રોકડા મળી કુલ ૨,૫૯,૫૭૬નો મુદ્દામાલ કબજે કરી આ બનાવ અંગે આંકલાવ પોલીસ મથકે દારૂબંધી ધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી. મહત્વની વાત એ છે કે, આ આખું નેટવર્ક છેલ્લા કેટલાક સમયથી ચાલતું હતું. બનાવટી દારૂ બનાવવા માટેનું કાચું મટિરિયલ રાજસ્થારથી આવતું હતું. રાજસ્થાનનાં ડુંગરપુરનો મુખ્ય સુત્રધાર અમૃતલાલ હેમચંદજી જૈન રાજસ્થાનથી રો મટિરિયલ્સ મોકલતો હતો અને અહીયાં મીની ફેક્ટરીમાં નકલી દારૂ તૈયાર થાય એટલે રાત્રીના સુમારે આવીને લઈ જતો હતો, આ નકલી દારૂની પ્રોસેસ કરવા માટે પણ રાજસ્થાનથી માણસો આવતા હતા પ્રાથમિક પૂછપરછ દરમિયાન અહીં દૈનિક ૪૦ પેટી બનાવટી દારૂ તૈયાર થતો હતો અને ત્યારબાદ તે બુટલેગરો સુધી પહોંચાડવામાં આવતો હતો હાલ પોલીસે સુરેશ માળીની ધરપકડ કરી તેના રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી છે, રિમાન્ડ બાદ બનાવટી વિદેશી દારૂ માટે કેમિકલ એસેન્સ અને કાચું મટિરિયલ ક્યાં વેપારીઓ પાસેથી લાવવામાં આવતું હતું. તેની પણ તપાસ કરવામાં આવશે.

માજીદખાનની ઓડિટર તરીકે નિમણૂક કરાઈ

નડિયાદ ઓનેસ્ટ સિનિયર સિટિઝનની સામાન્ય સભા યોજાઈ

(તસવીર : આરીફ મલેક, નડિયાદ)

નડિયાદ, તા.૧

નડિયાદમાં આવેલ એ.એસ.અલાદ સ્કૂલ ખાતે જુમ્માસા દિવાનની અધ્યક્ષતામાં ઓનેસ્ટ સિનીયર સિટીઝન ફોરમની સામાન્ય સભા યોજાઈ હતી. આ પ્રસંગે ફેડરેશન ઓફ સિનિયર સિટીઝનના ખેડા જિલ્લાના પ્રમુખ રાજેન્દ્ર બ્રહ્મભટ્ટ, મહામંત્રી ભરત શાહ તથા નવિન બ્રહ્મભટ્ટે હાજર રહીને ક્લબની કામગીરીને બિરદાવી હતી ફોરમના પ્રમુખ હફીજોદીન કાદરીએ સ્વાગત પ્રવચન દ્વારા સૌને આવકાર આપ્યો હતો. સંસ્થાના નવા વર્ષના ઓડિટર તરીકે નિવૃત્ત પીએસઆઈ માજીદખાન પઠાણની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી ફેડરેશનના પ્રોગ્રામ ચેરમેન ઈકબાલ મેમણ દ્વારા સભ્યોના આનંદ મનોરંજન માટે રમતગમત સ્પર્ધા રમાડવામાં આવી હતી અને વિજેતાઓને સન્માન પત્ર એનાયત કરીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા ફોરમના સૌ સભ્યોને સ્મૃતિ ભેટ આપવામાં આવી હતી યુનિટી સિનિયર સિટીઝન ક્લબના પ્રમુખ રફીકભાઈ ડફાલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા આભાર વિધિ મુસ્તાકઅલી સૈયદે કરી હતી.

ગુજરાતમાં એશિયાટિક સિંહની સંખ્યા ૧૨૦૦ થઈ !

જૂનાગઢ, તા.૧

ગીર, ગિરનાર, મીતિયાણા અને પાણિયા અભયારણ્યમાં સિંહોની વસ્તી આવેલી છે. ગુજરાતમાં એશિયાટિક સિંહની સંખ્યામાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. મળેલી માહિતી અનુસાર અંદાજિત સિંહોની વસ્તી વધીને ૧૨૦૦ થઈ ગઈ છે. જોકે આ આંકડો સત્તાવાર નથી, વર્ષ ૨૦૨૨માં ૭૬૦ સત્તાવાર રીતે આંક છે. વિભાગનાં એક અધિકારીએ ઓફ ધ રેકોર્ડ આપેલી માહિતી અનુસાર સિંહનો બિનસત્તાવાર રીતે મળેલો આંકડો ૧૨૦૦ની આસપાસ છે અને હજુ પણ સિંહોની સંખ્યામાં વધારો થવાની શક્યતા જોવાઈ રહી છે.

ગોપીપુરાની મિલકત તબદિલ કરવાના કલેક્ટરના હુકમ સામે રહીશો દ્વારા કલે.ને આવેદન

(સંવાદદાતા દ્વારા)

સુરત તા.૧

સુરત શહેરના મોટા ભાગના વિસ્તારોમાં અશાંતધારો લાગુ કરવામાં આવ્યો છે. છેલ્લાં ઘણાં સમયથી ગોપીપુરામાં મિલકતોમાં અશાંત ધારાને લઈને અનેક ફરિયાદો કલેક્ટર કચેરી ખાતે કરવામાં આવી છે. અશાંત ધારા અંતર્ગત વિવિધ વાંધા સૂચનો અવગણીને સુરત નાયબ કલેક્ટર દ્વારા મિલકત તબદિલી કરાવવાના હુકમ કરાતા જ સ્થાનિક રહીશોમાં રોષ ફાટી નીકળ્યો છે. જેને લઈને ગોપીપુરા, ક્ષેત્ર સંવર્ધક સમિતિ દ્વારા કલેક્ટરને આવેદનપત્ર આપી યોગ્ય ન્યાયની માંગણી કરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ગોપીપુરા, ક્ષેત્ર સંવર્ધક સમિતિ દ્વારા કલેક્ટર કચેરી ખાતે સ્થાનિક રહીશો સાથે મોરચો માંડ્યો હતો. સ્થાનિક રહીશોએ અશાંતધારાને લઈને સૂત્રોચ્ચારો કરી કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હરતું. જેમાં જણાવવામાં આવ્યું હતું કે, નાયબ કલેક્ટર અને સબ ડી.મેજિસ્ટ્રેટ સિટી પ્રાંત દ્વારા તા. ૨૫મી જુલાઈ ૨૦૨૨ના રોજ સીટીએસ અશાંતધારા, વાંધા અરજી સહિતનાં કેસોમાં સંયુક્તપણે હુકમ કરી મિલકત તબદિલીને મંજૂરી આપી હતી. જેને લઈને ગોપીપુરા વિસ્તારમાં વસતા રહીશોમાં રોષ ફાટી નીકળ્યો હતો. ત્યારબાદ તમામ રહીશોએ કલેક્ટરને યોગ્ય ન્યાયની માંગણી કરી નાયબ કલેક્ટરે કરેલા મિલકત તબદિલીની મંજૂરીને રદ કરવામાં આવે તેવી રજુઆત કરી હોવાનું જાણવા મળે છે.

જૂનાગઢના યુવાનનું ડેમમાં ડૂબી જવાથી મોત

જૂનાગઢ, તા.૧

જૂનાગઢના માહીરખાન પઠાણ (ઉ.વ.૨૩) નામનો યુવાન વિલિંગ્ડન ડેમમાં કોઈપણ કારણસર પાણીમાં ડૂબી જતા તેને સરકારી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયેલ જ્યાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ થયું હોવાનું જાણવા મળે છે. આ બનાવ અંગે એ ડિવિઝન પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

નવેમ્બરના ત્રીજા સપ્તાહમાં ગુજરાત વિધાનસભાની ચૂંટણી યોજાય તેવી શકયતા

રાજ્ય ચૂંટણી પંચે મતદાર યાદીની ચકાસણી અને નવા મતદારોની નોંધણીનું કામ શરૂ કરી દીધું છે

કોંગ્રેસ હજુ સુસ્ત દેખાઈ રહી છે, પરંતુ આમ આદમી પાર્ટીએ ભાજપને ટક્કર આપવા કમર કસી લીધી છે

અમદાવાદ, તા.૧

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીઓને લઈને ભાજપ અને આમ આદમી પાર્ટીએ તો ક્યારની તૈયારીઓ શરૂ કરી દીધી છે. કોંગ્રેસ હજુ આંતરિક ઝઘડાઓ ઉકેલવામાં પડી છે. ત્યારે હવે સૂત્રો પાસેથી જાણવા મળી રહ્યું છે કે, રાજ્યમાં નવેમ્બરના ત્રીજા સપ્તાહમાં વિધાનસભાની ચૂંટણી યોજાય તેવી શક્યતા છે. તેના માટે રાજ્યના ચૂંટણી પંચે તૈયારીઓ પણ શરૂ કરી દીધી હોવાનું કહેવાઈ રહ્યું છે. એક ઉચ્ચ અધિકારીએ અમદાવાદ મિરરને જણાવ્યું હતું કે, ઓક્ટોબરમાં દિવાળી પછી તરત જ આ જાહેરાત થવાની શક્યતા છે. આ પહેલા ડિસેમ્બરના પ્રથમ સપ્તાહમાં ચૂંટણી યોજાવાની વાત હતી. પરંતુ હવે તે વહેલી યોજાશે તેવી શક્યતા વ્યક્ત કરાઈ રહી છે.

રાજ્યના ચૂંટણી પંચે મતદાર યાદીની ચકાસણી અને નવા મતદારોની નોંધણીનું કામ શરૂ કરી દીધું છે. આ ઉપરાંત કર્મચારીઓ માટે મતદાન પ્રક્રિયાઓ અને તેને સંબંધિત કામો માટે શિબિરો અને સેમિનારોનું ચૂંટણી પંચે આયોજન પણ કરી રહ્યું છે. જો વહેલી ચૂંટણી યોજાશે તો વર્તમાન સરકાર પાસે માત્ર ત્રણ મહિના જેટલો સમય બચશે. રેવન્યુ રેકોર્ડ મુજબ ચોમાસાની ઋતુ ૧૫ સપ્ટેમ્બર સુધી હોવાથી સરકાર કોઈ મોટા પ્રોજેક્ટ હાથ ધરી શકશે નહીં. રાજ્યમાં નેતૃત્વ પરિવર્તન પછી આવેલી ભૂપેન્દ્ર પટેલની સરકારને માંડ એક વર્ષનો સમય મળ્યો છે. ત્યારે ભાજપના મોવડીમંડળનો નેતૃત્વ પરિવર્તનનો નિર્ણય યોગ્ય હતો કે નહીં તે પણ આ ચૂંટણીના પરિણામોથી સ્પષ્ટ થઈ જશે. આમ આદમી પાર્ટી રાજ્યમાં પોતાની હાજરી નોંધાવવા ઘણું જોર લગાવી રહી છે. ત્યારે ભાજપ માટે આ ચૂંટણી માત્ર જીતવાનું જ નહીં, પરંતુ સારી બેઠકો પર વિજય સાથે જીતવું ઘણું મહત્વનું છે. જેથી ભાજપ ગુજરાત તેનો ગઢ છે તે સાબિત કરી શકે. ભાજપ માટે આ ચૂંટણી કેટલી નિર્ણાયક છે, તે એ વાત પરથી સ્પષ્ટ થાય છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી દર મહિને રાજ્યની મુલાકાત લઈ રહ્યા છે. છેલ્લા ત્રણ મહિનામાં મોદી છથી વધુ વખત ગુજરાતની મુલાકાતે આવ્યા છે, જેથી રાજ્ય ચૂંટણી મોડમાં આવી ગયું છે. પીએમ મોદીએ રાજ્યમાં કરોડો રૂપિયાના પ્રોજેક્ટ્સ લોન્ચ કર્યા છે. જેમાં ગાંધીનગરની ગિફ્ટ સિટીમાં શરૂ કરાયેલા સૌથી મહત્વાકાંક્ષી ઈન્ડિયા ઈન્ટરનેશનલ બુલિયન એક્સચેન્જનો સમાવેશ થાય છે. તે મણે એનએસઈ આઈએફએસસી-એસજીએક્સ કનેક્ટ પણ લોન્ચ કર્યું છે. મુખ્યમંત્રીએ પણ શહેરી વિસ્તારોને ધ્યાનમાં રાખી ઘણી યોજનાઓનો શિલાન્યાસ કર્યો છે. ભાજપ દ્વારા પાર્ટીના કાર્યક્રમો જિલ્લા સ્તરે શરૂ થઈ રહ્યા છે અને ધારાસભ્યોને તેમના મતવિસ્તાર પર ધ્યાન કેન્દ્રીત કરવા કહેવાયું છે. જોકે, હાલના ઘણા ધારાસભ્યોનું પત્તું કપાય તેવી શકયતા વ્યક્ત કરાઈ રહી છે. બીજી તરફ કોંગ્રેસે તેના સ્થાનિક નેતાઓને ખભે ચૂંટણી જીતાડવાની જવાબદારી નાખી છે. ઉપરાંત ૨૦૧૭માં કોંગ્રેસને ૨૫ વર્ષના સૌથી વધુ બેઠકો સુધી પહોંચાડવામાં મહત્વની ભૂમિકા ભજવનાર રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતને ફરી ગુજરાતની જવાબદારી સોંપી છે. તો, આમ આદમી પાર્ટીના કન્વીનર અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે પણ ગુજરાત પર ફોકસ વધારી દીધું છે અને ગુજરાતની મુલાકાતો વધારી દીધી.

૧૦ ઓપરેશને આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ નેટવર્કનો પર્દાફાશ કર્યો

ગુજરાત ATSએ ૬ મહિનાની અંદર ડ્રગ્સ તસ્કરીના ૪૨૨ કેસ નોંધ્યા

અમદાવાદ, તા.૧

ગુજરાત પોલીસના ૧૦ ઓપરેશને આંતરરાષ્ટ્રીય ડ્રગ્સના નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. યુવાધનને બરબાદ કરતા ડ્રગ્સના આંતરરાષ્ટ્રીય નેટવર્કને નિષ્ફળ બનાવવા તોડી પાડ્યુ છે જે અંતર્ગત ૬ મહિનાની અંદર એનડીપીએસના ૪૨૨ કેસ નોંધાયા છે. ૬૬૭ ડ્રગ્સ માફિયા તો જેલમા કેદ છે તેમજ ૨૫ હજાર ૬૯૯ કિલો ડ્રગ્સનો જથ્થો પોલીસે કબજે કર્યો છે.

ગુજરાત પોલીસે ૩૦ પાકિસ્તાની, બે અફઘાનિસ્તાની, ૧૭ ઈરાની, ૧ નાઈજિરિયન ડ્રગ્સ માફિયાની ધરપકડ કરી

ગુજરાત પોલીસ એલર્ટ છે. ગુજરાત પોલીસે ડ્રગ્સ માફિયાઓ સુધી પહોંચવા માટે કડક કાર્યવાહી કરી છે. ડ્રગ્સ નેટવર્કના આંતરરાષ્ટ્રીય સ્તરે ફેલાયેલા નેટવર્કને ભેદવા ગુજરાત પોલીસ સક્રિય રહે છે. ઈન્ટરનેશનલ ડ્રગ્સ રેકેટનો ખાતમો બોલાવવામાં ગુજરાત એટીએસને મોટી સફળતા મળી છે. ડ્રગ્સ માફિયા ભારતીય સરહદમાં ડ્રગ્સ ઘૂસાડ્યા પહેલા જ સમુદ્રમાં રંગેહાથ ઝડપાઈ રહ્યા છે. ગુજરાતના સમુદ્ર વિસ્તારમાં એટીએસનું સર્વેલન્સ ખૂબ જ કડક કરી દેવાયુ છે. ગુજરાત પોલીસની કાર્યવાહીથી આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ માફિયાઓમાં ડર વધ્યો છે. ગુજરાત એટીએસએ આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ નેટવર્કને ડ્રગ્સ માફિયાઓના કોલ રેકોર્ડિંગ પણ મળી આવ્યા છે. મહત્વની વાત એ છેકે ગુજરાત પોલીસનો ડર પાકિસ્તાનમાં વધી ગયો છે. ગુજરાત પોલીસે આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ માફિયાઓની ધરપકડ કરી છે. જેમાં ૩૦ પાકિસ્તાની, ૧૭ ઈરાની, ૨ અફઘાનિસ્તાની, ૧ નાઈજિરિયન ડ્રગ્સ માફિયા સામેલ છે.

અમદાવાદની ૫૯૮ સ્કૂલોના ૩૦ હજાર વિદ્યાર્થીઓના ડાયસ અપડેશન બાકી

અમદાવાદ શહેર ડીઈઓએ સ્કૂલોને પત્ર લખી ૩ દિવસમાં કામગીરી પૂર્ણ કરવા આદેશ આપ્યો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧

અમદાવાદ શહેરમાં આવેલી ૫૯૮ સ્કૂલના ૩૦ હજાર જેટલા વિદ્યાર્થીઓની આધાર ડાયસ અપડેશનની કામગીરી બાકી હોવાનું સામે આવ્યું છે. આ વિદ્યાર્થીઓના અપડેશનની કામગીરી હજુ પુર્ણ કરવામાં આવી ન હોવાથી અમદાવાદ શહેર ડીઈઓ દ્વારા તમામ સ્કૂલોને પત્ર લખી આગામી ૩ દિવસમાં અપડેશનની કામગીરી પુર્ણ કરવા માટે આદેશ કર્યો છે. જો, સ્કૂલો નિયત સમયમર્યાદામાં કામગીરી પુર્ણ નહીં કરે તો તેમની સામે નિયમાનુસારની કાર્યવાહી કરવામાં આવશે.

પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્યની સ્કૂલોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની આધાર ડાયસ અપડેશનની કામગીરી નિયમિત કરવાની હોય છે. જો કે, વિભાગ દ્વારા અનેક સુચનાઓ આપવામાં આવતી હોવા છતાં અનેક સ્કૂલો દ્વારા નિયમિત રીતે આ કામગીરી કરવામાં આવતી નથી. જેના કારણે અનેક સ્કૂલોના વિદ્યાર્થીઓની આધાર અપડેશનની કામગીરી હજુ પણ બાકી હોવાનું સામે આવ્યું છે. આ અંગે અધિકારીઓ દ્વારા વારંવાર સુચનાઓ આપવામાં આવતી હોવા છતાં સ્કૂલોની કામગીરી બાકી છે.

અમદાવાદ શહેરમાં પણ અનેક સ્કૂલો દ્વારા હજુ પણ કેટલાક વિદ્યાર્થીઓની આધાર ડાયસ અપડેશનની કામગીરી પુર્ણ કરી ન હોવાનું જાણવા મળે છે. જેના પગલે અમદાવાદ શહેર ડીઈઓ દ્વારા આ તમામ સ્કૂલોને પત્ર લખી આધાર ડાયસ અપડેશનની કામગીરી પુર્ણ કરવા માટે તાકીદ કરી છે. ડીઈઓ દ્વારા સ્કૂલોને આગામી ૩ દિવસમાં આધાર અપડેશનની કામગીરી પુર્ણ કરવા માટે તાકીદ કરી છે. જો સ્કૂલો નિયત સમય મર્યાદામાં કામગીરી પુર્ણ નહીં કરે તો તેમની સામે નિયમાનુસાર કાર્યવાહી કરવામા આવશે તેવી ચિમકી પણ ઉચ્ચારવામાં આવી છે. અમદાવાદ શહેરમાં આવેલી ૫૯૮ જેટલી સ્કૂલોના અંદાજે ૩૦ હજાર જેટલા વિદ્યાર્થીઓની આધાર અપડેશનની કામગીરી બાકી હોવાનું સામે આવ્યું છે. જેથી સ્કૂલોએ આગામી ૩ દિવસમાં આ કામગીરી પુર્ણ કરવાની રહેશે. ઘણી સ્કૂલોમાં તો ૨ હજાર કરતા પણ વધુ વિદ્યાર્થીઓના આધાર અપડેશનની કામગીરી બાકી હોવાનું જાણવા મળે છે. જ્યારે અમુક સ્કૂલોમાં માત્ર ૧ જ વિદ્યાર્થીની આધાર અપડેશનની કામગીરી બાકી હોવાનું સામે આવ્યું છે. આમ, સ્કૂલો આગામી ૩ દિવસમાં આ કામગીરી પુર્ણ કરી ડીઈઓને તે અંગે વિગતો મોકલી આપશે. DAV ઈન્ટરનેશનલ સ્કૂલના ૨૧૨૬ જેટલા વિદ્યાર્થીઓની આધાર અપડેશનની કામગીરી બાકી હોવાનું જાણવા મળે છે. જ્યારે આર.પી. વસાણી ઈન્ટરનેશનલ સ્કૂલના ૧૨૨૦ વિદ્યાર્થીઓ, સેન્ટ મેરી સ્કૂલના ૧૨૯૮ વિદ્યાર્થીઓ, ઝેબર સ્કૂલ ફોર ચિલ્ડ્રનના ૧૭૯૫ વિદ્યાર્થી, કેન્દ્રીય વિદ્યાલય શાહીબાગના ૧૫૯૩ વિદ્યાર્થીઓ, સેન્ટ મેરી હાયર સેકન્ડરી સ્કૂલના ૧૮૨૭ વિદ્યાર્થીઓ, સેન્ટ ઝેવિયર્સ ઈન્ગ્લિશ મિડીયમ સ્કૂલના ૧૫૯૦ વિદ્યાર્થીઓ, ડિવાઈન લાઈફ સ્કૂલના ૧૪૧૩ વિદ્યાર્થીઓ, સેવન્થ ડે એડવેન્ટીસ સ્કૂલના ૧૯૦૯ વિદ્યાર્થીઓ, નેલ્શન પ્રિ સ્કૂલના ૧૦૩૦ વિદ્યાર્થીઓ, પ્રગતિ પ્રિ સ્કૂલના ૧૧૬૮ વિદ્યાર્થીઓ, દિવાન બલ્લુભાઈ સ્કૂલના ૧૩૦૯ વિદ્યાર્થીઓ અને વેદાંત ઈન્ટરનેશનલ સ્કૂલના ૧૫૬૬ વિદ્યાર્થીઓના આધાર અપડેશનની કામગીરી બાકી છે.

અમદાવાદ સોલા સિવિલ હોસ્પિટલમાં સ્વાઈન ફ્લૂથી એક દર્દીનું મોત

અમદાવાદ, તા.૧

છેલ્લા કેટલાક દિવસોથી રાજ્યમાં કોરોનાના કેસોની સંખ્યામાં વધારો થયો છે. જેને લઈને આરોગ્ય તંત્ર ફરી દોડતું થયું હતું. પરંતુ હવે અમદાવાદ શહેરમાં સ્વાઈન ફ્લૂના સંક્રમણમાં પણ ધીમે ધીમે વધારો થઈ રહ્યો છે. ગઈકાલે રાત્રે સોલા સિવિલ હોસ્પીટલમાં એક દર્દી દાખલ કરવામાં આવ્યો હતો જેનો સ્વાઈન ફ્લુ રીપોર્ટ પોઝીટીવ આવ્યો હતો. જે બાદ સારવાર દરમિયાન દર્દીનું મોત થયું હતું. મળતી માહિતી મુજબ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ગઈકાલે મોડી રાત્રે સરખેજના એક દર્દીને ગંભીર બીમાર હાલતમાં દાખલ કરવામાં આવ્યો હતો, જે બાદ ડોક્ટરોએ દર્દીઓની શારીરિક તપાસ કરતા દર્દીનો સ્વાઈન ફ્લૂનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો હતો. આથી તબીબોએ દર્દીને સ્વાઈન ફ્લુ વોર્ડમાં શિફ્ટ કર્યો હતો જ્યાં દર્દીનું સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું.

ખાદી અને ગ્રામોદ્યોગ, આયોગ, ભારત સરકાર-ગુજરાત રાજ્ય સરકાર ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ, ગુજરાત સરકાર દ્વારા ૭૫૦૦ ચરખા કાંતવાનો કાર્યક્રમ આયોજિત કરાયો છે. આગામી સાત ઓગસ્ટના રોજ સવારે દસ વાગ્યે સાબરમતી રિવરફ્રન્ટ, વલ્લભસદનની પાછળ, અમદાવાદ ખાતે આ કાર્યક્રમનું આયોજન કરાયું છે.

રાજ્યમાં હાલ ૬,૪૧૩ એક્ટિવ કેસ

રાજ્યમાં કોરોનાના કેસ ઘટ્યા નવા ૬૦૬ દર્દી નોંધાયા : એક મોત

અમદાવાદ કોર્પોરેશનમાં સૌથી વધુ ૧૭૨ કેસ સામે આવ્યા : કોરોનાનો રિકવરી રેટ ઘટીને ૯૮.૬૨ ટકા થયો

ગાંધીનગર, તા.૧

રાજ્યમાં દરરોજ કોરોના કેસમાં વધઘટ જોવા મળી રહી છે. હાલ પણ રાજ્યમાં કોરોનાના કેસ ૬૦૦ થી વધુ આવી રહ્યા છે. સાવચેતી નહીં રાખો તો હજુ આ આંકડો વધી પણ શકે છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૬૦૬ કેસ નોંધાયા છે. જ્યારે કોરોના સંક્રમણથી ૭૨૯ દર્દીઓ સાજા થયા છે. ત્યારે રાજ્યમાં કોરોનાથી આજે એક દર્દીનું મોત થયું છે. આ સાથે કોરોનાનો રિકવરી રેટ ઘટીને ૯૮.૬૨ ટકા થઈ ગયો છે. રાજ્યમાં હાલ કુલ દર્દીઓની વિગતો જોઈએ તો રાજ્યમાં હાલ ૬,૪૧૩ એક્ટિવ કેસ છે. જેમાંથી ૧૩ દર્દી વેન્ટિલેટર પર છે. જ્યારે ૬,૪૦૦ દર્દીઓ સ્ટેબલ છે. રાજ્યમાં કોરોનાને અત્યાર સુધીમાં કુલ ૧૨,૩૮,૩૯૩ દર્દીઓ મ્હાત આપી ચુક્યા છે. જ્યારે રાજ્યમાં કોરોના વાયરસને કારણે કુલ ૧૦,૯૭૧ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. જોકે, જિલ્લા અને કોર્પોરેશન મુજબ કોરોના કેસની વાત કરવામાં આવે તો અમદાવાદ કોર્પોરેશનમાં સૌથી વધુ ૧૭૨ કેસ સામે આવ્યા છે. મહેસાણામાં ૭૫, વડોદરામાં કોર્પોરેશનમાં ૪૮, સુરતમાં ૩૯, સુરત કોર્પોરેશનમાં ૩૮, ગાંધીનગરમાં ૨૭, વડોદરામાં ૨૫, રાજકોટ કોર્પોરેશનમાં ૧૯, કચ્છમાં ૧૬, ગાંધીનગર કોર્પોરેશનમાં ૧૩, મોરબીમાં ૧૩, વલસાડમાં ૧૨, ભાવનગર કોર્પોરેશનમાં ૧૧, પાટણમાં ૧૦, અરવલ્લીમાં ૮, સાબરકાંઠામાં ૮, સુરેન્દ્રનગરમાં ૮, તાપીમાં ૭, રાજકોટમાં ૬, અમરેલીમાં ૫, જામનગર કોર્પોરેશનમાં ૫, નવસારીમાં ૫, અમદાવાદમાં ૪, આણંદમાં ૪, ભરૂચમાં ૪, ગીર સોમનાથમાં ૪, મહીસાગરમાં ૪, પોરબંદરમાં ૪, બનાસકાંઠામાં ૩, ખેડામાં ૩, જામનગરમાં ૨, પંચમહાલમાં ૨, ભાવનગરમાં ૧ અને દેવભૂમિ દ્વારકામાં ૧ કેસ નોંધાયો છે.

દારૂબંધીમાં નિષ્ફળ ભાજપ સરકાર વિરૂદ્ધ આજે સુભાષબ્રિજ ખાતે દેખાવો કરાશે : કોંગ્રેસ

અમદાવાદ, તા.૧

કોંગ્રેસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં બનેલ કેમીકલકાંડ - બોટાદના લઠ્ઠાકાંડે ભાજપ સરકાર - ગૃહ વિભાગની દારૂ બંધીની પોલ ખોલી નાખી છે. બેશરમ ભાજપ સરકાર શરાબકાંડ - લઠ્ઠાકાંડને કેમીકલકાંડ બતાવીને તેના કારનામા - કરતુતો ઉપર પડદો નાંખવાનો પ્રયાસ કરી રહી છે. બોટાદમાં બનેલી લઠ્ઠાકાંડની ઘટના માનવસર્જીત ઘટના છે અને ભાજપ સરકાર જવાબદાર છે. ગુજરાતમાં બનેલ કેમીકલકાંડ - બોટાદના લઠ્ઠાકાંડે ને કારણે ૭૦થી વધુ ગુજરાતના નાગરિકોએ જીવ ગુમાવવો પડ્યો છે ત્યારે દારૂબંધીમાં સદંતર નિષ્ફળ ભાજપ સરકાર વિરૂદ્ધ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના સંગઠન પ્રભારી ડો. રઘુ શર્મા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ જગદીશ ઠાકોર અને વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા સુખરામ રાઠવાની ઉપસ્થિતીમાં તા.૨-૮-૨૦૨૨ને મંગળવારના રોજ બપોરે ૧-૦૦ કલાકે કલેક્ટર કચેરી પાસે, બત્રીસી હોલ, સુભાષબ્રીજ, અમદાવાદ ખાતે ધરણા પ્રદર્શનના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. પ્રોહીબીશન - એક્સાઈઝ અધિકારીઓ અને સરકારના આર્શીવાદથી મિથેનોલ, સહિતના ઝેરી દ્રવ્યોનો ગેરકાયદેસર કરોડો રૂપિયાની હેરફેર-વેપલો ચાલી રહ્યો છે. ભાજપ સરકારમાં દારૂબંધી માત્ર કાગળ ઉપર છે તે ફરી સાબિત થયું છે. ભાજપના મળતિયાઓ, ભ્રષ્ટ અધિકારીઓની મીલીભગતને લીધે ૭૦થી વધુ ગુજરાતના નાગરિકો પોતાનો જીવ ગુમાવ્યો છે એમ કોંગ્રેસે જણાવ્યું હતું.

૧૫ વર્ષની કિશોરી સાથે ગેંગરેપ ગુજાર્યાની ફરિયાદ : વરાછામાં પાડોશમાં રહેતી મહિલાએ મિત્રતા કેળવી બે યુવકોના હવાલે કરી દીધી

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧

શહેરના વરાછા, કમલપાર્ક સોસાયટીમાં રહેતી ૧૫ વર્ષીય કિશોરી પર સામૂહિક બળાત્કાર ગુજારાયો હોવાની ફરિયાદને લઈ પોલીસ દોડતી થઈ છે. ભોગ બનનારી કિશોરીએ પોતાના વતન મધ્યપ્રદેશ ખાતે ફરિયાદ નોંધાવી હતી. ત્યાંની પોલીસે ઝીરો નંબરની ફરિયાદ નોંધી વરાછા પોલીસને ફરિયાદ ટ્રાન્સફર કરી હોવાનું જાણવા મળે છે. પોલીસ સુત્રો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર, શહેરના વરાછા વિસ્તારમાં આવેલી કમલપાર્ક સોસાયટીમાં ૧૫ વર્ષની કિશોરી પોતાના કાકા સાથે રહે છે. તેની પાડોશમાં રહેતી મીના રાજપૂત નામની મહિલા સાથે તેની ઓળખ થઈ હતી. મીના અવારનવાર કિશોરીના ઘરે આવતી હતી. ત્રણ મહિના પહેલા મીના એક યુવક સાથે કિશોરીના ઘરે આવી હતી. ત્યાં મીનાએ કિશોરીની ચામાં કેફી પીણું નાંખી તેને પીવડાવતા તે બેભાન થઈ ગઈ હતી. ત્યારબાદ મીના રાજપૂત સાથે આવેલા યુવકે તેની ઉપર બળાત્કાર ગુજાર્યો હતો. જેને લઈને મીના અને કિશોરી વચ્ચે ઝઘડો થયો હતો. બંને વચ્ચે બોલચાલના સબંધ બંધ થઈ ગયા હતાં. થોડા સમય પછી

કિશોરીએ પોતાના વતન મધ્યપ્રદેશ ખાતે જઈ મહિલા અને બે યુવકો સામે ફરિયાદ નોંધાવી

મીના રાજપૂતે વધુ એક વખત કિશોરીનો સંપર્ક કર્યો હતો. તેને બહાર ફરવા લઈ જવા માટે દબાણ કર્યું હતું, પરંતુ કિશોરીએ ના પાડતા મીના રાજપૂતે તેણીના પિતાને મારી નાંખવાની ધમકી આપતા તે ગભરાઈ ગઈ હતી. મીના સાથે અજાણ્યા સ્થળે તે ફરવા ચાલી ગઈ હતી. ત્યાં મીના રાજપૂત સાથે વિનોદ રાજપૂત અને મોનૂ રાજપૂત નામના બે યુવકો પણ આવ્યા હતાં. બંને જણાંએ કિશોરી પર પાશવી બળાત્કાર ગુજાર્યો હતો. મીનાએ ફરી વખત દગો આપી અન્ય યુવકો સાથે દુષ્કર્મ કરાવ્યું હોવાનું ભાન થયા બાદ કિશોરી પોતાના વતન એમ.પી. જતી રહી હતી. ત્યાં કિશોરીએ પરિવારને સમગ્ર હકીકત કહેતા તેમણે હિંમત આપી હતી. ત્યારબાદ કિશોરીએ એમ.પી.ના મુરૈના જિલ્લાના જોરાના મહિલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. જો કે, આ ઘટના સુરતના વરાછા પોલીસની હદમાં બની હોવાથી એમ.પી. પોલીસે ઝીરો નંબરથી ફરિયાદ નોંધી વરાછા પોલીસને ટ્રાન્સફર કરી હતી. પોલીસે ગુનો નોંધી ત્રણેય જણાંને પકડવાના ચક્રો ગતિમાન કર્યા છે. પોલીસની તપાસમાં જણાયું કે, મીના રાજપૂત વરાછાના કમલપાર્કમાં તેના પતિ સાથે ભાડાના રૂમમાં રહેતી હતી, જે ખાલી કરીને ભાગી છૂટી છે. પોલીસે બળાત્કારની સાથે એટ્રોસિટીની ફરિયાદ પણ દાખલ કરી છે. ભોગ બનનાર કિશોરીના પિતાનું ત્રણ મહિના પહેલા જ અવસાન થયું હોવાનું જાણવા મળે છે.

જમીઅત ઉલમા બાપુનગર વોર્ડ દ્વારા ફ્રી મેડિકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું

અમદાવાદ,તા.૧

તારીખ ૩૧-૭-૨૦૨૨ રવિવારના રોજ જમીઅત ઉલમા બાપુનગર વોર્ડ દ્વારા 'ખ્વાજા કિલનિક' ખાતે બાળકો માટે ફ્રી મેડિકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળરોગ નિષ્ણાત ડો.ઈરફાન હકીમજી અને ડો. રેહાન અન્સારીએ મેડિકલ સેવાઓ પૂરી પાડી ૨૦૩ જેટલા બાળકોની તપાસ કરી જરૂરી દવાઓ આપી હતી. જમીઅત દ્વારા સંચાલિત ખ્વાજા કિલનીકના જવાબદાર આરીફભાઈ પટેલ, અબ્દુલ લતીફભાઈ (બાપુનગર), મૌલાના ફિરોઝ, મૌલાના ઝાકીર, મૌલાના શમસેર, અબ્દુલ વાહિદભાઈ, અકરમભાઈ, ઈરફાનભાઈ દિવાન, અબ્દુલ લતીફભાઈ (લોડિંગવાલે), ઈકબાલભાઈ (લોડિંગવાલે), હા. સલમાન મન્સુરી, ઉસ્માન ગની ભોલા અને મેડિકલ સ્ટાફે સરસ આયોજન કરી કેમ્પને સફળ બનાવ્યો હતો. કેમ્પના અંતે ડોકટર અને મેડિકલ સ્ટાફને બુકે ઈનાયત કરી અભિવાદન કરવામાં આવ્યું હતું.

S.U.C.I.(C), C.P.I., C.P.I.(M) અને સોશિયાલિસ્ટ પાર્ટીના સંયુકત ઉપક્રમે દારૂબંધીના કડક અમલ અને લઠ્ઠાકાંડના ગુનેગારોને કડક સજા માટે આજે દેખાવો કરાશે

અમદાવાદ,તા.૧

તાજેતરમાં જ ગુજરાતમાં લઠ્ઠાકાંડના કારણે અનેક લોકોના મૃત્યુ થયા છે. રાજ્યમાં દારૂબંધી હોવા છતાં અવારનવાર લઠ્ઠાકાંડ થતા રહે છે અને છડેચોક દારૂ વેચાય છે. જેના કારણે યુવાનો બરબાદ થઈ રહ્યા છે અને ચારેબાજુ ચોરી, લૂંટફાટ, મહિલા પરના અત્યાચારો, બળાત્કારો અને ગુનાખોરીનું પ્રમાણ વધી રહ્યું છે. તેથી S.U.C.I.(C), C.P.I., C.P.I.(M) અને સોશિયાલિસ્ટ પાર્ટીના સંયુકત ઉપક્રમે દારૂબંધીના કડક અમલ અને લઠ્ઠાકાંડના ગુનેગારોને કડક સજા માટે આવતીકાલે મંગળવારે સાંજે ચારથી પાંચ કલાક દરમ્યાન સરદાર બાગની ફુટપાથ રૂપાલી સિનેમા લાલદરવાજા ખાતે દેખાવોનું આયોજન કરવામાં આવ્યું છે.

આજે ગુજરાત સિપાહી સમાજ શિક્ષણ ઓર્ગેનાઈઝેશન (GSSEO) અને અમદાવાદ સિપાહી સમાજ (ASS) દ્વારા નોટબુક (ચોપડા) વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ધોરણ ૧થી ૧૨ અને કોલેજ સુધીના ૧૪૦ વિદ્યાર્થીઓને ૧૦૦૦ ચોપડા વિતરણ કરવામાં આવ્યા સાથે બે બોલપેન, ૧ પેન્સિલ અને ૧ ફૂટપટ્ટી તેમજ ઘરે લઈ જવા સુકો નાસ્તો અપાયો હતો. પરંપરા યોગ સ્ટુડિયો એલિસબ્રિજ અમદાવાદ ખાતે વિતરણ કરવામાં આવ્યું. આ સેવાકીય કાર્યક્રમમાં કોઈપણ જાતનું પ્રવચન રાખવામાં નહોતું આવ્યું કે, જેથી વિદ્યાર્થીઓનો સમય બગડે જે વિદ્યાર્થી નહોતા આવ્યા તેમના ઘરે કાર્યકરો દ્વારા ચોપડા અને નાસ્તાની કીટ રવાના કરી દેવામાં આવેલ, જેમાં ગુજરાત સિપાહી શિક્ષણ સમાજ ઓર્ગેનાઈઝેશન GSSEOના પ્રમુખ ડો.મહેબૂબ કુરેશી (વર્લ્ડ રકોર્ડ હોલ્ડર), ઉપપ્રમુખ હમીદભાઈ સૈયદ, ઉપપ્રમુખ - ડો.મહેબૂબ એચ. કુરેશી, મહામંત્રી - જાવેદભાઈ ધાસુરાં , લીગલ એડવાઈઝર - એમ.જી. શેખ (એડવોકેટ), સંગઠન મંત્રી - ડો.અકીલભાઈ કુરેશી, પ્રવકતા, સિકંદરભાઈ કુરેશી, ઉસ્માનભાઈ કુરેશી અસલમભાઈ કુરેશી, સેક્રેટરી - અમનભાઈ કુરેશી, સલાહકાર - એહમદભાઈ કુરેશી (રિટાયર્ડ પી આઈ), આઈ ટી સેલ, મંહમદઅમીન ખોખર (ekhokhar.com), કા.સભ્ય આરિફભાઈ બેલીમ, યુસુફભાઈ જાદવ, ઈરફાંનભાઈ રાઠોડ, અજીતભાઈ જાદવે હાજરી આપી અને અકશા સદામભાઈ રાઠોડ જે ખૂબ નાની ઉંમરની દીકરીએ ખૂબ જ સરસ અંગ્રેજી રાઈટીંગમાં બુક લખી છે અને તે દીકરીને જોઈ ગુજરાત સિપાહી શિક્ષણ ઓર્ગેનાઈઝેશનના પ્રમુખ ડો.મેહબૂબ કુરેશીએ અને સમગ્ર ટીમએ તે દીકરીનું ટ્રોફી આપી સન્માન કર્યું હતું, સૌને હઝરત સૈયદ દાદાબાપુ (સાવરકુંડલા) અને GSSEO અને ASSના સલાહકાર ઈમ્તિયાઝ શેખ, (SP.MTF-ATS), ઉસ્માનભાઈ ગોરી, ઈકબાલભાઈ ગોરી, સિરાજુદ્દીનભાઈ સૈયદે અભિનંદન પાઠવ્યા હતા.

અલ સદ્રએ વિરોધને ઈરાકના રાજકીય શાસનને બદલવાની 'મુખ્ય તક' ગણાવી

(એજન્સી) બગદાદ, તા.૧

શિયા ધર્મગુરૂ મુકતદા અલ સદ્રે રવિવારે તેમના સમર્થકો દ્વારા વિરોધ પ્રદર્શનને ઈરાકના રાજકીય શાસનને બદલવાની મુખ્ય તક ગણાવી. અલ સદ્રના સમર્થકોના વિરોધની વચ્ચે ઈરાનના નજીકના સમૂહોના ગઠબંધન દ્વારા એક નવી સરકાર બનાવવા માટે મોહમ્મદ શિયા અલ સુદાનીની ઉમેદવારી પછી ઈરાકમાં હાલના દિવસોમાં તણાવ વધી ગયો છે. વિરોધો પર પોતાની પ્રથમ ટિપ્પણીમાં અલ સદ્રે પ્રદર્શનોને શાંતિપૂર્ણ અને સહજ ગણાવી. તેમણે ટ્વિટ કર્યું કે વિરોધ પ્રદર્શન રાજકીય શાસન, બંધારણ અને ચૂંટણીના મૌલિક રીતે બદલવાની એક મોટી તકનું પ્રતિનિધિત્વ કરે છે. પ્રભાવશાળી મૌલવીએ ઈરાકીઓને સુધારાની માંગ કરવા માટે ઊભા થવા અને તકને વેડફી ના નાખવા હાકલ કરી. ગયા ઓક્ટોમ્બરમાં દેશની સામાન્ય ચૂંટણીઓને પગલે ઈરાક નવ મહિનાથી રાજકીય ગતિરોધમાં છે, જે ત્યારથી હરિફ દળોની વચ્ચે નવી સરકાર પર સંમત થવામાં નિષ્ફળ રહ્યું.

કતારે છેતરપિંડીનો સામનો કરવા માટે રોકડ વ્યવહારો પર પ્રતિબંધ લાદ્યો

(એજન્સી) દોહા, તા.૧

મની લોન્ડરિંગ અને આતંકવાદના ધિરાણ સામે લડવાના પ્રયાસોના ભાગરૂપે, કતારએ $૧૩,૭૩૨ (QAR ૫૦,૦૦૦)ની કિંમત કરતાં વધુના પસંદગીના રોકડ વ્યવહારો પર પ્રતિબંધ લાદ્યો છે. QAR ૫૦,૦૦૦થી વધુની ટ્રાન્ઝેક્શન વેલ્યુ ક્રેડિટ કાર્ડ, ડેબિટ કાર્ડ, ચેક અથવા બેંક ટ્રાન્સફર દ્વારા થવી જોઈએ. નવા ચુકાદાની જાહેરાત કતારની સેન્ટ્રલ બેંક (QCB) દ્વારા અઠવાડિયાની શરૂઆતમાં ટ્વિટર પર કરવામાં આવી હતી અને તેમના ફેરફારો ઉપરાંત તે તમામ પ્રકારની મિલકતોના વેચાણ, ખરીદી અને ભાડા પર લાગુ થાય છે. કાયદો તમામ પ્રકારના વાહનોની ખરીદી, દરિયાઈ પરિવહન, તમામ કિંમતી ધાતુઓ, રત્નો, દાગીનાના ઊંટ, ઘોડા, પશુધન અને બાજ, પછી ભલે તે એકલ હોય કે ટોળામાં રોકડનો ઉપયોગ પ્રતિબંધિત કરે છે. દોહા ન્યૂઝના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે. આ પ્રતિબંધ આ મહિનાની શરૂઆતમાં સાત વ્યક્તિઓની ધરપકડના સમાચાર બાદ લાદવામાં આવ્યો છે જેઓ રોકડ માટે વૈભવી કાર ખરીદીને અને વિદેશમાં નિકાસ કરીને ગેરકાયદેસર રીતે મેળવેલા નાણાંને લૂંટવાનો પ્રયાસ કરી રહ્યા હતા. ગલ્ફ રાજ્યમાં મની લોન્ડરિંગ અને નાણાકીય ભ્રષ્ટાચારની આરોપમાં દોષિતોને ગુનાના આધારે જેલની સજા અને ભારે નાણાકીય દંડ થઈ શકે છે. ગયા વર્ષે કતારની ફિનટેક કંપની, સ્કિપકેશના એક અધિકારીએ જણાવ્યું હતું કે દેશ કેશલેસ સોસાયટી તરફ આગળ વધવા માટે તૈયાર છે. કોરોના વાયરસ રોગચાળા દરમિયાન ડિજિટલ ચૂકવણીમાં પણ વધારો થયો હતો, જેણે કતારના કેશલેસ સમાજ તરફના પગલાને વેગ આપ્યો હોવાનું પણ માનવામાં આવે છે અને QCB પણ મધ્યસ્થ બેંક ડિજિટલ ચલણ (CBDC)ને સ્વીકારવા માટે ઉત્સુક હોવાનું માનવામાં આવે છે.

સ્કાઈ ટુર્સ (ટ્રેન દ્વારા)
લેહ-લદ્દાખ-કારગીલ-કાશ્મીર
દિ : ૧૨ રૂા. ૧૯,૯૯૯ /-
તારીખ : ૧૦ ઓગસ્ટ
"ગોવા" દિ : ૫
રૂા. ૬,૯૯૯/- તારીખ : ૧૦ ઓગસ્ટ
વડોદરા : 98989 07986

મોરક્કોના રાજાએ અલ્જિરિયાની સાથે સંબંધો પુનઃ સ્થાપિત કરવા માટે હાકલ કરી

(એજન્સી) તા.૧

મોરક્કોના રાજા મોહમ્મદ VIએ અલ્જિરિયાની સાથે રાજદ્વારી સંબંધો પુનઃસ્થાપિત કરવાની વાતનું પુનરાવર્તન કર્યું. જેમણે ૨૦૨૦માં ઈઝરાયેલની સાથે સંબંધોને ફરીથી શરૂ કરવાના રાજ્યના નિર્ણય પછી અલ્જિયર્સ પ્રતિ "પ્રતિકૂળ પ્રવૃત્તિ"નો હવાલો આપવા પાછલા વર્ષે રબાતની સાથે સંબંધ તોડી નાખ્યા હતા. કિંગ મોહમ્મદે કાલે પોતાના પારંપારિક સંબોધનના ભાગ સ્વરૂપ જણાવ્યું કે, "અમે અલ્જિરિયન રાષ્ટ્રપતિ પદની સાથે કામ કરવાની ઈચ્છા ધરાવીએ છીએ જેથી મોરક્કો અને અલ્જિરિયા બે ભાઈની વચ્ચે સામાન્ય સંબંધ સ્થાપિત કરવા માટે કામ કરી શકે." તેમણે જણાવ્યું કે, "હું ફરી એક વખત ભાર આપું છું કે મોરક્કો અને અલ્જિરિયન ભાઈઓને છૂટા પાડતી સરહદો ક્યારે પણ તેમની વાતચીત અને સમજને અડચણ નહીં પહોંચાડે." તેમણે મોરક્કોના લોકોને પોતાના અલ્જિરિયન ભાઈઓ પ્રતિ ભાઈચારા, એકજૂથતા અને સારા પાડોશીની ભાવનાને જાળવી રાખવાનો આગ્રહ કર્યો. મોહમ્મદે જણાવ્યુ કે, "અમે અલ્જિરિયાની સુરક્ષા અને સ્થિરતાને મોરક્કોની સુરક્ષા અને સ્થિરતાનો ભાગ ગણીયે છીએ. મોરક્કોને જે અસર કરે છે તે અલ્જિરિયાને પણ અસર કરશે કારણ કે તે પૂરક જોડિયા છે."

ઈજિપ્તમાં ખોવાયેલા છ પૈકીનું સંભવતઃ એક સૂર્ય મંદિર મળી આવ્યું

(એજન્સી) કૈરો, તા.૧

પુરાતત્વવિદોએ ઈજિપ્તની રાજધાની કૈરોની દક્ષિણે ખોવાયેલા "સૂર્ય મંદિરો" પૈકીનું એક માનવામાં આવતી માટીની ઈંટની ઈમારત શોધી કાઢી છે, એનાદોલુ એજન્સીએ અહેવાલ આપ્યો છે. ઈજિપ્તના પ્રવાસન અને પુરાવશેષ મંત્રાલયે જણાવ્યું હતું કે આ ઈમારત ઈટાલિયન-પોલિશ પુરાતત્વીય મિશન દ્વારા કૈરોની દક્ષિણે અબુસિર ક્ષેત્રમાં મળી આવી હતી. મંત્રાલયે એક નિવેદનમાં ઉમેર્યું હતું કે પ્રારંભિક અભ્યાસ સૂચવે છે કે નવી શોધ એ ચાર ખોવાયેલા સૂર્ય મંદિરોમાંથી એક હોઈ શકે છે જે પાંચમા રાજવંશ (૨૪૬૫થી ૨૩૨૩ બીસી)ના સમયના છે. નિવેદન મુજબ, રાજા ન્યુસેરે દ્વારા તેનું મંદિર બનાવવા માટે ઈમારતનો એક ભાગ હટાવી દેવામાં આવ્યો હતો. મંત્રાલયે જણાવ્યું હતું કે શોધાયેલ ઈમારત વિશે વધુ માહિતી મેળવવા માટે સ્થળ પર ખોદકામ ચાલુ રહેશે. સૂર્ય મંદિરો પ્રાચીન ઈજિપ્તમાં સૂર્ય દેવતા રાને સમર્પિત કરવામાં આવ્યા હતા. છ સૂર્ય મંદિરો બાંધવામાં આવ્યા હોવાનું માનવામાં આવે છે, પરંતુ અત્યાર સુધી માત્ર બે જ ખુલ્યા છે.

ઈઝરાયેલ : સિક્યોરિટી જેલમાં કામ કરનાર પૂર્વ મહિલા સુરક્ષાકર્મીએ આપવીતી વર્ણવી, કહ્યું : મારા ઉપરી અધિકારીઓ દ્વારા સેક્સ સ્લેવ તરીકે રાખવામાં આવતી હતી

(એજન્સી) જેરૂસલેમ, તા.૧

ઈઝરાયેલના વડાપ્રધાને તાજેતરમાં પૂર્વ મહિલા સુરક્ષાકર્મી દ્વારા મૂકવામાં આવેલા આરોપોની તપાસ કરવાનો આદેશ આપ્યો છે. આ મહિલા સુરક્ષાકર્મી મેક્સિમમ સિક્યોરિટી પ્રિઝન ખાતે તૈનાત હતી. આ સુરક્ષાકર્મીએ આરોપ મૂક્યો હતો કે તેના પર પેલેસ્ટીની કેદીઓ અને તેમના ઉપરી અધિકારીઓએ વારંવાર દુષ્કર્મ ગુજાર્યું હતું.તેણે આરોપ મૂક્યો હતો કે તેને સેક્સ સ્લેવ તરીકે રાખવામાં આવી હતી. છેલ્લા અનેક વર્ષોથી ઈઝરાયેલી મીડિયા દ્વારા એવા અહેવાલ ફેલાવાઈ રહ્યા છે કે ગિલોબા જેલમાં આરોપીઓ દ્વારા મહિલા સુરક્ષાકર્મીઓ સાથે કુકર્મ કરવામાં આવી રહ્યું છે. ગત વર્ષે જ આ મામલે જેલના વહીવટીતંત્રની આ મામલે આકરી ઝાટકણી કાઢવામાં આવી હતી. તે સમયે ગિલોબા જેલમાંથી છ જેટલા પેલેસ્ટીની કેદીઓ નાસી છૂટ્યા હતા. તેઓ ડ્રેનેજ સિસ્ટમમાંથી પસાર થઈને નીકળ્યા હતા. આ અહેવાલ ઈન્ટરનેશનલ હેડલાઈન બની ગયા હતા. ઈઝરાયેલી મીડિયાએ દાવો કર્યો હતો કે ઉપરી અધિકારીઓ દ્વારા જ મહિલા સુરક્ષાકર્મીઓને આવા કૃત્ય કરવા માટે દબાણ કરવામાં આવતું હતું. એક પૂર્વ મહિલા સુરક્ષાકર્મીએ દાવો કર્યો હતો કે જેલમાં તેના પર અનેકવાર દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું.

UNના વડાએ વિરોધ પ્રદર્શનો વચ્ચે ઈરાકમાં તણાવ ઘટાડવા હાકલ કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧

સંયુક્ત રાષ્ટ્ર (UN)ના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસે રવિવારે ઈરાકી પક્ષોને નવા વડાપ્રધાનની નિમણૂકને લઈને તણાવ વચ્ચે પરિસ્થિતિને ઓછી કરવા અને હિંસા ટાળવા હાકલ કરી હતી, એનાદોલુ એજન્સીએ અહેવાલ આપ્યો છે. એક નિવેદનમાં, તેમના પ્રવક્તા ફરહાન હકે કહ્યું કે યુએનના વડા ઈરાકમાં ચાલી રહેલા વિરોધને ચિંતા સાથે અનુસરી રહ્યા છે જેમાં ઘણા લોકો ઘાયલ થયા છે. અભિવ્યક્તિની સ્વતંત્રતા અને શાંતિપૂર્ણ સભા એ મૂળભૂત અધિકારો છે જેનું દરેક સમયે સન્માન કરવું જોઈએ. તેમણે કહ્યું. પ્રવક્તાએ ઈરાકી પક્ષો અને નેતાઓને તેમના મતભેદો અને સ્વરૂપોથી ઉપર ઊઠીને શાંતિપૂર્ણ અને સર્વસમાવેશક સંવાદ દ્વારા અસરકારક રાષ્ટ્રીય સરકાર બનાવવાની વિનંતી કરી. પ્રભાવશાળી શિયા મૌલવી મુકતદા અલ-સદ્રના સમર્થકોના વિરોધ વચ્ચે ઈરાનની નજીકના જૂથોના ગઠબંધન દ્વારા મોહમ્મદ શિયા અલ-સુદાનીને નવા વડા પ્રધાન તરીકે નામાંકિત કર્યા પછી તાજેતરના દિવસોમાં ઈરાકમાં તણાવ વધ્યો હતો. ઑક્ટોબર ૨૦૨૧માં દેશની સામાન્ય ચૂંટણીઓને પગલે ઈરાક નવ મહિનાથી રાજકીય મડાગાંઠમાં છે જે ત્યારથી હરીફ પક્ષો વચ્ચે નવી સરકાર પર સંમત થવામાં નિષ્ફળ ગયું હતું.

કબીલા પેલેસ્ટીનને સમર્થન આપવા સંમત થયા : ઈરાક

(એજન્સી), તા.૧

સમાચાર મુજબ ૨૦ ઈરાકી જૂથોના નેતાઓએ આ વાત પર ભાર આપતા એક કરાર પર હસ્તાક્ષર કર્યા કે તે પેલેસ્ટીન અને પેલેસ્ટીન કારણોનું સમર્થન કરવા માટે પેલેસ્ટીની મુકિત અને પેલેસ્ટીન અધિકારોની પ્રાપ્તિ સુધી કામ કરશે. આ જાહેરાત જૂથોના નેતાઓ દ્વારા બગદાદમાં પેલેસ્ટીન દૂતાવાસના પ્રવાસ દરમ્યાન કરી હતી. તેમણે રાજદ્વારી અહેમદ અકીલને જણાવ્યું કે તે પેલેસ્ટીની સુરક્ષાના પોતાના વચનને પાળશે અને ઈઝરાયેલના કબજામાંથી મુકિતની માંગ કરશે. બદલામાં અકીલે નેતાઓને પેલેસ્ટીન કારણથી સંબંધિત નવીનતમ ઘટનાઓ વિશે માહિતી આપી અને તેમણે જણાવ્યું કે કબજાવાળા પેલેસ્ટીની લોકો ઈરાકના જૂથો અને રાજકીય દળો પાસેથી શું આશા રાખે છે. ૨૬ મેના દિવસે ઈરાકી સંસદે સર્વસમ્મતિથી એક કાયદો પસાર કર્યો જે રંગભેદ રાજયની સાથે સામાન્યીકરણને એક આપરાધિક અપરાધ બનાવે છે. સત્તાવાર ઈઝરાયેલ સંસ્થાઓ સાથે સંપર્ક સાધવો અથવા રાજયની સાથે રાજકીય, આર્થિક સૈન્ય અથવા સાંસ્કૃતિક સંબંધ બનાવવો હવે કાયદા દ્વારા દંડનીય કાર્ય છે. ઈરાકનો ઈઝરાયેલની સાથે કોઈ રાજદ્વારી અથવા અન્ય સંબંધ નથી. તેના વધુ પડતા રાજકીય જૂથ કબજાવાળા રાજયની સાથે સામાન્યીકરણને અસ્વીકાર કરે છે.

તાલિબાન અને ઈરાન સીમા સુરક્ષા દળોની વચ્ચે અથડામણમાં એકનું મોત

(એજન્સી) કાબુલ, તા.૧

અફઘાન પોલીસના એક અધિકારીએ જણાવ્યું કે, "રવિવારે તાલિબાની દળો અને ઈરાન સીમા ગાર્ડ વચ્ચે અથડામણમાં એક અફઘાનીનું મોત થયું છે." દક્ષિણી અફઘાન રાજય નિમરોઝના પોલીસ પ્રવક્તા બહરાન હકમલે જણાવ્યું કે, "અમારો એક અધિકારી મૃત્યુ પામ્યો છે જયારે અન્ય એક ઘાયલ છે, અથડામણ પાછળનું કારણ હજી સુધી જાણી શકાયું નથી." હિરમંડના ઈરાનના સરહદી વિસ્તારના ગવર્નર મયસમ બરાઝાન્દેરે જણાવ્યું કે અથડામણ બંધ થઈ ગઈ છે અને કોઈ જાનહાનિ થઈ નથી. ઈરાની સમાચાર એજન્સી મુજબ તાલિબાની દળો દ્વારા એવા વિસ્તારમાં જે અફઘાન ક્ષેત્ર નથી ત્યાં પોતાનો ધ્વજ ફરકાવવાનો પ્રયાસ કરતા અથડામણ શરૂ થઈ ગઈ હતી. સ્થાનિક સૂત્રોએ જણાવ્યું કે, અફઘાન સરહદની નજીક રહેતા લોકો અથડામણ ઝડપી થતા પોતાના ઘરોને કવર કરવા માટે ભાગી ગયા. એક વર્ષ પહેલા અફઘાનિસ્તાન પર કબજો જમાવ્યો ત્યારથી તાલિબાન દળો વારંવાર સુરક્ષા દળો સાથે અથડામણ કરે છે જે પશ્ચિમમાં દેશનો પાડોશી છે તેમજ પાકિસ્તાન જે તેનો પૂર્વમાં પાડોશી છે.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ ....

ગુજરાત ટુડે

મંગળવાર ૨ ઓગસ્ટ ૨૦૨૨
૩ મોહર્રમ હિજરી ૧૪૪૪
શ્રાવણ સુદ પાંચમ સંવત ૨૦૭૮

ઉડતા કોફિન સમાન મિગ-૨૧ને ક્રમશ : વિદાય આપવી રહી.....

રાજસ્થાનના બાડમેરમાં ભારતીય વાયુસેનાના મિગ-૨૧ ફાઈટર એરક્રાફટના અકસ્માતના સમાચાર ચિંતાજનક છે. આ દુર્ઘટનામાં વાયુસેનાના બે પાયલટોએ જીવ ગુમાવ્યો હતો. આ દુર્ઘટના ત્યારે થઈ હતી જ્યારે બે સીટવાળા આ વિમાનને હુમલાની તાલીમ આપવામાં આવી રહી હતી. આ વિમાને રાજસ્થાનમાં એરફોર્સના લેન્ડિંગ સેન્ટરથી ઉડાન ભરી હતી અને બાડમેર નજીક તે ઊડી રહ્યું હતું ત્યારે આ અકસ્માત થયો હતો. મિગ-૨૧ લાંબા સમયથી ભારતીય વાયુસેનાનું સૌથી ભરોસાપાત્ર વિમાન રહ્યું છે. આ સમયે, જ્યારે વાયુસેનામાં ઘણા આધુનિક ફાઈટર એરક્રાફટ સામેલ કરવામાં આવ્યા છે, ત્યારે મિગ-૨૧ તેની કરોડરજ્જુ બની ગયું છે. તેને ૬૦ વર્ષ પહેલા ભારતે તેના બોમ્બર ફ્લીટમાં સામેલ કર્યું હતું. સર્જિકલ સ્ટ્રાઈકને યાદ કરીએ તો, વિંગ કમાન્ડર અભિનંદન વર્ધમાન આતંકવાદીઓના ટ્રેનિંગ કેમ્પને નષ્ટ કરવા માટે આ મિગ-૨૧ દ્વારા પાકિસ્તાનમાં ઘૂસ્યા હતા અને ત્યાં પાકિસ્તાનના યુએસ નિર્મિત એફ-૧૬ વિમાનને તોડી પાડ્યું હતું. આ પહેલા આ વિમાને બાંગ્લાદેશના મુક્તિ સંગ્રામમાં પણ મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. જો કે, એક પછી એક અકસ્માતોને કારણે આ રશિયન બનાવટનું એરક્રાફટ છેલ્લા કેટલાક સમયથી વિવાદમાં છે અને વાયુસેનામાંથી તેની વિદાયની વાતો ચાલી રહી છે. તાજેતરના અકસ્માતથી તે તમામ જૂના વિવાદો ફરી એકવાર ચર્ચામાં આવ્યા છે.

આંકડા દર્શાવે છે કે ૧૯૭૦-૭૧થી અત્યાર સુધીમાં ભારતમાં આ વિમાનના ૪૦૦થી વધુ અકસ્માતો થયા છે અને તેમાં ૨૦૦થી વધુ પાયલોટ મૃત્યુ પામ્યા છે. આ અકસ્માતોમાં અન્ય ૫૦થી વધુ લોકોએ પણ જીવ ગુમાવ્યા છે. યુપીએ સરકાર દરમિયાન તત્કાલીન સંરક્ષણ પ્રધાન એકે એન્ટનીએ લોકસભામાં જણાવ્યું હતું કે ભારતે અત્યાર સુધીમાં કુલ ૮૭૨ મિગ-૨૧ની ખરીદી કરી છે, જેમાંથી અડધાથી વધુ ક્રેશ થઈ ચૂક્યા છે. આ અકસ્માતોને કારણે તેને ફ્લાઈંગ કોફીન પણ કહેવામાં આવે છે. એવું પણ કહેવાય છે કે મિગ-૨૧ એક એવું એરક્રાફ્ટ છે, જેના કારણે આપણા એરમેન યુદ્ધ વિના પણ જીવ ગુમાવે છે. લગભગ એક દાયકા પહેલા રિટાયર્ડ વિંગ કમાન્ડર સંજીતસિંહ કાલિયાએ કોર્ટમાં અરજી કરી હતી કે આ એરક્રાફટને એરફોર્સમાંથી વિદાય આપવામાં આવે. તેઓએ દલીલ કરી હતી કે આ એરક્રાફ્ટ સલામત સ્થિતિમાં કામ કરવાના મારા અધિકારનું ઉલ્લંઘન કરે છે. વાસ્તવમાં સંજીતસિંહ કાલિયા પોતે મિગ-૨૧ અકસ્માતમાંથી બચી ગયા હતા.

મિગ-૨૧ એ વિશ્વના સંરક્ષણ વ્યવસાયમાં સોવિયેત સિસ્ટમનું સૌથી મોટું પ્રતીક હતું. સોવિયત સિસ્ટમ હવે એક ઇતિહાસ બની ગઈ છે, પરંતુ આ વિમાન હજુ પણ ઘણા દેશોનું વર્તમાન સંરક્ષણ ક્ષેત્ર સંભાળે છે. હવે તેનો સમગ્ર બિઝનેસ રશિયાના હાથમાં છે. આ વિમાનો વિશ્વના ઘણા દેશોને વેચવામાં આવ્યા હતા, તેથી તેના સ્પેરપાર્ટસ માટે હજી પણ વિશાળ બજાર છે. એવું કહેવાય છે કે આ સ્પેરપાર્ટસની ગુણવત્તા ખૂબ જ નબળી છે, જે અકસ્માતોનું મુખ્ય કારણ છે. નવીનતમ ક્રેશનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી, પરંતુ તે ગમે તે હોય, આ પ્રાચીન વિમાનોને ભૂતકાળ બનાવવાનો સમય હવે આવી ગયો છે. તેને અચાનક વિદાય ન આપી શકાય, પરંતુ તેને તબક્કાવાર નિવૃત્ત કરવા માટે એક સમયપત્રક બનાવવું જરૂરી બની ગયું છે.

પાવર પ્લે' નીતિન ગડકરીને તેમની જગ્યાએ મૂકે છે

શું નીતિન ગડકરીએ આરક્ષણ છોડી દીધું છે ? રાજકારણ પરના તેમના જાહેર ધ્યાને એક અસ્વસ્થતાભરી હેડલાઇન બનાવી: ''રાજકારણ હવે ૧૦૦% 'પાવર પ્લે' વિશે છે. તેમણે નાગપુરમાં ટિપ્પણી કરવાનું પસંદ કર્યું હોવાથી, ન્યાયી ભારતની સ્વ-નિયુક્ત રાજધાની, શંકાસ્પદ હેતુઓને નકારી શકાય નહીં. જો ગડકરી વિપક્ષી વ્યક્તિ હોત, તો તિનસુકિયા અથવા મેંગલોરમાં ફર્સ્ટ ઈન્ફર્મેશન રિપોર્ટ (એફઆઈઆર) સરળતાથી ઉશ્કેરવામાં આવી શકી હોત અને ટેલિવિઝન પર ગુસ્સે ભરાયેલા એન્કરો દ્વારા તેમની ખુશખુશાલ નિંદા થઈ શકી હોત.

તેના બદલે, ગડકરીને નવી દિલ્હીમાં સર્વોચ્ચ શિસ્ત અદાલત સમક્ષ હાજર થવા માટે સમન્સ પાઠવવામાં આવ્યું હતું. તેમને સમજાવવા માટે કહેવામાં આવ્યું હતું કે શા માટે નાગપુરમાં તેમની ટિપ્પણીને સર્વોચ્ચ નેતા માટે અપમાન અને પડકાર તરીકે સમજવામાં ન આવે.

ગડકરી જિજ્ઞાસુઓ સમક્ષ ફરજપૂર્વક હાજર થયા. તેમનો ખુલાસો એ હતો કે તેઓ સામાન્ય શબ્દોમાં બોલી રહ્યા હતા અને તેમની ટિપ્પણીને સર્વોચ્ચ નેતા અને નાયબ સર્વોચ્ચ નેતા વિરુદ્ધ નિર્દેશિત કરવામાં આવી હોવા જોઈએ.

જિજ્ઞાસુઓને આનંદ થયો ન હતો. ગડકરીને સખત રીતે યાદ અપાવવામાં આવ્યું હતું કે પક્ષે જ્યારે પણ અન્ય મહત્વપૂર્ણ નેતાઓએ મધ્યમ અને વાજબી વ્યક્તિત્વ કેળવવાનો પ્રયાસ કર્યો ત્યારે તેમની સામે કડક પગલાં લીધાં હતાં. તેમના માટે તે યાદ કરવામાં આવ્યું હતું કે કેવી રીતે મૂળ અયોધ્યા યોદ્ધા L.K. અડવાણીએ મોહમ્મદ અલી ઝીણામાં કેટલાક ગુણો શોધવાનો પ્રયાસ કર્યો ત્યારે તેમને ડિફોક કરવામાં આવ્યા હતા.

''ફક્ત કારણ કે તમે પક્ષના ભૂતપૂર્વ પ્રમુખ છો, એવું ન વિચારો કે તમે પક્ષની શિસ્તથી ઉપર છો અને સર્વોચ્ચ નેતા પ્રત્યેની ઉપાસનાત્મક આચારસંહિતા તમને લાગુ પડતી નથી,'' મુખ્ય અમલકર્તાએ અવલોકન કર્યું. સંપૂર્ણ રીતે ગૂંચવાયેલા ગડકરીએ શિસ્ત અદાલતના આનંદની માંગ કરી અને તેમની સામેના ચોક્કસ આરોપની જાણ કરવા વિનંતી કરી.

ખુરશી આગળ આવી રહી હતી: ''પ્રથમ અને સૌથી અગત્યનું, તમે ગાંધીને બોલાવો. શું તમે જાહેર જીવનની ખાનદાનીનો ઈશારો કરવા માટે કોઈ અન્ય ઐતિહાસિક વ્યક્તિ વિશે વિચારી શકતા નથી''?

ગડકરી : ''મને લાગ્યું કે મહાત્મા ગાંધીના સંદેશ પ્રત્યે કોઈ પણ રીતે નિષ્ઠાવાન થયા વિના તેમનું નામ લેવું એ આપણી સામૂહિક બેવડા બોલવાની સંસ્કૃતિનો એક ભાગ છે.''

ખુરશીમાં બિહામણું : ''અહીં અમારી સાથે ઉશ્કેરાટભર્યો ન બનો. આપણે ગાંધી વિશે પણ કંઈક જાણીએ છીએ. અમને શંકા છે કે તમે અમારા સર્વોચ્ચ નેતાની પ્રામાણિકતા અને સમર્પણને ઓછો કરવાનો પ્રયાસ કરી રહ્યાં છો.''

ચર્ચાની એરણે

- આત્મનિર્ભર

ગડકરી : ''શ્રીમન, હું સર્વોચ્ચ નેતા માટે સર્વોચ્ચ આદર અને અસ્પષ્ટ પ્રશંસા કરું છું. રાયસીના હિલની ટોચ પર ઓફિસ ધરાવતા કોઈપણ નેતા માટે મારી ટિપ્પણીનો અર્થ કોઈ પણ રીતે, ડાબા હાથથી પણ નહોતો.''

બીજા એક જિજ્ઞાસુએ પ્રશ્ન કર્યો : ''નીતિનજી, તમે બહુ વાંચેલા માણસ હોવાનો દાવો કરો છો. તમે વિદ્વાન હોવા માટે પ્રતિષ્ઠા ધરાવો છો. તો પછી શા માટે ''સત્તાકરણ''ના અસ્વીકાર્ય સ્વરમાં બોલો. આપણા સર્વોચ્ચ નેતા જાહેર જીવનની ખાનદાનીનું આદર્શ ઉદાહરણ બનાવે છે - લાખો દેશભક્તોથી વિપરીત - તમારી પ્રશંસા કરવી શા માટે આટલી મુશ્કેલ છે ?'' અત્યાર સુધીમાં ગડકરી સાહેબ સંપૂર્ણપણે ગભરાઈ ગયા હતા અને આશ્ચર્યમાં પડી ગયા હતા કે પૂછપરછ ક્યાં જઈ રહી છે.

પરંતુ આ ત્રાસ આપનારને તેની પૂછપરછની પંક્તિ સાથે કરવામાં આવ્યો ન હતોઃ ''અને, મૂળ મેકિયાવેલીએ અવલોકન કર્યું નથીઃ 'એક રાજકુમાર કે જે તેની સ્થિતિ જાળવી રાખવા માંગે છે તે શીખવું જરૂરી છે કે કેવી રીતે સારા ન બનવું.' અમારા સર્વોચ્ચ નેતા અને નાયબ સર્વોચ્ચ નેતાએ શાસકો માટે ચાંકય સંહિતા ફરીથી લખી છે. અને, નીતિનજી, તમારે સ્વીકારવું પડશે કે નવા ભારતમાં આપણે પોતાને કહેવાતા મધ્યસ્થતા અથવા મધ્યમ માર્ગ અથવા બંધારણીય ભાવનાથી ધીમા થવા દેવાની જરૂર નથી. તે એક જાળ છે જે ખાન માર્કેટ ગેંગે બિછાવી છે અને પશ્ચિમી સંવેદનશીલતાથી પ્રેરિત હોય તેવી કોઈ વસ્તુમાં ફસાઈ જવાનો અમારો કોઈ ઈરાદો નથી. તને સમજાતું નથી?'' પર્યાપ્ત રીતે શિસ્તબદ્ધ, ગડકરીએ પૂછ્યું કે તેઓ સર્વોચ્ચ નેતાનો કોઈ અનાદર નથી કરતા તે સાબિત કરવા માટે તેમની પાસેથી કઈ સુધારાત્મક કાર્યવાહીની અપેક્ષા રાખવામાં આવે છે. તે પછી તેને સૂઝવામાં આવ્યું કે માઓ ત્સે-તુંગના દિવસોમાં પ્રથા હતી તેવી જ રીતે આત્મ-ટીકાનો મુકાબલો ક્રમમાં હશે. બીજેપીના આ પૂર્વ પ્રમુખ પર અચાનક જ ખબર પડી કે ચીનની કમ્યુનિસ્ટ પાર્ટી તેમના ભગવા પોશાક માટે નવો રોલ મોડલ બની રહી છે. ગડકરી ક્લાસિક ધર્મસંકટમાં હતા. આર.એસ.એસ.ના શિસ્તબદ્ધ સૈનિક તરીકે, તેઓ પોતાની જાતને અત્યંત અણસમજુ અને અર્થહીન શિસ્તની સ્થિતિમાં પણ સમર્પિત કરવામાં ખુશ હતા; પરંતુ, કેટલાક સ્ટેન્ડિંગના જાહેર માણસ તરીકે, તેણે પોતાની જાતને સ્વાભિમાન અને સ્વાભિમાનના ભારે સ્તરમાં ઢાંકી દીધી હતી. પક્ષ પર કબજો જમાવનાર બૂરીશ માણસોને આપવા તે સહેલાઈથી તૈયાર નહોતો. ચાલાકીપૂર્વક, તેણે તેમના બ્લફને બોલાવવાનું નક્કી કર્યું. તેમણે આદરપૂર્વક તેમના જિજ્ઞાસુઓને કહ્યું કે તેઓ કોઈપણ પ્રકારની સ્વ-ટીકા હાથ ધરીને તેમને બંધાયેલા રાખવા તૈયાર નથી. એક અણધારી મડાગાંઠ સર્જાઈ અને ચુકાદો અનામત રાખવામાં આવ્યો. જ્યારે તે આવશે, ત્યારે ચુકાદો અમને જણાવશે કે શું સર્વોચ્ચ નેતા – વિપક્ષ, મીડિયા અને લઘુમતીઓ (પરંતુ ચીની પીએલએ નહીં) ને કાબૂમાં કર્યા પછી – પરિવારના દુશ્મનો તરફ તેમનું ધ્યાન દોરવાની તૈયારી કરી રહ્યા છે. ફરીથી ખુશ દિવસો આવ્યા. આત્મનિર્ભર એ એક મહત્ત્વાકાંક્ષી વ્યંગકારનું ઉપનામ છે, જે વિશ્વગુરૂ આર્કાઇવ્ઝમાંથી અનિયમિતપણે કૉલમનું યોગદાન આપશે અને માને છે કે વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતા માટે ઉપહાસ અને રમૂજ કેન્દ્રીય છે.

(સૌ. : ધ વાયર)

મોહમ્મદ રફી : પોતાના કર્ણપ્રિય કંઠ, જાદુઇ અવાજ અને સંગીતની વૈવિધ્યસભર શૈલીથી કરોડો સંગીત પ્રેમીઓના હૃદય પર રાજ કરનાર મહાન ગાયકની જીવન ઝરમર

(ભાગ-૩)

વ્યક્તિ વિશેષ

સુરેશ વાડકર (ગાયક)

હું તો મોહમ્મદ રફીનો અનુયાયી છુ.તેઓ અલ્લાહ, ભગવાનનાં મોકલેલ વ્યક્તિ હતા. તેમનું કોઈ ગીત સહેજ પણ ઊતરતી કક્ષાનું ન હતું. તેમનું દરેક ગીત આપણને કંઈક ને કંઈ શીખવાડે છે.તેમણે બધીજ જાતના ગીત ગાયા હતા,જેમાં રોમેન્ટિક, ફાસ્ટ, ઉદાસીન, કોમેડી, ક્લાસિકલ, ભજનો, ગઝલ વગેરે સામેલ છે. તેમના અવાજમાં એક જાતની ઊંડાઈ હતી અને તેમના સ્વરમાં ઊંચાઈ હતી જે કોઈપણ ગાયકોમાં નથી. આજે પણ અનેક ગાયકો લતાજી તેમજ મોહમ્મદ રફી સાહેબની કોપી કરે છે પરંતુ તેમના અવાજની ઉચાઇ સુધી કોઈ પહોંચી શકે તેમ તેમ નથી. કેટલાક ગાયકો એવા છે જેઓનો અવાજ ઉચ્ચ સ્તરે પહોંચીને સપાટ અને કર્કશ થઈ જાય છે પરંતુ રફી સાહેબનો અવાજ જે નીચેના સ્તર પર મધુર રહેતો એટલો જ મધુર ઉચ્ચ સ્તરમાં રહેતો હતો. આ એકસરખા અવાજની ગુણવત્તા જ તેમની સૌથી માટી ખૂબી હતી.

મોહમ્મદ અઝીઝ (ગાયક)

હાલમાં જ એક ફિલ્મ આવી છે જેનું નામ છે ''અય દીલ હે મુશ્કિલ'' તેમાં એક એવો ડાયલોગ છે કે મોહમ્મદ રફી સાહેબ ગાતા ઓછું હતા અને રડતા વધારે હતા'' આ ફિલ્મ બનાવનાર કરણ જોહરે આ ડાયલોગને માન્ય કેવી રીતે કર્યું? જે મોહમ્મદ રફી સાહેબે 'હમ કાલે હૈ તો ક્યા હુવા દીલ વાલે હે', મધુબનમેં રાધિકા નાચે રે, બહારો ફૂલ બરસાઓ, યે ચાંદ સા રોશન ચહેરા, એન ઈવનિંગ ઈન પેરીસ, સર જો તેરા ચકરાએ. જેવા ૨૬,૦૦૦ થી વધારે ગીતો ગયા છે એવા મોહમ્મદ રફી સાહેબ માટે કોઈ આવું કઈ રીતે કહી શકે? તમને હું વચન આપું છું કે હું હવે કરણ જોહરની કોઈ ફિલ્મ નહિ જોઉં. કેટલાય લોકોનાં ઘરોમાં તો રફી સાહેબના મંદિર છે. અરે! તેમની કોપી કરનારા જે તેમની ધૂળ બરાબર છે એવા શબ્બીર કુમાર, સોનું નિગમ, અનવર હુસેન સાહેબ અને મારા જેવા સુધી તો પહેલા તમે પહોંચો, પછી તમે રફી સાહેબની વાત કરજો.

આજે તો ઈલેક્ટ્રોનિક યુગમાં તમે કોઈ પણ ગીત હિટ કરાવી લો છો પણ તમને સંગીત વિષે શું જાણકારી છે?. તમારે રફી સાહેબ વિશે આવા ડાયલોગ બોલવા બદલ લોકો સમક્ષ કાન પકડીને ઉઠક બેઠક કરીને માફી માંગવી જોઈએ કે કે રફી સાહેબનું અપમાન કરીને ખૂબ મોટી ભૂલ થઇ ગઈ છે...

બપ્પી લહેરી(સંગીતકાર)

હું મોહમ્મદ રફી સાહેબ સામે કઈપણ નથી. જે કિશોર કુમાર, મોહમ્મદ રફી સાહેબ ગીતો ગાઈને ગયા છે કે બસ માશાલ્લાહ!! રફી સાહેબ જેવો વર્સેટાઈલ ગાયક આપણી પાસે એકેય નથી. જે ફિલ્મમાં એક 'રોક સોંગ' મ રફીસાહેબ, કિશોરે સાથે ગયેલ છે જે ખૂબ જ અલગ જાતનું ગીત હતું. રફી સાહેબે કેટલા સુંદર ગીતો ગાયા છે, બહારો ફૂલ બરસાઓ, હમ કાલે હૈ, ચાહે મુજે કોઈ જંગલી કહે, બૈજુ બાવરામાં મધુબન મેં રાધિકા, મન તડપત હરિ દર્શન કો આજ, ઐઈ યા.. યા સુકું સૂકું વગેરે. તેઓ દરેક ગીત વિચારીને ગાતા હતા. ઉપરાંત તેઓ એક સારા માનવી પણ હતા. રફીસાહેબની કોપી કરનારા ઘણા ગાયકો આવ્યા પરંતુ તેઓ રફી સાહેબની પ્રતિભાની આસપાસ ક્યારેય પણ આવી નહિ શકે. જે લેખકે ફિલ્મ ''અય દીલ હે મુશ્કિલ'' માં વાહિયાત ડાયલોગ લખેલ છે અને તેમના વિશે આવું કઈ પણ કહે તેમણે આ ફિલ્મ ઉદ્યોગ છોડીને જતા રહેવું જોઈએ.. એ ઝીરો છે..

રિશી કપૂર (ફિલ્મ સ્ટાર)

જૂના જમાનામાં ગાયકો પ્લે બેક સિંગર હતા. આજે ગાયકો કદાચ વધારે સારા હશે, તેઓ 'રોક સ્ટાર' હશે પરંતુ પ્લેબેક ગાયકી અને સ્ટેજ શોમાં ફેર હોય છે. પ્લેબેક ગાયક પોતાનો અવાજ કોઈને આપે છે. જ્યારે મોહમ્મદ રફી સાહેબ શમ્મી કપૂર માટે ગાતા તો એવું લાગતું હતું કે શમ્મી કપૂર સાહેબ પોતે ગાય રહ્યા છે, મોહમ્મદ રફી સાહેબ જ્યારે દિલીપ કુમાર કે ધર્મેન્દ્ર અને મારા માટે પણ ગાતા હતા તો એવું લાગતું હતું કે અમે બધા પોતાના અવાજ સાથે ગીતનું શૂટિંગ કરી રહ્યા છીએ. આ કળા અને કૌશલ્ય માત્ર મોહમ્મદ રફી સાહેબમાં હતું અને તેઓ પોતાનો અવાજ ફિલ્મના દરેક હીરો માટે તેના અવાજ મુજબ જ બદલી નાખતા હતા.

જીતેન્દ્ર (ફિલ્મ સ્ટાર)

મે એક ફિલ્મ ''દીદારે યાર'' બનાવી હતી જે મારી સૌથી ફ્લોપ ફિલ્મ હતી. આ ફિલ્મનું પ્રથમ ગીત મે મોહમ્મદ રફી સાહેબ પાસે રેકોર્ડ કરાવેલ હતો. તે વખતે તેઓ ૪૦૦૦ રૂપિયા લેતા હતા. છેલ્લું ગીત કિશોર કુમાર અને મોહમ્મદ રફી સાહેબનું રેકોર્ડ કરવામાં આવ્યું હતું. એ જમાનામાં ફિલ્મ બનતા ૪ વર્ષ લાગતા હતા. ફિલ્મ બની ગયા બાદ મારા મેનેજરે મને કહ્યું કે મોહમ્મદ રફી સાહેબને કેટલા પૈસા આપવાના છે? તો મેં કહ્યું કે જેટલા કિશોર કુમારને આપવામાં આવે છે તેટલા જ મોહમ્મદ રફી સાહેબને આપો. તે વખતે કિશોરકુમાર ૨૦,૦૦૦ રૂપિયા લેતા હતા તો મેં રૂ. ૨૦,૦૦૦ મોહમ્મદ રફી સાહેબને પણ મોકલ્યા. સાંજે તેમના સેક્રેટરીનો ફોન આવ્યો કે રફી સાહેબ તમારી સાથે વાત કરવા માંગે છે. મોહમ્મદ રફી સાહેબનો સાળો તેમનો સેક્રેટરી પણ હતો. મોહમ્મદ રફી સાહેબ મારી સાથે પંજાબીમાં વાત કરતા. તેમણે મને કહ્યું, ''જીતે, બહોત પૈસે આ ગયે હૈ ક્યા? મેં તો ૪૦૦૦ રૂપિયે હી લેતા હું ....'' સાંજે તેમનો સેક્રેટરી મને ૧૬,૦૦૦ રૂપિયા પરત આપી ગયો હતો. આવા સાચા લોકો આજે ક્યા જોવા મળે છે. ફક્ત બોલવાથી કઈ થતું નથી. તેઓ કરી બતાવતા હતા. આજે તો ગાયક પૈસાય રાખી લે છે અને કહે છે કે તમારી આવનારી ફિલ્મ માટે એડવાન્સ આપી જાવ.

તેઓ ખૂબ નમ્ર હતા અને તેમના અવાજમાં પણ નમ્રતા જોવા મળતી હતી. તેમના જમાનામાં પણ એક એવા ગાયક હતા જેમનાં અવાજમાં કોઈ અધિકારીની ઝલક દેખાતી હતી. થોડુંક અહંકાર દેખાઈ આવતું હતું પરંતુ મોહમ્મદ રફી સાહેબનાં અવાજમાં હમેશા નમ્રતા દેખાતી હતી. ક્યારે તમે તેઓને ધ્યાનથી સાંભળશો તો તમને સમજાશે કે તેઓ કેટલા નમ્ર વ્યક્તિ હશે.

શમ્મી કપૂર (ફિલ્મ સ્ટાર)

મોહમ્મદ રફી સાહેબમાં ''સેન્સ ઓફ હ્યુમર'' ખૂબ હતી. હું અનેકવાર રેકોર્ડીંગ વખતે હાજર રહેતો હતો અને મોહમ્મદ રફી સાહેબ પણ કેટલીય વાર મારી રેકોર્ડિંગ સમયે રાહ જોતા હતા. એક ગીત વખતે હું મુંબઈની બહાર હતો ત્યારે મારી ગેરહાજરીમાં તેમણે એક ગીત રેકોર્ડ કર્યું હતું. મેં પૂછ્યું કે આ ગીત ''આસમાન સે આયા ફરિશ્તા'' એવું જ ગાયું છે જેવુ હું બિલકૂલ ઈચ્છતો હતો તો તમે આ કઈ રીતે ગાયું?, તો તેમણે સ્મિત સાથે કહ્યું કે મે વિચાર્યું કે 'આ ગીત શમ્મી કપૂર કઈ રીતે ગાશે, શમ્મી કપૂર આ ગીત વખતે એક પગ આમ ઊછાળશે, પોતાનું માથું આમ ફેરવશે, એક હાથ આમ અને બીજો હાથ તેમ ફેરવશે...... આવું વિચારીને મેં આ ગીત રેકોર્ડ કર્યું છે. અને અમે બંને હસી પડ્યા હતા. સાચું કહું તો મોહમ્મદ રફી સાહેબના અવાજ વિના હું અધૂરો હતો.

અમિતાભ બચ્ચન (ફિલ્મ સ્ટાર):-

મોહમ્મદ રફી સાહેબ જેવા સજ્જન પુરુષ ફિલ્મ ઉદ્યોગમાં મેં ક્યારેય જોયા નથી. તેઓ ખૂબ જ સિમ્પલ અને સરળ સ્વભાવના હતા. અમે એક સ્ટેજ શો સીલીગુરી દાર્જીલિંગ ખાતે રાખેલ હતો. આ ૨ દિવસનો કાર્યક્રમ હતો. જેમાં એક દિવસ મોહમ્મદ રફી સાહેબ ગાવાના હતા અને બીજા દિવસે અન્ય ગાયક ગાવાના હતા. પરંતુ બીજે દિવસે જે ગાયક આવવાના હતા તે આવી શક્યા નહિ અને અમે દોડતા દોડતા એરપોર્ટ પહોંચ્યા અને મોહમ્મદ રફી સાહેબને વિનંતી કરી કે અમારી આબરૂનો પ્રશ્ન છે. પણ રફી સાહેબ તો ફ્લાઈટમાં બેસી ગયા હતા. પરંતુ તેમની સાદગી અને નિખાલસતા જુઓ કે તેઓ એક પણ શબ્દ બોલ્યા વિના ઉભા થઇ ગયા હતા અને શો પૂરો કરવા અમારી સાથે ફરીવાર આવ્યા હતા, બીજે દિવસે પણ તેમણે ગીત ગાયા અને અમારી આબરૂ રહી ગઈ હતી. મોહમ્મદ રફી સાહેબ જેવા શાંત, સજ્જન વ્યક્તિ ફિલ્મ ઉદ્યોગમાં મેં જોયા નથી.

ઉદિત નારાયણ (ગાયક):-

મોહમ્મદ રફી સાહેબના વખાણ કરવા એ તો સુરજને દીવો દેખાડવા જેવી વાત છે. ઇન્ડો-નેપાળ પાસે મારા પિતા એક નાના ખેડૂત હતા અને ૬૦ વર્ષ પહેલા પણ તેઓ ખૂબ પૈસાદાર હતા અને તેમની પાસે રેડીઓ હતો.

રફી સાહેબ મારા પણ પ્રિય ગાયક હતા, સ્કૂલ, કોલેજ અને અનેક જગ્યાએ મે તેમના ગીતો ગાયા હતા પણ મને ક્યા ખબર હતી કે એક દિવસ હું મોહમ્મદ રફી સાહેબનાં પગ પાસે બેસી જઈશ. અમે તેમની પાસેથી ખૂબ જ શીખી શકીએ છીએ, આજે અમે તેમની કોપી કરી શકીએ પણ ક્યારેય મોહમ્મદ રફી નહીં બની શકીએ. તેમનો મખમલી અવાઝ, તેમનો સ્વભાવ ખૂબ જ શાંત, ખૂબ જ ખૂશ મિજાજ હતો અને તેઓ હમેશા અમારા દિલમાં રહેશે.

આનંદજી (કલ્યાણજી–આનંદજી ફેમ) (સંગીતકાર) :

મોહમ્મદ રફી સાહેબ જબ જબ ફૂલ ખીલે, જેવી ફિલ્મોમાં કે લીડર, ગોપી જેવી ફિલ્મોમાં જ્યારે અલગ અલગ સ્ટાઈલનાં ગીતો ગાતા હતા. તેમના અવાજમાં ખૂબ જ વિવિધતા હતી, તેઓ દરેક સંગીતકાર સાથે કામ કરી ચુક્યા હતા અને બધાની સ્ટાઈલ અને પસંદગીને તેઓ સમજતા હતા.

મોહમ્મદ રફી સાહેબ ક્યારેય રીહર્સલ કે પ્રેક્ટીસ કર્યા વિના આવતા ન હતા. તેઓ ખૂબજ શરમાળ, વિનમ્ર હતા અને ખૂબ ધીમેથી ગાતા હતા અને ઉંચી અવાજનાં ગીતોમા પણ તેઓએ ક્યારેય આજકાલના ગાયકોની જેમ ઘાટા પાડ્યા ન હતા. તેઓ ખૂબ જ આરામથી ગાતા, તેઓ શ્વાસની ટેક્નિક સમજતા હતા, અને તેના કારણે જ આજે પણ તેઓ એટલા જ લોકપ્રિય છે.

મુકદર કા સિકંદર ફિલ્મ માટે એક અંતિમ ''અંતરા'' ગાવા માટે ફક્ત એક લાઈન માટે મે તેઓને બોલાવ્યા તો તેમણે કહ્યું કે મારી પાસે કેમ આ ગવડાવી રહ્યા છો, આ ફિલ્મોના બધા ગીતો તો કિશોર કુમારે ગાયા છે અને તે સારું પણ ગાય છે ત્યારે અમે તેઓને કહ્યું કે ''આ લાઈન ગાવું એ તેમનું કામ નથી, આમાં ફક્ત તમારૂં જ કામ છે'' અને છેવટે તેઓએ ફિલ્મની છેલ્લી લાઈન રેકોર્ડ કરી હતી, ''ઝીંદગી તો બેવફા હૈ, એક દીન ઠુકરાયેગી''

જે. ઓમ પ્રકાશ (ફિલ્મ નિર્માતા, દિગ્દર્શક):

રફી સાહેબનું છેલ્લું ગીત મારી ફિલ્મ 'આસપાસ' માટે તેમણે ગાયું હતું. પોતાનું આ છેલ્લું ગીત મારી ફિલ્મ માટે રેકોર્ડ કર્યા બાદ રફી સાહેબ પોતાની કારમાં બેસવાની તૈયારી કરી રહ્યા હતા કે મેં તેઓને કહ્યું કે રફી ''સાહેબ એક મિનિટ'', તો તેમણે કહ્યું ''પાપાજી, ક્યાં હુવા? મેરે ગાને મે કુછ ખરાબી હૈ?'' તો મેં કહ્યું કે નહીં તમારૂ ગીત તો ખૂબજ સારૂ રેકોર્ડ થયુ છે, બસ એક છેલ્લું 'શેર' રેકોર્ડ કરવાનું રહી ગયું છે જે સ્લો મોશનમાં છે, અને છેવટે તેમણે આ છેલ્લું શેર પર ગાયું હતું. રફી સાહેબે ગાયું હતું એ શેર આજે પણ ભારતનાં દરેક વ્યક્તિના દિલમાં ગુંજી રહ્યું છે, જાણે રફી સાહેબ તેના પોતાના માટે ગાઈ રહ્યા છે ''તેરે આને કી આસ હૈ અય દોસ્ત, શામ ફિર કયું ઉદાસ હૈ અય દોસ્ત''. આટલા મહાન ગાયક પોતાની કારકિર્દીની ઉંચાઇ જોઈ લીધા બાદ પણ કેટલા નમ્ર સ્વભાવના હતા કે જ્યારે મે તેઓને કારમાં બેસતા રોકીને વિનંતી કરી કે ''રફી સાહેબ, એક મિનિટ'' તો તેઓએ મને પુછ્યું હતું કે શું તેમનાથી કોઈ ભૂલ તો નથી થઈને!

માણસને 'કોરોના', પશુને 'લમ્પી'; 'તું' થયો પાષાણહૃદયી કે 'અમે' આગચંપી !

મંતવ્ય

કોરોનાની કળ હજી વળી નથી ત્યાં લંપી વાયરસે હાહાકાર મચાવ્યો ! કોવિડ-૧૯ મહામારીથી ખૂંવાર થયેલી માનવસૃષ્ટિ પરથી જાણે ઘાત ટળી રહી છે અને હવે પ્રાણીઓનો વારો લીધો હોય એવું લાગે છે. જીવલેણ ઝેર જેવી કડવી વાસ્તવિકતા તો એ છે કે, માણસ માણસને બચાવવાની ઠોસ દવા બનાવી શક્યો નથી તો પશુઓની દવાનું શું થશે ? વર્ષ-૨૦૧૯ના અંતમાં આખા વિશ્વમાં મોતનું તાંડવ ખેલી ચૂકેલ કોરોનાને સંપૂર્ણપણે નાથી શકે એવી દુનિયાના એકપણ દેશે દવા બનાવી નથી ! હા, મોટાભાગના દેશોએ રસીનું નિર્માણ કર્યું છે; પરંતુ તેની અસરકારકતા વિશે હજીયે અસમંજસ છે. ઉત્પાદન તો કર્યું, પણ પરિણામનું પરિણામ હજી બાકી છે ! ભારત જેવા વિકાસશીલ દેશ અને તેની ધૂરા સંભાળી રહેલા નરેન્દ્ર મોદીની કોઠાસુઝે વેક્સિનેશન અને વેક્સિનની સારી કામગીરી કરી છે એ નોંધનીય છે. સાંપ્રત સમયમાં કોરોનાનું જોર ઓછું થઈ રહ્યું છે, વળતાં પાણી થઈ રહ્યાં છે એવું કહી શકાય. પરંતુ જુલાઈ મહિનાની શરૂઆતથી જ ગુજરાત અને અન્ય રાજ્યોમાં 'લમ્પી' (પશુરોગ) રોગ ચોમેર હાહાકાર મચાવી રહ્યો છે. ચાલો, તેના વિશે ટૂંકમાં જાણવાનો પ્રયાસ કરીએ. સામાન્ય રીતે કોઈપણ પ્રકારની જૈવિક મહામારી (પ્રાણી કે માનવને લગતી)ને પહોંચી વળવા કે સામનો કરવા માટે ધીરજ, પૂરતી જાણકારી અને સતર્કતા જરૂરી છે. કારણ કે, આવા સંજોગોમાં 'ઉપાય' કરતાં 'અફવા'નું જોર વધુ હોય છે. પરિસ્થિતિ એવી સર્જાય છે કે, ભ્રમણાઓ અને તથ્યવિહીન ચર્ચાઓમાં સાચી માહિતીનું ગળું રૂંધાઈ જાય છે. એટલે સૌપ્રથમ અફવાઓ પર બિલકુલ ધ્યાન ન આપવું. નિષ્ણાત વ્યક્તિઓ, સંલગ્ન સંસ્થાઓ કે સરકારની ગાઈડલાઈનને જ અનુસરવી. તાત્કાલિક ડૉક્ટરનો સંપર્ક કરવો, સલાહ લેવી. રોગનું સંક્રમણ લોકોમાં હોય કે ઢોરોમાં; અનુસરવાની રીત તો સમાન જ હોય છે. ફરક એટલો કે અબોલ પશુઓ આપણા ભરોસે હોય છે એટલે તેઓનું ધ્યાન આપણે રાખવું પડે છે. વર્તમાન સમયમાં ગુજરાતના મોટાભાગના (લગભગ આખા રાજ્યમાં) જિલ્લાઓમાં લમ્પી રોગનું પ્રમાણ વધી રહ્યું છે. બનાસકાંઠા જિલ્લામાં લગભગ સૌથી વધારે અને ઝડપથી રોગનો ફેલાવો થઈ રહ્યો છે જે ગંભીર-ચિંતિત બાબત છે. લમ્પી (લમ્પી સ્કિન ડિસીઝ વાઇરસ) ત્વચાને લગતો રોગ છે. પોક્સવિરીડે સમૂહના કેપ્રિપોક્સનો સભ્ય વાયરસ છે. આ સિવાય બે અન્ય વાયરસ શીપપોક્સ અને ગોટપોક્સ છે. જે ઘેટાં-બકરાંમાં જોવા મળે છે. લમ્પી વાયરસ સૌપ્રથમ ઈ.સ.૧૯૨૯માં ઝામ્બિયા (દ.આફ્રિકા)માં જોવા મળેલો. જ્યારે ભારતમાં સૌપ્રથમ ઓગસ્ટ-૨૦૧૯માં ઓડિશા રાજ્યના મયુરભંજમાં જોવા મળ્યો હતો અને હવે જુલાઈ-૨૦૨૨માં ગુજરાતમાં. લમ્પી વાયરસ સામાન્ય રીતે નાનાં-મોટાં અને દૂધાળા પશુઓમાં જોવા મળે છે. મચ્છર, માખી, ઈતરડી, જૂ અને સંક્રમિત પશુના સંપર્કથી ફેલાય છે. ક્યારેક દૂષિત ખોરાક અને પાણીથી પણ ફેલાતો હોય છે. લક્ષણોમાં બે-ત્રણ દિવસ સુધી સામાન્ય તાવ આવવો, આખા શરીરે ફોલ્લા (ગાંઠો) થવા, નાક-આંખમાંથી પ્રવાહી ટપકવું, લાળ પડવી, દૂધ આપતાં પશુઓનું દૂધ ઉત્પાદન સાવ ઘટી જવું વગેરે છે. અમુક સંજોગોમાં ગાભણું પશુ તરવાઈ જવાની શક્યતા રહે છે. મોતને ભેટે છે. રોગથી બચવા માટે સાવચેતી, સાવધાની, સતર્કતા, સાચી સલાહ અને યોગ્ય સારવાર જરૂરી છે. હાલ આ રોગની દવા ઉપલબ્ધ નથી. પરંતુ અગમચેતી સ્વરૂપે પ્રાથમિક લક્ષણો દેખાતાં પરંપરાગત દવાઓ/એન્ટિબાયોટિકથી રાહત થઈ શકે છે. સારા જાણકાર પશુ ચિકિત્સક પાસે સારવાર કરાવવી. જોકે, સંક્રમણદરની તુલનાએ મૃત્યુદર ઓછો હોવાથી ડરવાની જરૂર નથી. સરકાર દ્વારા પરિસ્થિતિને પહોંચી વળવા માટે બેઠકોનો દોર ચાલી રહ્યો છે એવું સમાચાર માધ્યમો પરથી જાણવા મળી રહ્યું છે. સરકારે અને પશુપાલકોએ રોગની ગંભીરતા સમજવી જરૂરી છે. રોગનો પ્રકોપ ખૂબ છે, હું પણ આ હકીકતનો આઈવિટનેસ છું. પશુઓ (ખાસ કરીને ગાયો) ટપોટપ મરી રહ્યાં છે. લોકોએ પણ સાવચેતી રાખવાની જરૂર છે, કેમ કે સ્કિન ડિસીઝ હોવાથી માણસને ઈન્ફેક્શન લાગી શકે છે. રોગિષ્ઠ પશુને ક્વોરન્ટાઈન કરવું, અન્ય પશુઓથી દૂર રાખવું, ખોરાક-પાણીની અલગ વ્યવસ્થા કરવી, બહાર ચરવા ન મૂકવું, રહેઠાણને જંતુમુક્ત કરવી, ધૂમાડો કરવો વગેરે.

સોશિયલ મીડિયામાં અવનવા ઉપચારોના મેસેજીસ વાયરલ થઈ રહ્યા છે તેનું તથ્ય જાણીને કે પશુચિકિત્સકની સલાહ લઈને જ પ્રયોગ કરવો હિતાવહ છે. સરકાર દ્વારા જાહેર કરેલ હેલ્પલાઈન નંબરનો ઉપયોગ કરવો, માહિતી મેળવવી. (શીર્ષક પંક્તિઃ કેશવ સુથાર)

– કેશવ સુથાર
(જિ.-બનાસકાંઠા, ગુજરાત)

નબીની નસીહત

રસૂલુલ્લાહ (સ.અ.વ)એ ફરમાવ્યું છે, ''કુર્આનપાકની તિલાવત (પઠન) કર્યા કરો, એટલા માટે કે કુર્આનપાક તેની તિલાવત કરવાવાળા વિશે કયામતના દિવસે અલ્લાહપાક સમક્ષ ભલામણ કરશે.''

આજની આરસી

૨ ઓગસ્ટ મંગળવાર ૨૦૨૨
૩ મોહર્રમ હિજરી ૧૪૪૪
શ્રાવણ સુદ પાંચમ સંવત ૨૦૭૮
સુબ્હ સાદિક ૪-૪૯
ખત્મે ઝવાલ ૧૨-૪૬
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૬-૧૧
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૭-૨૧

હદીસ બોધ

શ્રેષ્ઠ ઈન્સાન તે છે જે અર્થ વગરની વાતો છોડી દે છે.
- હદીસ બોધ

બોધ વચન

અંધારાની બીજી તરફ કાયમ અજવાળું હોય છે. - શૈલી

અગત્યની સૂચના

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી. **-વ્યવસ્થાપક**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અચિંતા શેઉલીને શુભેચ્છા પાઠવી

અચિંતાએ વેઈટલિફ્ટિંગમાં ભારતને વધુ એક ગોલ્ડ અપાવ્યો

બર્મિંગહામ,તા.૧
કોમનવેલ્થ ગેમ્સની વેઈટલિફ્ટિંગ સ્પર્ધામાં ભારતના સુવર્ણ અભિયાનને જાળવી રાખતા અચિંતા શેઉલીએ પુરૂષોના ૭૩ કિલોવર્ગમાં નવા રેકોર્ડ સાથે બાજી મારી દેશને ત્રીજો ગોલ્ડ મેડલ અપાવ્યો છે. આ પહેલા ટોક્યો ઓલિમ્પિકની રજત પદક વિજેતા મીરાબાઈ ચાનુ અને જેરેમી લાલરિનનુંગાએ ભારતને વેઈટલિફ્ટિંગમાં બે સુવર્ણચંદ્રક અપાવ્યા છે. પ. બંગાળના ૨૧ વર્ષીય શેઉલીએ સ્નેચમાં ૧૪૩ કિલો વજન ઉઠાવ્યું જે કોમલવેલ્થ ગેમ્સનો નવો રેકોર્ડ છે. તેણે ક્લીન એન્ડ જર્કમાં ૧૭૦ કિલો સહિત કુલ ૩૧૩ કિલો વજન ઉઠાવી કોમનવેલ્થ ગેમ્સનો રેકોર્ડ પોતાના નામે કર્યો. ગત વર્ષે જુનિયર વિશ્વ વેઈટલિફ્ટિંગ ચેમ્પિયનશીપમાં સિલ્વર મેડલ જીતનાર અચિંતા શેઉલીએ બંને સર્વશ્રેષ્ઠ લીફ્ટ ત્રીજા પ્રયાસ કરી મલેશિયાના ઈહિદાયત મોહમ્મદે સિલ્વર અને કેનેડાના શાદ ડારસિગ્મીએ બ્રોન્ઝ મેડલ જીત્યો. જેમણે ક્રમશઃ ૩૦૩ અને ૨૯૮ કિલો વજન ઉઠાવ્યું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અચિંતા શેઉલીને કોમનવેલ્થ ગેમ્સમાં સુવર્ણચંદ્રક જીતવા બદલ અભિનંદન પાઠવ્યા છે. તેમણે ટ્વિટ કર્યું ઘણી ખુશી છે કે પ્રતિભાશાળી અચિંતાએ કોમનવેલ્થ ગેમ્સમાં સુવર્ણચંદ્રક જીત્યો છે. તે પોતાના શાંત સ્વભાવ અને તપ માટે જાણીતો છે. આ ખાસ સિદ્ધિ માટે તેણે ઘણી મહેનત કરી છે. તેને ભવિષ્ય માટે મારા તરફથી શુભેચ્છા. પીએમ મોદીએ કોમનવેલ્થ ગેમ્સ પહેલા ભારતીય ખેલાડીઓ સાથે વાત કરી હતી. આ દરમ્યાન તેમણે અચિંતા સાથે પણ વાત કરી હતી. જેનો વીડિયો તેમણે ટ્વિટર પર શેર કર્યો છે.

લોન બાઉલ્સમાં ભારતને મેડલની ગેરન્ટી, અજયસિંહ મેડલ ચૂક્યો

બર્મિંગહામ, તા.૧
વેઈટલિફ્ટિંગમાં ભારતને વધુ એક મેડલની આશા હતી પણ અજયસિંહ શાનદાર રમત છતાં મેડલ જીતી શક્યો નહીં. અજયસિંહે પુરૂષોના ૮૧ કિગ્રા વર્ગની ફાઈનલમાં મજબૂત શરૂઆત કરી હતી. સ્નેચ રાઉન્ડ બાદ બીજા સ્થાને રહ્યો હતો. તેણે ક્લીન એન્ડ જર્કમાં પોતાના પ્રથમ પ્રયાસમાં ૧૭૨ કિગ્રા વજન ઉઠાવ્યું હતું. બીજી બાજુ ભારતની મહિલા લોન બાઉલ્સ ટીમે ન્યુઝીલેન્ડને ૧૬-૧૩થી હરાવી ફાઈનલમાં પહોંચી છે. આ એક ઐતિહાસિક સિદ્ધિ છે કારણ કે, આ રમતમાં ભારતનો પહેલો મેડલ હશે. ભારતીય ખેલાડીઓ મેડલ જીતવાની રેસમાં છે. ત્રીજા દિવસે ભારતને બે ગોલ્ડ મેડલ મળ્યા હતા. પુરૂષ વેઈટલિફ્ટર જેરેમી લારિનુંગા અને અચિંતા શેઉલીએ ભારતને ગોલ્ડ મેડલ અપાવ્યો હતો. આ પહેલા વેઈટલિફ્ટર મીરા ચાનુએ સૌથી પહેલા ગોલ્ડ મેડલ જીતવાની કમાલ કરી હતી. લવલી ચૌબે, નયનમોની સાયકિયા, પિંકી અને રૂપા રાની તિર્કીની ભારતીય મહિલા લોન બાઉલ્સની ટીમે ઓછામાં ઓછા સિલ્વર મેડલની ખાતરી આપવા માટે મેચમાં અદ્‌ભૂત પુનરાગમન કર્યું અને જો તેઓ ફાઈનલ જીતશે તો ગોલ્ડ મેડલ ભારતને મળશે.

ટીમના માહોલથી પરેશાન વેસ્ટઇન્ડિઝની ડોટિને ક્રિકેટમાંથી સંન્યાસ લીધો

બર્મિંઘમ, તા.૧
વેસ્ટઈન્ડિઝની મહિલા ક્રિકેટ ટીમની સ્ટાર ઓલરાઉન્ડર ડિએન્ડ્રા ડોટિને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી સંન્યાસ લઈ લીધો છે તેણે કહ્યું છે કે, તે ટીમની વર્તમાન સંસ્કૃતિ અને માહોલમાં પોતાની કારકિર્દીને આગળ વધારી નહીં શકે. મહિલા ટી-૨૦ ઈન્ટરનેશનલમાં સૌથી ઝડપી સદી બનાવનાર ૩૧ વર્ષીય ડોટિને ટ્વિટર ઉપર પોતાના સંન્યાસની જાહેરાત કરી છે તેણે કહ્યું કે પોતાની ક્રિકેટ કારકિર્દી દરમ્યાન મારી સામે અનેક એવી મુશ્કેલીઓ આવી જેને મારે દૂર કરવી પડી પણ ટીમનો હાલનો માહોલ મારા ઝનૂનને વધારવા અને તેણે જીવંત રાખવા માટે અનુકૂળ નથી. ડોટિને કહ્યું કે, ખૂબ જ દુઃખ પણ કોઈપણ પ્રકારના અફસોસ વિના મને એ અહેસાસ થયો કે હું હવે ટીમ સંસ્કૃતિ અને તેના માહોલનું પાલન કરવામાં સક્ષમ નથી. કારણ કે, આનાથી ઉત્કૃષ્ટ પ્રદર્શન કરવાની મારી ક્ષમતા પર પ્રભાવ પડી રહ્યો છે. ડોટિને જો કે, એ સંકેત નથી આપ્યો કે તેણે બાર્બાડોસ તરફથી પણ સંન્યાસ લીધો છે કે નહીં, તે હાલ કોમનવેલ્થ ગેમ્સમાં બાર્બાડોસનું પ્રતિનિધિત્વ કરી રહી છે.

એક ઓપનરે સદી ફટકારી તો બીજો ઓપનર '૦' પર અણનમ રહ્યો

નવી દિલ્હી, તા.૧
ક્યારેક-ક્યારેક ક્રિકેટના મેદાનમાં કંઈક એવા સંયોગ જોવા મળે છે જેને જાણીને આપણા હોશ ઊડી જાય છે આવી જ એક ઘટના ક્લબ ક્રિકેટમાં બની છે જેને જાણીને સોશિયલ મીડિયામાં ક્રિકેટ પ્રશંસકો રિએક્ટ કરી રહ્યા છે. ક્લબ ક્રિકેટમાં રમાયેલી એક મેચમાં જ્યાં બેટિંગ દરમ્યાન એક ઓપનર જીરો રન પર બેટિંગ કરતો રહ્યો ત્યાં બીજી બાજુ તેના સાથી ઓપનરે સદી ફટકારી દીધી જાણીને આશ્ચર્ય તો જરૂર થયું હશે પણ આવું થયું છે. હાર્શમ અને હીર્લે સારે વચ્ચે રમાયેલી મેચમાં હાર્શમના ઓપનર જોઈ વિલિએ રનોનો વરસાદ કર્યો અને ફક્ત ૪૪ બોલમાં ૧૦૩ રન ફટકાર્યા જ્યારે બીજી બાજુ તેનો સાથી ઓપનર આલ્ફ્રેડ હાઈન બીજા છેડે એકપણ રન બનાવ્યા વિના ઊભો હતો. ક્રિકેટના મેદાનમાં આવી ઘટના જોઈ બધા હેરાન છે વિલિએ ૪૪ બોલમાં ૧૦૩ રનની ઈનિંગ રમી જેમાં ૧૧ ચોગ્ગા અને ૯ સિક્સર સામેલ છે. જ્યાં વિલિ સતત રનોનો વરસાદ કરી રહ્યો હતો. ત્યારે બીજો ઓપનર તેને ફક્ત ઊભો રહી જોતો રહી ગયો. આ દરમ્યાન બંને વચ્ચે ૧૧૦ રનની ભાગીદારી થઈ હતી. સોશિયલ મીડિયા પર આ ઘટનાનો વીડિયો ખૂબ વાયરલ થઈ રહ્યો છે. જો કે, બાદમાં હાઈન ૨૪ બોલમાં નવ રન બનાવી આઉટ થયો હતો.

બે દેશો માટે રમતા સદી ફટકારનાર માર્ક ચેપમેન વિશ્વનો ત્રીજો બેટ્‌સમેન

નવી દિલ્હી, તા.૧
ન્યુઝીલેન્ડનો માર્ક ચેપમેન સ્કોટલેન્ડ વિરૂદ્ધ રમાયેલી એકમાત્ર વન-ડેમાં ધૂંઆધાર બેટિંગ કરી ૭૫ બોલમાં ૧૦૧ રન બનાવી અણનમ રહ્યો. પોતાની ઈનિંગમાં ચેપમેને ૬ ચોગ્ગા અને સાત સિક્સર ફટકારી પોતાની શતકીય ઈનિંગની મદદથી તેણે ન્યુઝીલેન્ડને ૭ વિકેટે વિજય અપાવ્યો. ચેપમેને ૭૪ બોલમાં સદી ફટકારી હતી માર્ક ચેપમેને એક ખાસ રેકોર્ડ પણ પોતાના નામે કરી લીધો છે તે હવે વિશ્વ ક્રિકેટમાં એવો ફક્ત ત્રીજો બેટ્‌સમેન બની ગયો છે જેના નામે બે દેશો માટે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સદી બનાવવાનો રેકોર્ડ છે. ચેપમેન પહેલા ઈંગ્લેન્ડનો ક્રિસ્ટોફર જોયસ અને ઈયોન મોર્ગન આ સિદ્ધિ મેળવી ચૂક્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, માર્ક ચેપમેન ન્યુઝીલેન્ડ માટે ડેબ્યુ કરતા પહેલા હોંગકોંગ માટે પણ ઈન્ટરનેશનલ ક્રિકેટ રમી ચૂક્યો છે. ચેપમેને જ્યાં ન્યુઝીલેન્ડ તરફથી રમતા સ્કોટલેન્ડ સામે સદી ફટકારી છે જ્યારે તે હોંગકોંગ માટે રમતો હતો ત્યારે ૨૦૧૫માં યુએઈ વિરૂદ્ધ સદી ફટકારી હતી આવી જ રીતે ક્રિસ્ટોફર જોયસે ઈંગ્લેન્ડ તરફથી એક સદી અને આયરલેન્ડ તરફથી વન-ડેમાં પાંચ સદી ફટકારી છે. જ્યારે ઈંગ્લેન્ડના પૂર્વ કપ્તાન ઈયાન મોર્ગને આયરલેન્ડ માટે એક સદી અને ઈંગ્લેન્ડ માટે પોતાની વન-ડે કારકિર્દીમાં ૧૩ સદી ફટકારી છે. સ્કોટલેન્ડ અને ન્યુઝીલેન્ડ વચ્ચેની વન-ડે મેચની વાત કરીએ તો સ્કોટલેન્ડે પ્રથમ બેટિંગ કરતા ૪૯.૪ ઓવરમાં ૩૦૬ રન બનાવ્યા હતા તેના જવાબમાં કીવી ટીમે ત્રણ વિકેટ ગુમાવી લક્ષ્યાંક પ્રાપ્ત કરી લીધું.

લીંબડીમાં કોર્ટની સ્થાપના પછી સેવાની સજા કરવાની પ્રથમ ઘટના

દારૂ પીતા પકડાયેલ તલાટીને એક મહિનો કોર્ટમાં સફાઈ, વૃક્ષોને પાણી પીવડાવવું પડશે

તદઉપરાંત એક મહિનો લીંબડી સરકારી હોસ્પિટલમાં દર્દીઓની સેવા કરવાની રહેશે, ચોથા એડિશનલ સેશન્સ જજ મમતા ચૌહાણનો ઐતિહાસિક ચુકાદો

સુરેન્દ્રનગર, તા.૧
ગુનો પુરવાર થાય એટલે કોર્ટમાંથી કેદની સજા મળે, તેવી સામાન્ય માન્યતા હોય છે પરંતુ લીંબડીના જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટે એક ગુનામાં નિવૃત્ત તલાટીને સેવા કરવાની સજા કરી છે ! ફરજ દરમિયાન દારૂ પીતા પકડાયેલા તલાટીને ૧ મહિનો લીંબડી કોર્ટમાં સફાઈ, વૃક્ષોને પાણી પીવડાવવાની, ૧ મહિનો હોસ્પિટલમાં દર્દીઓની સેવા કરવી પડશે.

નીચલી કોર્ટે આપેલી ૭ મહિનાની કેદની સજાને પૂર્વ તલાટીએ પડકારતાં અદાલતે સજાનું સ્વરૂપ બદલ્યું હતું. લીંબડીમાં કોર્ટની સ્થાપના પછી સેવાની સજા કરવાની આ પ્રથમ ઘટના છે. ૧૫ જૂન, ૨૦૧૨એ તત્કાલીન તલાટી મોહનભાઈ નરશીભાઈ રાઠોડ લીંબડી તાલુકા પંચાયત કચેરી પાસે દારૂ પીને જાહેરમાં બકવાસ કરતાં લથડિયા ખાતા જોવા મળતા પોલીસે ઝડપી પાડ્યા હતા.

લીંબડી પોલીસે પ્રોહિબિશન ધારાની કલમ મુજબ ગુનો દાખલ કરી કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરતા નીચલી કોર્ટમાં કેસ ચાલી ગયો હતો, જેમાં ૧૨ ડિસેમ્બર, ૨૦૧૯એ કોર્ટે મોહન રાઠોડને કલમ ૬૬(૧)બીના ગુનામાં ૬ માસની સાદી કેદ, ૮૫(૧)(૩)ના ગુનામાં ૧ માસની સાદી કેદની સજા , ૨,૫૦૦નો દંડ ફટકાર્યો હતો. નીચલી કોર્ટના આ ચુકાદા સામે મોહન રાઠોડે લીંબડી ડિસ્ટ્રિક્ટ એડિશનલ કોર્ટમાં વકીલ બી.એમ. ઝંડાડિયા દ્વારા અરજી દાખલ કરાવી હતી. ૧૦ જાન્યુઆરી ૨૦૨૦એ કેસ દાખલ થતાં ડિસ્ટ્રિક્ટ એડિશનલ કોર્ટમાં સુનાવણી શરૂ થઈ હતી. આરોપી ૩૧ ઓગસ્ટ, ૨૦૨૧એ નિવૃત્ત થયા હતા. દરમિયાન મોહન રાઠોડે દારૂ પીવાની આદત છોડી દીધી હતી. ૬૧ વર્ષના સિનિયર સિટીઝન હોવાથી વકીલે કોર્ટ સમક્ષ આરોપીને જેલની સજાને બદલે સમાજ સેવા કરવાની સજા આપવા રજૂઆત કરી હતી. સરકારી વકીલ વાય.જે. યાજ્ઞિકની દલીલોને ધ્યાને રાખીને કેસ દાખલ થયાના ૨ વર્ષ ૬ માસ, ૨૦મા દિવસે ચોથા એડિશનલ સેશન્સ જજ મમતા ચૌહાણે ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો. આરોપી મોહન રાઠોડને નીચલી કોર્ટે ૬ મહિના કેદની કરેલી સજાને બદલે લીંબડીની જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ કોર્ટમાં ૫ ઓગસ્ટથી ૩ સપ્ટેમ્બર સુધીના ૧ મહિના દરમિયાન સવારે ૯:૩૦થી ૧ વાગ્યા સુધી અને સાંજે ૪થી ૬ વાગ્યા સુધી સફાઈ કામ, કોર્ટ પ્રાંગણમાં વૃક્ષોને પાણી પીવડાવવાની સજા આપી હતી. સાથે જ ૧ માસની કેદની સજાના બદલામાં ૪ સપ્ટેમ્બરથી ૩ ઓકટોબર એટલે કે ૩૦ દિવસ સુધી આરોપીને લીંબડી સરકારી હોસ્પિટલમાં સવારે ૯:૩૦થી ૧ વાગ્યા સુધી અને સાંજે ૪થી ૬ વાગ્યા સુધી દર્દીઓની સેવા કરવાની સજા ફટકારી હતી.

દ.આફ્રિકાએ મોટી જીત સાથે સિરીઝ જીતી

તબરેઝ શમ્સીની પાંચ વિકેટના કારણે ઈંગ્લેન્ડનો ટી-૨૦ ફોર્મેટમાં સૌથી મોટો પરાજય

મેચમાં કુલ ૨૯૨ રન બન્યા પણ સિક્સર ફક્ત બે જ

સાઉથમ્પ્ટન,તા.૧
હેન્ડ્રિક્સ અને માર્કરામની અર્ધસદી અને સ્પિનર તબરેઝ શમ્સીની પાંચ વિકેટની મદદથી દ.આફ્રિકાએ ત્રીજી અને અંતિમ ટી-૨૦ ઈન્ટરનેશનલ મેચમાં ઈંગ્લેન્ડને ૯૦ રને હરાવી ત્રણ મેચોની સિરીઝ ૨-૧થી જીતી લીધી છે. દ.આફ્રિકાએ ઈંગ્લેન્ડ સામે ૧૯૨ રનનું લક્ષ્યાંક મૂક્યું હતું. પણ તેની ટીમ ૧૬.૪ ઓવરમાં ફક્ત ૧૦૧ રનમાં સમેટાઈ ગઈ. તેની આ ફોર્મેટમાં સૌથી મોટી હારમાંની એક છે. તબરેઝ શમ્સીએ ૨૪ રનમાં પાંચ વિકેટ ઝડપી જ્યારે તેના સાથી સ્પિનર કેશવ મહારાજે ૨૧ રનમાં બે વિકેટ પ્રાપ્ત કરી. ઈંગ્લેન્ડ તરફથી જોની બેયરસ્ટ્રોએ હાઈએસ્ટ ૨૭ રન બનાવ્યા. આ પહેલા દ.આફ્રિકાએ પાંચ વિકેટે ૧૯૧ રનનો મોટો સ્કોર બનાવ્યો હતો. તેમના તરફથી હેન્ડ્રિક્સે ૭૦ અને માર્કરામે અણનમ ૫૧ રન બનાવ્યા હતા. ઈંગ્લેન્ડ માટે ડેવિડ વિલીએ ૨૫ રનમાં ત્રણ વિકેટ ઝડપી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ઈંગ્લેન્ડ-દ.આફ્રિકા વચ્ચેની આ મેચમાં કુલ ૨૯૨ રન બન્યા પણ તેમાં સિક્સર ફક્ત બે જ છે. દ.આફ્રિકાએ ૧૯૧ રનનો સ્કોર બનાવ્યો પણ આ દરમ્યાન પૂરી ટીમે ફક્ત એક સિક્સર ફટકારી જ્યારે ઈંગ્લેન્ડની ઈનિંગમાં ફક્ત એક સિક્સર લાગી જે સેમ કરને ફટકારી હતી.

કમર હોસ્ટેલ
દિલ્હીપુરા, અમદાવાદ
હોસ્ટેલમાં પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓએ
બપોરે ૦૩:૦૦ થી ૦૭:૦૦ દરમ્યાન ઓફિસનો સંપર્ક કરવો.
ફોર્મ ભરવાની છેલ્લી તા. ૩૧.૦૮.૨૦૨૨
ઓ. ૦૭૯-૨૭૫૫૧૬૧૪
ચેરમેન, કમર એજ્યુકેશન

જાહેર ચેતવણી

આથી અમો શેખ ઈલ્યાસ ઉસ્માનભાઈ - રહે. ૬૮, પીર કમાલ દરગાહ કમ્પાઉન્ડ દાણીલીમડા, અમદાવાદના આ જાહેર ચેતવણી આપી જાહેર જનતાને જણાવવાનું કે......

અમો ઉપરોક્ત સરનામે અમારા પરિવાર સાથે રહીએ છીએ. અમારા સાત બાળકો પૈકી એક પુત્રી નસીમબાનુ ઈલ્યાસ શેખ તે મુસ્તાક મલેકની પત્ની અમારા કહ્યામાં નથી અને તે અમારી સાથે રહેતા નથી તેમ છતાં અમો તથા અમારા પરિવાર સાથે અવાર-નવાર ખોટી રીતે ઝગડા તકરાર કર્યા કરે છે. જેથી અમો અને અમારા પરિવારે તેની સાથેના તમામ સંબંધો કાપી નાંખેલ છે અને આજરોજ અમારી સ્થાવર તથા જંગમ મિલકતમાંથી તેને બેદખલ કરેલ છે. અને આજ પછી અમારો કે અમારા પરિવારનો તેની સાથે કોઈપણ પ્રકારનો સંબંધ કે લેવાદેવા નથી જેથી આજ પછી અમારા કે અમારા કુટુંબના સભ્યોના નામે કે વતી તેની સાથે કોઈપણ સગા-સંબંધી કે ત્રાહિત વ્યક્તિએ કોઈપણ પ્રકારનો આર્થિક કે નાણાંકીય, સામાજિક કે અન્ય કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવો કરાવવો નહીં અને તેમ છતાં કોઈપણ વ્યક્તિ કે સંસ્થા આવો કોઈપણ વ્યવહાર તેની સાથે કરશે તો તે અંગેની અમો કે અમારા કુટુંબની કોઈ જવાબદારી રહેશે નહીં અને તેણી સાથે કરેલા કોઈપણ કૃત્ય માટે અમારી કે અમારા પરિવારની જવાબદારી રહેશે નહીં તો આ અંગેની જાહેર જનતાએ તથા સગા-સંબંધીઓએ નોંધ લેવી.

અમદાવાદ
તારીખ : ૦૧-૦૮-૨૦૨૨
ઈલ્યાસ ઉસ્માનભાઈ શેખ
મારી સૂચના અને ફરમાઈશથી

સઈદએહમદ એમ.શેખ (એડવોકેટ)
૬, પહેલે માળ, નવરંગા કોમ્પલેક્ષ, પીર કમાલ ચાર રસ્તા, દાણીલીમડા, અમદાવાદ

પરિશિષ્ટ IV
જુઓ નિયમ 8(1)
કબ્જા નોટિસ
(સ્થાવર મિલકત માટે)

જે અંતર્ગત,
નીચે સહી કરનાર, કે જે સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટ્રેસ્ટ એક્ટ 2002 હેઠળ **ઈન્ડિયાબુલ્સ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ**ના અધિકૃત અધિકારી છે અને કલમ 13(12) ના વાંચન સાથે સિક્યુરીટી ઈન્ટ્રેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ 2002 ના નિયમ 3 હેઠળ આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરતા 27.09.2021 ના રોજ ડિમાન્ડ નોટિસ જારી કરવામાં આવી છે. [illegible] લોન ખાતું નં. HHLMEH00476337 [illegible] 24.09.2021 ની વ્યાજ દરે રૂ.10,71,301.04 [illegible] ટ્રસ્ટ- સેક્શન 439, ટ્રસ્ટ ના ટ્રસ્ટી તરીકે તારીખ 30.09.2021 ના અસાઈનમેન્ટ કરાર દ્વારા સોંપવામાં આવ્યા છે.
[illegible] તારીખ 28.07.2022 ના રોજ લેવામાં આવ્યો છે.
[illegible] રૂ. 10,71,301.04 [illegible] 24.09.2021 [illegible] ટ્રસ્ટ- સેક્શન 439 ના ટ્રસ્ટી તરીકે હકને આધીન રહેશે.
[illegible] કલમ 13 ની પેટા કલમ (8) ની જોગવાઈ મુજબ [illegible] (આમંત્રિત) કરવામાં આવે છે.

સ્થાવર મિલકતનું વર્ણન
[illegible] ફ્લેટ નં. બી-505, [illegible] ગાંધીનગર, ગુજરાત -382845.

સહી/-
અધિકૃત અધિકારી
તારીખ : 28.07.2022
સ્થળ : ગાંધીનગર
[illegible] ટ્રસ્ટ- સેક્શન 439 ના ટ્રસ્ટી

પરિશિષ્ટ IV
જુઓ નિયમ 8(1)
કબ્જા નોટિસ
(સ્થાવર મિલકત માટે)

જે અંતર્ગત,
નીચે સહી કરનાર, કે જે સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટ્રેસ્ટ એક્ટ 2002 હેઠળ **ઈન્ડિયાબુલ્સ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ**ના (CIN: L65922DL2005PLC136029) અધિકૃત અધિકારી છે અને કલમ 13(12) ના વાંચન સાથે સિક્યુરીટી ઈન્ટ્રેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ 2002 ના નિયમ 3 હેઠળ આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરતાં 08.12.2012 ના રોજ ડિમાન્ડ નોટિસ જારી કરવામાં આવી છે. [illegible] લોન ખાતું નં. HHLAHE00394887 [illegible] 26.11.2021 ની વ્યાજ દરે રૂ. 22,45,115.95 [illegible]
[illegible] તારીખ 27.07.2022 ના રોજ લેવામાં આવ્યો છે.
[illegible] રૂ. 22,45,115.95 [illegible] 26.11.2021 [illegible] **ઈન્ડિયાબુલ્સ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ**ના હકને આધીન રહેશે.
[illegible] કલમ 13 ની પેટા કલમ (8) ની જોગવાઈ મુજબ [illegible] (આમંત્રિત) કરવામાં આવે છે.

સ્થાવર મિલકતનું વર્ણન
[illegible] ફ્લેટ નં. બી -1208, [illegible] 714 ચો. ફીટ, અમદાવાદ-380058, ગુજરાત.
આ રીતે બંધાયેલ:-
પૂર્વ દિશામાં અથવા પર : ફ્લેટ નં. બી-1207
પશ્ચિમ દિશામાં અથવા પર : [illegible] રોડ
ઉત્તર દિશામાં અથવા પર : ફ્લેટ નં. બી -1209
દક્ષિણ દિશામાં અથવા પર : બ્લોક - સી

સહી/-
અધિકૃત અધિકારી
તારીખ : 27.07.2022
સ્થળ : અમદાવાદ
ઈન્ડિયાબુલ્સ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ

સીક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીક્યોરિટી ઈન્ટ્રેસ્ટ એક્ટ, 2002 (કાયદો) ની કલમ 13(2) અન્વયે સૂચના

ક્ર. નં.	કરજદાર (રો)ના નામ (ક)	ગીરો મુકેલી મિલકતની વિગતો (ખ)	એનપીએ તારીખ (ગ)	બાકી રકમ (રૂ.) (ઘ)
1	લોન એકાઉન્ટ નં.S002OXXI-02 [illegible] HLLAAHE00445386) 1. [illegible] 2. [illegible] 3. [illegible] 4. [illegible]	[illegible] 32 [illegible] ટી.પી.સ્કિમ નં. 1/B [illegible] પ્લોટ નં.151, સર્વે નં.320/1 [illegible] અમદાવાદ -380054, ગુજરાત	08.05.2021	રૂ. 11,86,64,677/- [illegible] 05.07.2022 ના રોજ
2	લોન એકાઉન્ટ નં.S002OXXI-01 [illegible] HLLAAHE00484215) 1. [illegible] 2. [illegible] 3. [illegible] 4. [illegible]	[illegible] 32 [illegible] ટી.પી.સ્કિમ નં. 1/B [illegible] પ્લોટ નં.151, સર્વે નં.320/1 [illegible] અમદાવાદ -380054, ગુજરાત	23.08.2021	રૂ. 2,39,88,092/- [illegible] 05.07.2022 ના રોજ

[illegible]

સ્થળ : અમદાવાદ
સહી/-
અધિકૃત અધિકારી
[illegible]

૨ વર્ષ પછી રેલવે હવે તમામ ટ્રેનો ફરીથી શરૂ કરશે

(એજન્સી) તા.૧

ભારતીય રેલવેએ કોવિડ-૧૯ના ફેલાવાને રોકવા માટે ૨૦૨૦ની શરૂઆતમાં તેના દ્વારા બંધ કરવામાં આવેલી ૫૦૦ પેસેન્જર ટ્રેનો ફરીથી શરૂ કરવાનો નિર્ણય લીધો છે. રેલવે બોર્ડે ઝોનલ રેલવેને રોગચાળાને કારણે બંધ કરાયેલી તમામ ટ્રેનોની સેવાઓ ફરીથી શરૂ કરવાનો નિર્દેશ આપ્યો છે. હાલમાં, રેલવે કોવિડ પહેલાના સમયગાળા દરમિયાન ૨,૮૦૦ ટ્રેનોના સ્થાને માત્ર ૨,૩૦૦ પેસેન્જર ટ્રેનો ચલાવે છે. જે ૫૦૦ ટ્રેનો બે અઠવાડિયામાં ફરી શરૂ થશે તેમાંથી ૧૦૦ ટ્રેનો એક્સપ્રેસ અને મેલ અને ૪૦૦ આંતર-શહેર પેસેન્જર ટ્રેન હશે. ૧૦૦ લાંબા અંતરની મેલ અને એક્સપ્રેસ ટ્રેનો ફરી શરૂ થવાથી ૩૦૦ શહેરોના મુસાફરોને સરળતા થશે જ્યારે ૪૦૦ આંતર-શહેર પેસેન્જર ટ્રેનો શરૂ થવાથી ૧૫૦થી વધુ શહેરોના મુસાફરોને મદદ મળશે. દરમિયાન, રેલવેએ એમ પણ કહ્યું હતું કે ખાનગી ઓપરેટરો દ્વારા નિયમિત પેસેન્જર ટ્રેનો ચલાવવાની તેની

કોઈ યોજના નથી. રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવે લોકસભામાં માહિતી આપતા કહ્યું કે હાલમાં ખાનગી ઓપરેટરો દ્વારા નિયમિત પેસેન્જર ટ્રેનો ચલાવવાની કોઈ યોજના નથી. આ અગાઉ, રેલવેએ અમુક રૂટ ખાનગી પક્ષોને સોંપવાની યોજના બહાર પાડી હતી. ભારતીય રેલવેએ તેના નેટવર્ક પર તબક્કાવાર ખાનગી ટ્રેનો શરૂ કરવાની યોજના બનાવી છે, જેમાં પ્રથમ ૩૪ ટ્રેનો ૨૦૨૩-૨૪ નાણાકીય વર્ષમાં દોડવાનું શરૂ થશે અને ૨૦૨૭ સુધીમાં ૧૫૧ ટ્રેનો ખાનગી ઓપરેટરો દ્વારા શરૂ કરવામાં આવશે. જો કે, ખાનગી કંપનીઓના નબળા પ્રતિસાદથી રેલવેએ આ દરખાસ્તને હાલમાં સ્થગિત કરી દીધી હતી.

ભારત અને ઓમાન દ્વારા રાજસ્થાનમાં ૧૩ દિવસીય સૈન્ય અભ્યાસનું આયોજન

(એજન્સી) તા.૧

ભારત અને ઓમાન સોમવારથી લગભગ બે સપ્તાહની એક લશ્કરી કવાયત શરૂ કરશે, જેમાં આતંકવાદ વિરોધી સહયોગ પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. 'અલ નજહ-IV' નામ સાથે આ કવાયત ૧થી ૧૩ ઓગસ્ટ દરમિયાન રાજસ્થાનમાં મહાજન ફીલ્ડ ફાયરિંગ રેન્જમાં યોજવામાં આવશે. ઓમાનની રોયલ આર્મીની ૬૦ સભ્યોની ટીમ આ કવાયતના સ્થળે પહોંચી ગઈ છે. સંરક્ષણ મંત્રાલયે કહ્યું છે કે સંયુક્ત સૈન્ય અભ્યાસનો ઉદ્દેશ્ય દ્વિપક્ષીય સંરક્ષણ સહયોગના સ્તરને વધારવા માટે છે. આ કવાયતમાં ભારતીય સેનાનું પ્રતિનિધિત્વ ૧૮ મિકેનાઇઝ્ડ ઇન્ફન્ટ્રી બટાલિયનના સૈનિકો દ્વારા કરવામાં આવશે. આ કવાયતનું અગાઉ આયોજન માર્ચ ૨૦૧૯માં મસ્કતમાં કરવામાં આવ્યું હતું. સંરક્ષણ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ભારતીય સૈન્ય અને ઓમાનની રોયલ આર્મીની ટુકડીઓ

વચ્ચે ભારત-ઓમાન સંયુક્ત સૈન્ય અભ્યાસ 'અલ નજહ-IV'ની ચોથી આવૃત્તિ ૧થી ૧૩ ઓગસ્ટ દરમિયાન મહાજન ફિલ્ડ ફાયરિંગ રેન્જના ફોરેન ટ્રેનિંગ નોડ ખાતે યોજવામાં આવી રહી છે. તેણે જણાવ્યું હતું કે આ કવાયતમાં વ્યાવસાયિક ક્રિયાપ્રતિક્રિયા, કવાયત અને પ્રક્રિયાઓની પરસ્પર સમજણ, સંયુક્ત કમાન્ડ અને કંટ્રોલ સ્ટ્રક્ચર્સની સ્થાપના અને આતંકવાદી જોખમોને નાબૂદ કરવાનો સમાવેશ થાય છે. આ સંયુક્ત કવાયત સંયુક્ત શારીરિક તાલીમ શિડ્યુલ, વ્યૂહાત્મક કવાયત, તકનીકો અને પ્રક્રિયાઓનું આયોજન કરવા ઉપરાંત તેમાં સંયુક્ત રાષ્ટ્રના ચાર્ટર હેઠળ આતંકવાદ વિરોધી કામગીરી, પ્રાદેશિક સુરક્ષા કામગીરી અને શાંતિ ઓપરેશન્સ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

નવ કલાકથી ઓછી ઊંઘ લેતાં બાળકોમાં ગંભીર માનસિક સમસ્યાઓ ઊભી થઈ શકે છે : અભ્યાસ

(એજન્સી) તા.૧

એક નવા અભ્યાસ મુજબ, દિવસમાં નવ કલાકથી ઓછી ઊંઘ લેવાથી જ્ઞાનાત્મક ક્ષતિ, માનસિક સમસ્યાઓ અને મગજના અમુક ભાગોમાં ઓછી કામગીરી થાય છે. લેન્સેટ ચાઈલ્ડ એન્ડ એડોલસેન્ટ હેલ્થ જર્નલમાં પ્રકાશિત થયેલા આ અભ્યાસ મુજબ, પ્રાથમિક શાળામાં જતાં હોય તે વયના બાળકો જેઓ રાત્રે નવ કલાકથી ઓછી ઊંઘ લે છે તેમના મગજના અમુક ભાગોમાં યાદશક્તિ, બુદ્ધિ અને સુખાકારી માટે જવાબદાર રસાયણોનો અન્ય લોકોની સરખામણીમાં નોંધપાત્ર તફાવત હોય છે. યુનિવર્સિટી ઓફ મેરીલેન્ડ સ્કૂલ ઓફ મેડિસિન (યુએમએસઓએમ)ના સંશોધકોની આગેવાની હેઠળ કરવામાં આવેલા આ નવા અભ્યાસ અનુસાર, રાત્રે નવથી ૧૨ કલાકની ઊંઘની ભલામણ કરવામાં આવી છે. આવા તફાવતો વધુ માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓ સાથે સંકળાયેલા છે, જેમ કે ઉદાસીનતા, ચિંતા અને આવેગજન્ય વર્તણૂકો, જે ઊંઘના અભાવને લીધે હોય છે. અપૂરતી ઊંઘને લીધે યાદશક્તિ, સમસ્યાનું નિરાકરણ અને નિર્ણય લેવાની સાથે જ્ઞાનાત્મક મુશ્કેલીઓ પણ ઊભી થઈ શકે છે. આ તારણો જર્નલમાં પ્રકાશિત



થયા હતા. અમેરિકન એકેડેમી ઓફ સ્લીપ મેડિસિન ભલામણ કરે છે કે દર્થી ૧૨ વર્ષની વયના બાળકોના શ્રેષ્ઠ સ્વાસ્થ્ય માટે અને તેઓને પ્રોત્સાહન આપવા માટે નિયમિત ધોરણે તેઓના માટે દરરોજ ૯થી ૧૨ કલાકની ઊંઘ જરૂરી છે. અત્યાર સુધી, કોઈ અભ્યાસમાં કિશોરાવસ્થા પહેલાના ન્યુરોકોગ્નિટિવ વિકાસ પર અપૂરતી ઊંઘની લાંબા સમય સુધી ચાલતી અસરની તપાસ કરવામાં આવી નથી.

બુકર-વિજેતા લેખિકા ગીતાંજલિ શ્રી વિરુદ્ધ પોલીસ ફરિયાદની જાણીતા હિન્દી લેખકોએ ટીકા કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧

ઉત્તર પ્રદેશમાં લેખક ગીતાંજલિ શ્રી ની પાંડેને નિશાન બનાવવા અને તેણીની સામે એફઆઈઆર નોંધવાના પ્રયાસની ઘણા જાણીતા હિન્દી સાહિત્યકારો અને લેખકોએ ટીકા કરી છે અને તેને ભયજનક અને શરમજનક ગણાવી છે. શ્રીએ ભારતીય સાહિત્યનું નામ રોશન કર્યું છે જ્યારે તેમની કૃતિ, રેત સમાધિ (ટોમ્બ ઓફ સેન્ડ)નો અંગ્રેજી અનુવાદ આ વર્ષે પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય બુકર પુરસ્કાર જીતનારી પ્રથમ હિન્દી ભાષાની નવલકથા બની હતી. હાથરસના રહેવાસી દ્વારા ગીતાંજલિ શ્રી વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી જેણે દાવો કર્યો હતો કે તેમના પુસ્તક રેત સમાધિએ હિંદુ ભાવનાઓને ઠેસ પહોંચાડી છે. જો કે, હિન્દી લેખકો, જેઓ શ્રીને વર્ષોથી ઓળખે છે અને તેમની કૃતિઓ વાંચી ચૂક્યા છે તેઓ માને છે કે આ માત્ર અત્યંત નીચા ક્રમનું રાજકારણ છે. તેઓ એ પણ નિર્દેશ કરે છે કે તેણીએ આંતરરાષ્ટ્રીય પ્રશંસા મેળવી એ પછી, સરકારમાં કોઈએ તેણીને અભિનંદન આપ્યા ન હતા. તેના બદલે, તેણીને સોશિયલ મીડિયા પર ગેરવાજબી રીતે નિશાન બનાવવામાં આવી હતી અને ઘણા કટ્ટરવાદીઓએ તેના પર હુમલો કર્યો હતો કારણ કે, તેણીએ જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીમાંથી પોસ્ટ ગ્રેજ્યુએશન કર્યું હતું. જાણીતા હિન્દી કવિ અને લેખક ભરત તિવારીએ જણાવ્યું હતું કે, જ્યારે ગીતાંજલિ શ્રીની વાત આવે છે, ત્યારે અમે જોયું છે કે તેણીને બુકર મળ્યું ત્યારથી, અને તે આ પુરસ્કાર મેળવનાર હિન્દીમાં પ્રથમ લેખિકા બની હતી, ત્યારે ન તો વડા પ્રધાન અને ન તો યુપીના મુખ્યમંત્રીએ તેણીને અભિનંદન આપ્યા નથી. વાસ્તવમાં, સોશિયલ મીડિયા પર, અમે તેના વિરુદ્ધ ઘણી નફરત જોઈ છે. તેણીને 'JNU ગેંગ'ના ભાગ તરીકે વર્ણવવામાં આવી હતી. રાજ્યના વલણને દરેક વ્યક્તિ જાણે છે. તેઓ તકની શોધમાં હતા, તેણીને નિશાન બનાવવા અને વિવાદ ઉભો કરવા માટે કંઈક શોધમાં હતા. તેમણે એફઆઈઆરની નોંધણીનો ઉલ્લેખ કરતા કહ્યું કે, જેના કારણે તેણીનો એક સન્માન કાર્યક્રમ રદ થયો છે. તિવારીએ ઉમેર્યું કે, 'જે લોકો રાજ્યની પરંપરાના વિચારને અનુસરતા નથી તેઓ રાષ્ટ્રવિરોધી બની જાય છે. આ એવો સમય છે જ્યારે લોકોની લાગણીઓને ખૂબ જ સરળતાથી ઠેસ પહોંચે છે. તે દુઃખદ છે. આપણી પાસે બે પરંપરાઓ છે - એક આપણી હિન્દુસ્તાની પરંપરા અને બીજી આજની સત્તાઓની પરંપરા. તેથી જે કોઈ રાજ્યને 'વાસ્તવિક પરંપરા અને સંસ્કૃતિ' માને છે તેના પરિમાણમાં કોઈ કામ ન કરે તો તેને રાષ્ટ્રવિરોધી તરીકે ઓળખવામાં આવે છે. લેખક-કવિએ કહ્યું કે, તે ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ છે કે જ્યારે આટલા મોટા પુરસ્કારને હિન્દી સાહિત્યમાં એક અગત્યની ઉપલબ્ધિ ગણવી જોઈએ, ત્યારે આપણે ક્ષુદ્ર રાજકારણમાં તે તક ગુમાવી રહ્યા છીએ. આ એક એવી ક્ષણ છે જ્યાં આપણે હિન્દીને એક અલગ સ્તર પર લઈ જઈ શકીએ છીએ, પરંતુ આપણે એક અલગ દિશામાં આગળ વધી રહ્યા છીએ. પત્રકાર અને લેખિકા મૃણાલ પાંડેએ કહ્યું કે તે ચોંકાવનારું છે કે શ્રીને નિશાન બનાવવા માટે આવા નાના મુદ્દાનો ઉપયોગ કરવામાં આવ્યો છે. હું ખરેખર આનાથી આશ્ચર્યચકિત છું કારણ કે હું ગીતાંજલિ શ્રીના લખાણોની લાંબા સમયથી પ્રશંસક છું અને તે એક તેજસ્વી વ્યક્તિ છે અને હિન્દી અને અન્ય ભાષાઓમાં શ્રેષ્ઠ લેખકો પૈકી એક છે. તેણીએ માત્ર ભારતમાં જ નહીં, વિદેશમાં પણ પ્રશંસા અને આદર મેળવ્યા છે જેના માટે તેણી પાત્ર છે. હિન્દી દૈનિક હિન્દુસ્તાનના ભૂતપૂર્વ એડિટર-ઇન-ચીફએ કહ્યું હતું કે, મને ખરેખર આશ્ચર્ય થાય છે કે આટલા સૌમ્ય સ્વભાવના વ્યક્તિ સાથે આવું વર્તન કરવામાં આવી રહ્યું છે અને તે બધી ભાષાઓના તમામ લેખકો માટે

સામૂહિક ચિંતાનો વિષય છે. હું આશા રાખું છું કે તેઓ શક્ય તેટલી વહેલી તકે તેનું નિવારણ કરશે કારણ કે તેણી હિન્દી સાહિત્યના સૌથી અગ્રણી લેખકો પૈકી એક છે. આવા પગલાની હિન્દી સાહિત્ય પર ખરાબ અસર થશે. તેમણે ગીતાંજલિ સામેની કાર્યવાહીને ધિક્કારપાત્ર ગણાવી હતી. તેણીએ કહ્યું કે, અભણ લોકો, અને સાહિત્યિક અભિવ્યક્તિઓથી અજાણ લોકો આવી ફરિયાદો કરે છે. લેખક અને જનસત્તાના ભૂતપૂર્વ સંપાદક, ઓમ થાનવીએ જણાવ્યું હતું કે, દુર્ભાગ્યે આપણા દેશમાં ઘણા લોકો અભણ છે, એટલે કે તેઓ શિક્ષિત નથી અથવા શાળાએ ગયા નથી, પરંતુ શિક્ષણ પ્રાપ્ત કરવા છતાં તેઓ અજ્ઞાન રહે છે અથવા તેમની પાસે સમજ નથી. સાહિત્ય એ વિવિધ કલાઓની અભિવ્યક્તિની વિવિધ રીતો પૈકી એક છે. તેમણે કહ્યું કે, નૂપુર શર્મા અથવા યતિ નરસિંહાનંદ જે કહે છે તે રાજકીય પ્રકૃતિ હોઈ શકે છે, પરંતુ સાહિત્યમાં જે કહેવામાં આવે છે તેને સમાન ગણી શકાય નહીં. મેં ગીતાંજલિ શ્રી દ્વારા પુરસ્કાર વિજેતા પુસ્તક વાંચ્યું છે અને મને તેમાં વાંધાજનક અથવા વિવાદનું કારણ બની શકે તેવું કંઈ મળ્યું નથી. વધુમાં, તેમણે કહ્યું કે, જ્યારે હું ઇન્ડિયન એક્સપ્રેસ જૂથના હિન્દી દૈનિક જનસત્તાનો સંપાદક હતો, ત્યારે તે અમારા માટે નિયમિતપણે લેખ લખતી હતી. વિવાદાસ્પદ કે ઉશ્કેરણીજનક લખવું તેના સ્વભાવમાં નથી. મેં તેણીને ક્યારેય રાજકીય, સાંપ્રદાયિક અથવા ધાર્મિક મુદ્દાઓ પર લખતા જોયા નથી. તેથી, જેણે તેની સામે ફરિયાદ કરી છે તે દેખીતી રીતે સાહિત્યને સમજી શકતો નથી. થાનવીએ કહ્યું કે તે ખરેખર દુર્ભાગ્યપૂર્ણ છે કે કેટલાક લોકો સોશિયલ મીડિયા પર શ્રી પર હુમલો પણ કરી રહ્યા છે. તે એક લેખિકા છે જે ચૂપચાપ કામ કરવામાં માને છે. તેણીની વિચારસરણી પ્રગતિશીલ હોઈ શકે છે, પરંતુ તેણીએ ક્યારેય સાહિત્યનો ઉપયોગ સક્રિયતાના સાધન તરીકે અથવા તેની વિચારધારાને પ્રોત્સાહન આપવા માટે કર્યો નથી. લેખક વિરુદ્ધ આવી કાર્યવાહી દર્શાવે છે કે દેશમાં સાંપ્રદાયિકતા વધી રહી છે. પ્રતિષ્ઠિત બુકર પ્રાઈઝ એવોર્ડ માટે ગીતાંજલિની પસંદગી કરવામાં આવી ત્યારે સરકારે તેમને અભિનંદન આપ્યા ન હતા તે અંગે, તેમણે કહ્યું કે, આ ઉજવણીની ક્ષણ હતી પરંતુ વડા પ્રધાને તેમને અભિનંદન આપ્યા ન હતા અને ન તો તેમના સ્ટાફે પ્રશંસાના શબ્દો કહ્યા હતા. અને પછી, જ્યારે ભારતીય સમાજ તેના કામને માન આપે છે, તેણીને આમંત્રણ આપે છે, તેણીનું સન્માન કરે છે, ત્યારે તેઓ તેને પણ નિષ્ફળ કરવાનો પ્રયાસ કરે છે. આ દર્શાવે છે કે સંકુચિતતા અને સાંપ્રદાયિકતા કેવી રીતે દેશમાં ફેલાઈ રહી છે.

CVCથી લઈને લોકપાલ, આવી સંસ્થાઓ લગભગ અદૃશ્ય થઈ રહી છે, જે લોકશાહીના પતન તરફ દોરી જઈ શકે છે : ૮ ઉદાહરણો

(એજન્સી) તા.૧

ભારતમાં કાયદા પંચ છે, તે કાયદાના જટિલ મુદ્દાઓ પર સરકારને સલાહ આપે છે અને સમાજને અસર કરતા વધુ કાયદાકીય મુદ્દાઓ પર વિચાર કરવામાં સરકારને મદદ કરે છે. ૨૨મું કાયદા પંચ, જેને ૨૦૨૦માં સૂચિત કરવામાં આવ્યું હતું, તેની ત્રણ વર્ષની મુદત પૂરી થઈ રહી છે. પરંતુ ખરા અર્થમાં આ કમિશન અસ્તિત્વમાં નથી. ૨૨મા કાયદા પંચમાં ક્યારેય અધ્યક્ષ, સભ્ય કે પાર્ટ-ટાઇમ સભ્ય ન હતા. આ દર્શાવે છે કે ભારતમાં આવી સંસ્થાઓને કેવી રીતે નષ્ટ કરવામાં આવી રહી છે. આ સંસ્થાઓ સરકાર પર નજર રાખે છે જેથી તે રાજાશાહી અથવા સરમુખત્યારશાહી અને સલ્તનતની જેમ સરકાર કામ ન કરે. આવી મહત્વપૂર્ણ સંસ્થાઓ વિશાળ અને જટિલ લોકશાહીના સંસ્થાકીય સ્તંભો કેવી રીતે કાર્ય કરે છે અને કેવી રીતે કામ કરી શકતી નથી તે દસ્તાવેજીકૃત કરવું મુશ્કેલ છે.

- મહત્વની સંસ્થાઓમાં 'ખાલી જગ્યાઓ'ની પ્રકૃતિ સૂચવે છે કે ૨૨મા કાયદા પંચને ૨૦૨૦માં સૂચિત કરવામાં આવ્યું હતું અને તેની ત્રણ વર્ષની મુદત હવે તેના અંતને આરે છે, પરંતુ તે વર્ચ્યુઅલ રીતે તે અસ્તિત્વમાં નથી.
- CVC વિશે વાત કરીએ તો, સુરેશ એન પટેલ એકમાત્ર કાર્યકારી સેન્ટ્રલ વિજિલન્સ કમિશનર છે. બાકીની બે જગ્યાઓ ૨૦૨૦થી ખાલી પડી છે.
- લોકપાલમાં પણ માત્ર શોભાના અધ્યક્ષ એટલે કે કાર્યકારી અધ્યક્ષ છે, જેમને ૨૮ મે ૨૦૨૨ના રોજ તેની જવાબદારી સોંપવામાં આવી હતી. અહીં પણ મહત્વની જગ્યાઓ ખાલી છે. ૪ પૈકી ૨ ન્યાયિક સભ્યની જગ્યાઓ ખાલી છે.
- કોઈ સંસ્થા અથવા એજન્સીના વડાને મહત્વના હોદ્દા પર લાંબા સમય સુધી મૂકવામાં આવવાથી તે સંસ્થા/એજન્સી, તેના/તેણીના જુનિયર અને ટીમમાં લોકોમાં વિશ્વાસ ઓછો થાય છે. પરંતુ હાલમાં સીબીઆઈ અને ઈડી બંને પાસેના ડાયરેક્ટર એવા છે જેઓ એક્સટેન્શન પર કામ કરી રહ્યા છે.
- ગંભીર તપાસ માત્ર 'પોલિસીના પેરાલિસિસ' (યોજનાની અપંગતા) વિશે જ નથી પરંતુ તે કેન્દ્રીકરણની ખતરનાક રાજનીતિનું પરિણામ છે.

નેશનલ કમિશન ફોર પ્રોટેક્શન ઑફ ચાઈલ્ડ રાઈટ્સ (NCPCR) અને માનવ અધિકાર પંચ કેવી રીતે કાર્યકારી સાધનો તરીકે કાર્ય કરી રહ્યા છે તેનું વિગતવાર વિશ્લેષણ અહીં આપવામાં આવ્યું છે. તેઓ કોઈપણ રીતે સરકાર સામે પ્રશ્નો ઉભા કરતા નથી. આ બંને કમિશન શાસક પક્ષ અને તેના રાજકીય એજન્ડાને આગળ વધારવા માટે કામ કરી રહ્યા છે. તે સૂચવે છે કે તેઓ જે કાર્યો કરવા માગે છે, જેમ કે એક વોચડોગ તરીકે કામ કરવું અને ત્રીજા અમ્પાયર અને રેફરી તરીકે કામ કરવું, જે જીવંત લોકશાહી માટે જરૂરી હોવાનું માનવામાં આવે છે, તે હેતુ પરિપૂર્ણ થયો નથી. આ એક એક્ઝિક્યુટિવ્સ સ્વતંત્રતા છે. આવી માત્ર નામની સંસ્થાઓની લાંબી યાદી છે અન્ય એવી કઈ પ્રીમિયર સંસ્થાઓ છે જ્યાં ખાલી જગ્યાઓ છે ? પ્રથમ, ગયા વર્ષે ૯ સપ્ટેમ્બર ૨૦૨૧ના રોજ એક અકસ્માતમાં જનરલ બિપિન રાવતના કમનસીબ મૃત્યુને આઠ મહિનાથી વધુ સમય વીતી ગયો છે પરંતુ ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (CDS)નું સ્થાન હજુ પણ ખાલી છે. અમને જણાવવામાં આવ્યું હતું કે, સીડીએસની પોસ્ટ ખૂબ જ મહત્વપૂર્ણ છે અને સમગ્ર સંરક્ષણ માળખું ફરીથી ગોઠવવામાં આવી રહ્યું છે. અગ્નિવીર યોજના, જેના લીધે તાજેતરમાં ભારે વિરોધ થયો હતો, તે સીડીએસના એકંદર રોલઆઉટની જવાબદારી લીધા વિના કોઈપણ પાયલોટ પ્રોજેક્ટ અથવા ચર્ચા વિના અમલમાં મૂકવામાં આવી હતી. બીજું, જો આપણે CVC એટલે કે સેન્ટ્રલ વિજિલન્સ કમિશન વિશે વાત કરીએ, તો સુરેશ એન પટેલ એકમાત્ર કાર્યકારી સેન્ટ્રલ વિજિલન્સ કમિશનર છે. બાકીની બે જગ્યાઓ ૨૦૨૦થી ખાલી પડી છે. આ કમિશનની સ્થાપના સરકારના પ્રસ્તાવ પર ૧૯૬૪માં કરવામાં આવી હતી, જેને ૨૦૦૩માં સ્વતંત્ર વૈધાનિક સંસ્થાનો દરજ્જો આપવામાં આવ્યો હતો. ટોચની ૪ તકેદારી સંસ્થા તરીકે, તેની જવાબદારી ભ્રષ્ટાચાર સામે લડવાની અને જાહેર વહીવટ અને શાસન પ્રક્રિયાઓમાં અખંડિતતાને સુનિશ્ચિત કરવાની છે. ત્રીજું, લોકપાલમાં માત્ર 'એક્ટિંગ' (દેખાવના) અધ્યક્ષ છે, એટલે કે કાર્યકારી અધ્યક્ષ, જેમને ૨૮ મે ૨૦૨૨ના રોજ આ પદની જવાબદારી સોંપવામાં આવી હતી. અહીં પણ મહત્વની જગ્યાઓ ખાલી છે. ન્યાયિક સભ્યની ૪માંથી ૨ જગ્યાઓ ખાલી છે. લોકપાલ પોતાને જાહેર કાર્યકર્તાઓ સામેના ભ્રષ્ટાચારના આરોપોની તપાસ કરવા માટે સ્વતંત્ર ભારતમાં તેના પ્રકારની પ્રથમ સંસ્થા તરીકે વર્ણવે છે. તેની સ્થાપના લોકપાલ અને લોકાયુક્ત અધિનિયમ, ૨૦૧૩ હેઠળ કરવામાં આવી છે. અલ્હાબાદ હાઈકોર્ટના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ દિલીપ બી ભોસલે લોકપાલના ચાર ન્યાયિક સભ્યો પૈકી હતા જેમની નિમણૂક માર્ચ ૨૦૧૯માં કરવામાં આવી હતી. પરંતુ જસ્ટિસ ભોસલેએ શપથ લીધાના નવ મહિનામાં જ પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું હતું. તેમણે ધ પ્રિન્ટને જણાવ્યું હતું કે, મને લાગતું હતું કે હું માત્ર મારો સમય વેડફી રહ્યો હતો... હું સંપૂર્ણપણે નિષ્ક્રિય હતો... તેના ઉદ્દેશ્યો મેળવવામાં નિષ્ફળ જશે તો આવી સંસ્થાનો કોઈ અર્થ નથી. ચોથું, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)ની જવાબદારી મની લોન્ડરિંગ અને ફોરેન એક્સચેન્જ એક્ટના ઉલ્લંઘનના કેસોની તપાસ કરવાની છે. આ અઠવાડિયે સંસદમાં જાહેર

થયા મુજબ, ૧૭ વર્ષમાં ED હેઠળ નોંધાયેલા બે તૃતીયાંશથી વધુ કેસ માટે મોદી સરકાર જવાબદાર છે. EDનો ઉપયોગ નોંધપાત્ર રીતે વધ્યો છે અને તે નિયમિતપણે સમાચારોમાં રહે છે, ખાસ કરીને જ્યારે ભાજપના રાજકીય હરીફો વિરુદ્ધ કામગીરી કરવામાં આવે છે. ED દ્વારા માત્ર વિરોધી રાજકીય નેતાઓને નિશાન બનાવવું એ માત્ર સંયોગ ન હોઈ શકે. સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ) અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ના પાંચ, ગૃહ અને સંરક્ષણ સચિવો અને નિર્દેશકોને ૨૦૦પના નિયમો અનુસાર બે વર્ષનો સમય આપવામાં આવે છે, પરંતુ આ સંસ્થાઓ એક વિચિત્ર સિન્ડ્રોમ સાથે ઝઝૂમી રહી છે, જે સિન્ડ્રોમ 'એક્સ્ટેંશન' છે. કોઈ સંસ્થા કે એજન્સીના વડાને મહત્વના હોદ્દા પર લાંબા સમય સુધી મૂકવાથી તે સંસ્થા/એજન્સી, તેના/તેણીના જુનિયર અને ટીમમાં લોકોમાં વિશ્વાસ ઓછો થાય છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)ના ડિરેક્ટર સંજય કુમાર મિશ્રા ૨૦૨૦માં નિવૃત્ત થયા, પરંતુ તેઓ એક્સ્ટેંશન પર રહીને આ પદ પર રહ્યા છે. ૨૦૨૧માં, સુપ્રીમ કોર્ટે આદેશ આપ્યો હતો કે મિશ્રાને વધુ એક્સ્ટેંશન આપવામાં ન આવે, પરંતુ તેમ છતાં, તેમને વધુ એક્સ્ટેંશન આપવામાં આવ્યું હતું. લાંબા સમય સુધી સેવા આપ્યા પછી તરત જ, તેઓ મોદી સરકાર દ્વારા લાવવામાં આવેલા વિવાદાસ્પદ વટહુકમના પ્રથમ લાભાર્થી બન્યા હતા. છઠ્ઠુ, રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગ (RAW)ના વડા સમર્થ ગોયલ પણ એક વર્ષના એક્સટેન્શન પર છે. RAWએ માહિતી અને સુરક્ષા માટે સંસ્થાકીય માળખાનો એક મહત્વપૂર્ણ ઘટક છે. સાત, દેશના ટોચના નાણાકીય નિરીક્ષક ભારતના કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ (CAG)ની ઓફિસ છે. ધ ન્યૂ ઈન્ડિયન એક્સપ્રેસ દ્વારા આરટીઆઈ એક્સેસ અનુસાર CAGના અહેવાલો તેમના બેન્ચમાર્ક પરફોર્મન્સને અનુરૂપ ન હતા. ૨૦૧૫માં મોદી સરકાર સત્તામાં આવ્યાના એક વર્ષ બાદ કેગનો રિપોર્ટ યોગ્ય રીતે આવતો હતો. પરંતુ થોડા વર્ષો પછી પરિસ્થિતિ બદલાઈ ગઈ હતી અને ૨૦૧૭માં આ એજન્સી (CAG)એ ૮ સંરક્ષણ ઓડિટ અહેવાલો સબમિટ કર્યા હતા, ૨૦૨૦માં આ સંખ્યા શૂન્ય (૦) પર આવી ગઈ હતી. ૨૦૧૪ના ત્રણ વર્ષ પહેલા વડાપ્રધાન મનમોહન સિંહના કાર્યકાળ દરમિયાન કેગે ૨૦૧૧માં ૩૯, ૨૦૧૨માં ૨૬ અને ૨૦૧૩માં ૩૪ રિપોર્ટ ફાઈલ કર્યા હતા. ૨૦૧૪માં આ આંકડો વધીને ૩૭ થઈ ગયો હતો અને ૨૦૧૫માં જ્યારે CAGના રિપોર્ટ ચરમસીમાએ હતા ત્યારે આ આંકડો ૫૫ હતો. આ પછી, આગામી પાંચ વર્ષમાં એટલે કે ૨૦૧૬, ૨૦૧૭, ૨૦૧૮, ૨૦૧૯ અને ૨૦૨૦માં CAGના રિપોર્ટમાં ઘટાડો જોવા મળ્યો હતો. આ ક્રમશઃ ૪૨, ૪૫, ૨૩, ૨૧ અને ૧૪ના આંકડા પર આવી ગયા. અખબાર દ્વારા એકત્રિત કરવામાં આવેલી માહિતી દર્શાવે છે કે કેન્દ્ર સરકાર અને તેના મંત્રાલયોને સંડોવતા CAG ઓડિટમાં ૭૪.૫ ટકાનો ઘટાડો થયો હતો. આઠ, છેલ્લા આઠ વર્ષમાં ઘણા વર્ષોથી, કેન્દ્રીય માહિતી આયોગના ઘણા સભ્યો અને તેના વડાની નિમણૂક કરવામાં આવી ન હતી. અનેક અરજદારોએ આ નિમણૂકો કરવા અને માહિતીને દબાવી ન દેવા માટે સર્વોચ્ચ અદાલતમાં ગયા હતા. ગયા વર્ષે, સુપ્રીમ કોર્ટે કેન્દ્ર અને રાજ્યોને સૂચના અધિકાર અધિનિયમ હેઠળ માહિતી કમિશનરની જગ્યાઓ ભરવા અંગેના તેના ૨૦૧૯ના નિર્ણયના પાલન પર સ્ટેટસ રિપોર્ટ ફાઈલ કરવાનો નિર્દેશ આપ્યો હતો. જ્યારે કોઈ નિમણૂકો કરવામાં આવતી ન હોય અને ભરતીની પ્રક્રિયા પારદર્શક, સરળ અને પૂર્વ-વ્યવસ્થિત ન હોય, ત્યારે તેના દૂરગામી પરિણામો આવે છે. જો કોઈ વ્યક્તિની એક્સ્ટેંશન મુજબ નિમણૂક કરવામાં આવે છે, તો તે વ્યક્તિ અને સંસ્થા તેમજ તેની સેવા અને ટીમની વિશ્વસનીયતા પર અસર કરે છે. એક્સ્ટેંશનનું સેવાના અવિશ્વાસ તરીકે અર્થઘટન કરવામાં આવે છે. કારોબારીની જવાબદારીના અમલીકરણમાં આ સંસ્થાઓ મહત્વની ભૂમિકા ભજવે છે. રાજકીય વિજ્ઞાનીઓના મતે, સરકારની જવાબદારી લોકો માટે છે, અને સંસ્થાઓ, મીડિયા અને ન્યાયતંત્ર માટે તેઓ મહત્વપૂર્ણ છે. ખાલી જગ્યાઓ ન ભરવી અને કચેરીઓ માટે રાજકીય વહીવટીતંત્રની ઉપેક્ષા અને અક્ષમતા માટે લોકશાહી કાર્યપદ્ધતિના તમામ સૂચકાંકો પર ભારતનો ઘટતો જતો સ્કોર આપણને વાસ્તવિકતા દર્શાવે છે. તપાસથી બચવા માટે આ દરેક મહત્વની કચેરીઓમાં સરકાર દ્વારા વફાદાર લોકોની નિમણૂકના ભયંકર પરિણામો આવી શકે છે અને સરકાર પર દેખરેખ ન રાખવાથી માત્ર યોજનાઓની અસમર્થતા જ ઊભી થતી નથી પરંતુ તે કેન્દ્રીકરણની ખતરનાક રાજનીતિનું પરિણામ છે. જે આપણી લોકશાહીને સંપૂર્ણ જાહેર દૃષ્ટિએ નબળી બનાવી શકે છે. આવી સંસ્થાઓની અવગણના અને તેમની નિષ્ક્રિયતાને હળવાશથી લેવા જેવી નથી. **(સૌ. : ધ ક્વિન્ટ)**

૧૫ વર્ષની કિશોરી સાથે ગેંગરેપ ગુજાર્યાની ફરિયાદ

વરાછામાં પાડોશમાં રહેતી મહિલાએ મિત્રતા કેળવી બે યુવકોના હવાલે કરી દીધી

કિશોરીએ પોતાના વતન મધ્યપ્રદેશ ખાતે જઈ મહિલા અને બે યુવકો સામે ફરિયાદ નોંધાવી

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧

શહેરના વરાછા, કમલપાર્ક સોસાયટીમાં રહેતી ૧૫ વર્ષીય કિશોરી પર સામૂહિક બળાત્કાર ગુજારાયો હોવાની ફરિયાદને લઈ પોલીસ દોડતી થઈ છે. ભોગ બનનારી કિશોરીએ પોતાના વતન મધ્યપ્રદેશ ખાતે ફરિયાદ નોંધાવી હતી. ત્યાંની પોલીસે ઝીરો નંબરની ફરિયાદ નોંધી વરાછા પોલીસને ફરિયાદ ટ્રાન્સફર કરી હોવાનું જાણવા મળે છે.

પોલીસ સુત્રો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર, શહેરના વરાછા વિસ્તારમાં આવેલી કમલપાર્ક સોસાયટીમાં ૧૫ વર્ષની કિશોરી પોતાના કાકા સાથે રહે છે. તેની પાડોશમાં રહેતી મીના રાજપૂત નામની મહિલા સાથે તેની ઓળખ થઈ હતી. મીના અવારનવાર કિશોરીના ઘરે આવતી હતી. ત્રણ મહિના પહેલા મીના એક યુવક સાથે કિશોરીના ઘરે આવી હતી. ત્યાં મીનાએ કિશોરીની ચામાં કેફી પીણું નાંખી તેને પીવડાવતા તે બેભાન થઈ ગઈ હતી. ત્યારબાદ મીના રાજપૂત સાથે આવેલા યુવકે તેની ઉપર બળાત્કાર ગુજાર્યો હતો. જેને લઈને મીના અને કિશોરી વચ્ચે ઝઘડો થયો હતો. બંને વચ્ચે બોલચાલના સબંધ બંધ થઈ ગયા હતાં. થોડા સમય પછી મીના રાજપૂતે વધુ એક વખત કિશોરીનો સંપર્ક કર્યો હતો. તેને બહાર ફરવા લઈ જવા માટે દબાણ કર્યું હતું, પરંતુ કિશોરીએના પાડતા મીના રાજપૂતે તેણીના પિતાને મારી નાંખવાની ધમકી આપતા તે ગભરાઈ ગઈ હતી. મીના સાથે અજાણ્યા સ્થળે તે ફરવા ચાલી ગઈ હતી. ત્યાં મીના રાજપૂત સાથે વિનોદ રાજપૂત અને મોનૂ રાજપૂત નામના બે યુવકો પણ આવ્યા હતાં. બંને જણાંએ કિશોરી પર પાશવી બળાત્કાર ગુજાર્યો હતો. મીનાએ ફરી વખત દગો આપી અન્ય યુવકો સાથે દુષ્કર્મ કરાવ્યું હોવાનું ભાન થયા બાદ કિશોરી પોતાના વતન એમ.પી. જતી રહી હતી. ત્યાં કિશોરીએ પરિવારને સમગ્ર હકીકત કહેતા તેમણે હિંમત આપી હતી. ત્યારબાદ કિશોરીએ એમ.પી.ના મુરૈના જિલ્લાના જોરાના મહિલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. જો કે, આ ઘટના સુરતના વરાછા પોલીસની હદમાં બની હોવાથી એમ.પી. પોલીસે ઝીરો નંબરથી ફરિયાદ નોંધી વરાછા પોલીસને ટ્રાન્સફર કરી હતી. પોલીસે ગુનો નોંધી ત્રણેય જણાંને પકડવાના ચક્રો ગતિમાન કર્યા છે. પોલીસની તપાસમાં જણાયું કે, મીના રાજપૂત વરાછાના કમલપાર્કમાં તેના પતિ સાથે ભાડાના રૂમમાં રહેતી હતી, જે ખાલી કરીને ભાગી છૂટી છે. પોલીસે બળાત્કારની સાથે એટ્રોસિટીની ફરિયાદ પણ દાખલ કરી છે. ભોગ બનનાર કિશોરીના પિતાનું ત્રણ મહિના પહેલા જ અવસાન થયું હોવાનું જાણવા મળે છે.

સુરતમાં ઝાડા-ઉલટી, શરદી-ખાંસી સહિતના કેસોમાં ઉછાળો; ૧૦૦થી વધુ કેસ

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧

ચોમાસાની શરૂઆત થતાં જ શહેરમાં રોગચાળો પગપેસારો કરે છે. જુલાઈ મહિનામાં જોરદાર વરસાદ પડ્યા બાદ હાલ મેઘરાજાએ વિરામ લીધો છે, પરિણામે શહેરમાં રોગચાળાએ માથું ઊંચક્યું છે. શહેરમાં ઝાડા-ઉલટી સાથે વાયરલ ઈન્ફેક્શન, શરદી-ખાંસીના કેસો વધી જવા પામ્યાં છે. ગયા વર્ષે જુલાઈ મહિનામાં સિવિલ હોસ્પિટલમાં ૭૪ જેટલાં ઝાડા-ઉલટીનાં કેસો નોંધાયા હતાં. ચાલુ વર્ષે જુલાઈ માસમાં ઝાડા-ઉલટી સહિતનાં ૧૧૨ કેસથી વધુ નોંધાયા છે. ચોમાસાની સીઝનમાં લોકોએ પાણી ઉકાળીને પીવું જોઈએ તેમજ વાસી અને ખુલ્લો ખોરાક ન ખાવાથી કંઈક અંશે ઝાડા-ઉલટી અને ઈન્ફેક્શનથી બચી શકાય છે. હાલ સિવિલ હોસ્પિટલ સહિત ખાનગી દવાખાનાઓ દર્દીઓથી ઉભરાઈ ગયા છે.

ખેડા-ધોળકા રોડ ઉપર વાહને સાયકલને ટક્કર મારતા વૃદ્ધનું મોત

નડિયાદ, તા.૧

ખેડા તાલુકાના વાસણાબુઝર્ગ ગામ ખાતે રહેતા ૭૫ વર્ષીય મોહનભાઈ જીવણભાઈ ચાવડા પોતે નજીક આવેલા પુરષોત્તમભાઈ પંચાલના ફાર્મમાં સાચવવાની કામગીરીની નોકરી કરે છે. મોહનભાઈ જમી પરવારીને પરત પોતાની સાયકલ લઈને ફાર્મમાં આવવા નીકળ્યા હતા. ત્યારે ખેડા-ધોળકા રોડ ઉપર રાધાકૃષ્ણ મંદિરની સામે કોઈ અજાણ્યા વાહને મોહનભાઈની સાયકલને ટક્કર મારી હતી અને આ બાદ આ વાહન ચાલક ફરાર થયો હતો. આ ટક્કરના કારણે મોહનભાઈ સાયકલ પરથી ગબડી ગયા હતાં. જેના કારણે તેઓને માથાના તેમજ શરીરના ભાગે ગંભીર ઈજાઓ થતા તેઓનું ઘટના સ્થળે કમકમાટી ભર્યું મોત નિપજ્યું હતું. ઘટનાની જાણ તેમના પુત્ર બાબુભાઈને થતા તેઓ પણ ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને ૧૦૮ની મદદ પણ લેવાઈ હતી પરંતુ તેમને સારવાર મળે તે પહેલા જ મોત નિપજ્યું હતું. સમગ્ર મામલે બાબુભાઈ ચાવડાએ ખેડા ટાઉન પોલીસમાં જાણ કરતા પોલીસે તેમની ફરિયાદના આધારે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી દીધી છે.

અંકલેશ્વરના ખરોડ હાઈવે પર સર્જાતી ટ્રાફિકજામની સમસ્યા જાણવા ખુદ માર્ગ અને વાહનવ્યવહાર મંત્રી પહોંચ્યા

વડોદરાથી વલસાડ સુધી મંત્રીએ નિરીક્ષણ કર્યું; ટ્રાફિકની સમસ્યા હલ કરવા સૂચનો આપ્યા

(તસવીર- અયાઝ શેખ, અંકલેશ્વર)

અંકલેશ્વર, તા.૧

ભરૂચ હાઈવે હંમેશા મુંબઈ-અમદાવાદ અને દિલ્હી વચ્ચે ૪૦ હજારથી વધુ વાહન ચાલકો માટે શીરદર્દ સમાન રહ્યો છે. જૂનો સરદાર બ્રિજ, ભૂખી ખાડી, નવો સરદાર બ્રિજ, ટોલ ટેક્ષના માર્ગે પડેલા ખાડા કે હાલ ખરોડ ફલાય ઓવરની કામગીરીને લઈ સર્જાતો ૨૦થી ૨૫ કિલોમીટરનો ટ્રાફિકજામ વાહન ચાલકોને ટોલ ચૂકવવા છતાં યાતના સિવાય કંઈ જ મળ્યું નથી.

ચોમાસામાં આ બધી સમસ્યા વચ્ચે હાઈવે ઉપર ઠેર-ઠેર પડેલા ખાડા વાહનો માટે વધુ પરેશાનીઓ સર્જી દે છે. હાલ ભરૂચ જિલ્લાના શીરદર્દ સમાન અંકલેશ્વરની ખરોડ ચોકડી ઉપર ટ્રાફિક જામ હલ કરવા માટે સોમવારે રાજ્યના માર્ગ અને મકાન વિભાગના મંત્રી પૂર્ણેશ મોદીએ ખરોડ ચોકડી આવી સ્થળ મુલાકાત લીધી હતી.

નેશનલ હાઈવે ઓથોરિટીના અધિકારીઓ તેમજ કોન્ટ્રાક્ટરોને રોડનું કામ ઝડપી ગતિએ ચાલે તેમજ સર્વિસ રોડ પણ તાત્કાલિક અસરથી બનાવી દઈ ટ્રાફિકની સમસ્યા હલ કરવાના સૂચન નિર્દેશો આપ્યા હતા. ગુજરાતના માર્ગ અને મકાન વિભાગના મંત્રી પૂર્ણેશ મોદી નેશનલ હાઈવે ઓથોરિટીના પ્રોજેક્ટ ડાયરેક્ટર સુરજકુમાર સીંગ. પ્રોજેક્ટ ડાયરેક્ટર રાહુલ જલન, દિલીપસિંહ બોરાદરા તેમજ અન્ય હાઈવેના અધિકારીઓ હાજર રહ્યા હતા ટ્રાફિક સમસ્યા હલ થાય એ અત્યંત જરૂરી બની રહ્યું છે.

મંત્રીએ આજે વડોદરાથી વલસાડ સુધી હાઈવેનું નિરીક્ષણ કરી તેને તાત્કાલિક દુરસ્ત કરવાના નેશનલ હાઈવે ઓથોરિટીને આદેશો આપ્યા હતા. હવે હજારો વાહન ચાલકોની હાઈવેની સમસ્યા ક્યારે હલ થાય છે તે જોવું રહ્યું.

એનઆઈએ અને એટીએસ દ્વારા અમદાવાદ, સુરત, ભરૂચ, નવસારીમાં તપાસ હાથ ધરી હતી

આતંકવાદી સાથેના કનેક્શનને લઈને સુરતના જલીલને સતત બીજા દિવસે બોલાવી પૂછપરછ કરાઈ

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧

ગુજરાત એટીએસ અને એનઆઈએ દ્વારા રવિવારે વહેલી સવારે સ્થાનિક પોલીસની એજન્સીને સાથે રાખી ગુજરાતના અમદાવાદ, ભરૂચ, સુરત અને નવસારીમાં કેટલાક શખ્સો દેશ વિરોધી પ્રવૃતિ કરતા હોવાને લઈને તપાસ હાથ ધરી હતી. ગુજરાત એટીએસ અને એનઆઈએએ સુરત એસઓજીની સાથે રવિવારે વહેલી સવારે લાલગેટ કાસકીવાડમાંથી જલીલ નામના શખ્સને ઊંચકી લાવી પૂછપરછ શરૂ કરી હતી. ત્યારબાદ મોડીસાંજે જવા દીધો હતો. જ્યારે સોમવારે ફરી બોલાવીને પૂછપરછ કરવાની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, એનઆઈએની ટીમે ગુજરાતના અલગ અલગ શહેરમાં દેશ વિરોધી પ્રવૃત્તિઓ કરતા તત્ત્વોનું સર્વેલન્સ કરી રહી હતી. સોશિયલ મીડિયા તેમજ ઈન્ટરસેપ્શન દ્વારા એનઆઈએના સ્ટાફને ૩ યુવકો દેશ વિરોધી પ્રવૃતિ કરતા હોવાનું તપાસમાં બહાર આવ્યું હતું. જેના આધારે ગુજરાત એટીએસ અને એનઆઈએએ સુરત એસઓજીની સાથે રવિવારે વહેલી સવારે લાલગેટ કાસકીવાડમાંથી જલીલ નામના શખ્સને ઊંચકી લાવી પૂછપરછ શરૂ કરી હતી. કર્ણાટકમાં પકડાયેલા આતંકીની પૂછપરછમાં જલીલ સહિત ૩ જણાના નામો સામે આવ્યા હતા. એનઆઈએના સ્ટાફે જલીલને વર્ષ ૨૦૨૧ના કર્ણાટક કનેક્શન બાબતે પૂછપરછ શરૂ કરી છે. જલીલની એનઆઈએના એસપી જાતે તપાસ કરી રહ્યાં છે. જલીલ યુપીમાં એક વર્ષ પહેલા જમાતમાં ગયો હતો તે વખતે સંપર્કમાં આવ્યો હતો. હાલમાં જલીલ મદ્રેસામાં બાળકોને ઉર્દુ ભણાવે છે અને ધો-૧૦સુધી ભણેલો છે. અગાઉ જલીલ રિક્ષા ચલાવતો હતો અને સાથે કાપડ દલાલીનું પણ કામ કરતો હતો. જ્યારે જલીલના રાંદેર ખાતે રહેતા ૨૧ વર્ષીય મિત્ર ઉમરને પણ પોલીસ ઊંચકી લાવી હતી. તેની પણ એનઆઈએના સ્ટાફે ૨ કલાક સુધી પૂછપરછ કરી સાંજે જવા દીધો હતો. બંનેના સોશિયલ મીડિયા એકાઉન્ટ ચેક કરાશે અને તેઓ કોની કોની સાથે સંપર્કમાં હતા તેની તપાસ કરાશે. એનઆઈએના સ્ટાફે જલીલના મોબાઈલમાંથી કેટલાક પુરાવા એકત્ર કર્યા હોવાનું પણ જાણવા મળ્યું છે. સોમવારે ફરીથી જલીલ શેખને એસઓજી કચેરી બોલાવવામાં આવ્યો હતો. હાલ તેની ફરીથી પૂછપરછ કરવામાં આવી રહી છે. આ સંદર્ભે એનઆઈએ અને એટીએસની ટીમ હજુ પણ સુરતમાં ધામા નાંખી તપાસ કરી રહી છે. આ ઉપરાંત એનઆઈએના ઉચ્ચ અધિકારીઓ જલીલ શેખની પૂછપરછ કરવા માટે સુરત આવવાની શક્યતા દેખાઈ રહી છે.

MSUના હંગામી કર્મચારીઓને કાયમી કરવાની માંગ સાથે હેડ ઓફિસ ખાતે વિરોધ પ્રદર્શન

વડોદરા, તા.૧

યુનિવર્સિટીની વિવિધ ફેકલ્ટીઓમાં અવાર-નવાર આવેદનપત્રો આપવામાં તેમજ વિરોધ કરવામાં આવતો હોય છે. ત્યારે હંગામી કર્મચારીઓને કાયમી કરવાનો મુદ્દો દિવસેને દિવસે ઉગ્ર બનતો જોવા મળી રહ્યો છે. આજરોજ હંગામી કર્મચારીઓ પોતાની માંગને લઈને હેડ ઓફિસ પહોંચી ગયા છે. હેડ ઓફિસ ખાતે હંગામી કર્મચારીઓ દ્વારા ઢોલ તબલા વગાડી ધૂન બોલાવામાં આવી રહી છે.

યુનિવર્સિટીમાં કામગીરી કરતા કર્મચારીઓ વર્ષોથી યુનિવર્સિટીમાં સેવા આપી રહ્યા છે. તેમ છતાં તેમની માંગ ન સંતોષાતા આજરોજ ૮૦૦ કર્મચારીઓ ધૂન બોલી રહ્યા છે.

આ અંગે હંગામી કર્મચારી દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, અમે મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના કુલ ૮૦૦ કર્મચારીઓ છે. હંગામી ધોરણે તમામ કર્મચારીઓ ૨૫થી ૩૦ વર્ષ સુધી કામ કર્યું છે. ત્યારે ગઈકાલે મોટાભાગના ન્યૂઝ પેપરમાં અમને આઉટ સોર્સિંગ કરવામાં આવવાના હોવાના સમાચાર આવ્યા હતા. જે સરકાર દ્વારા સરક્યુલર આપવામાં આવ્યું હતું. જે એમ.એસ.યુનિવર્સિટીએ સ્વીકારી લેતા અમે આજે સખ્ખત વિરોધ કર્યો છે. વધુમાં જણાવ્યું હતું કે, ગઈ ૪ સિન્ડિકેટમાં આવેદનપત્ર આપ્યું હતું. કાળી પટ્ટી પહેરીને વિરોધ કર્યો છતાંય કોઈ નિરાકરણ આવતું નથી. મોંઘવારીના સમયમાં કોન્ટ્રાક્ટ સિસ્ટમ થાય તો અમારા ભવિષ્યનું શું? અમારા બાળકોનું શું? જો અમને કાયમી ન કરવા હોય તો અમારો પગાર વધારો કરવાની માંગણી પણ કરવામાં આવી છે. જેને નકારી આઉટ સોર્સિંગ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. મહત્ત્વનું છે કે, જો કર્મચારીઓને આઉટ સોર્સિંગ કરવામાં આવશે તો કુલ ૮૦૦ કર્મચારીઓના પેટ પર લાત વાગશે. હંગામી કર્મચારીઓ દ્વારા મે મહિનામાં ગાંધીનગર જઈને રાજ્યના શિક્ષણમંત્રી જીતુ વાઘાણીને કાયમી કરવાની રજૂઆત કરી હતી. ત્યારે તેમના દ્વારા કાયમી નહિ પણ પગારમાં વધારો કરાશે કહી આશ્વાસન આપ્યું હતું.

ઈન્સ્ટાગ્રામ ઉપર મહિલા ડોક્ટર સાથે મિત્રતા કેળવી બિલ્ડર તરીકે ઓળખ આપી

મારૂં બેન્ક એકાઉન્ટ સીઝ થયું છે મારે પૈસાની જરૂર છે કહી યુવાને મહિલા ડોક્ટર પાસેથી ૩.૨૦ લાખ પડાવ્યા

મહિલાએ નાણાં માંગતા ઈન્સ્ટાગ્રામ પર બ્લોક કરી દીધી : પોલીસમાં ફરિયાદ નોંધાવતા આરોપી ફરાર

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧

સુરતના કતારગામ વિસ્તારમાં રહેતી મહિલા ડોક્ટર સાથે ઈન્સ્ટાગ્રામ ઉપર મિત્રતા કેળવી પોતાની ઓળખ મોટા બિલ્ડર તરીકે આપી યુવાને બેંક એકાઉન્ટમાં બ્લેકના રૂ.૬ કરોડ હોય એકાઉન્ટ સીઝ કરાતા મજૂરોને પૈસા ચૂકવવા ઓનલાઈન અને બીએમડબ્લ્યુ કારમાં રૂબરૂ મળવા આવી કુલ રૂા.૩.૨૦ લાખ પૈસા લીધા બાદ મહિલા ડોક્ટરે પૈસા પરત માંગતા તેને ઈન્સ્ટાગ્રામ પર બ્લોક કરી દીધી હતી.

સુરતના કતારગામ આંબાતલાવડી મોહનદીપ સોસાયટી ઘર નં.૨૧૨માં રહેતી ૨૨ વર્ષીય ફિઝીયોથેરાપી ડોક્ટર મીરા ધીરૂભાઈ રફાળીયાને પાંચ મહિના પહેલા તેના ઈન્સ્ટાગ્રામ આઈડી પર અક્ષર નામના યુવાનની ફ્રેન્ડ રીકવેસ્ટ મળી હતી. મીરાએ તે સ્વીકારતા બંને વચ્ચે વાત થતી હતી. તે સમયે અક્ષરે પોતાની ઓળખ મૂળ આણંદના અને સુરતમાં શ્રીનિવાસ સોસાયટીમાં રહેતા બિલ્ડર અક્ષર પટેલ તરીકે આપી જણાવ્યું હતું કે તેની માતા ગવર્મેન્ટ ઓફિસર હોય તે મોટાપાયે કન્સ્ટ્રક્શનનું કામ કરે છે. અક્ષરે મીરાને બાંધકામનું કંઈ પણ કામ હોય તો કહેજો તેમ કહેતા મીરાએ જ્યારે ક્લીનીક બનાવવાની હશે ત્યારે કહીશ તેમ કહ્યું હતું, દરમિયાન, ગત એપ્રિલ માસના અંતમાં અક્ષરે મીરાને ઈન્સ્ટાગ્રામ પર મેસેજ કર્યો હતો કે મારે હાલ સ્ટોક માર્કેટમાં રૂા.૨૧ કરોડ રોકેલા છે અને મારા બેંક એકાઉન્ટમાં બ્લેકના રૂા.૬ કરોડ જમા હોય બેંકે એકાઉન્ટ સીઝ કર્યું હોય હું તેમાં કોઈ વ્યવહાર કરી શકું તેમ નથી. મને મારા બાંધકામના અને ટેક્ષટાઈલના મજૂરોને ચૂકવવા હાલ તાત્કાલીક રૂપિયાની જરૂર છે, મારૂં બેંક એકાઉન્ટ ખુલશે ત્યારે હું પૈસા પરત આપી દઈશ અને તમારૂં ક્લીનીક બનાવવાનું થશે તો હું તમને મદદ કરીશ. આથી મીરાએ તેના મોબાઈલ નંબર પર ૨૭ એપ્રિલથી ૯ જૂન દરમિયાન ટુકડે ટુકડે રૂ.૨.૪૧ લાખ ઓનલાઈન ટ્રાન્સફર કર્યા હતા. તે સમયગાળામાં અક્ષર મીરાને કતારગામ વિસ્તારમાં અલગ-અલગ સ્થળે તેની બીએમડબ્લ્યુ કારમાં રૂબરૂ મળવા આવ્યો ત્યારે ટુકડે-ટુકડે રૂા.૮૦ હજાર પણ આપ્યા હતા. ત્યાર બાદ ઘણા સમય પછી પણ અક્ષરે પૈસા પરત નહીં આપતા અને મેસેજમાં વાત ઓછી કરવા માંડતા મીરાને તેના પર શંકા ગઈ હતી. આથી તેણે પૈસાની માંગણી કરી તેના સીઝ એકાઉન્ટની પણ માહિતી માંગતા અક્ષરે ઉડાઉ જવાબ આપ્યો હતો અને મીરાને ઈન્સ્ટાગ્રામ પર બ્લોક કરી દીધી હતી. મીરાએ તેને ફોન કરી પૈસા માંગ્યા તો તેણે ઈન્કાર કરી દીધો હતો. આથી છેવટે મીરાએ ગતરોજ અક્ષર વિરૂદ્ધ કતારગામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે કતારગામ વિસ્તારમાં જ રહેતા અક્ષરની ઓળખ કરી તેને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી છે. જો કે, હાલ તે ફરાર થઈ ગયો હોવાનું જાણવા મળ્યું છે.

જૂના ડીસા નજીક ટ્રક-રિક્ષા સામસામે ટકરાતા બે યુવકનાં મોત : અન્ય બેને ગંભીર ઈજા

(તસવીર : જમીલ મેમણ, ડીસા)

ડીસા, તા.૧

ડીસા-પાટણ હાઈવે પર આવેલ જૂના ડીસા નજીક ટ્રક અને રિક્ષા વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો, જેમાં રિક્ષાચાલકનું ઘટનાસ્થળે કમકમાટીભર્યું કરૂણ મોત નિપજ્યું હતું અને એક પેસેન્જરનું સારવાર દરમિયાન મોત નિપજ્યું છે. જ્યારે અન્ય ૨ લોકોને ગંભીર ઈજાઓ પહોંચી છે. આ બનાવને પગલે આજુબાજુના લોકોએ ૧૦૮ વાન એમ્બ્યુલન્સમાં ઈજાગ્રસ્તોને સારવાર અર્થે ડીસા અને ત્યાંથી વધુ સારવાર અર્થે અન્ય હોસ્પિટલમાં ખસેડ્યા હતા. આ બનાવની વિગત એવી છે કે, ડીસા તાલુકાના જૂના ડીસા ગામ નજીક રિક્ષા અને ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ડીસાના ખરડોસણ ગામનો રાવળ પરિવાર શાકભાજી લઈને રિક્ષામાં ડીસાથી પરત ઘર તરફ જઈ રહ્યો હતો, તે દરમિયાન જૂના ડીસા નજીક સામેથી આવી રહેલી ટ્રક અને રિક્ષા વચ્ચે ધડાકાભેર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં રિક્ષાના ફૂરચે ફૂરચા ઉડી ગયા હતા અને ગંભીર રીતે ઈજાગ્રસ્ત રિક્ષાચાલક રમેશભાઈ મણાભાઈ રાવળનું ઘટનાસ્થળે કમકમાટીભર્યું કરૂણ મોત નિપજ્યું હતું. જ્યારે રિક્ષામાં સવાર અન્ય મહિલા સહિત ૩ લોકોને ગંભીર ઈજાઓ પહોંચી હતી, જેમાંથી ડાહ્યાભાઈ પસાભાઈ રાવળનું મોત નિપજ્યું છે, એમ આ ઘટનામાં ૨ લોકોનાં મોત નિપજ્યા છે. આ ઘટનાની જાણ થતાં જ આજુબાજુના લોકો અને ૧૦૮ એમ્બ્યુલન્સ વાન તાત્કાલિક અકસ્માત સ્થળે પહોંચી હતી અને ઈજાગ્રસ્તોને સારવાર અર્થે ડીસાની સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા હતા. જ્યારે ઘટનાસ્થળે લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા. જ્યારે ઈજાગ્રસ્ત લોકોની હાલત વધુ નાજુક જણાતાં વધુ સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલ અને ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા છે.

અંકલેશ્વર શહેર-તાલુકા તાજિયા કમિટી દ્વારા નગરપાલિકા અને GEB બોર્ડને આવેદન

અંકલેશ્વર, તા.૧

આજરોજ અંકલેશ્વર શહેર તાલુકા તાજિયા કમિટીના એક ડેલિગેશન દ્વારા અંકલેશ્વર નગરપાલિકાના પ્રમુખ વિનય વસાવા, કારોબારી ચેરમેન સંદીપ પટેલ અને મુખ્ય અધિકારી કેશવલાલ કોલડિયાને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું, જેમાં તાજિયાના રૂટની સાફ-સફાઈ તેમજ એમાં આવતા ખાડાઓ પૂરવા, તાજિયા બેઠકોની સાફ-સફાઈ કરવી, રૂટ પર આવનાર સ્ટ્રીટ લાઈટો જે બંધ હોય તેને રિપેર કરવી અને સંવેદનશીલ વિસ્તારોમાં હેલોજન લાઈટ લગાડવા રજૂઆત કરાઈ, જ્યારે જીઈબી બોર્ડના કાર્યપાલક ઈજનેરને તાજિયા રૂટ પરના સર્વિસ વાયરોને ઊંચા કરવા અને જયાંથી સ્ટ્રીટ લાઈટ સપ્લાય થાય છે એ ડીપી પર જીઈબીના અધિકારીઓને હાજર રાખવા જેથી કોઈ ફોલ્ટ થાય તો તાત્કાલિક રિપેર કરી શકાય એવી રજૂઆત કરતો પત્ર લખાયો, આ પ્રસંગે તાજિયા કમિટીના પ્રમુખ બખ્તિયાર પટેલ, કમિટીના સેક્રેટરી વસીમ ફડવાલા, ઉપપ્રમુખ અમન પઠાણ, હનીફ ભરૂચી, કૌસર કુરેશી, લીગલ એડવાઈઝર રઈસ સૂફી, સાકીર મલેક વગેરે હાજર રહ્યા હતા.

ડિંડોલીમાં ખુલ્લા ઘરમાંથી તસ્કરો ૪.૦૬ લાખની ચોરી કરી ફરાર

પરિવાર મોડે સુધી જાગતું હતું, છતાં તસ્કરો હાથફેરો કરી ગયા

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧

સુરતના નવાગામ ડિંડોલી વિસ્તારમાં રહેતા અને ટ્રાવેલ્સનું કામ કરતા યુવાનના ઘરમાં દશામાની સ્થાપના કરી હોય પરિવાર મોડે સુધી જાગતું હતું અને યુવાનને પણ કામના ફોન આવતા હોય તે પણ સમયાંતરે જાગતો હતો છતાં કોઈક ખુલ્લા ઘરમાંથી રોકડા રૂા.૩.૫૦ લાખ અને જૂના દાગીના મળી કુલ રૂા.૪.૦૬ લાખની ચોરી કરી ફરાર થઈ ગયું હતું.

મૂળ મહારાષ્ટ્રનો વતની અને સુરતમાં નવાગામ ડિંડોલી રોડ શિવહીરાનગરની બાજુમાં જલારામનગર વિભાગ ૨ મકાન નં.૧૦માં માતા-પિતા અને પત્ની ગીતા સાથે રહેતો ૩૨ વર્ષીય સંદીપ બાપુ મોરે ટ્રાવેલ્સનું કામ કરે છે. હાલ દશામાના તહેવારને લીધે ઘરમાં તેણે દશામાની મૂર્તિની સ્થાપના કરી છે અને પૂજા કરે છે. સંદીપની માતા સરલાબેન વીસી ચલાવતા હોય ૩૦ મેમ્બરના રૂા.પાંચ હજાર લેખે રૂા.૧.૫૦ લાખ ભેગા થયા હોય, પાડોશી ઉષાબેને સાચવવા આપેલા રૂા.૧.૫૦ લાખ અને પિતાના ઓપરેશન માટે ફાયનાન્સ કંપનીમાં સોનાની ચેઈન ગીરવે મૂકી વ્યાજે લીધેલા રૂા.૫૦ હજાર મળી કુલ રૂા.૩.૫૦ લાખ સંદીપની પત્ની ગીતાએ ગત શુક્રવારની રાત્રે ૯:૩૦ વાગ્યે કબાટમાં મૂકી તેને લોક કરી ચાવીનો ઝુમખો કબાટની બાજુમાં મેકઅપ બોક્ષની અંદર મૂક્યો હતો, તે રાત્રે સંદીપને કામ માટે ફોન આવતા તે બહાર ગયો હતો અને પરત એક વાગ્યે આવ્યો ત્યારે તેની પત્ની અને માતા-પિતા ઘરના આગળના રૂમમાં દશામાની મૂર્તિ પાસે ઘરનો લાકડાનો અને લોખંડની ગ્રીલનો દરવાજો ખોલી બેસેલા હતા. તેઓ દોઢ વાગ્યે આગળના રૂમમાં સૂઈ ગયા હતા જ્યારે સંદીપ પાછળના રૂમમાં સૂવા ગયો હતો. પરંતુ રાત્રી દરમિયાન તેને કામ માટે ફોન આવતા તે સમયાંતરે જાગતો રહ્યો હતો. મળસ્કે પાંચ વાગ્યે તેની પત્ની અને માતા-પિતા જાગ્યા બાદ તે ૬:૩૦ વાગ્યે ડ્રાઈવરને ગાડી ભાડા માટે આપી સૂઈ ગયો હતો. સવારે ૧૦ વાગ્યે ઊઠી તે નાહી-ધોઈને કારનું પંક્ચર કરાવવા ગયો ત્યારે ૧૨ વાગ્યે પત્નીએ ઘરે ચોરી થયાની જાણ કરતા તે ઘરે દોડી ગયો હતો. કોઈકે રાત્રીના ૧:૩૦ વાગ્યાથી સવારના ૧૧:૩૦ દરમિયાન તેમના ઘરના ખુલ્લા રાખેલા લાકડાના તથા લોખંડની ગ્રીલના દરવાજા વાટે પ્રવેશી આગળના ખુલ્લા રૂમમાં મૂકેલા કબાટમાંથી રોકડા રૂા.૩.૫૦ લાખ અને રૂા.૫૬ હજારની મત્તાના જૂના સોના-ચાંદીના દાગીના મળી કુલ રૂા.૪.૦૬ લાખની મત્તાની ચોરી કરી હતી. આ અંગે સંદીપે ગતરોજ ડિંડોલી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

રાજ્યમાં લમ્પી વાયરસના આતંક વચ્ચે સુરત-તાપી જિલ્લામાં એકપણ પશુનું મોત નહીં

અત્યાર સુધી ૧.૩૦ લાખ પશુઓને રસી મૂકાઈ

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧

સમગ્ર રાજ્યમાં વાયરસનો આતંક દેખાઈ રહ્યો છે જેના કારણે પશુઓના મોત થઈ રા છે. સુરત અને તાપી જિલ્લામાં વાયરસનો કોઈ મોટો પ્રભાવ દેખાયો નથી. લમ્પી વાયરસને કારણે એકપણ પશુનું મોત સુરત અને તાપી જિલ્લામાં નોંધાયું નથી. અત્યાર સુધીમાં એક લાખ ૩૦ હજાર જેટલી લમ્પી વાયરસની રસીઓ પશુને મૂકી દેવામાં આવી છે.

લમ્પી વાયરસને કારણે પશુઓના મોતના આંકડાઓ નોંધનીય રીતે વધી રહ્યાં છે. રાજ્યના ઘણા પશુઓ લમ્પી વાયરસની ઝપેટમાં આવતા મોતને ભેટ્યા છે. જેના કારણે ખેડૂત અને પશુપાલકોને નુકસાન થઈ રહ્યું છે. સુમુલ ડેરી દ્વારા લમ્પી વાયરસને ધ્યાનમાં રાખીને આગોતરૂં આયોજન કરવામાં આવ્યું હતું. સુરત અને તાપી જિલ્લામાં કુલ છ લાખ કરતા વધારે પશુઓ છે. લમ્પી વાયરસના ખતરાને જોતા સુમુલ ડેરી દ્વારા આગોતરૂં આયોજન કરી લેવામાં આવ્યું હતું. એક લાખ ૩૦ હજાર જેટલી લમ્પી વાયરસની રસીઓ પશુઓને મૂકી દેવામાં આવી છે. જેને કારણે પશુઓનું મૃત્યુ થયું નથી. સુમુલ ડેરીના ડિરેક્ટરએ જણાવ્યું કે, ગત વર્ષથી લમ્પી વાયરસની અસર દેખાવાની રાજ્યભરમાં શરૂ થઈ હતી. જેને ધ્યાનમાં રાખીને અમે આગોતરા આયોજન કર્યુ હતું. સુમુલ ડેરી અંતર્ગત ૮૦ જેટલા ડોક્ટરો અત્યારે કાર્યરત છે. રસીકરણ સમયસર કરી હોવાને કારણે એકપણ પશુનું મોત થયું નથી હજી પણ અમે ખૂબ જ સતર્કતાથી આગળ વધી રહ્યાં છે. અત્યારથી જ ૭૦ હજાર જેટલી રસીઓનો સ્ટોક કરી લીધો છે. જે ગામની અંદર એક પણ લમ્પી વાયરસનો કેસ દેખાય તે ગામના તેમજ આસપાસના પશુને અમે રસી આપવાનું શરૂ કરી દેવામાં આવ્યું છે જેનાથી તે વધુ ન ફેલાય.

એચડીએફસી મ્યુચ્યુઅલ ફંડ – રોકાણકાર જાગૃતિ કાર્યક્રમ

મ્યુચ્યુઅલ ફંડ્સ વિશે વધુ જાણકારી મેળવવા માટે અમારી સાથે જોડાઓ.

તારીખ અને સ્થળ:

મંગળવાર, 2 ઓગસ્ટ, 2022; સાંજે 7:00 વાગ્યાથી.

મોબાઈલ : 98251 98345.

બુધવાર, 3 ઓગસ્ટ, 2022; સાંજે 6:30 વાગ્યાથી.

મોબાઈલ : 70166 95663.

બુધવાર, 3 ઓગસ્ટ, 2022; સાંજે 6:30 વાગ્યાથી.

અમદાવાદ – 380009, ગુજરાત. મોબાઈલ : 98793 61437.

HDFC MUTUAL FUND

An Investor Education by HDFC Mutual Fund

મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણો બજારનાં જોખમોને આધીન હોય છે, સર્વ યોજના સંબંધી દસ્તાવેજો કાળજીપૂર્વક વાંચો.

બે દિવસના વાસી ભાત ખાતા ખોરાકી ઝેરની અસરથી બે બાળકીઓનાં મોત

આરોગ્ય તંત્ર દોડતું થયું : પરિવારના છ સભ્યો સારવાર હેઠળ; વલસાડની ચોંકાવનારી ઘટના

અમદાવાદ, તા.૧

વલસાડના વીરક્ષેત્ર ગામમાં ફૂડ પોઈઝનિંગનો બનાવ સામે આવતા લોકોમાં ફફડાટ ફેલાયો છે. ફૂડ પોઈઝનિંગની અસરને લઈને બે બાળકીઓનાં મોત નિપજતા ગામમાં માતમ છવાયો છે. હજુ પણ એક જ પરિવારના ચાર લોકો સારવાર હેઠળ છે આ ઘટનાને લઈને આરોગ્ય તંત્ર દોડતું થયું છે. વાસી ભાત ખાધા બાદ પરિવારને ઝેરી અસર થઈ હોવાનું સામે આવ્યું છે. વલસાડ જિલ્લાના અંતરિયાળ વિસ્તાર કપરાડાના વીરક્ષેત્ર ગામમાં ફૂડ પોઈઝનિંગની ઘટના બની છે. એક જ પરિવારના ૬ સભ્યોને ફૂડ પોઈઝનિંગ થયું હતું. કામવેરી ફળિયાના એક પરિવારના ૬ સભ્યોએ ૨ દિવસના વાસી ભાત આરોગ્યા હતા. ત્યારબાદ તમામની તબિયત એકાએક બગડી હતી. જેની જાણ થતાં સમગ્ર મામલે તમામ પરિવારજનોને સી.એચ.સી સુથારપાડા સીએચસી ખાતે દાખલ કરવામાં આવ્યા હતા. આ દરમિયાન ત્રણ વર્ષીય બાળકી અને છ વર્ષીય બાળકીનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. બે બાળકોને સારવાર કારગત ન નિવડતા બાળકોએ હોસ્પિટલ બિછાને સારવાર દરમિયાન દમ તોડી દીધો હતો. એક જ પરિવારની ૨ બાળકીઓના મોત બાદ હજુ પણ અન્ય ૪ લોકો સારવાર હેઠળ હોવાનું જાણવા મળી રહ્યું છે.આ સમગ્ર મામલે આરોગ્ય વિભાગ દ્વારા તપાસ હાથ ધરાઈ છે. બે બાળકીના મોતને પગલે નાના એવા ગામમાં કલ્પાંત ફેલાયો છે.

રાજ્યભરના હોદ્દેદારો-વેપારીઓની મીટિંગમાં કરાયું આયોજન

રાજ્યમાં ઓનલાઈન જંતુનાશક દવાઓના વેચાણ સામે ઉગ્ર વિરોધ : રણનીતિ ઘડાઈ

ડિગ્રી વગરના અનટ્રેઈન લોકો વેચાણ કરે છે : ઓનલાઈનથી ડુપ્લીકેટનું ચલણ વધ્યું

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર, તા.૧

રાજ્યમાં ઓનલાઈન જંતુનાશક દવાઓના વેચાણ સામેનો વિરોધ ઉગ્ર બની રહ્યો છે. અમદાવાદ ખાતે ગુજરાત એગ્રો એસોસિયેશન અને AIWA દ્વારા ઓનલાઈન જંતુનાશક દવાના વેચાણને લઈને આગામી રણનીતિ સામે આવી છે. આ ઉપરાંત ડિગ્રી વગરના લોકો પણ જંતુનાશક દવાનું વેચાણ કરી રહ્યા છે. ત્યારે વેપારીઓએ જંતુનાશક દવાના ઓનલાઈન વેચાણ પર પ્રતિબંધ મૂકવાની માંગણી ફરી એકવાર દોહરાવી છે. ગુજરાત એગ્રો એસોસિએશનના તમામ તાલુકા અને જિલ્લા હોદ્દેદારોની અમદાવાદ ખાતે મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જંતુનાશક દવા, ખાતર, બિયારણનું ઓલ ઓવર ઈન્ડિયામાં કરોડનો બિઝનેસ છે. ત્યારે આ બિઝનેસ પર હવે ઓનલાઈન વેચાણ કરતા વેપારીઓએ ફાળ મારી છે. જંતુનાશક દવા, ખાતર, બિયારણના વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓએ ઓનલાઈન જંતુનાશક દવાના વેચાણ સામે વિરોધ નોંધાવ્યો છે. હાલમાં ટેક્નોલોજીના યુગમાં ઓનલાઈન વેચાણ ખૂબ મોટાપાયે થઈ રહ્યું છે. જ્યારે ખેતીમાં વપરાતી દવાએ ખૂબ ઝેરી હોય છે. જેના કારણે આવી દવાના ઓનલાઈન વેચાણ પર પ્રતિબંધ મૂકવા સરકારને અપીલ કરવામાં આવી હતી. કારણે કે ઓનલાઈન મારફતે વહેંચાય તો કુરિયર વખતે અન્ય ખાદ્ય ચીજવસ્તુ સાથે જો તે દવા લીકેજ થાય અને અન્ય ખાદ્ય ચીજોવસ્તુમાં ભેળ થાય કે કુરિયર વખતે લીકેજ થાય તો લોકોના જીવ પણ જઈ શકે છે. ભારત સરકાર દ્વારા જંતુનાશક દવા વેચાણ માટે ૧૨ દિવસની ટ્રેનિંગ ફરજિયાત કરવામાં આવી છે. જો ડીલર આ ટ્રેનિંગ ના લે તો તેનું લાયસન્સ રદ કરવામાં આવે છે, ત્યારે બીજું બાજુ હવે નવું લાયસન્સ લેવા માટે B.SC સાથે એગ્રીની ડિગ્રી હોવી ફરજિયાત છે. જેથી ઓનલાઈન મારફતે ખેડૂતને નજીકથી અને ખેડૂતો સુધી ડિલરો જ ટેક્નિકલ ટ્રેનિંગ પુરી પાડી શકે તે માટે ઓનલાઈન મારફતે વેચાણ બંધ થાય તેવી માંગ કરવામાં આવી છે. વેપારી મંડળ દ્વારા એવો પણ આક્ષેપ કરવામાં આવી રહ્યો છે કે, ઓનલાઈન મારફતે જંતુનાશક દવાઓ બિયારણમાં ડુપ્લિકેટનું ચલણ મોટા પ્રમાણમાં જોવા મળી રહ્યું છે. ઓનલાઈન પ્રોડક્ટની ચકાસણી થઈ શકતી નથી. તેથી આર્થિક રીતે મોટું નુકસાન થઈ શકે છે. જેના કારણે સમગ્ર દેશમાં ઓનલાઈન ખેતી વિષયક બિયારણ કે જંતુનાશક દવાનું વેચાણ બંધ કરવામાં તેવી માંગ કરવામાં આવી હતી. આ મિટિંગમાં ગુજરાત એસોસિએશન, ઓલ ઈન્ડિયા એગ્રો ઈનપુટના અગ્રણીઓ અને સમગ્ર દેશમાંથી મોટી સંખ્યામાં વેપારી ઓનલાઈન માધ્યમથી જોડાયા હતા. ઉપરાંત ગુજરાતના ૬૦૦ જેટલા વેપારીઓએ પણ હાજરી આપી હતી.

રાજકારણમાં ફરી સક્રિય થવા કોંગ્રેસના નેતા ભરતસિંહ સોલંકીની જાહેરાત

પારિવારિક વિવાદને કારણે ભરતસિંહે રાજકારણમાંથી બ્રેક લીધો હતો

અમદાવાદ, તા.૧

કોંગ્રેસના વિવાદોમાં સપડાયેલા ભરતસિંહ સોલંકીએ ફરી સક્રિય રાજકારણમાં આવવાની જાહેરાત કરી છે. બોરસદ ખાતે પોતાના પિતા અને ભૂતપૂર્વ મુખ્યમંત્રી દિવંગત માધવસિંહ સોલંકીના જન્મદિવસ નિમિત્તે યોજાયેલા કાર્યક્રમમાં તેમણે આ અંગેની જાહેરાત કરી હતી. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ જગદીશ ઠાકોરે થોડા દિવસો પહેલાં લઘુમતી સમાજના કાર્યક્રમમાં આપેલા નિવેદનથી હિન્દુઓ વિમુખ થઈ જાય તેવા ડરે હવે કોંગ્રેસ ભરતસિંહને આગળ કરવા માગી રહી હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે. આ કારણે કોંગ્રેસ પ્રભારી રઘુ શર્માએ ભરતસિંહના નિર્ણયને વધાવી લીધો છે. તેમનો બ્રેક લેવાનો નિર્ણય વ્યક્તિગત હતો, પાર્ટીનો નહીં, તેમ કહી ભરતસિંહને પાછા સક્રીય થવાની ઈચ્છાને ટેકો આપ્યો હતો. પ્રાર્થના સભામાં શંકરસિંહ વાઘેલા પણ હાજર જોવા મળતા ચર્ચાઓએ જોર પકડ્યું છે.

નોકરી ન મળે ત્યાં સુધી દર મહિને ત્રણ હજાર આપીશ ગુજરાતના બેરોજગાર યુવાઓને કેજરીવાલનું વચન

સૌરાષ્ટ્રમાં સભાને સંબોધિત કરતાં દિલ્હીના મુખ્યમંત્રીના ચૂંટણી વચનો

સોમનાથ, તા.૧

આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ ફરી એક વખત ગુજરાતના પ્રવાસે છે. અરવિંદ કેજરીવાલે ગુજરાતના બરોજગાર યુવાનોને જ્યાં સુધી નોકરી ન મળે ત્યાં સુધી દર મહિને ૩ હજાર રૂપિયા આપવાનું વચન આપ્યું છે. આ પહેલા તેમણે ગુજરાતની જનતાને ફ્રી વીજળીનુ વજન આપ્યું હતું.

કેજરીવાલે આપી આ પાંચ ગેરેન્ટી

દરેક યુવકને રોજગારી આપવામાં આવશે. દિલ્હીમાં ૧૨ લાખ લોકોને રોજગારી આપી. તો દિલ્હીમાં હજુ ૨૦ લાખ લોકોને રોજગારી આપીશ. જ્યાં સુધી રોજગારી નહિ મળે ત્યાં સુધી દરેક બેરોજગરને ૩ હજાર રૂપિયા બેરોજગારી ભથ્થું આપીશ. ૧૦ લાખ સરકારી નોકરીઓ બહાર પાડીશું. સરકારી નોકરીઓના પેપર ફૂટવાની ઘટનાને લઈને કાયદો લાવીશું. સહકારી ક્ષેત્રે ભ્રષ્ટાચાર અને લાગવગ થી નોકરી નહિ લેવી પડે. તેમણે ગુજરાતના બેરોજગાર યુવાઓ માટે મંચ પરથી જાહેરાત કરી હતી કે, અગાઉ હું ગુજરાતમાં વીજળીની ગેરેન્ટી આપી ગયો હતો. કારણ કે, ગુજરાતમાં વીજળી ખૂબ જ મોંઘી છે. ગુજરાતમાં

મોંઘવારી સતત વધી રહી છે. તેથી ગુજરાતમાં અમે જાહેરાત કરી છે કે, ગુજરાતમાં અમારી સરકાર બનશે એટલે ૩૦૦ યુનિટ ફ્રી વીજળી આપીશું. ૨૪ કલાક વીજળી આપીશું. ૩૧ ડિસેમ્બર ૨૦૨૧ સુધીના ગુજરાતના વીજળીના બિલ માફ કરીશું. દિલ્હી અને પંજાબમાં વીજળી ફ્રી કરી છે, હવે અમને એક મોકો ગુજરાતમાં આપો. કેજરીવાલ રેવડી સ્વિસ બેંકમાં નહિ, જનતા વચ્ચે વહેંચે છે. આજ ગુજરાતની સરકાર ઉપર ૩.૫ લાખ કરોડનું દેવું છે. શું આ દેવું કેજરીવાલે કર્યું છે? ફ્રી રેવડીનો વિરોધ કરવા વાળા લોકો પોતાના મિત્રોને અને સ્વિસ બેંકમાં રેવડીઓ વહેંચી રહ્યાં છે. જેવી સ્કૂલ મેં દિલ્હીમાં બનાવી તેવી એક સ્કૂલ પુરા દેશમાં બનાવી બતાવો. ગુજરાતના કેમિકલ કાંડમાં માર્યા ગયેલા લોકો માટે ૨ મિનિટનું મૌન પાળ્યુ હતુ. તેના બાદ કેજરીવાલ બોલ્યા કે, ઝેરી દારૂ પીવાથી આપણા ભાઈઓએ જીવ ગુમાવ્યો છે. ભગવાનને પ્રાર્થના કરું છું કે આત્માઓને શાંતિ આપે. ગુજરાતના મુખ્યમંત્રી મૃતકોના પરિવારજનોને મળવા નથી ગયા. કે ગુજરાત પ્રદેશ ભાજપના પ્રમુખ સી.આર. પાટીલ પણ મળવા નથી ગયા. મેં ભાજપના નેતાને પૂછ્યું તો કહ્યું કે, આ વાતથી મતમાં કોઈ ફેર નહિ પડે. ગુજરાતમાં હજારો કરોડનો નશાનો ધંધો છે. જે લોકો ઝેરી શરાબ પોતાના બાળકોને પીવડાવવા માંગે છે તે ભાજપને મત આપજો. ગોંડલના ૨૩ વર્ષના યુવકે બેરોજગારીથી કંટાળી આપઘાત કર્યો. રોજગારી મુદ્દે જ હું આજે ગેરેન્ટી આપવા આવ્યો છું. દરેક ભાઈ-બહેનને કહું છું કે, હવે આપઘાત કરવાની જરૂર નથી હવે તમારો મોટો ભાઈ આવી ગયો છે. અમે જે ગેરેન્ટી આપીએ છીએ, જે પાંચ વર્ષમાં પૂર્ણ ન થાય તો ધક્કા મારી કાઢજો. એરપોર્ટ પર અરવિંદ કેજરીવાલે જનતા સમક્ષ બે મોડલની વાત કરી હતી. તેમણે કહ્યુ કે, તમે આ લોકોને મત આપશો તો ઝેરીલો દારુ મળશે જયારે અમોને મત આપશો તો રોજગાર મળશે. લોકોએ નક્કી કરવાનું છે કે તેઓ કયું મોડલ ઇચ્છે છે. ૨૭ વર્ષના શાશસથી પ્રજા ત્રસ્ત છે, શાળાની હાલત ખરાબ છે, તો બીજી તરફ, પેપર ફાટવાને કારણે નોકરી ન મળતા યુવાનો આત્મહત્યા કરી રહ્યા છે.

> **૧૦ લાખ નોકરીઓ બહાર પાડીશું સરકારી નોકરીઓના પેપર ફૂટવાની ઘટનાને લઈને કાયદો લાવીશું : કેજરીવાલ**

ગુજરાતમાં આગામી પાંચ દિવસ વરસાદના બીજા રાઉન્ડની આગાહી

જુલાઈમાં જ રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં નોંધપાત્ર વરસાદ પડી ચૂક્યો છે, જળાશયો પણ છલકાયા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧

હવામાન વિભાગ દ્વારા સમગ્ર રાજ્યમાં વરસાદના બીજા રાઉન્ડની આગાહી વ્યક્ત કરવામાં આવી છે. મોસમ વિભાગના જણાવ્યા મુજબ, ગુજરાતમાં આગામી પાંચ દિવસ સુધી હળવાથી મધ્યમ સ્તરનો વરસાદ વરસી શકે છે. નોંધનીય છે કે, ઓગસ્ટ રાજ્યભરમાં હળવો વરસાદ રહેવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. જો કે, ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી નથી. રાજ્યના ઉત્તર, દક્ષિણ, મધ્ય અને સૌરાષ્ટ્ર તથા કચ્છમાં વરસાદ થવાની આગાહી છે.

મહત્ત્વનું છે રાજ્યમાં વરસાદની શરૂઆત ધીમી અને મોડી થઈ હતી પરંતુ તે પછી

ગાજવીજ સાથે આગામી પાંચ દિવસ હળવાથી મધ્યમ સ્તરનો વરસાદ પડી શકે છે

મહિનાની શરૂઆતથી રાજ્યમાં વરસાદના બીજા તબક્કાની આગાહી કરવામાં આવી હતી. જુલાઈના અંતમાં ગુજરાતમાં વરસાદની સિસ્ટમ નબળી પડી હતી જે ફરી એક વખત સક્રિય થઈ છે. આગાહી વચ્ચે સોમવારે અમદાવાદમાં બપોરથી છૂટોછવાયા વરસાદની શરૂઆત થઈ હતી.

ગુજરાતમાં જુલાઈ માસ દરમિયાન નોંધપાત્ર વરસાદ પડતાં રાજ્યના ડેમોમાં પાણીની નવી આવક થઈ હતી. મોટાભાગના ડેમો ૧૦૦ ટકા સુધી ભરાઈ ગયા છે. કચ્છમાં જુલાઈ માસમાં જ સીઝનનો ૧૦૦ ટકા વરસાદ પડ્યો હતો જ્યારે દક્ષિણ ગુજરાત પર પણ મેઘરાજા મહેરબાન રહ્યા હતા. જુલાઈના અંત ભાગમાં વરસાદી સિસ્ટમ નબળી પડતા વાતાવરણમાં બાફનું પ્રમાણ વધ્યું હતું. જો કે, સોમવારે ફરી વરસાદી માહોલ જામતા ઉકળાટમાંથી થોડી ઘણી રાહત મળી હતી.

સતત ત્રણ દિવસ તાપમાન ઊંચું રહ્યા પછી ફરી એકવાર વરસાદી માહોલ જામવાની સંભાવના વ્યક્ત કરાઈ છે. ઓગસ્ટ મહિનાની શરૂઆતમાં વરસાદ પડવાની આગાહી વ્યક્ત કરાઈ હતી.

રાજ્યના ઘણા ભાગોમાં વરસાદે વિરામ લીઈ લીધો છે આમ છતાં કેટલાક વિસ્તારોમાં હળવા વરસાદી ઝાપટાં થતાં રહે છે. સારો વરસાદ થતાં ડેમ અને નદી-નાળામાં પાણીની આવક થઈ રહી છે. ઉપરવાસમાં થયેલા સારા વરસાદના લીધે નર્મદા ડેમમાં પણ પાણીની આવક થઈ રહી છે.

હવામાન વિભાગે કરેલી આગાહી પ્રમાણે રાજ્યમાં ઘણી જગ્યાએ હળવો વરસાદ રહી શકે છે જેમાં કેટલાક છૂટાછવાયા વિસ્તારોમાં ભારે ઝાપટાં પણ પડી શકે છે. અમદાવાદ અને ગાંધીનગર સહિત બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, ખેડા, પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા, છોટાઉદેપુર, સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડ અને સૌરાષ્ટ્રના રાજકોટ, જામનગર, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, મોરબી, દેવભૂમિ દ્વારકા, ગીર-સોમનાથ, કચ્છ અને દીવમાં વરસાદ થવાની સંભાવના વ્યક્ત કરાઈ હતી.

આગામી પાંચ દિવસોમાં જુલાઈ મહિનામાં સારો વરસાદ થયો છે જેના લીધે રાજ્યમાં નદીઓ સહિત અન્ય જળાશયોમાં પાણીની સારી આવક થઈ છે. મેઘરાજાએ કરેલી ધમાકેદાર બેટિંગના કારણે જુલાઈમાં સરેરાશ વરસાદ કરતા ૫૮ ટકા વધુ વરસાદ નોંધાયો છે. અમદાવાદમાં ખાનગી હવામાન વેબસાઈટ મુજબ ૩ ઓગસ્ટે ગાજવીજ સાથે ભારે વરસાદ થઈ શકે છે, જેમાં પૂર્વના ભાગોમાં ભારે વરસાદ થઈ શકે છે. ઓગસ્ટના બીજા અઠવાડિયા દરમિયાન પણ વરસાદી માહોલ અમદાવાદ સહિત રાજ્યભરમાં રહેવાની સંભાવના છે. અઠવાડિયાની મધ્યથી સૌરાષ્ટ્ર તથા દક્ષિણ ગુજરાતમાં ફરી એકવાર મેઘરાજા બેટિંગ શરૂ કરી શકે છે.

વિધાનસભાની ચૂંટણી નજીક આવતા ધરણાં પ્રદર્શનો શરૂ !

ગાંધીનગરમાં મોટી સંખ્યામાં રાજ્યના LRD ઉમેદવારોના ધરણાં

માગણી ન સ્વીકારાય ત્યાં સુધી ધરણાં જારી રાખવાની આપી ચીમકી

(સવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧

વિધાનસભાની ચૂંટણી નજીક આવતા સરકાર પાસેથી પોતાના પ્રશ્નો-માગણીઓનો નિકાલ લાવવા વિવિધ સંગઠનો તથા સંસ્થાઓ મેદાનમાં આવી રહી છે. જેમાં ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે ફરી એકવાર રાજ્યના એલઆરડી ઉમેદવારો મોટી સંખ્યામાં ધરણાં પર બેઠા છે. પોસ્ટરો સાથે પ્રદર્શન કરી રહેલા પરીક્ષાર્થીઓએ LRDના નવા જાહેર થયેલા વેઈટિંગ લિસ્ટમાં પુરૂષો સાથે અન્યાય થયાની રજૂઆત કરી છે. સત્યાગ્રહ છાવણી ખાતે પ્રદર્શન કરી રહેલા ઉમેદવારોએ મહિલાઓની સમકક્ષ ૨૪૮૫ જગ્યા પુરૂષો માટે જાહેર કરવાની માગણી કરી છે. ધરણાં પર ઉતરેલા LRDના ઉમેદવારોએ જ્યાં સુધી તેમની માગણી નહીં સ્વીકારાય ત્યાં સુધી ધરણા યથાવત રાખવાની ચીમકી પણ ઉચ્ચારી છે.

ગાંધીનગરમાં સત્યાગ્રહ છાવણી ખાતે મહિલા સમકક્ષ ૨૪૮૫ જગ્યા પુરૂષો માટે ભરવાની માંગ સાથે LRDના ઉમેદવારો ધરણા પર બેઠા છે. ઉમેદવારોએ આક્ષેપ કર્યો છે કે, વર્ષ ૨૦૧૮-૧૯ની ભરતીમાં સરકારે જે ૧ ઓગસ્ટ ૨૦૧૮ના નિયમને લઈને જે મહિલા કેટેગરી ભરતીની સંખ્યામાં વધારો કર્યો હતો. તે સમયે બંધારણના ૩૩:૬૭ના રેસિયાનું ઉલ્લંઘન કરવામાં આવ્યુ હતુ. આ દરમિયાન સરકારે ૪૬: ૫૪નો રેસિયો કર્યો હતો. જેના પરિણામે ૬૨ માર્કસવાળી મહિલાઓ હાલમાં પોલીસ ખાતામાં જોબ કરી રહી છે. જ્યારે ૮૮ માર્ક્સ લાવનાર ઉમેદવારો પોતાની નોકરી મેળવવા માટે ધરણા કરી રહ્યા છે. ઉમેદવારોના જણાવ્યા અનુસાર, અનેક વાર સરકારને આ બાબતે રજૂઆત કરવામાં આવી છે, પણ સરકારે કોઈ પણ મુદ્દા પર ધ્યાન આપ્યુ નથી. એટલે જ્યાં સુધી અમારી માગણી નહીં સંતોષાય ત્યાં સુધી અમે ગાંધીનગરમાં ધરણાં યથાવત રાખીશું. તેવી ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

અમદાવાદ જિલ્લામાં ટિટેનસ અને ડિપ્થેરીયા રસીકરણનો પ્રારંભ

અમદાવાદ, તા.૧

અમદાવાદ જિલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગ દ્વારા જિલ્લાના બાળકોને ટિટેનસ અને ડિપ્થેરીયાના ચેપથી સુરક્ષિત કરવાના શુભ હિતાર્થે TD રસીકરણ અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. અમદાવાદ જિલ્લાના ૧૦ થી વધુની વયના ૪૦ હજાર બાળકો અને ૧૬થી વધુની

અમદાવાદ જિલ્લાના ૧૦થી વધુની વયના ૪૦ હજાર અને ૧૬થી વધુની વયના ૩૮ હજાર બાળકોને ધનુર અને ડિપ્થેરીયાની રસી લગાવવામાં આવશે

વયના ૩૮ હજાર કિશોરોને ધનુર અને ડિપ્થેરીયાની TD રસી લગાડીને ચેપી રોગોથી સુરક્ષિત કરવામાં આવશે. આજરોજ દસક્રોઇ વિધાનસભાના ધારાસભ્ય બાબુભાઇ પટેલ દ્વારા જેતલપુર પ્રાથમિક શાળાથી TD રસીકરણનો પ્રારંભ કરાવવામાં આવ્યો હતો. અમદાવાદ જિલ્લાના લાભાર્થી તમામ બાળકોને આ રસીકરણ અભિયાનનો લાભ મળે અને બાળકો TD રસીકરણથી ચેપી રોગો સામે સુરક્ષિત બને તેવા આશય સાથે જિલ્લા પંચાયત દ્વારા આ અભિયાનની શરૂઆત કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ક્લોસ્ટીરડીયમ ટીટેની નામના બેક્ટેરિયા જ્યારે વ્યક્તિના શરીરમાં પ્રવેશે અને ટીટેનોસ્પાસ્મીન નામનું ઝેર બનાવાની શરૂઆત કરે ત્યારે મહદઅંશે શરીરને નુકસાન પહોંચતું હોય છે. પરિણામે ટીટેનસની રસી થી આ પ્રકારના બેક્ટેરિયાથી રક્ષણ મળે છે. ડીપ્થેરીયા એટલે ગળા કે અન્ય અંતઃત્વચા અથવા ચામડી પર લાગતો બેક્ટેરિયાનો ચેપ. કોરિનબેક્ટર ડીપ્થેરી નામના બેક્ટેરિયા આ રોગ માટે જવાબદાર છે. આના સંક્રમણથી શરીરમાં ડીપ્થેરીયા ટોક્ષીન નામનો વાયરસ શરીરમાં પ્રવેશીને ઘાતક અસરો શરૂ કરે છે. અગમચેતીના ભાગરૂપે લેવાયેલી ડીપ્થેરીયાની રસી આ પ્રકારના વાયરસથી રક્ષણ પ્રાપ્ત કરાવે છે.

એનઆઇએ અને એટીએસ દ્વારા અમદાવાદ, સુરત, ભરૂચ, નવસારીમાં તપાસ હાથ ધરાઈ હતી

આતંકવાદી સાથેના કનેક્શનને લઇને સુરતના જલીલને સતત બીજા દિવસે બોલાવી પૂછપરછ કરાઇ

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧

ગુજરાત એટીએસ અને એનઆઈએ દ્વારા રવિવારે વહેલી સવારે સ્થાનિક પોલીસની એજન્સીને સાથે રાખી ગુજરાતના અમદાવાદ, ભરૂચ, સુરત અને નવસારીમાં કેટલાક શખ્સો દેશ વિરોધી પ્રવૃતિ કરતા હોવાને લઈને તપાસ હાથ ધરી હતી. ગુજરાત એટીએસ અને એનઆઈએએ સુરત એસઓજીની સાથે રવિવારે વહેલી સવારે લાલગેટ કાસકીવાડમાંથી જલીલ નામના શખ્સને ઊંચકી લાવી પૂછપરછ શરૂ કરી હતી. ત્યારબાદ મોડીસાંજે જવા દીધો હતો. જ્યારે સોમવારે ફરી બોલાવીને પૂછપરછ કરવાની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, એનઆઈએની ટીમે ગુજરાતના અલગ અલગ શહેરમાં દેશ વિરોધી પ્રવૃત્તિઓ કરતા તત્ત્વોનું સર્વેલન્સ કરી રહી હતી. સોશિયલ મીડિયા તેમજ ઈન્ટરસેપ્શન દ્વારા એનઆઈએના સ્ટાફને ૩ યુવકો દેશ વિરોધી પ્રવૃતિ કરતા હોવાનું તપાસમાં બહાર આવ્યું હતું. જેના આધારે ગુજરાત એટીએસ અને એનઆઈએએ સુરત એસઓજીની સાથે રવિવારે વહેલી સવારે લાલગેટ કાસકીવાડમાંથી જલીલ નામના શખ્સને ઊંચકી લાવી પૂછપરછ શરૂ કરી હતી. કર્ણાટકમાં પકડાયેલા આતંકીની પૂછપરછમાં જલીલ સહિત ૩ જણાના નામો સામે આવ્યા હતા. એનઆઈએના સ્ટાફે જલીલને વર્ષ ૨૦૨૧ના કર્ણાટક કનેક્શન બાબતે પૂછપરછ શરૂ કરી છે. જલીલની એનઆઈએના એસપી જાતે તપાસ કરી રહ્યાં છે. જલીલ યુપીમાં એક વર્ષ પહેલા જમાતમાં ગયો હતો તે વખતે સંપર્કમાં આવ્યો હતો. હાલમાં જલીલ મદ્રેસામાં બાળકોને ઉર્દુ ભણાવે છે અને ધો-૧૦સુધી ભણેલો છે. અગાઉ જલીલ રિક્ષા ચલાવતો હતો અને સાથે કાપડ દલાલીનું પણ કામ કરતો હતો. જ્યારે જલીલના રાંદેર ખાતે રહેતા ૨૧ વર્ષીય મિત્ર ઉમરને પણ પોલીસ ઊંચકી લાવી હતી. તેની પણ એનઆઈએના સ્ટાફે ૨ કલાક સુધી પૂછપરછ કરી સાંજે જવા દીધો હતો. બંનેના સોશિયલ મીડિયા એકાઉન્ટ ચેક કરાશે અને તેઓ કોની કોની સાથે સંપર્કમાં હતા તેની તપાસ કરાશે. એનઆઈએના સ્ટાફે જલીલના મોબાઈલમાંથી કેટલાક પુરાવા એકત્ર કર્યા હોવાનું પણ જાણવા મળ્યું છે. સોમવારે ફરીથી જલીલ શેખને એસઓજી કચેરી બોલાવવામાં આવ્યો હતો. હાલ તેની ફરીથી પૂછપરછ કરવામાં આવી રહી છે. આ સંદર્ભે એનઆઈએ અને એટીએસની ટીમ હજુ પણ સુરતમાં ધામા નાંખી તપાસ કરી રહી છે. આ ઉપરાંત એનઆઈએના ઉચ્ચ અધિકારીઓ જલીલ શેખની પૂછપરછ કરવા માટે સુરત આવવાની શક્યતા દેખાઈ રહી છે.

રાજ્યના ૧૮ જિલ્લામાં EVM અને VVPATના ફર્સ્ટ લેવલ ચેકિંગની કામગીરી શરૂ કરાઈ

અમદાવાદ,તા.૧ ચૂંટણી પ્રક્રિયાને વધુ ચોકસાઈપૂર્ણ બનાવવામાં અને પારદર્શી, નિષ્પક્ષ, મુક્ત અને ન્યાયી ચૂંટણીઓ સુનિશ્ચિત કરવામાં મતદાન માટેના ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન એટલે કે, ઈવીએમ અને વીવીપેટના ફર્સ્ટ લેવલ ચેકિંગ મહત્વની ભૂમિકા ભજવે છે. જે ધ્યાને લેતા ભારતના ચૂંટણી પંચની સ્થાયી સૂચનાઓ મુજબ આગામી ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓની પૂર્વ તૈયારીઓના ભાગરૂપે તા.૧લી ઓગસ્ટથી રાજ્યના ૧૮ જિલ્લાઓમાં ઈવીએમ અને વીવીપેટના ફર્સ્ટ લેવલ ચેકિંગની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. ફર્સ્ટ લેવલ ચેકિંગના નિરીક્ષણ અર્થે ભારતના ચૂંટણીપંચ દ્વારા ઓબ્ઝર્વર્સની પણ નિમણૂક કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, ગત તા.૧૫મી જુલાઈથી રાજ્યના ૦૯ જિલ્લાઓમાં ઈવીએમ અને વીવીપેટના ફર્સ્ટ લેવલ ચેકિંગની કામગીરી શરૂ કરી દેવામાં આવી હતી.

જીવનું જોખમ હોવાથી બે યુગલને પોલીસ રક્ષણ આપવા કોર્ટનો આદેશ

પાટણ અને પાલનપુરના આવા બે કિસ્સામાં ગુજરાત હાઈકોર્ટે બંનેને પોલીસ પ્રોટેક્શન આપવા આદેશ આપ્યો

અમદાવાદ, તા.૧

પાટણમાં થયેલા હાલની ઘટનાની વાત કરીએ તો, લિવ-ઈન રિલેશનશિપમાં રહેતા અને લગ્ન કરવા માગતા કપલને પોલીસ પ્રોટેક્શન આપવાનો ગુજરાત હાઈકોર્ટ દ્વારા આદેશ કરવામાં આવ્યો હતો. પાટણના એક પ્રેમીપંખીડા તરફથી હાઈકોર્ટમાં રિટ કરીને તેવી રજૂઆત કરવામાં આવી હતી કે, બંને પાત્ર પુખ્તવયના થઈ ગયા છે, પરંતુ તેમની હજી લગ્ન માટેની વય થઈ નથી. બંનેએ લિવ-ઈન રિલેશનશિપ માટે કરાર કર્યા છે અને તેઓ સાથે રહે છે. લગ્નની ઉંમર થાય ત્યારબાદ તેઓ પરણવા માગે છે. પરંતુ તેમના માતા-પિતાએ આ સામે સખત વાંધો છે અને તેનાથી તેમને જીવનું જોખમ છે. તેથી પોલીસ પ્રોટેક્શન આપવામાં આવે. હાઈકોર્ટે દલીલને ધ્યાનમાં લઈને કપલને પ્રોટેક્શન આપવા કહ્યું હતું. પાલનપુરમાંથી પણ આવો જ એક કિસ્સો સામે આવ્યો હતો, જ્યાં પરિવાર વિરુદ્ધ જઈને લગ્ન કરનારા દંપતીને પોલીસ પ્રોટેક્શન આપવાની અરજી હાઈકોર્ટે મંજૂર કરી હતી. કપલે જણાવ્યું કહ્યું કે, અમદાવાદમાં ૧૫મી જુલાઈના રોજ લગ્ન કર્યા હતા અને બંને પુખ્યવયના છે. તેથી તેમને તેમના જીવનનો નિર્ણય લેવાનો હક છે. જો કે, તેમના પરિવારને લગ્ન મંજૂરી નથી અને તેથી તેમના જીવનું જોખમ હોવાથી પોલીસને આદેશ કરીને સલામતી પૂરી પાડવામાં આવે. આ કેસમાં પણ પોલીસને દંપતીને પ્રોટેક્શન આપવાનો આદેશ કર્યો હતો. બીજી તરફ પોલીસ પ્રોટેક્શનની અરજી મંજૂર થતાં બંને કપલે રાહતનો શ્વાસ લીધો હતો.

વડાપ્રધાન મોદી સાતમીએ ફરી ગુજરાત આવશે

અમદાવાદ,તા.૧

ગુજરાત વિધાનસભાની ચૂંટણી જેમ-જેમ નજીક આવી રહી છે. તેમ-તેમ ભાજપના કેન્દ્રીય મંત્રીઓના રાજ્યમાં આંટાફેરા સતત વધી રહ્યા છે. ગત અઠવાડિયે વડાપ્રધાન નરેન્દ્ર મોદી બે દિવસના ગુજરાત પ્રવાસે આવી ચૂકયા છે. જયારે ભાજપના વરિષ્ઠ નેતા પ્રકાશ જાવડેકર પણ એક કાર્યક્રમમાં હાજરી આપવા ગુજરાત પધાર્યા હતા. જે બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વધુ એક વખત ગુજરાત પ્રવાસની તૈયારી થઈ રહી છે. આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી ૭ ઓગસ્ટે ફરીથી એક વખત ગુજરાત આવી શકે છે. આગામી રવિવારે અમદાવાદના રિવરફ્રન્ટ ખાતે નેશનલ હેન્ડલુમ દિવસ અંતર્ગત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પીએમ મોદી હાજરી આપશે. આ સિવાય પણ વડાપ્રધાનના અન્ય કાર્યક્રમો નક્કી થાય તેવી શકયતા છે.

એચડીએફસી મ્યુચ્યુઅલ ફંડ – રોકાણકાર જાગૃતિ કાર્યક્રમ

મ્યુચ્યુઅલ ફંડ્સ વિશે વધુ જાણકારી મેળવવા માટે અમારી સાથે જોડાઓ.

તારીખ અને સ્થળ:

મંગળવાર, 2 ઓગસ્ટ, 2022; સાંજે 7:00 વાગ્યાથી.
દિલ સે રે બેંક્વેટ હોલ, સ્ટાર બજાર ઉપર, ઇમ્પીરીયલ સ્ક્વેર, અડાજણ,
સુરત – 395 009, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરો: કંદર્પ શુક્લ, મોબાઇલ : 98251 98345.

બુધવાર, 3 ઓગસ્ટ, 2022; સાંજે 6:30 વાગ્યાથી.
હોટેલ એરિઝોના ઇન, આણંદ સોજીત્રા રોડ, આણંદ, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરો: નિરલ જોષી, મોબાઇલ : 70166 95883.

બુધવાર, 3 ઓગસ્ટ, 2022; સાંજે 6:30 વાગ્યાથી.
હોટલ એલોટ્રોઇ, મીઠાખળી છ રસ્તા, નેતાજી રોડ, શ્રી કૃષ્ણ સેન્ટરની સામે,
અદાણી વિલ્મર હાઉસ લેન, મીઠાખળી, નવરંગપુરા, અમદાવાદ – 380009, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરો: દિવ્યેશ જોષી, મોબાઇલ : 98793 61437.

નોંધણી ફરજિયાત છે. નોંધણીનો સમય સવારે 9:30 થી સાંજે 6:00 સુધીનો જ રહેશે.
કાર્યક્રમ દરમિયાન કોવિડ સુરક્ષા માર્ગદર્શિકાનું પાલન કરવાનું ફરજિયાત છે.
વોક-ઇન્સને મંજૂરી નથી.

HDFC MUTUAL FUND BHAROSA APNO KA
An Investor Education by HDFC Mutual Fund

મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણો બજારનાં જોખમોને આધીન હોય છે, સર્વ યોજના સંબંધી દસ્તાવેજો કાળજીપૂર્વક વાંચો.

પંજાબ : મલેરકોટલામાં AAP કાઉન્સિલર મોહમ્મદ અકબરની જીમમાં ઘૂસી ગોળી મારી હત્યા કરવામાં આવી

(એજન્સી) તા.૧

આમ આદમી પાર્ટીના સિટી કાઉન્સિલર, મોહમ્મદ અકબરની રવિવારે (૩૧ જુલાઈ, ૨૦૨૨) પંજાબના માલેરકોટલા જિલ્લામાં એક જીમની અંદર ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. મોહમ્મદ અકબરને નજીકથી ગોળી વાગી હતી. માલેરકોટલાના વરિષ્ઠ પોલીસ અધિક્ષક અવનીત કૌર સિદ્ધુએ કહ્યું, એક વ્યક્તિ જીમમાં આવ્યો અને અકબરને ગોળી મારી દીધી. પોલીસે કહ્યું કે એક ગોળી અકબરને લાગી અને તેનું ઘટનાસ્થળે જ મોત થયું. પોલીસના જણાવ્યા અનુસાર અકબરની હત્યા અંગત અદાવતના કારણે થઈ હતી. સમગ્ર મામલાની તપાસ કરવામાં આવી રહી છે. પોલીસે મૃતકની પત્ની અકબરીના નિવેદનના આધારે બંને આરોપીઓ સામે હત્યાનો ગુનો નોંધ્યો છે. હાલમાં, કોઈની ધરપકડ કરવામાં આવી નથી.પોલીસની પ્રાથમિક તપાસમાં હુમલાખોરોએ સંપૂર્ણ પ્લાનિંગ સાથે આ ઘટનાને અંજામ આપ્યો હોવાનું જાણવા મળ્યું હતું. હત્યા કરતા પહેલા હુમલાખોરોએ કાઉન્સિલર અકબરની રેકી કરી હતી. તેઓ અકબરના જિમ આવવા જવાના સમયથી વાકેફ હતા. આ સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ

હતી. વીડિયોમાં અકબર જીમની અંદર એક અજાણ્યા વ્યક્તિ તરફ જતો જોવા મળે છે. જેમ જેમ અકબર નજીક આવે છે બંદૂકધારી તેના હથિયાર બહાર કાઢે છે અને તેને ગોળી મારી દે છે. પોલીસે જણાવ્યું કે હત્યામાં સામેલ બે હુમલાખોરો ઘટના બાદ ફરાર થઈ ગયા હતા. એમની શોધખોળ ચાલુ છે. અકબરે કોંગ્રેસ તરફથી સિટી કાઉન્સિલની ચૂંટણી લડી અને શાનદાર જીત મેળવી હતી પરંતુ પંજાબમાં સત્તા પરિવર્તન બાદ તેઓ આમ આદમી પાર્ટીમાં જોડાયા. ધારાસભ્ય ડો.મોહમ્મદ જમીલ-ઉર-રહેમાને ખાતરી આપી છે કે મોહમ્મદ અકબરના મૃત્યુ પછી પીડિત પરિવારને જલ્દી ન્યાય આપવામાં આવશે. લગભગ ત્રણ વર્ષ પહેલા મોહમ્મદ અકબરના મોટા ભાઈ મોહમ્મદ અનવરની પણ લુધિયાણા બાયપાસ પાસે બે હુમલાખોરો દ્વારા ગોળી મારી હત્યા કરવામાં આવી હતી. અનવર કોંગ્રેસના નેતા અને મલેરકોટલાની સિટી કાઉન્સિલના કાઉન્સિલર પણ હતા. અકબરની હત્યા બાદ પંજાબની કાયદાકીય વ્યવસ્થા પર ફરીથી સવાલો ઉઠી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, પંજાબમાં આમ આદમી પાર્ટીની સરકાર છે.

ગર્લ્સ ઈસ્લામિક ઓર્ગેનાઈઝેશને તેના પ્રથમ રાષ્ટ્રીય અધ્યક્ષ અને જનરલ સેક્રેટરીની નિયુક્તિ કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧

ગર્લ્સ ઈસ્લામિક ઓર્ગેનાઈઝેશન (GIO), જે ભારતની અગ્રણી મહિલા સંગઠનો પૈકી એક છે, તેણે તેના પ્રથમ રાષ્ટ્રીય અધ્યક્ષ અને મહામંત્રીની નિયુક્તિ કરી છે. ૩૦ જુલાઈ ૨૦૨૨ના રોજ એડવોકેટ સુમૈયા રોશન (કર્ણાટક) નેશનલ ફેડરેશન ઓફ GIOના પ્રથમ પ્રમુખ બન્યા છે અને સમર અલી (કેરળ) જનરલ સેક્રેટરી બન્યા છે. નોંધપાત્ર રીતે GIO, જે અગાઉ રાજ્ય પરિષદોના સ્તરે કામ કરતી હતી, તેને એકીકૃત કરવામાં આવી હતી અને રાષ્ટ્રીય ફેડરેશનમાં બનાવવામાં આવ્યું હતું. નવી વ્યવસ્થાનું નેતૃત્વ રાષ્ટ્રીય અધ્યક્ષ અને મહામંત્રી કરશે અને તેમાં બે વર્ષની મુદત માટે તમામ GIO રાજ્યોના પ્રતિનિધિઓ ધરાવતી ફેડરલ સમિતિનો સમાવેશ થશે. આ ફેડરલ કમિટીની બેઠક ૨૯થી ૩૧ જુલાઈ દરમિયાન યોજાઈ હતી. જમાત-એ-ઈસ્લામી હિંદની મહિલા વિદ્યાર્થીની આ સંસ્થા GIO એક બિન-લાભકારી સંસ્થા છે અને ૧૯૮૪થી સમગ્ર દેશમાં સામાન્ય રીતે મહિલાઓ અને ખાસ કરીને મુસ્લિમ મહિલાઓને લગતા વિવિધ મુદ્દાઓ સાથે સક્રિયપણે સંકળાયેલી છે. આ સંસ્થા ભારતમાં લગભગ દરેક રાજ્યમાં પોતાની હાજરી ધરાવે છે. છેલ્લા કેટલાક વર્ષોમાં, રાજ્ય સ્તરે જીઆઈઓ મુસ્લિમ મહિલાઓના સર્વાંગી વિકાસ માટે કામ કરી રહ્યું છે અને કરતું રહેશે. રાષ્ટ્રીય સ્તરે,

ફેડરેશનના ઉદ્દેશ્યો રાજ્યો વચ્ચે ક્રિયાપ્રતિક્રિયા અને વિચારોના આદાનપ્રદાનનું સંકલન અને રાષ્ટ્રીય ચિંતાના મુખ્ય મુદ્દાઓને સંબોધવા અને તેના માટે યોગ્ય કામ કરવાનું છે. GIOનો ઉદ્દેશ્ય મહિલાઓને સમાજના પડકારો સામે લડવા માટે તૈયાર કરતી વખતે એકતા દર્શાવવા, પોતાની અભિવ્યક્તિ કરવા અને તેઓને સહાયતા આપવાનો છે. તેનું કાર્યક્ષેત્ર મુસ્લિમ મુદ્દાઓ પૂરતું જ સીમિત નથી પરંતુ સામાન્ય રીતે મહિલાઓના મુદ્દાઓ અને રાષ્ટ્રીય મહત્વના મુદ્દાઓ પર આધારિત ઉદ્દેશ્યો પણ પૂર્ણ કરવાનું છે. વિશ્વની સૌથી મોટી લોકશાહીનો ભાગ હોવાને કારણે, દેશના દરેક નાગરિકને પોતાની જાતને વિકસિત કરવા અને તેમની ઉચ્ચતમ ક્ષમતા પ્રાપ્ત કરવા માટે સમાન તકો પ્રદાન કરવી આવશ્યક છે. આવા પુષ્કળ પ્રયાસો કરવામાં આવ્યા હોવા છતાં, ભારતમાં મહિલાઓને શક્ય તમામ રીતે ભેદભાવનો સામનો કરવો પડી રહ્યો છે. મંડલ કમિશનની ભલામણોના ચાલીસ વર્ષ પછી પણ, આજે અન્ય પછાત સમુદાયો (ઓબીસી) માટે પૂરી પાડવામાં આવતી તકોમાં એકંદર અસમાનતા છે. આ સંસ્થા શૈક્ષણિક ઉત્થાન, સામાજિક-રાજકીય પરિસ્થિતિમાં પ્રગતિ, ઉદ્યોગસાહસિક ઉન્નતિ અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયોની મહિલાઓને સમાન તકો પૂરી પાડવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ સંસ્થા મુક્ત સ્થાન વિકસાવવા માટે સભાન પ્રયાસો કરશે જ્યાં કોઈપણ વ્યક્તિ પોતાની અભિવ્યક્તિ કરી શકે અને તેમની સાથે થતા અન્યાય અંગે પ્રશ્ન કરી શકે.

પશ્ચિમ બંગાળમાં બની દર્દનાક ઘટના

પિકઅપ વાનમાં કરંટ લાગવાથી ૧૦ લોકોનાં મોત, અનેક ઈજાગ્રસ્ત

ડીજે સિસ્ટમના વાયરિંગમાં સમસ્યા હોવાની સંભાવના ડ્રાઈવર ફરાર, પોલીસે જપ્ત કરી લીધી છે પિકઅપ વાન

કૂચ બિહાર, તા.૧

પશ્ચિમ બંગાળના કૂચ બિહારમાં એક દર્દનાક ઘટના બની હોવાની જાણકારી સામે આવી છે. રવિવારે મોડી રાત્રે અહીં કરંટ લાગવાને કારણે ૧૦ લોકોનાં મૃત્યુ થયા છે. પોલીસ દ્વારા પ્રાપ્ત જાણકારી અનુસાર આ ઘટના જલપેશ જઈ રહેલા મુસાફરોથી ભરેલી પિકઅપ વાનમાં કરંટ લાગવાને કારણે બની છે. ઘટના પછી મુસાફરોને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. વાનમાં લગભગ ૨૭ લોકો હાજર હતા જેમાંથી ૧૬ને સારવાર માટે જલપાઈગુડી હોસ્પિટલ મોકલવામાં આવ્યા છે. પ્રાપ્ત જાણકારી અનુસાર, પોલીસને શંકા છે કે વાનમાં ડીજે સિસ્ટમના જનરેટરના વાયરિંગને કારણે આ દુર્ઘટના બની છે. માથાભંગાના એડિશનલ એસપીના જણાવ્યા અનુસાર, રાત્રે લગભગ બાર વાગ્યે મેખલીગંજ પીએસ અંતર્ગત ધરલા બ્રિજ પર આ ઘટના બની હતી. જલપેશ જઈ રહેલા મુસાફરોને લઈ જતી વાન વીજ કરંટનો શિકાર બની હતી. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે આ જનરેટરની વાયરિંગને કારણે થયું હોવાની સંભાવના છે. જે વાહનના પાછળના ભાગમાં લગાવવામાં આવ્યુ હતું. પોલીસે જણાવ્યું કે, ઈજાગ્રસ્તોને BPHC લાવવામાં આવ્યા હતા. મેડિકલ ઓફિસર્સે ૨૭માંથી ૧૬ને વધારે સારી સારવાર માટે જલપાઈગુડી જિલ્લા હોસ્પિટલ મોકલવાની સલાહ આપી હતી. તેમને સામાન્ય ઈજા થઈ હતી, પરંતુ સંપૂર્ણપણે તપાસ થાય તે જરૂરી છે. ૧૦ લોકોને તબીબો દ્વારા મૃત જાહેર કરવામાં આવ્યા હતા. નોંધનીય છે કે તમામ લોકો સીતલકુચી વિસ્તારના રહેવાસી છે. પરિવારના લોકોને આ બાબતની જાણ કરી દેવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, વાહનને જપ્ત કરી લેવામાં આવ્યું છે પરંતુ ડ્રાઈવર ફરાર થઈ ગયો છે. વરિષ્ઠ અધિકારીઓ પણ ઘટનાસ્થળ પર હાજર છે અને આગળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. અત્યારે પોલીસની ટીમ રાહત તેમજ અન્ય કોઈ પણ આવશ્યક સેવા માટે તૈનાત છે. તમને જણાવી દઈએ કે જલપેશ મંદિર પશ્ચિમ બંગાળમાં સ્થિત એક પૌરાણિક અને લોકપ્રિય શિવ મંદિર છે. પીડિત મુસાફરો આ જ મંદિરે જતા હોવાની જાણકારી સામે આવી રહી છે.

હરિદ્વારમાં નકલી દવા બનાવતી કંપનીઓ પર STFની મોટી કાર્યવાહી, કરોડો રૂપિયાનો સામાન જપ્ત

(એજન્સી) હરિદ્વાર,તા.૧

ઉત્તરાખંડના હરિદ્વારમાં નકલી દવાઓના ડીલરો પર મોટી કાર્યવાહી કરવામાં આવી છે. STF અને નાર્કોટિક્સ વિભાગે સંયુક્ત રીતે આ મોટી કાર્યવાહી હાથ ધરી છે. વાસ્તવમાં, STFને ઘણા સમયથી માહિતી મળી રહી હતી કે હરિદ્વારના ભગવાનપુર વિસ્તારમાં એક ફાર્માસ્યુટિકલ ફેક્ટરી છે જેમાં નકલી દવાઓનો વેપાર થઈ રહ્યો છે. ખાતરીના આધારે એસટીએફે ત્યાં દરોડો પાડ્યો હતો એવું કહેવામાં આવી રહ્યું હતું કે ત્યાં સ્થિત દવા કંપનીમાં કોરોના દરમિયાન જરૂરી રેમડેસિવર મોટા પાયે તૈયાર કરવામાં આવી રહી હતી. દરોડા બાદ STF અને નાર્કોટિક્સ વિભાગની સંયુક્ત ટીમે કંપનીના લાયસન્સ અને અન્ય દસ્તાવેજો તપાસવાનું કહ્યું હતું તો બહાર આવ્યું છે કે કંપની પાસે દવાઓ બનાવવા માટે કોઈપણ પ્રકારના દસ્તાવેજ નથી. જે બાદ દરોડા પાડનાર ટીમે દવા કંપની અને કરોડો રૂપિયાની રેમેડેસિવીર જપ્ત કરી હતી. કાર્યવાહી બાદ, STFએ કંપની બંધ કરી દીધી અને દવાઓના સેમ્પલ લીધા અને પરીક્ષણ માટે લેબોરેટરીમાં મોકલ્યા. રિપોર્ટ આવ્યા બાદ આગળની કાર્યવાહી કરવામાં આવશે. નોંધનીય છે કે આ પહેલા STFએ હરિદ્વાર અને દેહરાદૂનમાં પ્રતિબંધિત દવાઓનું ઉત્પાદન કરતી નકલી ફાર્માસ્યુટિકલ કંપનીઓ વિરુદ્ધ કાર્યવાહી કરી હતી. જેમાં ૩ કંપનીઓ સાથે કરોડો રૂપિયાની દવાઓ જપ્ત કરવામાં આવી હતી. હરિદ્વારમાં STF અને નાર્કોટિક્સ વિભાગના સંયુક્ત દરોડા અંગે SSP STF અજય સિંહનું કહેવું છે કે STF એવી કંપનીઓ પર લાંબા સમયથી ઓપરેશન ચલાવી રહી છે જે લોકોના જીવ સાથે રમત કરી રહી છે. જે અંતર્ગત STFએ ભગવાનપુર વિસ્તારમાં મોટી કાર્યવાહી કરી છે. હાલ તો ફાર્માસ્યુટિકલ કંપની બંધ કરી દેવામાં આવી છે અને લેબોરેટરી રિપોર્ટના આધારે આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

ED‌ની તપાસમાં થયેલો મોટો ખુલાસો

અર્પિતા મુખરજીના નામે એક ટેક્સટાઈલ કંપની હોવાનું ખુલ્યું

વર્ષ ૨૦૧૨માં એક જ સરનામે બે રિયલ એસ્ટેટ ફર્મ અને એક ટેક્સટાઈલ ફર્મ રજિસ્ટર થઈ હતી

નવી દિલ્હી, તા.૧

પશ્ચિમ બંગાળ શિક્ષક ભરતી કૌભાંડમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)ની કાર્યવાહી ચાલી રહી છે, જ્યાં હવે બે રિયલ એસ્ટેટ કંપનીઓ અર્પિતા મુખર્જીના નામે ટેક્સટાઈલ કંપની હોવાનું જાણવા મળ્યું છે. EDની તપાસમાં આ વાત સામે આવી છે. EDના સૂત્રોના જણાવ્યા અનુસાર, ૨૦૧૨માં એક જ સરનામે બે રિયલ એસ્ટેટ ફર્મ અને એક ટેક્સટાઈલ ફર્મ રજિસ્ટર થઈ હતી. ED અનુસાર, ક્લબટાઉન હાઈટ્સમાં 8A ફ્લેટના એક જ સરનામે ત્રણ કંપનીઓ કાર્યરત હતી. તપાસમાં EDના અધિકારીઓના હાથમાં સનસનીખેજ માહિતી મળી હતી. ઈડીના સૂત્રોના જણાવ્યા અનુસાર ટેક્સટાઈલ કંપનીની શેર મૂડી રૂ. ૨ લાખ હતી, બીજી તરફ એક જ સરનામે કાર્યરત બે રિયલ એસ્ટેટ કંપનીઓની શેર મૂડી રૂ. ૧ લાખ હતી. અગાઉ, પશ્ચિમ બંગાળમાં કરોડો રૂપિયાના શાળા ભરતી કૌભાંડના કેન્દ્રમાં રહેલા ભૂતપૂર્વ રાજ્ય પ્રધાન પાર્થ ચેટર્જીએ રવિવારે દાવો કર્યો હતો કે EDના દરોડા દરમિયાન રિકવર કરાયેલા નાણાં તેમના નથી અને સમય જ કહેશે કે "ષડયંત્ર"માં કોણ સામેલ હતું. આ કેસમાં ધરપકડ કરાયેલા ચેટરજીને મેડિકલ તપાસ માટે જોકાની ESI હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. તેઓ વાહનમાંથી નીચે ઉતર્યા બાદ જ્યારે પત્રકારોએ તેમને આ કૌભાંડ અંગે પ્રશ્ન કર્યો તો તેમણે આ જવાબ આપ્યો. તેમની સામે કોઈએ ષડયંત્ર રચ્યું છે કે કેમ તે અંગે પૂછવામાં આવતા તેમણે કહ્યું હતું કે, સમય આવશે ત્યારે તમને ખબર પડશે. બાદમાં હોસ્પિટલમાંથી બહાર નીકળ્યા પછી, ચેટર્જીએ ફરી એકવાર કહ્યું કે પૈસા તેમના નથી અને તેઓ ક્યારેય આવા વ્યવહારોમાં સામેલ થયા નથી. ED અધિકારીઓના જણાવ્યા અનુસાર, ચેટરજીની નજીકની સહયોગી અર્પિતા મુખર્જીના બે એપાર્ટમેન્ટમાંથી લગભગ ૫૦ કરોડ રૂપિયાની રોકડ મળી આવી છે. આ સાથે સોનું પણ મળી આવ્યું છે, જેની કિંમત આંકવામાં આવી રહી છે. આ પહેલા શુક્રવારે ચેટર્જીએ કહ્યું હતું કે તે એક ષડયંત્રનો શિકાર છે અને તૃણમૂલ કોંગ્રેસના તેમને સસ્પેન્ડ કરવાના નિર્ણય પર નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું હતું કે, "મને સસ્પેન્ડ કરવાનો નિર્ણય નિષ્પક્ષ તપાસને અસર કરી શકે છે." એક સમયે મુખ્યમંત્રી મમતા બેનર્જીના નજીકના ગણાતા ચેટરજીએ તેમને મંત્રી પદ પરથી હટાવવાના પગલા વિશે કહ્યું હતું કે, તેમનો નિર્ણય યોગ્ય હતો.

ઓગસ્ટના પ્રથમ દિવસે કોરોના કેસમાં મોટો ઘટાડો

દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૬,૪૬૪ નવા કેસ નોંધાયા

દેશમાં એક્ટિવ કેસનો આંકડો ઘટીને ૧,૪૩,૯૮૯ થયો છે, જ્યારે કુલ મૃત્યુઆંક ૫,૨૬,૩૯૬ પર પહોંચ્યો છે

નવી દિલ્હી, તા.૧

ભારતમાં ઓગસ્ટ મહિનાના પ્રથમ દિવસે કોરોના કેસમાં મોટો ઘટાડો થયો છે. સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા પ્રમાણે, દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૬,૪૬૪ નવા કેસ નોંધાયા છે અને ૩૯ સંક્રમિતોના મોત થયા છે. દેશમાં એક્ટિવ કેસનો આંકડો ઘટીને ૧,૪૩,૯૮૯ થયો છે, જ્યારે કુલ મૃત્યુઆંક ૫,૨૬,૩૯૬ પર પહોંચ્યો છે. અત્યાર સુધીમાં ૪,૩૩,૬૫,૮૯૦ લોકો કોરોના મુક્ત થયા છે. દેશમાં કુલ ૨૦૪,૩૪,૦૩,૬૭૬ રસીના ડોઝ આપવામાં આવ્યા છે. જેમાંથી ૮,૩૪,૧૬૭ ડોઝ ગઈકાલે અપાયા હતા. દેશમાં કોરોનાને નાથવા હાલ સરકાર દ્વારા ફ્રીમાં બૂસ્ટર ડોઝ આપવામાં આવી રહ્યો છે. જોકે તેમ છતાં દેશમાં જુલાઈ મહિનામાં ૫.૪૦ લાખથી વધારે કેસ નોંધાયા હતા. જુલાઈ મહિનામાં ૨૨ જુલાઈના રોજ સૌથી વધુ ૨૧,૮૮૦ નવા કેસ નોંધાયા હતા, જ્યારે ૨૩ જુલાઈએ મહિનાના સૌથી વધુ ૬૭ સંક્રમિતોના મોત થયા હતા. ૫ જુલાઈએ સૌથી ઓછા ૧૩,૦૮૬ કેસ નોંધાયા હતા.

કર્ણાટક : મોહમ્મદ ફાઝીલના હત્યા કેસમાં પોલીસને પુરાવા મળ્યા

(એજન્સી) તા.૧

કર્ણાટક પોલીસે સોમવારે દાવો કર્યો હતો કે મંગલપેટમાં મોહમ્મદ ફાઝીલના હત્યા કેસમાં અમને પુરાવા જડ્યા છે. અમે આ હત્યામાં સામેલ ચાર લોકોની ગેંગની ઓળખ કરી લીધી છે. સોમવારે સૂત્રોએ આ માહિતી આપી હતી. પોલીસના સૂત્રોના અહેવાલ અનુસાર ફાઝીલની હત્યામાં સુહાસ, મોહન, ગિરી અને અમિત સામેલ હતા. તપાસમાં એવો ખુલાસો કરાયો છે કે આ હત્યામાં સુહાસ મુખ્ય આરોપી છે. તેનો ક્રિમિનલ રેકોર્ડ પણ છે અને તે અગાઉ બે હત્યાના પ્રયાસના કેસમાં પણ સામેલ હતો. આ ચારેય લોકોને પકડી પાડવા માટે પોલીસે તંત્ર વેગવંતુ કર્યું છે. ૨૮ જુલાઈના રોજ કરવામાં આવેલી હત્યામાં જે કારનો ઉપયોગ કરવામાં આવ્યો હતો તે કાર પણ પોલીસે કબજે કરી હતી. આ કારના માલિક અજિત કાસ્તાની ધરપકડ કરી લેવામાં આવી છે. ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીના નિષ્ણાતો આ કારની વધુ તપાસ કરી રહ્યા છે. જેથી આ કેસમાં વધુ લીડ મળે તેવી શક્યતા છે. મેંગ્લુરુ પોલીસના કમિશનર એન.શશીકુમારે આ મામલે કહ્યું હતું કે એજન્સી આ મામલે અત્યાર સુધીમાં ૫૧થી વધુ લોકોની પૂછપરછ કરી ચૂકી છે અને હત્યારાઓ અંગે પુરાવા મળી ચૂક્યા છે. પોલીસ જલદી જ આ લોકોની ધરપકડ કરી લેશે.

ઈન્ટરશીપ કરતી યુવતી સાથે દુષ્કર્મ આચર્યા અંગે

ડાકોર સામૂહિક આરોગ્ય કેન્દ્રના સુપ્રિટેન્ડેન્ટ સામે પોલીસ ફરિયાદ કરવા છતાં પોલીસ પકડથી દૂર

ગુનો દાખલ થયાને ૨૫ દિવસ થવા છતા પોલીસે તબીબની ધરપકડ ન કરતા પીડિતાની જિલ્લા પોલીસવડાને રજૂઆત

નડિયાદ, તા.૧

ડાકોરમાં સામૂહિક આરોગ્ય કેન્દ્રના સુપ્રિટેન્ડેન્ટે અહીયા ઈન્ટરશીપ કરતી ડાકોર યુવતી સાથે દુષ્કર્મના બનાવે ભારે ચકચાર જગાવી હતી. આ કેસમાં ૨૫ દિવસ બાદ પણ પીડીતાને ન્યાય મળ્યો નથી. કારણકે ગુનો દાખલ થયે ૨૫ દિવસનો સમય થવા છતાં પણ પોલીસે આરોપી તબીબની ધરપકડ કરી નથી. સમગ્ર કેસમાં પોલીસ આરોપીને છાવરી રહી હોવાના આક્ષેપો સાથે આજે પીડીતાએ આરોપીની ધરપકડ કરવા જિલ્લા પોલીસ વડાને આવેદનપત્ર આપી અરજ કરી છે.

ડાકોરમાં સામૂહિક આરોગ્ય કેન્દ્રના સુપ્રિટેન્ડેન્ટે તેનાથી અડધી ઉંમરની યુવતી સાથે દુષ્કર્મ આચર્યું હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. આથી આ મામલે આ હવસખોર સુપ્રિટેન્ડેન્ટ ડો.અજય કાન્તિભાઈ વાલા સામે ગત ૭ જુલાઈના રોજ ડાકોર પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી. ડો. અજય વાલાએ અહીયા ઈન્ટરશીપ કરતી બી.એચ.એમ.એસ. યુવતીને સરકારી નોકરીની લાલચ આપી અવારનવાર તેણીની મરજી વિરૂદ્ધ જાતિય સંબંધ બાંધતો હતો. જેથી અન્યાયનો ભોગ બનેલ યુવતીએ હિંમતભેર પોતાના પરિવારજનોને કરતા અને પોલીસમા ફરિયાદ નોંધાવતા સમગ્ર મામલો ઉજાગર થયો હતો. પીડીત યુવતીએ હવસખોર સુપ્રિટેન્ડેન્ટ ડો.અજય કાન્તિભાઈ વાલા સામે ફરિયાદ નોંધાવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી હતી.

પોલીસ ફરિયાદ નોંધાઈએ પણ આજે ૨૫ દિવસનો સમય વિત્યો છે. આમ છતાં પણ આ ગુનામાં પોલીસ આરોપીની ધરપકડ કરી રહી નથી. જેથી ન છૂટકે પીડીતા એ સોમવારે જિલ્લા પોલીસ વડાને આ મામલે આવેદનપત્ર આપી રજૂઆત કરી છે. જેમાં જણાવાયું છે કે સમગ્ર કેસમાં આટલા બધા દિવસ વિતવા છતાં પણ પોલીસ આરોપીને કેમ ધરપકડ કરતી નથી. ક્યાંક પોલીસ પણ આરોપીને છાવરી રહી છે.

હાલ આવા સંજોગોમાં આરોપી બહાર હોવાથી અમારા કેસને નુક્સાન પહોંચાડે તેમ છે, ઉપરાંત આરોપી પરોક્ષ રીતે અમારા આસપાસના માણસોને તેઓના માણસો મારફતે કેસમાં સમાધાન કરી દેવા માટે દબાણ ફઈ અને ધમકીઓ આપી રહેલ છે. કેસમાં સજ્જડ પુરાવા હોવા છતાં પણ આરોપીની ધરપકડ કેમ કરવામાં આવતી નથી તેવો સવાલ પીડીતાએ કર્યા છે. તો આરોપીને આગોતરા જામીન અરજી રજૂ કરવા તપાસનીસ એજન્સીએ સવલત પુરી પાડી હોવાના ગંભીર આક્ષેપો સાથે રજૂઆત કરાઈ છે. આરોપીની ધરપકડ કરવામાં આવે અને કેસને સાચી દિશામાં અને દબાણ વિનાની તટસ્થ તપાસ થાય તેવી માંગ પીડિતાએ કરી છે.

સુરતના ગોરાટ રોડ સ્થિત મુજદ્દીદ અલફેસાની શાળા સંચાલકોની સ્પષ્ટતા

શાળાના વર્ગખંડમાં ટિફિન ન પહોંચાડવા બાબતે વાલીએ કરેલ આક્ષેપો સંપૂર્ણ પાયાવિહોણા : આચાર્યા

ટિફિન બોક્સ માટે શાળાના કેલેન્ડરના પાના નં.૨૧માં પોઈન્ટ નં.૧૦માં આ નિયમનો ઉલ્લેખ છે : વાલીએ કેલેન્ડરનો અભ્યાસ કર્યો નથી

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧

સુરત શહેરના ગોરાટ રોડ સ્થિત મુજદ્દીદ એલફેસાની શાળામાં થોડા દિવસો પૂર્વે શાળાના વર્ગખંડમાં ટિફીન ન પહોંચાડવા બાબતે કેટલાક વાલીએ જે આક્ષેપો કર્યા છે, તે સંપૂર્ણ પાયાવિહોણા હોવાનું શાળાના આચાર્યા શફીયાબેનએ જણાવ્યું હતું.

આ અંગે વિશેષમાં પ્રાપ્ત માહિતી અનુસાર શહેરના રાંદેર ગોરાટ રોડ સ્થિત મુજદ્દીદ અલફેસાની શાળાની બુનિયાદ (સ્થાપના) ૧૯૯૬ થી બે મુસ્લિમ મહાનુભાવોએ પોતાના સ્વખર્ચે શરૂઆત કરી લઘુમતી સહિત તમામ ધર્મના લોકોને સારુ શિક્ષણ મળી રહે તે માટે એક નાના છોડને આજે વટવૃક્ષ જેવું ઉભુ કરવા માટે ઘણી મહેનત કરી હતી, અને આ શાળા પાછલા ૨૭ વર્ષથી શિક્ષણ ક્ષેત્રે ટેકનોલોજી અને સારા સમાજના નિર્માણ માટે સારુ શિક્ષણ પ્રદાન કરી રહી છે, આ શાળામાં ૨૯ જુલાઇ શુક્રવારના રોજ શાળામાં ફક્ત ચાર કલાક વર્ગો ચાલ્યા હતા. જેમાં કન્યા વિભાગનો સમય ૧૧:૧૦ થી ૦૩:૧૫ નો હતો, તે દિવસે એક વાલી ટિફિન માટે આવ્યા ત્યારે તેમની મુલાકાત આચાર્યા સફીયાબેન સાથે સ્ટાફે કરાવી હતી. આચાર્યાનો મળવાનો સમય ન હતો. છતાં પણ આચાર્યા વાલીને મળ્યા હતા, અને વિનંતીરૂપે તેમના શાળાના નિયમો બતાવ્યા અને આસ્વસ્થ કર્યા હતા કે તેઓ ટિફિન આપવા માટે મંજૂરી ન આપી શકીએ પરંતુ તમારા બાળકને શાળા તરફથી કેન્ટીનમાંથી ખાવાની વ્યવસ્થા કરી આપવામાં આવશે. પરંતુ હાજર વાલીની દલીલ હતી કે તેઓ બાળકને ઘરનું જ ભોજન આપે છે તેવું કહેતા જ આચાર્યાએ આશ્વાસન આપ્યું કે તમારા બાળકને ઘરનું ભોજન આપવામાં આવશે અને ખરેખર રિશેષ દરમિયાન એના વર્ગ શિક્ષકે પોતાના ટિફિનમાંથી આચાર્યા સફીયાબેનની સુચના મુજબ બાળકીને પણ આપ્યું પરંતુ બાળકીએ ખાવાની ના પાડતા તેને શાક રોટલી અને કેળુ પણ આપવામાં આવ્યું બાળકીને લાગેલ ભુખને આધારે બાળકીએ અડધુ કેળું પણ ખાધુ. જેના પરથી એ ફલીત થાય છે કે શાળાએ બાળકીનું સંપૂર્ણ ધ્યાન રાખ્યું હતું તેવું આચાર્યાએ જણાવ્યું હતું.

આચાર્યાએ વધુમાં જણાવ્યું હતું કે એક વાલીએ કરેલ આક્ષેપ મુજબ શાળા સંચાલકોની માનવતા મરી પરવારી છે, અને શાળાના જડ નિયમો વિશે ઉલ્લેખ કર્યો હતો તે અહિયા સ્પષ્ટ કરવું જરુરી બને છે કે શાળાના બધા જ નિયમોનો શાળાના કેલેન્ડરમાં ઉલ્લેખ કરવામાં આવે છે. ટિફિન બોક્ષ માટે શાળાના કેલેન્ડરના પાના નં.૨૧માં પોઇન્ટ નંબર દસમાં આ નિયમનો ઉલ્લેખ કર્યો છે અને પાંચ દિવસ પહેલા જ યોજાયેલ વાલીમીટીંગમાં આ પોઇન્ટ અને શાળાના નિયમો પર ચર્ચા કર્યા બાદ, વાલીઓને કેલેન્ડર આપવામાં આવ્યા હતા, અને મોટા ભાગની શાળાઓમાં જેમ કેલેન્ડર આપવામાં આવે છે તેજ રીતે અલફેસાની શાળામાં પણ કેલેન્ડર આપવામાં આવ્યા હતા. જેનો વાલીઓએ વાંચીને તેનું પાલન કરવાનું હોય છે. અહીયાં જે વિવાદ થયો તેના ઉપરથી સ્પષ્ટ પણે દેખાઇ રહ્યું છે કે વાલીએ કેલેન્ડર નો અભ્યાસ કર્યો નથી ? જો વાલી શાળાની પેરેન્ટ્સ મિટીંગમાં હાજર રહી શાળાને સંપૂર્ણ સાથ સહકાર આપે તો વાદ-વિવાદ થવાનો પ્રશ્ન જ ઉપસ્થિત ન થતો. શાળાને દોષ આપે તે ક્યાં સુધી ઉચિત છે. શાળા બાળકોની સંપૂર્ણ પણે સાર સંભાળ લે છે તેના પણ મોટા ભાગના વાલીઓ દ્વારા સાક્ષી અને સહી પુરાવા આપવા ઉપસ્થિત હોવાનું પણ શાળાના ટ્રસ્ટી તારીકભાઇ દાદાએ જણાવ્યું હતું.

આ ઉપરાંત શાળાના ટ્રસ્ટી તારીકદાદાએ વધુમાં જણાવ્યું હતું કે, શાળામાં માનવતાના પાઠ શીખડાવવા માટે જો કોઇ બાળક લંચબોક્ષ નપણ લાવ્યું હોય ત્યારે રિશેષ દરમિયાન ફરજ પર હાજર શિક્ષકો એવા બાળકોને પણ શેરીંગ - કેરીંગની ભાવના સાથે નાસ્તાની વ્યવસ્થા કરી આપે છે. તેમજ જે બનાવ ઉપસ્થિત થયો હતો. તેમાં વાલીના કહેવા મુજબ શાળાના ટ્રસ્ટી તારીકભાઇ દાદા ને ફોન કરી રજૂઆત કરી હતી. એના અનુસંધાનમાં શાળા જણાવવા માંગે છે કે ટ્રસ્ટી શાળાની આવી નાની બાબતોમાં દખલ કરેતો શાળાના અગત્યના કાર્યો આગળ કઇ રીતે વધી શકે તેથી તેઓ મીટીંગમાં હોવા છતા વાલીને જવાબ પણ આપ્યો અને આચાર્યાને મળવા માટે જણાવ્યું હતું.

જ્યારે કોવિડ-૧૯ના બે થી ત્રણ વર્ષ ના સમયગાળા દરમિયાન બાળકો શાળામાં આવી શક્યા નહિં માટે શિસ્તથી ઘણા જ દુર નીકળી ગયા છે.તેના કારણે નિયમોનું કડકાઇથી પાલન કરવું અને કરાવવું પણ ખુબ જ જરુરી છે. દરેક શાળાના પોતાના નિયમો હોય છે, તેજ રીતે મુજદ્દીદ અલફેસાની શાળાના પણ નિયમો છે. જેનાથી સમગ્ર વાલીઓ સારી રીતે પરિચિત પણ છે. ટ્રસ્ટીનું માનવું છે કે નિયમોનું પાલન સાથે સારા સમાજનું નિર્માણ પણ કરી શકાય અને બાળકોમાં મુલ્યો અને કૌશલ્યોનું ઘડતર પણ થાય તેવું ટ્રસ્ટી તારીકદાદાએ વધુમાં જણાવ્યું હતું.

અમદાવાદની હોસ્પિટલમાં ફરજ બજાવતા

માંગરોળના ડો.ઈમરાન પટેલ સહિતની ટીમે ૧૧ માસનાં બાળકને નવજીવન બક્ષ્યું

ડિપ્થેરિયા થતાં અગિયાર દિવસ વેન્ટિલેટર પર રહી એક મહિનાની સારવાર બાદ બાળકને હોસ્પિટલમાંથી રજા અપાઈ

અમદાવાદ, તા.૧

મૂળ જૂનાગઢ જિલ્લાના માંગરોળના ડો.ઈમરાન પટેલ અને તેમના બે સહયોગી ડોક્ટરની ટીમની મહેનતથી અગિયાર માસના બાળકને નવજીવન મળ્યું છે. એશિયન ચિલ્ડ્રન હોસ્પિટલના ડોક્ટરો ડો.ઈમરાન પટેલ (એમ.ડી.પીડિયાટ્રીક) ડો.દીપક સોમાણી (એમ ડી પીડિયાટ્રીક) ડો.હાર્દિક ચૌધરી (એમ ડી પીડિયાટ્રીક)ની ટીમને સતત પ્રયત્નો બાદ આ સફળતા મળી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ જૂનાગઢ જિલ્લાના માંગરોળના ઓ.જી.વિસ્તારમાં રહેતા એક ખેડૂત પરિવારમાં અગિયાર માસ પહેલાં એક દીકરાનો જન્મ થયો પરંતુ આ બાળક સખત રીતે બીમાર પડ્યું જેથી પરિવારના સભ્યો તેને જૂનાગઢ હોસ્પિટલે લઈ ગયા હતા. સારવારના અંતે પણ પરિણામ ના મળ્યું ત્યારબાદ રાજકોટ હોસ્પિટલ ખાતે આ બાળકને રિફર કરવામાં આવ્યું અને ત્યાંના ડોક્ટરોએ આ બાળકે એસિડ અથવા કોઈ ઝેરી વસ્તુ પી લીધી હોય તેવી શંકા સેવીને પોતાની ફરજ મુજબ રાજકોટ પોલીસને જાણ કરી હતી અને પોલીસ પણ તપાસમાં લાગી ગયેલ અને રાજકોટ પોલીસે માંગરોળ પોલીસને પણ જાણ કરી હતી. બાળકનાં આંતરડા પણ અલ્સર થઈ લીવર અને ફેફસાં પણ ગંભીર બીમારીમાં ડેમેજ થઈ ગયા હતાં. દરમિયાન બાળકના પિતાને કોઈ એ અમદાવાદ ખાતે આવેલ એશિયન ચિલ્ડ્રન હોસ્પિટલ મા એકવાર બતાવી દેવાની સલાહ આપી કે જયાં મૂળ માંગરોળના જ વતની ડો.ઈમરાન સુલેમાન પટેલે અને બીજા બે ડોક્ટરો ડો.દીપક સોમાણી તથા ડો.હાર્દિક ચૌધરી કે જે ત્રણેય ડોક્ટરો એમ.ડી. પીડિયાટ્રીક છે.

બીમાર બાળકને ત્યાં લઈ જવામાં આવ્યું જયાં આઈ.સી.યુ.માં ભરતી કરી ડોક્ટરોએ ટ્રિટમેન્ટ ચાલુ કર્યુ. બાળકની હાલત અતિ ગંભીર હતી પરિવારે પણ બચવાની આશા મૂકી દીધી હતી પરંતુ ડોકટરોને ડીપ્થેરીયા નામની બીમારીની શંકા જતાં રિપોર્ટ કર્યો તો એજ બીમારી નીકળી ત્યાર બાદ અગિયાર દિવસ વેન્ટીલેટર ઉપર અને અઢાર દિવસ આઈ.સી.યુ.મા રાખીને ડો.ઈમરાન પટેલ અને તેમની ડોક્ટરોની ટીમે ટ્રિટમેન્ટ ચાલુ કરી અને આ બાળક બચી જવા પામ્યું હતું જે ડોક્ટરો માટે પણ એક ચેલેન્જિંગ કેસ હતો.

બાળકને નવી જીંદગી મળતાં પરિવાર ના સભ્યોની આંખોમાં હર્ષના આંસુ આવી ગયાં હતાં અને એશિયન ચિલ્ડ્રન હોસ્પિટલના ડોક્ટર ઈમરાન પટેલ અને ટીમનો આભાર માન્યો હતો. આજે એક મહિનો સારવાર લીધા પછી આ બાળક સંપૂર્ણ રીતે સારૂં થઈ જતાં તેને પોતાના ઘરે જવા રજા આપવામાં આવી હતી. બાળકના પિતાની આર્થિક સ્થિતિ સારી ના હોવાથી હોસ્પિટલ ચાર્જ પણ ઘણો ઓછો લેવામાં આવ્યો હતો.

વડિયા કોર્ટમાં જજ-વકીલની શાબ્દિક માથાકૂટનો વિરોધ

અમરેલી ડિસ્ટ્રિક્ટ કોર્ટના વકીલોએ પણ ન્યાયાલયની કામગીરીનો બહિષ્કાર કર્યો

તાત્કાલિક જજની બદલી સહિતના પગલાં લેવા માંગ

અમરેલી, તા.૧

વડીયા સિવિલ કોર્ટમાં બે દિવસ પહેલા જજ અને વકીલ વચ્ચે થયેલ શાબ્દિક માથાકૂટ બાદ વડીયાના બાર એશોશિયેશન દ્વારા કાર્યવાહીનો બહિષ્કાર કર્યા બાદ આજે અમરેલી ડિસ્ટ્રિક્ટ કોર્ટના વકીલો એ પણ વડીયાના વકીલોને સમર્થન આપી જજ વિરૂદ્ધ કોઈ કાર્યવાહી કે પગલાં લેવામાં નહીં આવે ત્યાં સુધી કોર્ટ કાર્યવાહીનો બહિષ્કાર કરી તેમજ લોક અદાલતોના પણ કાર્યવાહી નહિ કરવાની અચોક્કસ મુદત સુધી કામગીરીથી અલિપ્ત રહેવાનો નિર્ણય કર્યો હતો. આ બનાવ બાદ આજે અમરેલી જિલ્લા ડિસ્ટ્રિક્ટ કોર્ટના વકીલોએ પણ વડીયાના વકીલોને સમર્થનમાં આવી વડીયાના જજ સામે જયાં સુધી કાર્યવાહી ના થાય ત્યાં સુધી અમરેલી ડિસ્ટ્રીકટ કોર્ટમાં પણ કામગીરીનો બહિષ્કાર કરવામાં આવ્યો હતો અને તમામ અમરેલી ડિસ્ટ્રીકટ બાર એસોસિએશન વકીલોએ સહમતી દર્શાવી આ બનાવને વખોડી અને તાત્કાલિક જજની બદલી સહિતના પગલાં ભરવા માંગણી કરી હતી તેમજ આવતા દિવસોમાં આ જજ વિરૂદ્ધ હાઈકોર્ટમાં પણ પગલા ભરવાની માંગણી કરવામાં આવશે તેમ અમરેલી વકીલ મંડળે જણાવ્યું હતું વડીયા કોર્ટમાં જજ અને વકીલની માથાકૂટ બાદ આ મામલો ધીમે-ધીમે વધુ જલદ બની રહ્યો છે, જિલ્લાની દરેક અદાલતના વકીલો સમર્થનમાં આવી આ ઘટનાને વખોડી જજ સામે પગલાં લેવા એકતા બતાવી રહ્યા છે.

ભાવનગર જિલ્લાના બે તાલુકામાં લમ્પી વાયરસનો કહેર, સરકારી ચોપડે માત્ર ૨૦ પશુઓનાં મોત

માત્ર ઉમરાળામાં ૧૦૦થી વધુ પશુઓના મોત નીપજ્યા હોવાની પશુપાલકોમાં ચર્ચા

ભાવનગર, તા.૧

ભાવનગર જિલ્લાના બે તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં લમ્પી વાયરસનો સૌથી વધુ કહેર જોવા મળી રહ્યો છે, જિલ્લાના ગારિયાધાર તાલુકાના ૧૫ ગામોમાં અને ઉમરાળા તાલુકાના ૧૩ થી વધુ ગામોમાં લમ્પી વાયરસનો પશુઓ ભોગ બન્યા છે. બંને તાલુકામાં મળી ૨૦ પશુના મોત સરકારી ચોપડે બોલે છે જયારે વાસ્તવિકતા અલગ જ જોવા મળી રહી છે ત્યારે સરકારી આંકડા અને વાસ્તવિકતા વચ્ચે આટલો મોટો તફાવત કેમ ? તે પ્રશ્ન ઉઠયો છે. ઉમરાળા તાલુકાના માત્ર ૩ ગામો જેમાં ધરવાળા, લીમડા અને રંઘોળા મળી પશુ મૃત્યુઆંક ૧૦૦ને પાર થયો હોવાનું સ્થાનિક પશુપાલકો જણાવી રહ્યા છે, ધરવાળા ગામમાં ૩૦ થી વધુ, લીમડામાં ૪૦ જેટલા અને રંઘોળા ગામે ૬૦ થી વધુ પશુઓના મોત થયા હોવાનું પશુપાલકો જણાવી રહ્યા છે. ઉમરાળા તાલુકાના રંઘોળા ગામે મીડિયાની ટીમે મુલાકાત લેતા કરૂણ દશ્યો જોવા મળ્યા હતા, જેમાં આજુબાજુના પશુવાડાઓમાં મૃત્યુ પામેલા અને રોગના કારણે તરફડતા પશુઓ નજરે પડ્યા હતા. જે રીતે પશુઓના મોત થઈ રહ્યા છે ત્યારે આ મોતનો આંક ક્યાં જઈને અટકશે એ તો સમય જ બતાવશે. રંઘોળાના એક પશુપાલકે જણાવ્યું કે છેલ્લા ચાર પાંચ દિવસમાં જ અહીં ૫૦થી વધુ પશુના મોત થયા છે. રસીકરણ થઈ ગયેલ અને વંચિત હોય તે બંને પ્રકારના પશુઓ મોતને ભેટી રહ્યા છે.

ધોળકાની બેંક ઓફ બરોડાની મેઈન બજાર શાખાને કલિકુંડ ખસેડાતા ખાતેદારોમાં રોષ

બેંકને બે કિ.મી. દૂર ખસેડાતા ઘણા ખાતેદારોએ ખાતું બંધ કરવાની તૈયારી આરંભી

ધોળકા, તા.૧

ધોળકા ખાતે મેઈન બજારમાં મહાજન કોમ્પલેક્ષમાં આવેલ બેંક ઓફ બરોડા શાખાને ગામ બહાર બે કિલોમીટર દૂર છેક કલિકુંડ વિસ્તારમાં આજે વિધિવત રીતે નવા મકાનમાં ખસેડી નાખવામાં આવતા ગ્રાહકોમાં ભારે આક્રોશ વ્યાપી ગયો છે. ઘણા ગ્રાહકોએ બીઓબીની આ શાખામાંથી ખાતા બંધ કરી નાખવાની તૈયારી આરંભી છે. ધોળકા ખાતે મોચી બજારમાં બેંક ઓફ બરોડાની મેઈન બજાર શાખા હતી. આ બેંકમાં બજારના અનેક વેપારીઓ ઉપરાંત ગામમાં વસવાટ કરતા નાગરિકોના ખાતાઓ છે. આ બેંકમાં તેઓ નિયમિત નાણાકીય વ્યવહાર કરે છે. ત્યારે બેંક ઓફ બરોડાની બજાર બ્રાન્ચને બે કિલોમીટર દુર છેક કલિકુંડ વિસ્તારમાં નવા મકાનમાં આજથી ખસેડવામાં આવતા ગ્રાહકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. હાલ ધોળકા નગરની વચ્ચે રાષ્ટ્રીયકૃત બેંક માત્ર એક જ એસબીઆઈ બચી છે. કલિકુંડ સહિત હાઈવે વિસ્તારમાં ૧૦થી વધુ બેંકો આવેલી છે. આથી બેંક ઓફ બરોડાને કલિકુંડ ખસેડવાનો નિર્ણય તદ્દન ગેરવ્યાજબી છે. શું બજારના વેપારીઓ અને ગામ માં રહેતા આ બેંકના ગ્રાહકોને બે કિલોમીટર દૂર ગામ બહાર આ બેંકમાં કામકાજ અર્થે રિક્ષા ભાડું ખર્ચીને જવાનું ? તેવા પ્રશ્નો ચર્ચાઈ રહ્યા છે.

વિદ્યાર્થી વિકાસ સંઘ વિદ્યાર્થીની પડખે આવ્યું

વિદ્યાર્થી પાસે દારૂ અથવા રૂપિયા માંગનાર પ્રોફેસરની હકાલપટ્ટીની માંગ : રજિસ્ટ્રારને આવેદન

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧

થોડા દિવસ પહેલા વડોદરાની જગવિખ્યાત મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં એક વિદ્યાર્થીએ પ્રોફેસર વિરૂદ્ધ સનસનીખેજ આરોપો કરતો પત્ર સેનેટર-સિન્ડિકેટ મેમ્બર તથા વાઈસ ચાન્સેલરને લખીને મોકલતા ખળભળાટ મચ્યો હતો. વિદ્યાર્થીએ MSUના વાઈસ ચાન્સેલરને ઉદ્દેશી કરેલી અરજી સ્વરૂપે કરેલી ફરિયાદમાં જણાવ્યા અનુસાર, તા. ૨૫ના રોજ મિકેનિકલ ડિપાર્ટમેન્ટના આસિસ્ટન્ટ પ્રોફેસર નિકુલ ખુશાલભાઈ પટેલે તારે આવા પત્રો જોઈતા હોય તો બે-ત્રણ હજાર રૂપિયા અથવા સારા બ્રાંડની સ્કોચ વ્હિસ્કી લાવવી પડે. તેમ જણાવ્યું હતુ. જો કે આ મામલે

આ એક પોલિટિકલ ષડયંત્ર છે : પ્રો. નિકુલ પટેલ

નિકુલ પટેલે તમામ આરોપો ફગાવી દીધા હતા. હવે આ મામલે વિદ્યાર્થી વિકાસ સંઘ દ્વારા એમ.એસ યુનિવર્સિટી રજિસ્ટ્રારને આવેદનપત્ર આપી પ્રોફેસર નિકુલ પટેલ સામે તપાસ કરી જો દોષિત ઠરે તો તમામ પદેથી હકાલપટ્ટી કરવા માટે આવેદન પત્ર પાઠવામાં આવ્યુ છે. વિદ્યાર્થી વિકાસ સંઘ દ્વારા આપવામાં આવેલ આવેદનમાં જણાવ્યુ છે કે ટેક્નોલાજી ફેકલ્ટીના પ્રોફેસર નિકુલ પટેલે એક વિદ્યાર્થી પાસે ૧ દારૂની બોટલ અને ત્રણ હજાર રૂપિયાની માંગ કરેલી એવી ફરિયાદ અમને મળેલ છે. અમારી માંગ છે કે નિકુલ પટેલને તાત્કાલિક ધોરણે એક્ઝામ સેક્શનમાંથી સસ્પેન્ડ કરવામાં આવે તેમજ તેમના પર કમિટી બેસાડી તપાસ કરવામાં આવે. જો દોષિત ઠરે તો યુનિવર્સિટીના તમામ પદો પરથી સસ્પેન્ડ કરવામાં આવે.

જો કે બીજી તરફ યુનિના પ્રોફેસર નિકુલ પટેલે વિદ્યાર્થી દ્વારા કરવામાં તમામ આરોપો ખોટા અને રાજનીતિ પ્રેરિત હોવાનું જણાવતા કહ્યું કે, હું સખત શબ્દોમાં આ ઘટનાને વખોડી કાઢું છું. ફરિયાદમાં કીધેલ દારૂ પીવાનું, પૈસા માંગવાનું, હું કોઈ દિવસ દારૂ પીતો નથી, પૈસા માંગતો નથી. મારા ૨૦ વર્ષના કાર્યકાળ દરમિયાન હું કોઈ દિવસ ગાળો બોલ્યો નથી. ત્યારબાદ મને એમ લાગે છે કે જે રીતે હું યુનિમાં કાર્ય કરી રહ્યો છું, આ એક પોલિટિકલ ષડયંત્ર છે.

ઝઘડિયા નજીક બાવાગોર દરગાહનો વહીવટ હસ્તગત કરવાના વકફ બોર્ડના નિર્ણયનો દરગાહ ટ્રસ્ટ દ્વારા વિરોધ

અંકલેશ્વર, તા.૧

ઝઘડિયા તાલુકાના રતનપુર ગામ નજીકના પહાડ પર આવેલ આઠસો વર્ષ જુની સુપ્રસિદ્ધ સુફી સંત હઝરત બાવાગોરની દરગાહે ભારતભરમાંથી લોકો દર્શનાર્થે આવે છે. આ જગ્યાના વહિવટ માટે અત્રે દરગાહ ટ્રસ્ટ ફરજ બજાવે છે. ગત વર્ષે દરગાહ ટ્રસ્ટ દ્વારા વહિવટમાં કથિત ગેરરીતિઓ થતી હોવાના થયેલ આક્ષેપોને પગલે ગુજરાત વકફ બોર્ડ દ્વારા વહિવટ હસ્તગત કરીને કારોબારી અધિકારીની નિમણૂંક કરી હતી. ત્યારબાદ વકફ બોર્ડના નિર્ણયને તત્કાલીન ટ્રસ્ટીઓ દ્વારા વકફ ટ્રિબ્યુનલમાં પડકારાતા ટ્રિબ્યુનલ દ્વારા ટ્રસ્ટીઓની સક્ષમ રજુઆતોને ધ્યાનમાં લઈને દરગાહનો વહિવટ ટ્રસ્ટીઓને ફરી સોંપવા હુકમ કર્યો હતો. દરમિયાન હાલમાં ફરીથી આઠ જેટલા અરજદારોએ દરગાહ ટ્રસ્ટ વિરૂદ્ધ વહિવટમાં કથિત ભ્રષ્ટાચાર થતો હોવાની રજુઆત વકફ બોર્ડને કરતા બોર્ડ દ્વારા વડોદરા જીલ્લાના કરજણના મહમદ સિંધી નામના ઈસમની દરગાહ ટ્રસ્ટના સ્થાને કારોબારી અધિકારી તરીકે નિમણૂંક કરી હતી. વકફ બોર્ડ દ્વારા નિમાયેલ આ કારોબારી અધિકારીએ ત્યારબાદ આ જગ્યાનો વહિવટ હસ્તગત કરીને ટ્રસ્ટ ઓફિસની રૂમ પર તાળા ઉપર પોતાનું તાળુ મારી દીધું હતું. થોડા સમય બાદ ફરીથી દરગાહ ટ્રસ્ટ દ્વારા વહિવટમાં કથિત ભ્રષ્ટાચાર થતો હોવાની વાતને આગળ કરીને વકફ બોર્ડ દ્વારા ટ્રસ્ટ પાસેથી વહિવટ હસ્તગત કરાતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી હતી. દરમિયાન દરગાહ ટ્રસ્ટ અગ્રણીઓ જાનુમિયા સિદી અને ઝાકીરભાઈ મલેક દ્વારા ગુજરાત વકફ બોર્ડના આ જગ્યાનો વહિવટ હસ્તગત કરવાના નિર્ણયને ગુજરાત રાજ્ય વકફ ટ્રિબ્યુનલ કોર્ટમાં પડકારીને મનાઈ અરજી રજુ કરી હતી. ટ્રસ્ટ દ્વારા ટ્રિબ્યુનલ કોર્ટને પોતાની અરજમાં જણાવાયું હતું કે, ગત સમયે જ્યારે અમને ફરીથી વહિવટ આપતો હુકમ થયો હતો તે સમયે તત્કાલીન વહિવટદારે જે હિસાબો અને દફતરો અમને સોંપવાના હતા તે આજદિન સુધી સોંપ્યા નથી, તેમજ વધુમાં જણાવ્યુ હતું કે, હુકમ કર્યા મુજબ ટ્રસ્ટની કોઈ રકમ આજરોજ સુધી પરત કરેલ નથી, જે લાખોમાં થવા જાય છે. સદર ટ્રસ્ટીઓએ પોતાના પર લગાવેલ આક્ષેપોને ખોટા ગણાવીને આ કામનો આખરી નિકાલ થતા સુધી વકફ બોર્ડના કારોબારી અધિકારી તેમની પાસેથી ટ્રસ્ટનો કબજો લે નહિ એ બાબતે મનાઈ હુકમ માંગ્યો હતો.

વાલિયા સહિતની સહકારી સંસ્થાઓમાં

ચૂંટણીઓ કરાવવાની માંગ સાથે આંદોલન પર ઊતરે તે પહેલાં જ માંગરોલાની અટકાયત

અંકલેશ્વર, તા.૧

વાલિયા તાલુકાના વટારિયા ગામ નજીક આવેલ શ્રી ગણેશ ખાંડ ઉધોગ સહકારી મંડળી તેમજ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ વાલિયા, ધી તાલુકા ખરીદ વેચાણ સંઘ, વાલિયા પ્રભાત સહકારી જીન, વાલિયા સહિતની સહકારી સંસ્થાઓમાં ચૂંટણીઓ કરાવવાની માંગ સાથે પૂર્વ ચેરમેન અને કોંગી અગ્રણી સંદીપ માંગરોલાએ ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલનની શરૂઆત કરે તે પહેલા જીઆઈડીસી પોલીસે અટકાયત કરી હતી.

સંદીપ માંગરોલાએ આક્ષેપ કર્યા હતા કે અનેકવાર ચૂંટણીઓ કરાવવા લેખિત અને મૌખિક રજૂઆત કરી છે તેમ છતાં કોઈકના ઈશારે ચૂંટણીઓ થતી નથી સાથે જ તેઓએ આક્ષેપ પણ કર્યા હતા કે સહકારી ક્ષેત્રને ગળે ટૂંપો આપવાનું બંધ કરો અને અતિ ભારે વરસાદના કારણે ખેડૂતોને થયેલા નુકસાન માટેનું સહાયની કાર્યવાહી કરો તેવી માંગ કરી હતી. સમગ્ર બાબતોને લઈ સંદીપ માંગરોલા આજે સવારથી ભરૂચ કલેક્ટર કચેરી ખાતે અન્ન ત્યાગ સાથે ઉપવાસ ઉપર ઉતરવાના હતા જો કે, એ પહેલાં જ અંકલેશ્વર જીઆઈડીસી પોલીસે તેઓની અટકાયત કરી હતી.

વારંવાર રજૂઆત કરવા છતાં પ્રશ્નો હલ નહીં થતાં તલાટી મંત્રીએ આવેદન પાઠવ્યું

રાજ્ય સરકારના પંચાયત સેવા કચેરીના તલાટી મંત્રીઓ આજથી અચોક્કસ મુદતની હડતાળે

પડતર પ્રશ્નોનો કોઈ નિકાલ ન આવતાં ઉના ગીરગઢડા તાલુકાના તલાટી મંત્રી હડતાળ પર જતાં કામગીરી ખોરંભે ચઢતા લોકોને હેરાનગતિ

ઉના, તા.૧

ગુજરાત રાજ્ય તલાટી મંત્રી મહામંડળ દ્વારા વર્ષ ૨૦૧૮થી સતત રજૂઆત કરવા છતાં પણ સરકારનાં વહીવટી તંત્ર પડતર પ્રશ્નોનો ઉકેલ નહીં આવતાં અચોક્સ હડતાલ ઉપર ઉતરી જતાં ગ્રામિણ વિસ્તારીનાં લોકોની કામગીરી ખોરંભે ચઢી જતાં પરેશાની અનુભવવી પડશે ઉના, ગીરગઢડા, તાલુકા પંચાયત કચેરીએ પણ કોઈ તલાટી મંત્રીએ ડોકાવવું નહીં અને તમામ મોબાઈલ ગ્રુપમાંથી રીમુક્ત થવા પણ નિર્ણય જાહેર કરતાં અધિકારીઓ પણ ચિંતામાં મુકાઈ ગયા છે. અગાઉ ગુજરાત સરકારને તારીખ ૭/૯/૨૦૨૧નાં રાજ્ય તલાટી કમમંત્રીનાં માગણી મુજબનાં પડતર પ્રશ્નો નિરાકરણ કરવા જણાવેલ રાજ્ય સરકાર દ્વારા ટૂંક સમયમાં પ્રશ્નનો ઉકેલવા ખાત્રી આપી હતી અને હડતાળ મોકૂફ રાખેલી આ બાંહેધરીને નવ માસ પછી પણ રજૂઆત કરવાં છતાં એક પણ પ્રશ્નનો સુખદ ઉકેલ નહીં આવતાં તલાટી મંત્રી મંડળીની રાજ્ય કક્ષાના પદાધિકારીઓની મીટિંગ ગાંધીનગર ખાતે મળેલી અને તેમાં સર્વાનુમત્તે ઠરાવ કરી આજ તા.૨/૮/૨૦૨૨થી સમગ્ર ગુજરાતના તલાટી મંત્રીઓનાં પ્રશ્નનો નિરાકરણ નહીં આવે ત્યાં સુધી અચોક્કસ મુદતની હડતાળ પર ઊતરી જતાં અને આ બાબતે નાયબ કલેક્ટર તેમજ તાલુકા વિકાસ અધિકારીને આવેદનપત્ર આપી રોષ વ્યક્ત કર્યો હતો. તલાટી મંત્રી મંડળ દ્વારા ડિઝાસ્ટ મેનેજમેન્ટ અન્વયે કામગીરી તેમજ હર ઘર તિરંગા યાત્રા અંતર્ગત ગામ પંચાયત કચેરીમાં રાષ્ટ્રધ્વજ પૂર્ણ માન સન્માન સાથે ફરકાવવાની કામગીરી સિવાયની તમામ કામગીરીનો બહિષ્કાર કરીને અચોક્કસની મુદત પર રાજ્ય તલાટી મંત્રી મંડળનાં આદેશ આવતાં ઉના ગીરગઢડા તાલુકાના તલાટી મંત્રી હડતાળ પર ઉતરી જતાં બંને તાલુકાના ગ્રામીણ વિસ્તારની ગ્રામપંચાયત દ્વારા થતી કામગીરી ખોરંભે ચઢી જતાં લોકો હેરાનગતિમાં મુકાઈ ગયા છે.

વડોદરામાં સ્વાઈન ફ્લૂના ટેસ્ટિંગમાં ઉઘાડી લૂંટ મામલે ભાજપના ધારાસભ્ય સામે પડ્યા

ગાંધીનગર ખાતે ધારાસભ્ય યોગેશ પટેલ આરોગ્ય મંત્રીને રજૂઆત કરશે

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૧

વડોદરામાં સ્વાઈન ફ્લુ વકરી રહ્યો છે. જયારે સરકારી દવાખાનામાં માત્ર સયાજી ખાતે સ્વાઈન ફ્લૂનો ટેસ્ટ થાય છે. સ્વાઈન ફ્લૂ અને કોરોનાનો કમ્બાઈન્ડ રિપોર્ટ લેબ વાળા આપતા હોય છે. ત્યારે સ્વાઈન ફ્લૂના ટેસ્ટિંગ માટે ૪૦૦૦નો ખર્ચ થતો હોવાથી અનેક લોકો તબીબોને સિમ્ટોમેટિક ટ્રીટમેન્ટનો આગ્રહ કરી રહ્યા છે. ત્યારે ધારાસભ્ય યોગેશ પટેલે લેબોરેટરીઓમાં ટેસ્ટીંગનાં ભાવ ઓછા કરાવા માટે તંત્રનું ધ્યાન દોર્યુ છે. તેમજ આરોગ્યમંત્રીને પણ રજૂઆત કરશે.

સ્વાઈન ફ્લુ ટેસ્ટીંગનાં વધતા ભાવને લઈને આજે આરોગ્ય વિભાગ આઈએમપીના ડો.મિતેશ શાહ અને સર્જન કોર્પોરેટર શીતલ મિસ્ત્રી મ્યુ.કમિ.ને મળી શહેરના લેબોરેટરી વાળા સાથે મીટીંગ યોજશે અને ટેસ્ટિંગ માટે નિયત રકમ લેવા સમજાવશે તેમ માંજલપુરનાં ધારાસભ્ય યોગેશ પટેલે મિડીયા સાથે વાત કરતાં જણાવ્યુ હતુ.

નિર્મલા સીતારમણના ભાવ વધારાના બચાવે કોંગ્રેસના વોકઆઉટનો સામનો કરવો પડ્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૧

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે સોમવારે લોકસભામાં આવશ્યક ચીજવસ્તુઓના ભાવ વધારા મામલે ચર્ચાનો જવાબ આપ્યો હતો સાથે જ અર્થતંત્રના મૂલ્યાંકન કરવા માટેના તમામ પરિમાણોનો હિસાબ આપ્યો હતો અને કહ્યું કે, દેશ મંદી અથવા ફુગાવાની ચપેટમાં આવવાની કોઈ શકયતા નથી. તેમના જવાબની વચ્ચે જ કોંગ્રેસી સાંસદોએ વોકઆઉટ કર્યું હતું અને કહ્યું કે તેઓ તેમના જવાબથી સંતુષ્ટ નથી. સીતારમણે કહ્યું કે, રોગચાળો, કોવિડની બીજી લહેર, ઓમિક્રોન, રશિયા-યુક્રેન યુદ્ધ આ બધું હોવા છતાં આપણે ફુગાવો ૭ ટકાઅથવા તેની નીચે રાખી શક્યા છીએ. અને તેને જોવું જોઈએ. સીતારમણે કહ્યું કે, હાલ ફુગાવો ૭ ટકા પર છે. ૨૦૦૪-૨૦૧૪ દરમિયાન યુપીએના શાસનમાં ફુગાવો બે ડિજિટમાં પહોંચી ગયો હતો. આ સમયગાળા દરમિયાન સતત ૨૨ મહિના સુધી ફુગાવો ૯ ટકાની ઉપર રહ્યો હતો. મોટાભાગો ફુગાવો ભોજન અને ઈંધણને કારણે છે. દુનિયામાં ખાદ્ય ફુગાવો ઘટી રહ્યો છે અને ભારતમાં પણ તે ઘટશે. નિર્મલાએ કહ્યું કે, ભારત મંદીમાં ધકેલાય તેવી કોઈ શકયતા નથી. સર્વેમાં અર્થશાસ્ત્રીઓએ પણ ભારતની મંદીની શકયતા શૂન્ય ગણાવી છે. જો કે, સરકારની સાથે ઘણીવાર રહેનારા પક્ષોના આશરે ૨૦ જેટલા સાંસદો જેમાં બીજેડી અને વાયએસઆર કોંગ્રેસના સાંસદોએ સરકારને ફુગાવામાંથી બહાર આવવાના પ્રયાસો કરવાની હાકલ કરી હતી. કોંગ્રેસના સાંસદ મનીષ તિવારીએ ચર્ચા શરૂ કરી હતી અને ભાજપના નેતૃત્વવાળી સરકાર પર નોટબંધી અને અયોગ્ય જીએસટી દ્વારા અર્થવ્યવસ્થાને ખોટી રીચે સંચાલિત કરવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે કહ્યું કે, તાજેતરના જીએસટી વધારા દ્વારા સરકારે પોતાના બજેટને મજબૂત બનાવ્યું છે પરંતુ દેશના ૨૫ કરોડ લોકોનું બજેટ બગાડી દીધું છે. બીજેડીએ નોટબંધીને પ્રકાશમાં લાવતાં કહ્યું કે, પહેલાના સમયગાળાની સરખામણીએ રોકડનું ચલણ હવે બમણુ થઈ ગયું છે અને સરકારે હવે પોતાની જ નીતિઓ પર આત્મનિરિક્ષણ કરવાની જરૂર છે. કોંગ્રેસ દ્વારા ખરીદવામાં આવેલા ઈંધણ બોન્ડને કારણે ઈંધણની કિંમતો વધી રહી છે તેવા સરકારના દાવાને ખોટો સાબિત કરતાં બીજેડીના પિનાકી મિશ્રાએ કહ્યું કે, ઈંધણ પરના ટેક્સથી કેન્દ્ર સરકારે ૨૭.૨૭ લાખ કરોડ રૂપિયા ભેગા કર્યા છે. દરેક વખતે તેઓ કહે છે કે, યુપીએ સરકાર દ્વારા ખરીદેલા બોન્ડ માટે તેઓ ચૂકવી રહ્યા છે. પરંતુ વાસ્તવમાં તેઓએ માત્ર ૯૩,૬૦૦ કરોડ જ ચૂકવ્યા છે જે માત્ર તેના ૩.૪ ટકા જ છે.

બારામુલ્લાની 'દુર્લભ બારી' : યુવકોએ પોલીસનું તેમની ફરિયાદો પર ધ્યાન દોર્યું, ઉપાયની માંગ કરી

(એજન્સી) જમ્મુ, તા.૧

બારામુલ્લામાં શનિવારે એક દુર્લભ એન્કાઉન્ટર જોવા મળ્યું હતું. પોલીસ જેને બારી તરીકે ઓળખવામાં આવે છે જેમાં યુવાનોને તેમના પ્રશ્નો અને ફરિયાદો રજૂ કરવા અને વિગતવાર જવાબો અને ઉપાયો શોધવા માંગ કરી હતી. કેટલાકે તો મોટી સમસ્યાઓના ઝડપી ઉકેલની અપેક્ષા રાખીને અધિકારીઓને સ્થળ પર બેસાડવામાં સફળ રહ્યા. રસ્તાઓ, શૌચાલયો, માદક દ્રવ્યોનું નિયંત્રણ અને ટ્રાફિક જામને લગતી ફરિયાદો ઉઠાવવામાં આવી હતી પરંતુ ચોક્કસ મુદ્દાઓ પોલીસ દ્વારા ચારિત્ર્ય ચકાસણી, પાસપોર્ટ વેરિફિકેશન, સર્વિસ વેરિફિકેશન, SRO કેસો, પોલીસના શહીદો, સ્થાપના મુદ્દાઓ, મહિલા ડેસ્ક અને સાયબર સુરક્ષા જાગૃતિ સાથે સંબંધિત હતા. બારામુલ્લાના વરિષ્ઠ પોલીસ અધિક્ષક મોહમ્મદ રઈસ ભટે ન્યૂઝ ૧૮ને જણાવ્યું હતું. અમે કેટલીક સમસ્યાઓ સ્થળ પર જ ઉકેલ લાવી આપ્યો જ્યારે અન્ય કેટલીક બાકી છે, તેમણે કહ્યું. ભટે જણાવ્યું હતું કે, યુવાનોમાં માદક પદાર્થનો દુરૂપયોગ, સાયબર છેતરપિંડી અને ફિશિંગની વિગતવાર ચર્ચા અને પ્રતિસાદની આપ-લે કરવામાં આવી હતી. પ્રતિસાદ અપેક્ષા કરતાં વધુ સારો હતો. તેમણે ઉમેર્યું, અમે વધુ ક્રિયાપ્રતિક્રિયા કરી રહ્યા છીએ અને કાગળની કાર્યવાહીથી આગળ વધીશું યુવા IPS અધિકારીએ જણાવ્યું હતું, ખીણમાં માદક પદાર્થની દાણચોરી અને તાજેતરમાં યુવાનો દ્વારા હેરોઈન અને બ્રાઉન સુગરના ઉપયોગની બહુવિધ વૃદ્ધિ જોવા મળી છે. હોસ્પિટલનો ડેટા છેલ્લા છથી સાત વર્ષમાં દવાઓ લેનારાઓની સંખ્યામાં દસ ગણો વધારો દર્શાવે છે. હેરોઈન અને બ્રાઉન સુગર જીવન માટે જોખમી છે અને કેટલાક એજન્ટો દ્વારા આ દવાઓ સરહદ પાર પહોંચાડવામાં આવી રહી છે, એસએસપીએ માહિતી આપી સહભાગીઓ જાણવા માગતા હતા કે શું લોકોને ડ્રગ પેડલિંગથી દૂર કરવા માટે કોઈ ફાયદાકારક રોજગાર છે. સ્થાનિક દવા સંબંધિત મુદ્દાઓ ધરાવતા વિસ્તારોના ઉકેલો સાથે પુનર્વસન અને વૈકલ્પિક રોજગારના માર્ગો પર ચર્ચાઓ પણ કરવામાં આવી હતી, તેમણે કહ્યું.

કેન્દ્ર સરકારને 5G સ્પેક્ટ્રમની હરાજીથી ૧.૫૦ લાખ કરોડ મળ્યા

રિલાયન્સ જિયોએ 5G હરાજીમાં રૂા.૮૮,૦૭૮ કરોડ રૂપિયાની સૌથી ઊંચી બોલી લગાવી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧

દેશમાં પાંચમી પેઢી (5G)ના સ્પેક્ટ્રમ હરાજીમાં સોમવારે રિલાયન્સ જિયો સૌથી મોટા બોલીદાતા તરીકે ઉભર્યું છે. કંપનીએ ૮૮,૦૭૮ કરોડ રૂપિયાની બોલી સાથે હરાજીમાં વેચાયેલા સ્પેક્ટ્રમમાં આશરે અડધો હિસ્સો હાંસલ કર્યો છે. દૂરસંચાર મંત્રી અશ્વિની વૈષ્ણવ અનુસાર અદાણી ગ્રુપે ૨૧૨ કરોડ રૂપિયામાં ૪૦૦ મેગાહર્ટ્ઝ સ્ટેક્ટ્રમ ખરીદ્યું છે. અદાણી ગ્રુપ ૨૬ મેગાહર્ટ્ઝ બેન્ડમાં સ્પેક્ટ્રમ ખરીદ્યું છે. આ જાહેર નેટવર્ક નથી જ્યારે જિયોએ ઉમદા મનાતા ૭૦૦ મેગાહર્ટ્ઝ બેન્ડ સહિત વિવિધ બેન્ડમાં સ્પેક્ટ્રમ ખરીદ્યું છે. આ ૬-૧૦ કિ.મી. સિગ્નલ દાયરો પ્રદાન કરી શકે છે અને દેશમાં તમામ ૨૨ સર્કલમાં પાંચમી પેઢી માટે એક સારો આધાર બનાવે છે. જો ૭૦૦ મેગાહર્ટ્ઝ બેન્ડનો ઉપયોગ કરવામાં આવે તો એટ ટાવર જ ઘણા ક્ષેત્રને કવર કરી શકે છે. દૂરસંચાર ક્ષેત્રના દિગ્ગજ સુનીલ મિત્તલની ભારતી એરટેલે ૪૩,૦૮૪ કરોડ રૂપિયામાં ૧૯,૮૬૭ મેગાહર્ટ્ઝ સ્પેક્ટ્રમ ખરીદ્યું છે. બીજી તરફ વોડાફોન આઈડિયાએ ૧૮,૭૮૪ કરોડ રૂપિયાનું સ્પેક્ટ્રમ ખરીદ્યું છે. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું છે કે, કુલ મળીને ૧,૫૦,૧૭૩ કરોડ રૂપિયાની બોલીઓ પ્રાપ્ત થઈ છે. સરકાર કુલ ૧૦ બેન્ડમાં રજૂ કરેલા ૭૨,૦૯૮ મેગાહર્ટ્ઝમાંથી ૫૧,૨૩૬ મેગાહર્ટ્ઝ અથવા ૭૧ ટકા સ્પેક્ટ્રમ વેચી શકી છે. તેમણે કહ્યું કે, સરકાર પ્રથમ વર્ષમાં સ્પેક્ટ્રમ મદમાં ૧૩,૩૬૫ કરોડ રૂપિયા મેળવશે. 5G સેવાઓ આકટોબર સુધી શરૂ કરી શકાય છે.

દેશમાં મંકીપોક્સના કેસને લઈને મહત્ત્વનો નિર્ણય

મંકીપોક્સના કેસ પર નજર રાખવા ટાસ્ક ફોર્સનું ગઠન

ટીમનું નેતૃત્વ નીતિ આયોગના સભ્ય ડો. વીકે. પોલ કરશે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧

કેન્દ્ર સરકારે દેશમાં મંકીપોક્સના કેસને લઈને મહત્વનો નિર્ણય કર્યો છે. સરકારે મંકીપોક્સના કેસ પર નજર રાખવા માટે ટાસ્કનું ગઠન કરવામાં આવ્યું છે. સરકારી સૂત્રોના જણાવ્યા પ્રમાણે આ ટીમનું નેતૃત્વ નીતિ આયોગના સભ્ય ડો. વીકે પોલ. ટીમના સભ્યોમાં કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય, ફાર્મા અને બાયોટેકના સચિવોનો સમાવેશ થશે. આ આખી ટીમ દેશભરમાં મંકીપોક્સના કેસ પર નજર રાખશે. તાજેતરમાં જ ભારતમાં પણ મંકીપોક્સના કેસ નોંધાયા છે. કેરળ, તમિલનાડુ અને દિલ્હીમાં સંક્રમણના કેસ નોંધાયા બાદ સરકાર એલર્ટ બની ગઈ છે. આ જ કારણ છે કે, સરકારે એરપોર્ટ અને પોર્ટ હેલ્થ ઓફિસર્સ ઉપરાંત આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના પ્રાદેશિક નિર્દેશકોને મંકીપોક્સને ધ્યાનમાં રાખીને તમામ આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓની કડક આરોગ્ય તપાસ કરવા માટે નિર્દેશ આપ્યો છે. પ્રથમ વખત મંકીપોક્સની બીમારી ૧૯૫૮માં સામે આવી હતી. ત્યારે રિસર્ચ માટે રાખવામાં આવેલા વાંદરાઓમાં આ સંક્રમણ જોવા મળ્યું હતું. એટલા માટે તેનું નામ મંકીપોક્સ રાખવામાં આવ્યું હતું. વિશ્વભરમાં ખૂબ જ ઝડપથી ફેલાઈ રહેલા મંકીપોક્સને લઈને વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (WHO)એ ગ્લોબલ હેલ્થ ઈમરજન્સી જાહેર કરી છે. ડબ્લ્યુએચઓના ડાયરેક્ટર-જનરલ ડૉ. ટેડ્રોસ અધાનમ ઘેબ્રેયસસે જણાવ્યું હતું કે, મંકીપોક્સનો પ્રકોપ આંતરરાષ્ટ્રીય ચિંતાનો વિષય છે. કેરળમાં શનિવારે એક ૨૨ વર્ષના યુવકનું મૃત્યુ થઈ ગયું છે. આ યુવક સંયુક્ત આરબ અમીરાત (UAE)માં મંકીપોક્સથી સંક્રમિત થયો હતો. તેમનો ટેસ્ટ રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જોકે, હજુ એ વાતની પુષ્ટિ નથી થઈ શકી કે, તેનું મોત મંકીપોક્સ વાયરસના કારણે જ થયું છે. કેરળના સ્વાસ્થ્ય મંત્રી વીણા જોર્જનું કહેવું છે કે, ત્રિશૂરના ૨૨ વર્ષના યુવકના મોતનું કારણ મંકીપોક્સ હોવાની આશંકા હતી. યુવક યુએઈમાં મંકીપોક્સ માટે પોઝિટિવ જોવા મળ્યો હતો. તે ૨૧ જુલાઈએ ભારત પહોંચ્યો હતો જ્યારે UAE છોડવાના એક દિવસ પહેલા તેનો ટેસ્ટ રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. તેમને ૨૭ જુલાઈના રોજ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ગઈકાલે જ તેમને ટેસ્ટ રિઝલ્ટ સબમિટ કરવામાં આવ્યા છે. તે અહીં તેના પરિવાર સાથે રહેતો હતો. તેના સેમ્પલની ફરી તપાસ કરવામાં આવશે. આ તપાસ ઈન્સ્ટીટ્યુટ ઓફ વાયરોલોજી, અલ્લાપ્પુઝા ખાતે કરવામાં આવશે. તમને જણાવી દઈએ કે, દેશમાં મંકીપોક્સના કેસોને કારણે સરકારનું ટેન્શન વધી ગયું છે. અત્યાર સુધીમાં કેરળ, તમિલનાડુ અને દિલ્હીમાં મંકીપોક્સના સંક્રમિત દર્દીઓ મળી આવ્યા છે. કેરળમાં મંકીપોક્સના ત્રણ કેસ નોંધાયા છે. મંકીપોક્સનો પહેલો કેસ કેરળમાં ૧૪ જુલાઈના રોજ નોંધાયો હતો.

વિપક્ષના બે અઠવાડિયા સુધી સતત વિરોધ પ્રદર્શન પછી સરકાર આખરે ભાવ વધારા પર ગૃહમાં ચર્ચા કરવા તૈયાર થઈ

(એજન્સી) તા.૧

વિપક્ષો દ્વારા બે અઠવાડિયાના વિરોધ બાદ કેન્દ્ર સરકારે સોમવાર ૧ ઓગસ્ટના રોજ આખરે મોંઘવારી પર ચર્ચા કરવા માટે પીછેહઠ કરી હતી. કોંગ્રેસના ચાર સાંસદોનું સસ્પેન્શન પાછું ખેંચાયા બાદ આ ચર્ચા શરૂ થઈ હતી. સંસદની શરૂઆતમાં શિવસેનાના નેતા સંજય રાઉતની ધરપકડને ધ્યાનમાં રાખીને કેન્દ્રીય તપાસ એજન્સીઓના દુરૂપયોગના મુદ્દા પર વિપક્ષ દ્વારા લોકસભા અને રાજ્યસભા બંનેમાં વિરોધ જોવા મળ્યો હતો.

લોકસભામાં બપોરે સામાન્ય કામકાજ ફરી શરૂ થયું તે એક મોટું આશ્ચર્ય હતું કારણ કે, સવાર સુધી વિપક્ષ અને સરકાર વચ્ચે સમાધાનના કોઈ સંકેતો ન હતા. ૨૭ સાંસદોને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા જેમાં ૨૩ રાજ્યસભામાંથી અને ચાર લોકસભામાંથી હતા. તેમના વિરોધને કારણે બે પક્ષો વચ્ચેના સંબંધો વધુ વણસ્યા હતા. સોમવારે સવારે પણ જ્યારે સંસદની કાર્યવાહી શરૂ થઈ ત્યારે વિપક્ષી સભ્યોએ મોંઘવારી પર ચર્ચાની તેમની માગણી ન સ્વીકારવા અને કોંગ્રેસના સાંસદો, મણિકમ ટાગોર, જોથિમણી, રામ્યા હરિદાસ અને ટીએનના સસ્પેન્શન સામે સરકાર સામે ફરી વિરોધ શરૂ કર્યો હતો. ત્યારબાદ સંસદીય બાબતોના પ્રધાન પ્રહલાદ જોશીએ જણાવ્યું હતું કે, સરકાર સોમવારે લોકસભામાં અને મંગળવારે રાજ્યસભામાં મોંઘવારી પર ચર્ચા કરવા માટે તૈયાર છે.

આ બેઠક પછી જ્યારે ગૃહ ફરી એકત્ર થયું હતું, ત્યારે સરકારે કોંગ્રેસના ચાર સાંસદોના સસ્પેન્શનને પાછું ખેંચવાનો પ્રસ્તાવ મૂક્યો હતો અને તેને ગૃહ દ્વારા પસાર કરવામાં આવ્યો હતો. ત્યારબાદ સ્પીકરે આગ્રહ કર્યો કે ગૃહની ગરિમા જાળવવામાં આવે અને સાંસદો ગૃહની અંદર કોઈ પ્લેકાર્ડ ન લાવે. લોકસભામાં કોંગ્રેસના નેતા અધીર રંજન ચૌધરીએ વિનંતી કરી હતી કે તમામ રાજકીય પક્ષોને તેમના મુદ્દા ઉઠાવવાની છૂટ આપવામાં આવે. ત્યારપછી બંને પક્ષો સમાધાન પર આવ્યા અને ગૃહે મોંઘવારી પર ચર્ચા હાથ ધરી હતી. ચર્ચાની શરૂઆત કરતા કોંગ્રેસના સાંસદ મનીષ તિવારીએ કેન્દ્ર સરકાર પર આઠ વર્ષના આર્થિક ગેરવહીવટનો આરોપ લગાવ્યો હતો અને તેમણે કહ્યું હતું કે, સરકાર તેની તિજોરી ભરતી રહી છે અને જનતાના ખિસ્સા ખાલી કરતી રહી છે. કોંગ્રેસના નેતાએ કહ્યું કે, રોજબરોજની વસ્તુઓની કિંમતોમાં વધારો કરીને સરકારે ભલે તેનું બજેટ સુધાર્યું હોય પરંતુ તેણે દેશભરના ઘરોનું બજેટ બગાડ્યું છે. તેમણે કહ્યું કે, તેમાંથી બાળકો પણ બચ્યા નથી અને પેન્સિલ અને શાર્પનર જેવી વસ્તુઓના ભાવમાં પણ વધારો કરવામાં આવ્યો છે. તૃણમૂલ કોંગ્રેસ વતી સાંસદ કાકોલી ઘોષ દસ્તીદારે ઈંધણના ભાવમાં થયેલા તીવ્ર વધારા માટે સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. તેણીએ કહ્યું કે, લિક્વિડ પેટ્રોલિયમ ગેસના ભાવ વધ્યા છે અને તે ઘરના ખર્ચને અસર કરે છે. બીજેપી માટે તેના સાંસદ નિશિકાંત દુબેએ ભારતના પડોશી દેશોની સ્થિતિની તુલના કરી અને દાવો કર્યો કે અહીં વસ્તુઓ ઘણી સસ્તી છે. જો આપણે શ્રીલંકા, બાંગ્લાદેશ, ભૂતાન અને સિંગાપોર જોઈએ તો દરેક જગ્યાએ ફુગાવો વધી રહ્યો છે અને નોકરીઓ છીનવાઈ રહી છે. આવી પરિસ્થિતિ વચ્ચે જો ગરીબોને બે ટાઈમનું ભોજન મફતમાં મળતું હોય તો શું આપણે વડાપ્રધાનનો આભાર માનવો જોઈએ અને તેમણે દેશનું ગુલાબી ચિત્ર દોરવાનો પ્રયાસ કર્યો હતો. રાજ્યસભામાં સવારે રાઉતની ધરપકડના મુદ્દે હંગામો થયો હતો. શિવસેનાના સાંસદ પ્રિયંકા ચતુર્વેદીએ અગાઉ રાજકીય એજન્ડા માટે કેન્દ્ર સરકાર દ્વારા તપાસ એજન્સીઓના દુરૂપયોગ પર ચર્ચા કરવા માટે બિઝનેસ સસ્પેન્શનની નોટિસ આપી હતી. આ મુદ્દો ઉઠાવવામાં ન આવતાં પક્ષના સાંસદોએ વિરોધ કર્યો હતો. અન્ય વિપક્ષી પાર્ટીના સાંસદોએ પણ મોંઘવારી, EDના કથિત દુરૂપયોગ અને અગ્નિપથ યોજના સામે વિરોધ કર્યો હતો. કેન્દ્રીય મંત્રી પિયૂષ ગોયલે જણાવ્યું હતું કે, મોંઘવારીનો મુદ્દો મંગળવાર, ૨ ઓગસ્ટના રોજ સૂચિબદ્ધ કરવામાં આવ્યો હતો. તેમણે માંગ કરી હતી કે વિપક્ષ ખાતરી આપે કે એકવાર આ મુદ્દો સૂચિબદ્ધ થયા પછી તેઓ ગૃહમાં કામ ચાલુ રાખવાની મંજૂરી આપશે. ગોયલે વિપક્ષ પર ગૃહની મહત્ત્વપૂર્ણ કામગીરી અટકાવવાનો પણ આરોપ લગાવ્યો હતો. તેમણે કહ્યું કે એવા ઘણા બિલો છે જે પસાર થવાના બાકી છે પરંતુ તેના માટે રાહ જોવી પડી રહી છે કારણ કે, ગૃહ વારંવાર સ્થગિત થઈ રહ્યું છે. ભાજપના નેતાએ કહ્યું કે જો ગૃહમાં ખાતરી આપવામાં આવે કે તેઓ પ્લેકાર્ડ સાથે વિરોધ નહીં કરે તો રાજ્યસભાના સાંસદોનું સસ્પેન્શન પણ પાછું ખેંચી લેવામાં આવશે. વિરોધ પક્ષોના ધાંધલ ધમાલ અને વિરોધ વચ્ચે રાજ્યસભાએ સોમવારે સામૂહિક વિનાશના શસ્ત્રો અને તેમની ડિલિવરી સિસ્ટમ્સ (ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ) સુધારો બિલ, ૨૦૨૨ પસાર કર્યો હતો, જેને એપ્રિલમાં લોકસભાની મંજૂરી મળી હતી.

મોંઘવારીનો વિરોધ કરવા તૃણમૂલ સાંસદે લોકસભામાં કાચું રીંગણ ખાધું

રાંધણગેસનો બાટલો એટલો મોંઘો થઈ ગયો છે કે, હવે લોકોને કાચી શાકભાજી ખાવાનો વારો આવી ગયો છે : કાકોલી ઘોષ દાસ્તીદાર

(એજન્સી) નવી દિલ્હી, તા.૧

તૃણમૂલ કોંગ્રેસના મહિલા સાંસદ લોકસભામાં ઊભા થયા અને એક કાચું રીંગણ દેખાડ્યું ત્યારબાદ ભાવ વધારાની ચર્ચા વચ્ચે તેને બચકું ભરીને બતાવ્યું હતું, તેઓ એ દર્શાવવા માંગતા હતા કે, રાંધણગેસની ઊંચી કિંમતોને કારણે ગરીબો માટે ભોજન બનાવવું અતિશય મોંઘું બન્યું છે. કાકોલી ઘોષ દાસ્તીદારે કહ્યું કે, ભાવ વધારા પર ચર્ચા કરવા માટે મને મંજૂરી આપવા બદલ સભાપતિનો આભાર માનું છું. સાથે ઉમેર્યું કે, આની ચર્ચા કરવામાં ઘણો વિલંબ થયો છે. કોંગ્રેસના ચાર સાંસદોને સસ્પેન્ડ કર્યા પછી અને સતત વિક્ષેપોને કારણે બે વખત સભા સ્થગિત થઈ હતી અને લોકસભામાં સોમવારે મોંઘવારી પર ચર્ચા થઈ હતી. કોંગ્રેસ સાંસદોના સસ્પેન્સનને પણ રદ કરાયા હતા. કાકોલી ઘોષે પૂછ્યું કે, શું સરકાર ઈચ્છે છે કે, આપણે કાચી શાકભાજી ખાઈએ. પછી એક રીંગણ બતાવીને તેને બચકું ભર્યું, આ રીતે તેમણે રાંધણગેસ એટલો મોંઘો છે કે, આપણે આનો આશરો લેવો પડશે. તેમણે કહ્યું કે, છેલ્લા કેટલાક મહિનામાં જ રાંધણગેસના બાટલામાં ચાર વખત વધારો કરાયો છે. તેની કિંમત રૂા.૬૦૦થી વધીને હવે રૂા.૧૧૦૦ થઈ ગઈ છે. તેમણે કહ્યું કે, સિલિન્ડરના ભાવ પાછા ખેંચવા જ જોઈએ. જુલાઈ માસમાં રાંધણગેસના બાટલામાં રૂા.૫૦નો વધારો કરાયો હતો જે ગયા વર્ષથી આઠમો વધારો છે. હવે પાટનગર દિલ્હીમાં સબસિડી વિનાના ગેસ સિલિન્ડરની કિંમત ૧૦૫૩ રૂપિયા થઈ ગઈ છે.

શ્રીલંકા બાદ હવે ડ્રેગન આર્થિક સંકટ તરફ ધકેલાયો

ચીનમાં જુલાઈમાં મેન્યુફેક્ચરિંગ એક્ટિવિટીમાં ચિંતાજનક ઘટાડો

રિપોર્ટ અનુસાર માસિક પરચેઝ મેનેજર્સ ઈન્ડેક્સ (PMI) જૂનમાં ૫૦.૨થી ઘટીને જુલાઈ માસમાં ૪૯ થઈ ગયો છે

(એજન્સી) બેઈજિંગ, તા.૧

આર્થિક સંકટના કારણે તાજેતરમાં ભારતના પાડોશી દેશ શ્રીલંકાની સ્થિતિ બદતર બની છે. ગોટાબાયા રાજપક્ષેના રાજીનામા બાદ શ્રીલંકામાં વડાપ્રધાન રાનિલ વિક્રમસિંઘેને કાર્યપાલક પ્રમુખ બનાવવામાં આવ્યા છે. આ દરમિયાન રાનિલ વિક્રમસિંઘેએ દેશભરમાં કટોકટીની સ્થિતિ જાહેર કરી છે. ભારતનો વધુ એક પાડોશી દેશ આર્થિક સંકટ તરફ ધસી રહ્યો હોવાના અહેવાલ સામે આવી રહ્યા છે. કોવિડ-૧૯ રોગચાળાને કારણે ચીનના ઘણા મોટા ઉત્પાદન કેન્દ્રોમાં લાંબા સમય સુધી લૉકડાઉન હટાવ્યા પછી પણ જુલાઈ મહિનામાં ઉત્પાદન પ્રવૃત્તિઓમાં તેજી આવી ન હતી. રવિવારે પ્રકાશિત થયેલા એક સર્વે રિપોર્ટમાં ચીનના મેન્યુફેક્ચરિંગ લેન્ડસ્કેપ વિશે અસંતોષકારક સ્થિતિ સામે આવી છે. ચીનની સત્તાવાર આંકડાકીય એજન્સી અને ઉદ્યોગ જૂથ ચાઇના ફેડરેશન ઑફ લોજિસ્ટિક્સ એન્ડ પરચેઝિંગના આ અહેવાલ મુજબ, વૈશ્વિક માંગ અને વાયરસના ફેલાવાને નિયંત્રિત કરવા માટેના કડક પગલાંને કારણે જુલાઈમાં ઉત્પાદન પ્રવૃત્તિ સુસ્ત રહી છે. આ સિવાય નવા ઓર્ડર, નિકાસ અને રોજગારના મોરચે મેન્યુફેક્ચરિંગ સેક્ટરની ગતિ ધીમી પડી રહી હોવાનું જણાય છે. છેલ્લા બે દાયકામાં વિશ્વના ઉત્પાદન કેન્દ્ર તરીકે ઉભરી રહેલા ચીનની અર્થવ્યવસ્થા માટે આને મોટો ફટકો માનવામાં આવી રહ્યો છે. અર્થશાસ્ત્રી ઝાંગ લિક્યુને કહ્યું કે, મેન્યુફેક્ચરિંગ પર ભારે દબાણ છે. રોગચાળાની અસર હજુ પણ જોવા મળી રહી છે. ઘટતી ઉત્પાદન પ્રવૃત્તિઓની સીધી અસર રોજગારીની તકોમાં ઘટાડા સ્વરૂપે આવી શકે છે. ચીનની સત્તાધારી કોમ્યુનિસ્ટ પાર્ટીએ પણ આ વર્ષના આર્થિક વિકાસના ૫.૫ ટકાના લક્ષ્ય વિશે વાત કરવાનું બંધ કરી દીધું છે કારણ કે મેન્યુફેક્ચરિંગ પ્રવૃત્તિ ધીમી પડી છે. હવે તેઓ કોઈ નક્કર આંકડાને બદલે મહત્તમ શક્ય પરિણામ મેળવવાની વાત કરી રહ્યા છે. ચીનની ૧૭.૫ ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થામાં રિયલ એસ્ટેટનો એક તૃતીયાંશ ભાગનો ફાળો છે પરંતુ ચીનની બેંકમાં મોટાભાગનું દેવું આ ક્ષેત્રની કંપનીઓને વહેંચવામાં આવે છે. ગયા વર્ષે ચાઈનીઝ પ્રોપર્ટી ડેવલપર રિયલ એસ્ટેટ ગ્રૂપ એવરગ્રાન્ડ ગ્રૂપ લોનમાં ડિફોલ્ટ થયું હતું. તેનાથી અહીંની અર્થવ્યવસ્થાને ભારે ફટકો પડ્યો છે. દેશમાં રોકડની તંગી વચ્ચે એવરગ્રાન્ડ ગ્રૂપના શેરમાં ઘટાડો થયો હતો. પરિણામે ચીનમાં રોકાણમાં ઘટાડો થયો હતો.

કોમનવેલ્થ ગેમ્સ : સુશીલા દેવીએ સિલ્વર, વિજયકુમારે બ્રોન્ઝ જીત્યો; ભારતના ૭ મેડલ

ઈંગ્લેન્ડ સામેની હોકી મેચ ૪-૪થી ડ્રો

(એજન્સી) નવી દિલ્હી, તા.૧

ભારતની જુડોકા સુશીલા દેવી લિકમાબમ મહિલાઓના ૪૮ કિલોગ્રામ ફાઇનલમાં દક્ષિણ આફ્રિકાની માઇકેલા વ્હાઇટબૂથી હારીને સિલ્વર મેડલથી સંતોષ કરવો પડ્યો છે. જુડોમાં મેન્સ કેટેગરીમાં વિજય કુમારે સાયપ્રસના પેટ્રોસ ક્રિસ્ટોડોલિડીસને હરાવીને ભારત માટે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. હોકીમાં પૂલ-બીમાં ભારતની ઈંગ્લેન્ડ સામેની મેચ ૪-૪થી ડ્રો થઈ હતી. ભારત માટે સોમવારનો દિવસ ઐતિહાસિક રહ્યો હતો કારણ કે તેના નવા હીરોઝે મેડલ અપાવ્યા છે. ભારતની લોન બોલ ટીમે મહિલાઓની સેમીફાઈનલમાં ન્યુઝીલેન્ડની ટીમને હરાવીને ઈતિહાસ સર્જ્યો છે અને સિલ્વર મેડલ પાક્કો કર્યો છે. બોક્સર અમિત પંઘાલ અને હુસ્સામ ઉદ્દીન મોહંમદ ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ્યા છે. વેઈટલિફ્ટિંગમાં ૮૧ કિલોગ્રામમાં ચોથા નંબરે ફિનિશ કરીને ભારતને બ્રોન્ઝ મેડલ અપાવ્યો છે. જીમ્નાસ્ટ પ્રણતી નાયક વૂમન્સ વોલ્ટ ફાઈનલમાં પાંચમા નંબરે રહી હતી. સ્કવોશમાં સૌરવ ઘોષાલે સ્કોટલેન્ડના ગ્રેગ લોબ્બાનને હરાવીને મેન્સ સિંગલ્સ સેમીફાઈનલમાં સ્થાન બનાવ્યું છે. બીજી તરફ જોશના ચિનપ્પા વૂમન્સ સિંગલ્સમાં કેનેડાની હોલ્લી નૌટન સામે હારી ગઈ હતી.

મહારાષ્ટ્રના રાજ્યપાલ ભગતસિંહ કોશ્યારીએ 'ગુજરાતી-રાજસ્થાની' નિવેદન અંગે માફી માંગી

(એજન્સી) મુંબઈ, તા.૧

મહારાષ્ટ્રના રાજ્યપાલ ભગતસિંહ કોશ્યારીએ તમામ રાજકીય દળોની ટિકાનો સામનો કર્યા પછી સોમવારે 'ગુજરાતી-રાજસ્થાની' ટિપ્પણી માટે માફી માંગી છે. રાજ્યપાલ કોશ્યારી પાછલા અઠવાડિયે પોતાના ભાષણને લઈને વિવાદમાં સપડાયા હતા. ભાષણમાં તેમણે કહ્યું હતું કે, જો ગુજરાતીઓ અને રાજસ્થાનીઓને મહારાષ્ટ્રમાં કાઢી મૂકવામાં આવે તો રાજ્ય પાસે કોઈ નાણાં નહીં બચે. મહારાષ્ટ્રના રાજ્યપાલે કહ્યું હતું કે, ખાસ કરીને મુંબઈ તથા થાણેમાં નાણાં બચશે નહીં. ભગતસિંહ કોશ્યારીએ એક પત્ર દ્વારા ખેદ વ્યક્ત કર્યો છે. કોશ્યારીએ પોતાના પત્રમાં કહ્યું છે કે, ૨૯ જુલાઈએ એક જાહેર કાર્યક્રમમાં મુંબઈના વિકાસમાં કેટલાક સમુદાયોના યોગદાનની પ્રશંસા કરવામાં સંભવિત મારી કેટલીક ચૂક થઈ ગઈ. મહારાષ્ટ્ર જ નહીં સમગ્ર ભારતના વિકાસમાં તમામનું વિશેષ યોગદાન રહે છે. સંબંધિત પ્રદેશની ઉદારતા તથા બધાને સાથે લઈને ચાલવાની ઉજ્જવળ પરંપરાથી આજે દેશ પ્રગતિ તરફ આગળ વધી રહ્યો છે. છેલ્લા ત્રણ વર્ષથી મહારાષ્ટ્રમાં મને અપાર પ્રેમ મળ્યો છે. મેં મહારાષ્ટ્ર તથા મરાઠી ભાષાનું સન્માન વધારવાના પ્રયાસ કર્યા છે. ઉક્ત ભાષણમાં મારાથી ભૂલ થઈ ગઈ હોય તો આ ભૂલને મહારાષ્ટ્ર જેવા મહાન સંતોની પરંપરામાં પોતાના આ વિનમ્ર રાજ્ય સેવકને માફ કરીને પોતાની વિશાળ હૃદયતાનો પરિચય આપશો. ઉલ્લેખનીય છે કે, કોશ્યારીની વિવાદિત ટિપ્પણીને ધ્યાને લેતાં મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદેએ કહ્યું હતું કે, આ રાજ્યપાલની વ્યક્તિગત ટિપ્પણી હતી તેઓ તેમનું સમર્થન કરતા નથી. મહારાષ્ટ્રના ઉપમુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસે પણ શિંદેના વલણ પ્રત્યે સહમતી વ્યક્ત કરી હતી. આનાથી કોશ્યારી એકલા પડી ગયા હતા. આ ઉપરાંત શિવસેના અને કોંગ્રેસના અનેક નેતાઓએ કોશ્યારીની ખૂબ ટિકા કરી હતી અને માફીની માગણી કરી હતી. ઉદ્ધવ ઠાકરેએ આને મરાઠી લોકોનું અપમાન ગણાવ્યું હતું. આના કારણે કોશ્યારી ભારે મુશ્કેલીમાં મૂકાયા હતા.

તેમને લાગે છે કે, મને ભારત પસંદ નથી પરંતુ આ સાચું નથી ટ્વિટર પર '#BoycottLaalSinghChaddha' ટ્રેન્ડ થતાં આમિરખાનની સ્પષ્ટતા



(એજન્સી) તા.૧

આમિરખાનની ફિલ્મ 'લાલ સિંહ ચઢ્ઢા' ૧૧ ઓગસ્ટે રિલીઝ થવાની છે. આમિરખાનના ચાહકો આ ફિલ્મની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે તો બીજી બાજુ સોશિયલ મીડિયામાં આ ફિલ્મને બોયકોટ કરવાનો ટ્રેડ પણ જોવા મળ્યો છે. સોશિયલ મીડિયામાં આ ટ્રેન્ડ થતાં જ આમિરખાને પણ આ અંગે વાત કરી હતી. આમિરે કહ્યું હતું કે, કેટલાક લોકોને લાગે છે કે, તે દેશને પ્રેમ કરતો નથી, પરંતુ આ વાત સાચી નથી. આ રીતના ટ્રેન્ડ જોઈને તે દુઃખી થયો હતો. સોશિયલ મીડિયામાં #BoycottLaalSinghChaddha ટ્રેન્ડ કરી રહ્યું છે. આમિરખાન તથા કરીના કપૂરની આ ફિલ્મ ના જોવાની અપીલ કરવામાં આવી છે. આમિર તથા કરીનાના જૂના નિવેદનોને યાદ કરીને હવે સોશિયલ મીડિયા યુઝર્સે આ ફિલ્મ જોવાની ના પાડે છે. આમિરખાન ફિલ્મની બોયકોટની માગણીથી મુશ્કેલી અનુભવી રહ્યો છે. તેણે આ અંગે પોતાનો અભિપ્રાય આપતાં કહ્યું હતું કે એક ફિલ્મને બનાવવામાં ઘણી જ મહેનત કરવી પડે છે. માત્ર એક્ટરની જ નહીં, પરંતુ ઘણા લોકોની લાગણી ફિલ્મ સાથે જોડાયેલી હોય છે. ફિલ્મ જોયા બાદ દર્શકોને પંસદ કે નાપસંદ કરવાનો પૂરો અધિકાર છે. તેણે વધુમાં કહ્યું હતું કે, ફિલ્મ રિલીઝ પહેલાં આ પ્રકારની બાબતો દુઃખ પહોંચાડે છે. ખબર નહીં, લોકો આવું કેમ કરી રહ્યા છે, તે માને છે કે કેટલાક લોકોને એવું લાગે છે કે, તે દેશને પ્રેમ કરતો નથી, પરંતુ તે એ લોકોને કહેવા માંગે છે કે તે જેવું વિચારે છે એ સાચું નથી તે દેશને પ્રેમ કરે છે અને દેશવાસીઓને પણ તે અપીલ કરવા માંગે છે કે, મહેરબાની કરીને ફિલ્મને બોયકોટ ના કરો અને થિયેટરમાં જઈને જુઓ. આમિરે આગળ કહ્યું હતું કે, એવું નથી કે ફિલ્મ નથી ચાલી. 'ગંગુબાઈ કાઠિયાવાડી', 'ભુલભુલૈયા ૨', 'કાશ્મીર ફાઈલ્સ', 'પુષ્પા' જેવી ફિલ્મ ચાલી જ છે. 'પુષ્પા'નું ઓપનિંગ કલેક્શન માત્ર એક કરોડ જ હતું, પરંતુ વર્ડ ઓફ માઉથને કારણે ફિલ્મ ચાલી. કોવિડને કારણે ફિલ્મ ડિજિટલ પ્લેટફોર્મ પર ઝડપથી આવવા લાગી છે તેની ફિલ્મ છ મહિના સુધી ડિજિટલ પ્લેટફોર્મ પર આવતી નથી. સાઉથ વર્સિસ બોલિવૂડ અંગે વાત કરતાં આમિરખાને કહ્યું હતું કે દરેક આર્ટિસ્ટ ઈચ્છે છે કે, તેની ફિલ્મ આખો દેશ જુએ. તેઓ ઘણા સમયથી તેની ફિલ્મ તમિળ તથા તેલુગુમાં ડબ કરે છે. જો કે, જે રીતે સાઉથની ફિલ્મે બોલિવૂડ પર ક્રોસઓવર કર્યું છે એ રીતે હિંદી ફિલ્મ ત્યાં પહોંચી શકી નથી. આ ઘણા સમયથી શક્ય બન્યું નથી. આશા છે કે આ વખતે આવું થાય.

સ્મૃતિ ઈરાની અને તેમની દીકરીના નામે ગોવામાં કોઈ બારનું લાયસન્સ નથી : દિલ્હી હાઈકોર્ટ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧

કોંગ્રેસના નેતાઓ વિરૂદ્ધ કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીના બે કરોડ રૂપિયાના માનહાનિના દાવા મામલે દિલ્હી હાઈકોર્ટે આદેશ જારી કર્યો છે. કોર્ટે આદેશમાં જણાવ્યું છે કે, પ્રથમ દૃષ્ટિએ એ સાબિત થયું છે કે, સ્મૃતિ ઈરાની અથવા તેમની પુત્રીના નામે કોઈ બારનું લાયસન્સ નથી અને તેઓ બાર અથવા રેસ્ટોરન્ટના માલિક નથી. સ્મૃતિ ઈરાની અને તેમની દીકરીએ ક્યારેય લાયસન્સ માટે અરજી કરી નથી. હાઈકોર્ટે કહ્યું કે, ગોવા સરકાર દ્વારા આપવામાં આવેલી શૉ કોઝ નોટિસ પણ સ્મૃતિ ઈરાની અથવા તેમની દીકરીના નામે જારી કરાયું નથી. પ્રથમ દૃષ્ટિએ એવું લાગે છે કે, અરજકર્તા સ્મૃતિ ઈરાનીએ જે કાગળો રજૂ કર્યા છે તે તેમના પક્ષને મજબૂત બનાવે છે. કોર્ટે પોતાના આદેશમાં કહ્યું છે કે, જો કોંગ્રેસ નેતાઓ દ્વારા કરાયેલા ટ્વિટ/પોસ્ટને સોશિયલ મીડિયા પર રહેવા દે છે તો તેનાથી સ્મૃતિ ઈરાની અને તેમના પરિવારની છબિને નુકસાન થશે. હાઈકોર્ટના આદેશના પેરા નં.૨૮મા લખ્યું છે કે, કોંગ્રેસ નેતા જયરામ રમેશ, પવન ખેડા અને નેટા ડિસૂઝાએ અન્યો સાથે મળીને ષડ્યંત્ર રચ્યું અને કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાની અને તેમની દીકરી વિરૂદ્ધ દુર્ભાવનાની સાથે આક્રમક અને આકરી વાતો કહી. કોર્ટે કહ્યું કે, ત્રણેય નેતાઓએ એકસાથે મળીને સ્મૃતિ ઈરાની અને તેમની દીકરીની જાહેર છબિ અને પ્રતિષ્ઠાને ઠેસ પહોંચાડી છે. પેરા નં.૨૯મા કહેવાયું છે કે, વાદી દ્વારા દાખલ કરાયેલા વિવિધ દસ્તાવેજો અને પ્રતિવાદી નં.૧, ૨, ૩ દ્વારા કરાયેલી પ્રેસ કોન્ફરન્સના અંશોને જોયા પછી પ્રથમ દૃષ્ટિએ એવો વિચાર છે કે, વાસ્તવિક તથ્યોની પુષ્ટિ કર્યા વિના નિંદનીય અને અપમાનજનક આરોપો લગાવ્યા છે. પ્રતિવાદી નં.૧, ૨ અને ૩ દ્વારા કરાયેલી પ્રેસ કોન્ફરન્સ પછી વિવિધ ટ્વિટ્સ અને રી-ટ્વિટ્સને જોતાં વાદી અને તેમના પરિવારને ઠેસ પહોંચી છે. શુક્રવારે દિલ્હી હાઈકોર્ટે કોંગ્રેસ નેતા જયરામ રમેશ, પવન ખેડા અને નેટા ડિસૂઝાને ટ્વિટ્સ હટાવવા માટે કહ્યું હતું. જો તેઓ ૨૪ કલાકમાં ટ્વિટ્સ ના હટાવે તો સોશિયલ મીડિયા કંપની હટાવી દે. ઉલ્લેખનીય છે કે, સ્મૃતિ ઈરાનીએ દિલ્હી હાઈકોર્ટમાં બે કરોડની માનહાનિ સાથે દાવો દાખલ કર્યો છે.

રિફોર્મ સાથે લાગુ થયેલ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સને પાંચ વર્ષ થયા

સતત પાંચમા મહિને GST કલેક્શન ૧.૪ લાખ કરોડથી વધુ

આ આંકડો ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ લાગુ થયા બાદનું બીજા ક્રમનું સૌથી વધુ કલેક્શન, ગયા વર્ષના સમાન મહિનાની આવક કરતાં ૨૮ ટકા વધુ આવક

(એજન્સી) નવી દિલ્હી, તા.૧

દેશના ટેક્સ માળખામાં કરવામાં આવેલ ઈતિહાસના સૌથી મોટા રિફોર્મ સાથે લાગુ થયેલ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સને પાંચ વર્ષ થયા છે. જીએસટીની પાંચમી વર્ષગાંઠ ૧લી જુલાઈ, ૨૦૨૨ના રોજ ઉજવવામાં આવી હતી અને હવે આજે આવેલ જુલાઈ માસના જીએસટી કલેક્શનના આંકડાએ પણ રેકોર્ડ કર્યો છે.

જુલાઈ માટે જીએસટી કલેક્શન સતત પાંચમા મહિને રૂા.૧.૪ લાખ કરોડથી વધુ રહ્યું છે. જુલાઈ ૨૦૨૨ના મહિનામાં જીએસટીની કુલ આવક રૂા.૧,૪૮,૯૯૫ કરોડ રહી હતી. આ આંકડો ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ લાગુ થયા બાદનું ઈતિહાસનું બીજા ક્રમનું સૌથી વધુ કલેક્શન છે. સરકાર દ્વારા સોમવારે જારી કરવામાં આવેલા ડેટા મુજબ જુલાઈની આવકનો આંકડો ગયા વર્ષના સમાન મહિનાની રૂા.૧,૧૬,૩૯૩ કરોડની આવક કરતાં ૨૮% વધુ છે.

જીએસટીના કુલ કલેક્શનમાં સીજીએસટી રૂા.૨૫,૭૫૧ કરોડ, એસજીએસટી રૂા.૩૨,૮૦૭ કરોડ, I જીએસટી રૂા.૭૯,૫૧૮ કરોડ છે અને સેસ આયાત પર એકત્ર કરાયેલા રૂા.૯૯૫ કરોડ સહિત કુલ રૂા.૧૦,૯૨૦ કરોડ છે.

આ મહિના દરમિયાન માલની આયાતમાંથી આવક ૪૮% વધી હતી અને સર્વિસના ઈમ્પોર્ટની સાથે સ્થાનિક આવક ગયા વર્ષના સમાન મહિના કરતા ૨૨% વધુ છે.

નાણા મંત્રાલયે જુલાઈ માસના આંકડા રજૂ કરતી વખતે આનંદ વ્યક્ત કરતા જણાવ્યું કે, 'સતત પાંચમા મહિને જીએસટી આવક રૂા.૧.૪ લાખ કરોડ કરતાં વધુ રહી છે. ગત વર્ષના સમાન સમયગાળાની સરખામણીએ ૨૦૨૨ના જુલાઈ મહિના સુધીની જીએસટી આવકમાં ૩૫% વૃદ્ધિ નોંધાઈ છે. આ સિવાય જુલાઈ મહિનામાં સરકારે જીએસટીમાંથી સીજીએસટી પેટે રૂા.૩૨,૩૬૫ કરોડ અને રૂા.૨૬,૭૭૪ કરોડ એસજીએસટીને સેટલ કર્યા છે. નિયમિત સેટલમેન્ટ પછી જુલાઈ ૨૦૨૨માં કેન્દ્ર અને રાજ્યોની કુલ આવક સીજીએસટી માટે રૂા.૫૮,૧૧૬ કરોડ અને એસજીએસટી માટે રૂા.૫૯,૫૮૧ કરોડ છે.

જૂન ૨૦૨૨ના મહિના દરમિયાન ૭.૪૫ કરોડ ઈ-વે બિલ જનરેટ થયા હતા, જે મે ૨૦૨૨ના ૭.૩૬ કરોડ કરતાં સામાન્ય વધારે હતા. આ આંકડો દર્શાવે છે કે, આગામી મહિને એટલે કે ઓગસ્ટ માટે સપ્ટેમ્બરમાં જાહેર થનાર જીએસટી કલેક્શનના આંકડા સંભવિત વધારે હશે. આ વર્ષે એપ્રિલમાં જીએસટી કલેક્શન રૂા.૧.૬૮ લાખ કરોડના રેકોર્ડ હાઈ લેવલે હતું. આ ઈતિહાસમાં પ્રથમ વખત હતું કે જીએસટી કલેક્શને રૂા.૧.૫૦ લાખ કરોડના આંકને વટાવ્યું હોય.

પશુઓમાં જોવા મળેલ લમ્પી સ્કીન ડીસીઝ સંદર્ભે સરકાર સતર્ક હોવાના દાવા વચ્ચે

અડધાથી વધુ રાજ્યમાં લમ્પી વાયરસ ફેલાયો ૨૦ જિલ્લાના ૨૦૮૩ ગામો આવ્યા લપેટમાં !

રોગની સારવાર અને નિયંત્રણ માટે રાજ્ય કક્ષાની ટાસ્ક ફોર્સની રચના કરાઈ

(સવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧

રાજ્યમાં લમ્પી વાઈરસનો ફેલાવો દિવસે દિવસે વધી રહ્યો છે, આ વાઈરસે અડધાથી વધુ રાજ્યને પોતાની લપેટમાં લીધું છે. જેની સામે સરકારી તંત્રના કન્ટ્રોલના દાવા ખોટા પુરવાર થઈ રહ્યા છે. રાજ્યના ૨૦ જિલ્લામાં પ્રસરેલ આ વાઈરસના ચેપગ્રસ્ત પશુઓને સારવાર

અપાઈ હોવાનો ખુલાસો કરવામાં આવ્યો છે.

પશુપાલન મંત્રી રાઘવજી પટેલે આ અંગે જણાવ્યું હતું કે, રાજ્યમાં પશુઓમાં લમ્પી સ્કીન ડિસિઝ રોગના લક્ષણો જણાતા તે જ દિવસથી રાજ્ય સરકારે સતર્કતા દાખવીને પશુપાલન વિભાગના અધિકારીઓ દ્વારા સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. અસરગ્રસ્ત જિલ્લાઓમાં પશુઓને સત્વરે સારવાર પુરી પાડીને રસીકરણ પણ કરવામાં આવે છે. એટલું જ નહી, રોગિષ્ઠ પશુઓને આઈસોલેશનમાં રાખવા સાથે સંપૂર્ણ તકેદારી સાથે યોગ્ય વ્યવસ્થાઓ પણ ગોઠવવામાં આવે છે જેથી કરીને અન્ય પશુઓમાં રોગ પ્રસરે નહીં. પશુપાલકોએ સહેજપણ ગભરાયા સિવાય માત્ર સતર્ક રહી તકેદારી રાખવા અનુરોધ છે.

મંત્રીએ ઉમેર્યું કે, રાજ્યમાં આ રોગનો જયારથી પ્રથમ કેસ દેખાયો ત્યારથી જ મુખ્ય સચિવ દ્વારા સતત મોનિટરિંગ કરીને રોજબરોજ સમીક્ષા પણ કરવામાં આવે છે. રાજ્યમાં રસીનો જથ્થો પણ પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે. અસરગ્રસ્ત પશુઓને સત્વરે સારવાર પૂરી પાડવા માટે પશુપાલન વિભાગ દ્વારા તબીબો સહિતની ટીમો તમામ જિલ્લાઓમાં ખડેપગે કાર્યરત છે. જેના પરિણામે આ રોગને વધુ ફેલાતો રોકવામાં સફળતા મળી છે. અસરગ્રસ્ત જિલ્લાઓમાં સર્વે સહિત સારવાર અને રસીકરણની કામગીરી યુદ્ધના ધોરણે હાલ ચાલી રહી છે તેમણ ઉમેર્યું કે, રાજ્યમાં લમ્પી રોગના નિયંત્રણ અને જરૂરી સારવાર માટે માર્ગદર્શન આપવાના હેતુસર કામધેનુ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર નરેશ કેલાવાલાના અધ્યક્ષ સ્થાને રાજ્ય કક્ષાની ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી છે. જેમાં પાંચ સભ્યોની નિમણૂક કરાઈ છે. આ ટાસ્ક ફોર્સ દ્વારા સારવાર સંદર્ભે જે પણ ગાઈડલાઈન મળશે તે મુજબની કાર્યવાહી કરવામાં આવશે. રાજ્યમાં હાલની સ્થિતિએ અત્યાર સુધીમાં કચ્છ, જામનગર, દેવભુમિ દ્વારકા, રાજકોટ, પોરબંદર, મોરબી, સુરેન્દ્રનગર, અમરેલી, ભાવનગર, બોટાદ, જૂનાગઢ, ગીર સોમનાથ, બનાસકાંઠા, સુરત, પાટણ, અરવલ્લી, પંચમહાલ, મહીસાગર, વલસાડ અને મહેસાણા મળી કુલ રાજ્યના કુલ ૨૦ જિલ્લાઓમાં લમ્પી સ્કીન ડીસીઝનાં કેસ જોવા મળ્યા છે. આ ૨૦ જિલ્લાઓના અસરગ્રસ્ત ૨૦૮૩ ગામોમાં ૫૫,૯૫૦ પશુઓમાં લમ્પી સ્કીન ડીસીઝનાં કેસ જોવા મળ્યા છે. તે તમામ ૫૫,૯૫૦ પશુઓને સારવાર આપવામાં આવી છે. અત્યાર સુધીનાં રોગચાળા અહેવાલ મુજબ રાજ્યમાં કુલ ૧૫૬૫ પશુઓનાં લમ્પી સ્કીન ડીસીઝનાં કારણે મૃત્યું નોધાયા છે. નિરોગી પશુઓમાં રોગનો ફેલાવો ન થાય તે માટે અત્યાર સુધી ૧૦ લાખથી વધુ પશુઓમાં રસીકરણ કરવામાં આવેલ છે અને હાલમાં જિલ્લા કક્ષાએ ૭.૯૦ લાખથી વધુ રસીના ડોઝ ઉપલબ્ધ છે.

તેમણે ઉમેર્યું કે, આ ૨૦ જિલ્લાઓમાં પશુપાલન ખાતાના ૨૨૨ પશુચિકિત્સા અધિકારીઓ અને ૭૧૩ પશુધન નિરિક્ષકો દ્વારા અસરગ્રસ્ત ગામોમાં સઘન સર્વે, સારવાર અને રસીકરણની કામગીરી ચાલુ છે. વધારાના ૩૩૨ આઉટસોર્સડ પશુચિકિત્સકોને દસ ગામ દીઠ મોબાઈલ પશુ દવાખાનાના વાહન સહિત આ રોગના સર્વે, સારવાર અને રસીકરણની કામગીરીમાં સામેલ કરવામાં આવ્યા છે. પશુઓમાં લમ્પી સ્કીન ડીસીઝની સારવાર અને રસીકરણની કામગીરીને યુદ્ધના ધોરણે પરિપૂર્ણ કરવા રાજ્યની વેટરનરી કોલેજના સ્નાતક, અનુસ્નાતક અને પ્રાધ્યાપકો સહિત ૧૦૭ સભ્યોને કચ્છ, જામનગર, દેવભૂમિ દ્વારકા અને બનાસકાંઠા જિલ્લામાં કામગીરી કરી રહેલ છે ઉપરાંત વધુ સભ્યો કામધેનું યુનિવર્સિટી દ્વારા કચ્છ જિલ્લા ખાતે ૧૭૫, જામનગર ખાતે ૭૫ અને દેવભૂમિ-દ્વારકા ખાતે ૫૦ મોકલી આપીને હજુ વધુ પુરજોશમાં રસીકરણની કામગીરી કરવા તૈનાત કરવા આજરોજ નક્કી કરવામાં આવ્યું છે. મંત્રીએ ઉમેર્યું કે, આ રોગના નિયંત્રણ અને મોનિટરિંગ માટે કલેકટરના અધ્યક્ષસ્થાને સ્થાનિક વહીવટી તંત્રના અધિકારીઓ અને જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘના ચેરમન સહિતની રચાયેલ સમિતિ દ્વારા કરવામાં આવેલ કામગીરીના અનુસંધાને સચિવ પશુપાલન દ્વારા જિલ્લા કલેકટર, કચ્છ, જામનગર, દેવભૂમિ-દ્વારકા, રાજકોટ અને બનાસકાંઠા સાથે સમીક્ષા કરીને જિલ્લાની પરીસ્થિતિનો તાગ મેળવવામાં આવી રહ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યના કચ્છ, જામનગર, દેવભુમિ દ્વારકા, રાજકોટ, પોરબંદર, મોરબી, સુરેન્દ્રનગર, અમરેલી, ભાવનગર, બોટાદ, જુનાગઢ, ગીર સોમનાથ, બનાસકાંઠા, સુરત અને પાટણમાં ગાય ભેંસ વર્ગના પશુઓમાં લમ્પી સ્કીન ડીસીઝ નામનો રોગ જોવા મળ્યો છે. આ સંદર્ભે સુરતસિવાયના બાકીના ૧૪ જિલ્લાઓમાં અને જીલ્લા બહાર પશુઓની હેરફેર ઉપર પ્રતિબંધ જાહેર કરવામાં આવ્યો છે. તેમજ આ રોગના નિયંત્રણ અને નિયમિત સમીક્ષા હેતું સંકલન સહમોનિટરિંગ કમિટીની રચના કરવામાં આવી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો લેક ડેવલપમેન્ટ-જનહિત માટે મહત્ત્વનો નિર્ણય

અમદાવાદ મહાનગરમાં રાજ્ય સરકાર હસ્તકના ૮૧ તળાવો હવે ડેવલપ કરાશે

સિટી બ્યુટીફિકેશન-લેક ડેવલપમેન્ટ અન્વયે અત્યાર સુધી સરકારે મહાપાલિકાને ૨૧ તળાવો ફાળવ્યા છે હવે આ ૮૧ તળાવો સાથે કુલ ૧૦૨ તળાવોનો વિકાસ થશે

(સવાંદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧

અમદાવાદ મહાનગરમાં રાજ્ય સરકાર હસ્તકના ૮૧ તળાવો મહાનગરપાલિકાને લેક ડેવલપમેન્ટના વિકાસ કામો માટે ફાળવવાનો રાજ્ય સરકારે મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. અમદાવાદ મહાનગરપાલિકા હદ વિસ્તારમાં આવેલા આવા સરકાર હસ્તકના તળાવો મહાનગરપાલિકાને ફાળવીને શહેરીજનોની સુખાકારીમાં વૃદ્ધિ કરતા જનહિત વિકાસ કામો વ્યાપક પ્રમાણમાં હાથ ધરાય તેવો દૃષ્ટિવંત અભિગમ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દાખવ્યો છે. મુખ્યમંત્રીએ જે ૮૧ તળાવો મહાનગરપાલિકાને રાજ્ય સરકાર દ્વારા ફાળવવાનો નિર્ણય કર્યો છે તેમાં મુખ્યત્વે રામોલના ૧૧, વટવાના ૧૦, વસ્ત્રાલના ૭, નારોલના ૫, રાણીપના ૩, નિકોલના ૩, ભાડજ અને હાથીજણના ૨-૨, તેમજ મોટેરા, ચાંદખેડા, લાંભા, ગોતા, મેમનગર, લક્ષ્મીપુરા, દાણીલીમડાના ૧-૧ વગેરે તળાવોનો સમાવેશ થાય છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ તળાવો મહાનગર પાલિકાને ફાળવતાં અમદાવાદ મહાનગર પાલિકા હવે લેક ડેવલપમેન્ટથી નાગરિકોને હરવા-ફરવાના સ્થળ તરીકે

૮૧ તળાવોનો વિકાસ કરશે. તળાવોની ફરતે વોક-વે, પ્લાન્ટેશન, ચિલ્ડ્રન પ્લે એરિયા, સિનિયર સિટીઝન બેઠક, ખેલ-કૂદના સાધનો, તળાવ ફરતી પ્રોટેક્શન વોલ, ઈન-લેટ, આઉટ લેટ ફરતે સ્ટોન પિચીંગ, પાર્કિંગ એરિયા, પેવર બ્લોક, ફ્લોટીંગ ફાઉન્ટેન, બાઉન્ડ્રી વોલ વગેરે કામો મહાનગર પાલિકા હાથ ધરશે. એટલું જ નહીં, આ તળાવો બારેય માસ ભરેલા રહે અને તળાવોનું પાણી પ્લાન્ટેશનમાં રી-યુઝ કરી શકાય તે માટે મિની સિવેજ પ્લાન્ટ અને સ્ટ્રોમ વોટર લાઈનથી પણ તળાવોમાં પાણી યથાવત રખાશે. આ સાથે પરકોલેશન વેલના નિર્માણથી તળાવોનું પાણી સંચય થતા ગ્રાઉન્ડ વોટર લેવલ પણ ઊંચું આવશે. અમદાવાદ મહાનગર પાલિકાને રાજ્ય સરકાર તરફથી મળતી ૧૫મા નાણાં પંચની ગ્રાન્ટ, અમૃત મિશન ગ્રાન્ટ તથા સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના ગ્રાન્ટ વગેરેમાંથી આ તળાવોનો વિકાસ કરવામાં આવશે. અત્યાર સુધીમાં રાજ્ય સરકાર હસ્તકના અને અમદાવાદ મહાનગર પાલિકા હદ વિસ્તારના ૨૧ તળાવો સરકારે કોર્પોરેશનને વિકાસ માટે ફાળવેલા છે. જેમાં હવે વધુ ૮૧ તળાવો જે રાજ્ય સરકાર હસ્તકના છે અને એ.એમ.સી હદ વિસ્તારમાં આવેલા છે, તેને પણ લેક ડેવલપમેન્ટ માટે મહાનગર પાલિકાને ફાળવવાનો નિર્ણય કર્યો છે. આમ સમગ્રતયા અમદાવાદ મહાનગર પાલિકાને ૧૦૨ તળાવો રાજ્ય સરકાર દ્વારા લેક ડેવલપમેન્ટ માટે ફાળવવામાં આવ્યા છે. આના પરિણામે અમદાવાદ મહાનગરમાં પર્યાવરણ જાળવણી સાથે નાગરિકોના ઈઝ ઓફ લિવીંગમાં પણ વૃદ્ધિ થશે.

૫૬,૦૦૦ પશુઓ ચેપગ્રસ્ત, ૧૫૬૫ના મરણ : કુલ ૧૦ લાખથી વધુ પશુઓમાં રસીકરણ

નીચલી અદાલતની મનાઈ બાદ જામીન માટે હવે તિસ્તા સેતલવાડની હાઈકોર્ટમાં અરજી

ગત ૩૦મી જુલાઈના રોજ અમદાવાદની સેશન્સ કોર્ટે તિસ્તા સેતલવાડ અને આર.બી. શ્રીકુમારની જામીન અરજી ફગાવી હતી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧

અમદાવાદની નીચલી અદાલતની મનાઈ બાદ જામીન માટે હવે સાબરમતી જેલમાં કેદ સામાજિક કાર્યકર તિસ્તા સેતલવાડ દ્વારા હાઈકોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી છે. ૩૦ જુલાઈના રોજ અમદાવાદની સેશન્સ કોર્ટે બનાવટી પુરાવા અને સાક્ષીઓ ઉભા કરવાના આરોપસર ધરપકડ કરાયેલા મુંબઈ સ્થિત તિસ્તા સેતલવાડ અને ગુજરાતના પૂર્વ પોલીસ અધિકારી આર.બી. શ્રીકુમારના જામીન ફગાવી દીધા હતા. સોમવારે તિસ્તા દ્વારા જામીન માટે ગુજરાત હાઈકોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનિય છે કે, ૨૦૦૨ના કોમી રમખાણો મામલે ખોટા દસ્તાવેજો ઉભા કરવા અંગે હાલ જેલમાં કેદ સામાજિક કાર્યકર તિસ્તા સેતલવાડ અને રાજ્યના પૂર્વ પોલીસ અધિકારી આર.બી. શ્રીકુમારની જામીન અરજી પરનો ચુકાદો અગાઉ કોર્ટે અનામત રાખ્યા બાદ ગત ૩૦મી જુલાઈએ ફેંસલો સંભળાવ્યો હતો. ખોટા પુરાવા

ઉભા કરવાના આરોપસર અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા તિસ્તા સેતલવાડ, આર.બી. શ્રીકુમાર, અને પૂર્વ આઈપીએસ સંજીવ ભટ્ટ સામે ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. પોલીસે પહેલાં તિસ્તા સેતલવાડ અને શ્રીકુમારની ધરપકડ કરી હતી ત્યારબાદ સંજીવ ભટ્ટની ટ્રાન્સફર વોરન્ટના આધારે જેલમાંથી ધરપકડ કરવામાં આવી હતી. તિસ્તા સેતલવાડ અને શ્રીકુમાર દ્વારા કોર્ટમાં દાખલ કરવામાં આવેલી જામીન અરજી વિરૂદ્ધ સીટ દ્વારા દલીલો કરતાં આરોપ લગાવવામાં આવ્યો હતો કે, તિસ્તા સેતલવાડે અને કોંગ્રેસના નેતાઓ પાસેથી રૂપિયા લઈ તત્કાલિન ગુજરાત સરકારને પાડી દેવા માટે પ્રયાસો કર્યા હતા. જો કે તિસ્તા તરફથી આ આરોપો ફગાવી દેવામાં આવ્યા હતા. ગુલબર્ગ સોસયટીમાં થયેલી હિંસામાં માર્યા ગયેલા કોંગ્રેસના પૂર્વ સાંસદ અહેસાન જાફરીના વિધવા ઝકિયા જાફરીએ કોમી રમખાણોના કેસમાં ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ક્લિનચીટ આપવાના આદેશને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. જો કે આ કેસ સર્વોચ્ચ અદાલતમાં ચાલી જતાં કોર્ટે ઝકિયાની અરજી ફગાવી હતી અને અરજી દાખલ કરવા સામે ટિપ્પણી કરી હતી જેના પગલે પોલીસે તિસ્તા સેતલવાડ અને શ્રીકુમાર સામે કેસ દાખલ કરી તેમની ધરપકડ કરી હતી.

કથિત પરીક્ષા કૌભાંડના તાર નવસારી સાથે જોડાયા

અંગ્રેજી આવડતું ન હોવા છતાં IELTSની પરીક્ષા ૮ બેન્ડ લાવી પાસ કરનાર મહેસાણાના ચાર વિદ્યાર્થીઓ અમેરિકામાં પકડાયા

અમેરિકન એમ્બેસીએ મુંબઈ એમ્બેસીને જાણ કરતા મહેસાણા પોલીસનો તપાસનો ધમધમાટ

નવસારી, તા.૧

મહેસાણાના ચાર વિદ્યાર્થીઓએ સપ્ટેમ્બર ૨૦૨૧માં IELTS (International English Language Testing System)ની પરીક્ષા આપી હતી. અંગ્રેજી આવડતું ન હોવા છતાં પણ IELTSમાં ૮ બેન્ડ લાવી પાસ થયા હતા. ત્યારે આ વિદ્યાર્થીઓને અંગ્રેજીનો A પણ આવડતો નહીં હોવાનું સામે આવતા અમેરિકન એમ્બેસીએ મુંબઈ એમ્બેસીને જાણ કરી હતી. જે બાદ મહેસાણા પોલીસ તપાસમાં જોતરાઈ છે. આ મામલે હવે IELTS પરીક્ષા કૌભાંડના તાર નવસારી સાથે જોડાયા છે. નવસારીની હોટલ ફન સિટીમાં ચારેય વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હોવાનું સામે આવ્યું છે. જેમાં અમદાવાદની પ્લેનેટ એજ્યુકેશન સંસ્થાનું હોટલ ફન સિટી સાથે વાર્ષિક ટાયઅપ કરવામાં આવ્યું છે અને અહીં મહિનામાં એક અથવા બે વાર પરીક્ષા લેવામાં આવતી હોવાનું ધ્યાને આવ્યું છે. ગત ૨૪ સપ્ટેમ્બર ૨૦૨૧માં પરીક્ષા લેવામાં આવી હતી. જેમાં આ ચારેય વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી, પરંતુ એ પરીક્ષાને લાંબો સમય હોવાથી સીસીટીવી ફૂટેજ મળ્યા નથી. જેથી પોલીસે સમગ્ર મામલે હોટલ મેનેજર સહિત IELTSના કર્મચારીઓના નિવેદનો લઈ તપાસને વેગ આપ્યો છે. જેમાં આજે IELTSના કર્મચારીઓને મહેસાણા બોલાવ્યા હોવાનું પણ જાણવા મળ્યું છે. પ્રાપ્ત માહિતી મુજબ મહેસાણા, વિસનગર અને જોટાણા તાલુકાના ૪ વિદ્યાર્થી વિદેશ જવા માટેની IELTSના ૮ બેન્ડ સાથે કેનેડા પહોંચ્યા હતા, જયાંથી ગત ૨૮ એપ્રિલ ૨૦૨૨ના રોજ કેનેડા અને અમેરિકાની બોર્ડર વચ્ચે આવેલી સેન્ટ રેઝીસ નામની નદીમાં બોટ મારફત હાડ થીજવતી ઠંડીમાં અમેરિકામાં ઘૂસવાની તૈયારી કરી રહ્યા હતા, ત્યારે બોટ પાણીમાં ડૂબતી હોઈ, યુએસએ પોલીસે રેસ્ક્યૂ કરી બચાવી લીધા હતા અને અમેરિકાની કોર્ટમાં રજૂ કરતાં કોર્ટ કાર્યવાહી દરમિયાન આ ચારેય વિદ્યાર્થી અંગ્રેજીમાં જવાબ આપી શક્યા નહોતા. IELTSની પરીક્ષામાં ૮ બેન્ડ લાવી વિદેશ પહોંચેલા આ વિદ્યાર્થીઓ અંગ્રેજી બોલી શકતા ન હોવાથી શંકા જતાં અમેરિકન સરકાર અને એમ્બેસીએ આ અંગે પત્ર લખી મુંબઈ એમ્બેસીને જાણ કરી હતી. મુંબઈ સ્થિત ભારત એમ્બેસીના ચોંગલે મેજબિન એમ નામના ક્રિમિનલ ફોડ ઈન્વેસ્ટિગેશન ઓફિસરે ગત ૨૩ મે ૨૦૨૨ના રોજ મહેસાણા જિલ્લા પોલીસવડાને આ અંગે પત્ર લખ્યો હતો, જેને પગલે એસપી અચલ ત્યાગીએ એસઓજીને તપાસ સોંપી હતી. પીઆઈ ભાવેશ રાઠોડ અને ટીમે તપાસ શરૂ કરી અમેરિકા પહોંચી ગયેલા ૪ વિદ્યાર્થીના પરિવારજનો, એજન્ટો સહિતનાં નિવેદનો લેતાં IELTSની પરીક્ષામાં જ કંઈક ગોટાળો થયો હોવાનું મનાય છે. મહેસાણા એસઓજીના પીઆઈ ભાવેશ રાઠોડે જણાવ્યું હતું કે, ૩૧ મેના રોજ અમને તપાસ સોંપાઈ હતી, જેમાં ચારેય વિદ્યાર્થીના પરિવારજનો અને ભારતથી કેનેડા મોકલનારા સહિત બે એજન્ટના નિવેદન લીધા છે, જેમાં ચારેય વિદ્યાર્થી કોઈપણ જાતના કોચિંગ ક્લાસ કર્યા વિના ડાયરેક્ટ IELTSનું સેટિંગ કરી વિદેશ ગયા હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. હાલ અમેરિકાની જેલમાં રહેલા યુવકો સામે ઈમિગ્રેશન અને કસ્ટમ વિભાગ દ્વારા એલિયન એક્ટ હેઠળ કાર્યવાહી કરવામાં આવે તેવી શક્યતા છે. ગુજરાત પોલીસે પણ આ ઘટનાની નોંધ લેતા તેની તપાસ શરૂ કરી છે. પોલીસ આ યુવકોના પરિવારજનોની પૂછપરછ કરી રહી છે, પરંતુ તેઓ એવો દાવો કરી રહ્યા છે કે તેમને આ અંગે કોઈ માહિતી નથી. બીજી તરફ, પોલીસનો દાવો છે કે આ સાતેય લોકોએ મહેસાણાના એક લોકલ એજન્ટ અને તેના દિલ્હી સ્થિત પાર્ટનરની મદદથી IELTSમાં સારા બેન્ડ મેળવ્યા હતા, જેના આધારે કેનેડાના સ્ટૂડન્ટ વિઝા મેળવી તેઓ ત્યાં પહોંચ્યા હતા. આ વર્ષે જાન્યુઆરી મહિનામાં ડીંગુચાનો એક પરિવાર કાતિલ ઠંડીમાં કેનેડાથી પગપાળા અમેરિકાની બોર્ડર ક્રોસ કરવા નીકળ્યો હતો, પરંતુ અમેરિકાની હદ શરૂ થાય તેનાથી સાવ નજીક પરિવારના ચારેય સભ્યો થીજીને મોતને ભેટ્યા હતા. આ ઘટના સામે આવ્યા બાદ કેનેડા અને અમેરિકાની પોલીસે પોતાને ત્યાં સક્રિય એજન્ટો પર ઘોંસ બોલાવી હતી, તો બીજી તરફ ગુજરાત પોલીસે પણ સક્રિય થઈ એજન્ટોના નેટવર્કનો પર્દાફાશ કરવા કાર્યવાહી હાથ ધરી હતી. મહેસાણાની જીઆઈડીસીમાં આ ૪ યુવાનોને અમેરિકા પહોંચાડવાનો ખેલ ઘડાયો હતો. એજન્ટે યુવાન દીઠ રૂા.૨૧ લાખ લીધા હોવાનું તપાસમાં બહાર આવ્યું છે.

એજન્ટે યુવક દીઠ રૂા.૨૧ લાખ લીધાનું તપાસમાં ખુલ્યું

કુલ સાત યુવકો હોવાનું જણાવાયું

અમેરિકા પહોંચી ગયેલા ચાર વિદ્યાર્થીઓમાં પટેલ ધ્રુવ રસિકભાઈ (રહે.પરાવાસ, માંકણજ, તા.મહેસાણા), પટેલ નીલ અલ્પેશકુમાર (રહે.ધામણવા, તા.વિસનગર), પટેલ ઉર્વીશ શૈલેષભાઈ (રહે.રામનગર, ખદલપુર, તા.જોટાણા) અને પટેલ સાવન રાજેન્દ્રકુમાર (રહે.સાંગણપુર, તા.જિ.મહેસાણા)નો સમાવેશ થાય છે.

કેનેડાથી ગેરકાયદેસર રીતે પ્રવેશવા જતાં ઝડપાયા બાદ અમેરિકન કોર્ટમાં રજૂ કરાતા અંગ્રેજી ન બોલી શકતા કૌભાંડનો પર્દાફાશ થયો

KHIRAJ-E-AQIDAT

In loving memory of, **Hajee Saiyed Nasirulhak Kazi** (S.N.A.Kazi), who departed for heaven on 23rd July, 2022. He retired as Dy. General Manager from GMDC. Post retirement he founded Sr. Citizen Association, Muslim Society Navrangpura. He always believed in delivering back to community. So, he conducted religious lectures and intellectual gatherings by inviting respected personalities to share their knowledge. In 2020, he authored a book 'Farman-E-Elahi' which was widely appreciated by all. During his college days, he was a national level hockey player and was very good in football and other sports. His memory will always stay alive in our hearts, and he will be really missed. We request everyone to remember him in their duas & pray for his maghfirat. May Allah SWT bless him with highest place in Jannatul Firdaus. Ameen!

With love – Husenibegum (wife), Afsar (daughter) & Family, Marhum Mazhar Kazi (brother) & Family, Nasim Shaikh (Sister) & Family, Marhum Nafisa Kazi (Sister) & Family

રાજ્યની ધોરણ-૯થી ૧૨ની સ્કૂલોમાં દોડનું આયોજન કરવા આદેશ

શિક્ષણ બોર્ડ દ્વારા તમામ DEOને પરિપત્ર કરી સ્કૂલોમાં કાર્યક્રમ યોજવા સૂચના આપાઈ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧

રાજ્યમાં આઝાદી કા અમૃત મહોત્સવને લઈને વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. જેમાં શિક્ષણ બોર્ડ દ્વારા રાજ્યની ધોરણ-૯થી ૧૨ની તમામ સ્કૂલોમાં ૧૦૦ મીટરની દોડનું આયોજન કરવા માટે આદેશ આપ્યો છે. સૌપ્રથમ સ્કૂલ કક્ષાએ દોડની સ્પર્ધાનું આયોજન કરી પ્રથમ ક્રમે આવનારા વિદ્યાર્થી તથા વિદ્યાર્થીની તાલુકા કક્ષાએ દોડમાં ભાગ લેશે. ત્યારબાદ તેમાંથી વિજેતા વિદ્યાર્થીઓ જિલ્લા કક્ષાએ સ્પર્ધામાં ભાગ લેશે.

સ્કૂલ કક્ષા બાદ તાલુકા કક્ષા અને જિલ્લા કક્ષાએ દોડની સ્પર્ધા થશે, વિજેતાને સન્માનિત કરાશે

જિલ્લા કક્ષાએ પ્રથમ ક્રમે આવનારા વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીને ૧૫ ઓગસ્ટના જિલ્લા કક્ષાના કાર્યક્રમમાં સન્માનિત કરવામાં આવશે.

પ્રાપ્ત માહિતી અનુસાર, આઝાદી કા અમૃત મહોત્સવ કાર્યક્રમ અન્વયે રાજ્યની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં દોડનું આયોજન કરવા માટે શિક્ષણ બોર્ડ દ્વારા આદેશ કરવામાં આવ્યો છે. દોડને લઈને શિક્ષણ બોર્ડ દ્વારા તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓને પરિપત્ર કરી સુચના આપી છે. જેમાં જણાવાયું છે કે, રાજ્યની ધોરણ-૯થી ૧૨ની તમામ સ્કૂલોમાં ૪ ઓગસ્ટ સુધીમાં ૧૦૦ મીટરની દોડનું આયોજન કરવાનું રહેશે. શિક્ષણ બોર્ડ દ્વારા ડીઈઓને જિલ્લા રમતગમત અને યુવા સાંસ્કૃતિક વિભાગ તેમજ જિલ્લા વ્યાયામ મંડળ સાથે સંકલનમાં રહીને કાર્યક્રમનું આયોજન કરવા માટે સુચના આપી છે.

દોડના આયોજન બાદ માધ્યમિક વિભાગમાં પ્રથમ આવનાર વિદ્યાર્થી તથા વિદ્યાર્થીની તેમજ ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં પ્રથમ આવનાર વિદ્યાર્થી તથા વિદ્યાર્થીની તાલુકા કક્ષાએ દોડની સ્પર્ધામાં ભાગ લેશે. તાલુકા કક્ષાએ ૫ ઓગસ્ટથી ૬ ઓગસ્ટ દરમિયાન દોડની સ્પર્ધાનું આયોજન કરવા માટે તાકીદ કરવામાં આવી છે. તાલુકા કક્ષાએ માધ્યમિક વિભાગમાં પ્રથમ આવનાર વિદ્યાર્થી તથા વિદ્યાર્થીની તેમજ ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં પ્રથમ આવનાર વિદ્યાર્થી તથા વિદ્યાર્થીની જિલ્લા કક્ષાએ ભાગ લેશે.

જિલ્લા કક્ષા માટે દોડની સ્પર્ધાનું આયોજન ૮ ઓગસ્ટથી ૧૨ ઓગસ્ટ દરમિયાન કરવામાં આવશે. આ સમગ્ર સ્પર્ધામાં માધ્યમિક વિભાગ તથા ઉચ્ચતર માધ્યમિક વિભાગના વિદ્યાર્થી તથા વિદ્યાર્થીનીઓ માટે દોડનું અલગ આયોજન કરવાનું રહેશે. જિલ્લા કક્ષાએ પ્રથમ આવનાર માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક વિભાગના વિદ્યાર્થી તથા વિદ્યાર્થીનીને ૧૫ ઓગસ્ટના રોજ રાષ્ટ્રીય પર્વની ઉજવણીના જિલ્લા કક્ષાના કાર્યક્રમમાં સન્માનિત કરવા માટેનું આયોજન કરવા માટે પણ શિક્ષણ બોર્ડ દ્વારા સુચના અપાઈ છે.

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ ● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી ● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫-૨૫૩૩૨૮૨૦ ● ફેક્સ : ૨૫૩૫૮૦૬૦-૨૫૩૨૬૨૭૩ ● Posting at Ahd. RMS